श्री कृष्ण दर्शन
एवं
श्री रामायण रसबिंदु

श्रीकृष्ण दर्शन

અને

श्रीरामायण रसबिंदु.

પ્રાચીન રૂષિઓના ગ્રંથોમાં સમાયલાં ગુપ્ત રહસ્યો દર્શક પુસ્તક.

કર્તા

મધુવચ્ચરામ બલવચ્ચરામ હોરા

પેનશનર—સબ [illegible]—સુરત.

પ્રથમ આવૃતિ.

પ્રકાશક.

સુરત રાત્રીશાળાના લાભાર્થે.

મનમોહનદાસ દયાળદાસ સરાફ.

મૂલ્ય રૂ. ૧–૮–૦

સંવત ૧૯૬૯. સન ૧૯૧૩.

અનુક્રમણિકા.

	પેજ નંબર.
શ્રીકૃષ્ણ દર્શન...	૧— ૮૮
શ્રી રામાયણ રસબિંદુ	૮૯—૧૮૨

આ પુસ્તક મુંબઇ નં. ૯૩ ચીચપોકલી પરેલ રોડપર લેડી નોર્થકોટ
હિંદુ ઑર્ફનેજ કે. એન. સેલર પ્રેસમાં **ઘોંડીબા નારાયણ વનારસે**
છાપ્યું છે અને **મનમોહનદાસ દયાળદાસ સરાફે** મુંબઈમાં
મોરારજી ગોકુળદાસ બીલ્ડીંગ, સેન્ડહર્સ્ટ રોડ,
ગીરગામ નં. ૪ પ્રસિદ્ધ કર્યું છે.

પ્રકાશકનો ખુલાસો.

આ શ્રીકૃષ્ણદર્શન અને શ્રીરામાયણ રસ બિન્દુ પ્રકાશમાં લાવવા માટે મને જે પ્રસંગ આવ્યો છે તેને માટે હું ઘણો ભાગ્યશાળી થએલો ગણું છું.

મારા પરમ સ્નેહિ આત્મબન્ધુ અને જ્ઞાનમાર્ગમાં આગળ વધેલાને હસ્તે લખાયલાં પ્રાચીન ગ્રંથોનું રહસ્ય શ્રીકૃષ્ણદર્શન અને શ્રીરામાયણ રસ બિન્દુ તેમના તરફથી જ્યારથી જાહેર વ્યાખ્યાનો દ્વારા અને થીઓસોફીકલ સોસાયટીના ગુજરાતી માસિક "જીજ્ઞાસુ" માં પ્રગટ થયા ત્યારથી અનેક સ્થળોથી એને પુસ્તકના આકારમાં જનસમુહ આગળ પ્રકાશમાં લાવવાની અનેક માગણીઓ તેમને થતી હતી. તેમજ મને પણ આ બે પુસ્તકો પ્રકાશમાં લાવવા સારૂ તેમને ભલામણ કરવા વારંવાર સૂચનાઓ થતી હતી. આ ઉપરથી સન ૧૯૧૧ ના મે માસમાં મારા સ્વર્ગવાસી બન્ધુ શેઠ ધર્મસિંહ મોરારજી ગોકુળદાસ સાથે મહાબળેશ્વર જવું થએલું. તે સમયે આ પુસ્તકની માસિકમાં છપાએલી અને અધુરી રહેલી નકલો ત્યાં આગળ વાંચવા માટે આત્મ બન્ધુ રા. રા. મધુવચ્ચરામ બળવચ્ચરામજી પાસેથી મંગાવી લીધી હતી. અને ત્યાં આગળ સદરહુ પુસ્તકોનું મિત્ર મંડળ સહિત દરરોજ વાંચવાનું રાખી અવલોકન કર્યું હતું, તે ઉપરથી સર્વ મિત્રોનો તે સમયે પુસ્તક દ્વારા ઉપરના વિષયો પ્રગટ કરાવવા ઘણોજ આગ્રહ થયો હતો. આ ઉપરથી અમોએ રા. રા. મધુવચ્ચરામજીને સદરહુ શ્રી કૃષ્ણદર્શન અને શ્રી રામાયણ રસ બિન્દુ પ્રકાશમાં લાવવા આગ્રહ કર્યો હતો અને એ મારી માગણી તેમણે ઘણાજ હેતભાવથી સ્વિકારી હતી અને સદરહુ પુસ્તક સ્વર્ગવાસી શેઠ ધર્મસિંહ મોરારજી ગોકળદાસનેજ અર્પણ કરવા તેમણે ખાસ ઇચ્છા દર્શાવી હતી. તે પ્રમાણે મારા પરોપકારી અને ધર્મ જીજ્ઞાસુ સ્વર્ગવાસી બન્ધુ શેઠ ધર્મસિંહ મોરારજી ગોકુળદાશે પણ મારી તે માગણીનો તે સમયે સ્વીકાર કર્યો હતો અને છપાવવા માટે પોતે મદદગાર થવા જીજ્ઞાસા દર્શાવી હતી. તે પછી કેટલાંક કાર્યોના રોકાણને લીધે મારાથી એ પુસ્તક છપાવવાના કામમાં વીલંબ થયો

હતો. એટલામાં સન ૧૯૧૨ ના મે મહિનાની ૧૩ મી તારીખે મારા પરમ ધર્મ જીજ્ઞાસુ સ્નેહિ મિત્ર શેઠ ધર્મસિંહ મોરારજી ગોકુલદાશનો દેહ અવસાન આઠ દીવસની ટુંક માંદગી ભોગવી મહાબળેશ્વરમાં થયો, અને આ પુસ્તક જાહેરમાં પ્રગટ થએલું જોવાની તેમની જીજ્ઞાસા સંપૂર્ણ થવા પામી નહિં. તે પછી મિત્રના વિયોગને લીધે આ પ્રકાશકનું સ્થૂળ શરીર પીડા ભોગવતું થયું છે, અને આ કાર્ય એમને એમ બીજી વખતે પણ અધુરૂં નહિં રહી જાય, તેટલા માટે ગમે તેમ કરીને એને પ્રકાશમાં લાવવાનો હાલ જે સમય પ્રાપ્ત થયો છે, તેથી હું પોતે અતિ સંતોષ અને ભાગ્યશાળી થએલો માનું છું. વળી શદરહુ પુસ્તક તેજ મારા પરમ ધર્મ જીજ્ઞાસુ સ્વર્ગવાસી શેઠ ધર્મસિંહ મોરારજી ગોકુળદાશનેજ અર્પણ કરવામાં હું કૃતાર્થ થએલો માનું છું. તેમજ એ ધર્મ જીજ્ઞાસુ મિત્રનું ટુંક જીવન ચરિત્ર પણ જે મનન કરવા યોગ્ય છે, તે પણ તેમની મનોહર છબી સહિત આ પુસ્તક સાથે જોડાએલું રહેવા ઉચિત ધારી દાખલ કર્યું છે.

વળી એ સ્વર્ગવાસી બન્ધુના પુત્રો શેઠો રત્નસિંહ તથા ત્રીકમદાસ તથા માધવજી એઓએ આ કાર્ય ફળીભુત થવામાં પોતાની રાજી ખુશીથી જીજ્ઞાસા દર્શાવી, સહાયકારી થવામાં પછાત પડયા નથી. એજ તેઓની તેમના પીતાશ્રી તરફની પુજ્યભાવના અને મમતાનો પુરતો પુરાવો છે. તેમજ જનમંડળની અધ્યાત્મિક ઉન્નત્તિ કરવામાં તેઓની ઉત્સુકતા અને તિવ્ર ઈચ્છા એથી જણાઈ આવ્યા વિના રહેતી નથી. એથી એ ત્રણે ભાઈઓનો મોટો ઉપકાર માનવામાં આવે છે.

આવા પ્રાચીન ૠષીઓએ લખેલા મહાન ગ્રંથોનું ગુહ્ય રહસ્ય અને સારનો આપણા હાલના પુરાણીકો અને સાસ્ત્રીઓ ઉપયોગ કરશે તો કર્તા અને પ્રકાશકનો પ્રયત્ન સફળ થએલો માનીશું. આ પુસ્તકના પ્રચારનો નફો સુરત રાત્રી શાળાઓના લાભાર્થે આપવા પ્રકાશકે ઈચ્છા રાખી છે.

આ કાર્ય પાર પાડવા માટે મહાન પરમ ગુરૂઓનો ઉપકાર માની આટલો ખુલાસો સમાપ્ત કરૂં છું.

મુંબઇ,
સંવત ૧૯૬૯ અષાડ
સુદી ૧૧ ને વાર સોમવાર
જુલાઈ, ૧૯૧૩.

મનમોહનદાસ દયાળદાસ સરાફ.
પ્રકાશક.

પ્રસ્તાવના.

થીઓસોફીકલ સોસાયટી એટલે બ્રહ્મ વિદ્યા મંડળ જેની અનેક શાખાઓ પૃથ્વી ઉપર દેશ પ્રદેશમાં ચારે દિશાએ વિસ્તાર પામતાં શોભી રહેલી છે તે મહા મંડળમાં સને ૧૮૯૪ ના જુલાઇ માસની તારીખ ૨૦ મી એ હું દાખલ થયો પરંતુ તે પહેલાં તેના સંબંધનાં ઘણા પુસ્તકો મારા વાંચવામાં આવેલાં હતાં. એ મંડળમાં મારે જોડાવવું કે નહિં એ પ્રશ્નનો નિર્ણય ઘણા કાળ સુધી થઇ શક્યો નહોતો, સંકલ્પ વિકલ્પાત્મિક ચંચળ મન બુદ્ધિના પ્રકાશનો લાભ લેવાને સમર્થ નહોતું. મનની આવી સ્થીતિમાં એક ચમત્કારિક અનુભવ એવો થયો કે જેનું સ્મર્ણ આજ પણ અત્યંત આનંદ અને શાંતિદાયક થઇ પડે છે—એ અનુભવનું કથન સ્વિકારવાને માટે સામાન્ય જનમંડળ હજી તૈયાર થયલું જણાતું નથી અને તેથી તે અનુભવનું વર્ણન આ સ્થળે કરવું ઘટિત નથી. એ અનુભવ થતાંજ એ ઉપર કહેલાં મંડળથી થતા લાભ લેવાનો તર્ત નિશ્ચય થયો. આવી રીતે સને ૧૮૯૪ ના જુલાઇ માસથી સુરત સનાતન ધર્મ સભા સાથે મારો સંબંધ થયો.

સુરત સનાતન ધર્મ સભા સાથે સંબંધ થયા પછી મારા મનમાં વારંવાર એમ આવવા લાગ્યું કે શ્રીમદ્ વ્યાસજી અને વાલ્મિકજી જેવા અવતારી પુરૂષોના—ધર્મ પ્રવર્ત્તક મહાન રૂષિઓના ગ્રંથો મર્મથી ભરપુર હોવા જોઇએ. સામાન્ય જનમંડળને માટે દેખીતા ઉપરના અર્થ ગમે તે હોય પરંતુ વિદ્વાનોને માટે અને ધર્મજીજ્ઞાસુઓને માટે ઉંડા મર્મ તેમાં છુપાયલા હોવા જોઇએ. આ મર્મ શોધી કહાડવાને મેં પ્રયાસ આરંભ્યો. એ પ્રયાસનું પરિણામ શ્રીકૃષ્ણ દર્શન અને રામાયણ રસ બિંદુ છે. આ શોધનમાં પરમ પુજ્ય શ્રીમદ્ ગુરૂદેવની તરફથી મને કેટલી બધી સહાય અને તે કેવી રીતે મળી છે તે હું કહી શક્તો નથી. તેમની કૃપાવિના કિંચિંત કરવાને હું શક્તિમાન નહોતો. આવા સમર્થ જીવન મુક્તોનું અસ્તિત્વ બિજા લોકો માનો કે ન માનો અને માનનારાને માટે તે લોકો ગમે તે

કહો તેની મને ચિંતા નથી, કેમકે જેણે શાકરના સ્વાદનો સાચો અનુભવ લીધો છે તેને લાખો માણસ કહે કે શાકર કડવી છે તો સ્વાદ લેનાર એ કહેવું કદી પણ માનશે નહિં. જેવું પ્રયત્ન હું અહિં કરી રહ્યા હતો તેવુંજ પ્રયત્ન ઉત્તર હિંદુસ્તાનમાં બંધુ **પૂર્ણેંદુ નારાયણસિંહ** પણ કરી રહ્યા હતા એમ તેમના અંગ્રેજીમાં લખેલાં ભાગવત પુરાણ નામના પુસ્તક ઉપરથી માલમ પડે છે. એ બંધુની સાથે હજી સુધી કોઇપણ દિવશ નિકટના સંબંધમાં આવવાને હું ભાગ્યશાળી થયો નથી. જુદે જુદે સ્થળે વસનારા, એક બિજાથી કેવળ અજાણ્યા, માણસોના મનમાં એકી વેળાએ, એક સરખા વિચાર આવે એ આશ્ચર્યજનક છે. એ શું સૂચવે છે ? આ પ્રશ્નનો નિર્ણય વાંચનાર પોતેજ કરી લેશે.

શ્રીકૃષ્ણ ભગવાનના ચરિત્રોના માર્મિક અર્થ સમજાવનારૂં પ્રથમ ભાષણ **સુરત સનાતન ધર્મ સભામાં** આસરે તેર વર્ષ ઉપર આપવામાં આવ્યું હતું. **શ્રીકૃષ્ણ દર્શન** એ વિષય ઉપર પાછળથી મિત્રો તથા ધર્મ જીજ્ઞાસુઓના આગ્રહને માન આપી, ફરી ફરી ભાષણો આપવામાં આવ્યાં હતાં. એજ પ્રમાણે **શ્રીરામચંદ્રજીના** ચરિત્રો વિષે પણ એક કરતાં વધારે પ્રસંગે કહેવામાં આવ્યું હતું. આ સઘળા ભાષણો, લખેલાં નહિં પણ મોહોડેથી આપવામાં આવ્યાં હતાં, પરંતુ મારી પાસે તેની ટુંકી નોંધ રાખેલી હતી. આ ભાષણો સાંભળવાને માટે લોકોનો એટલો મોટો સમુદ ભેગો થતો હતો કે સભાના મકાનમાં ઊભા રહેવાની પણ જગા મહા મુશ્કેલીથી મળતી હતી. શ્રોતાઓમાં ઘણા વૃદ્ધો અને મારા વડીલ સરખા સર્વ ગૃહસ્થો જોવામાં આવવા હતા. તેમાંનાં કેટલાકોએ મારી પાસે માગણી કરી હતી કે તમારાં ભાષણ અમને વાંચવા આપો, પણ લાચાર, તેમની ઇચ્છા હું પરિપૂર્ણ કરી શકયો નહિ, કેમકે ભાષણ લખેલાં નહોતાં. આ કારણ જાણતાં તેઓએ લખી કહાડવાનો મને આગ્રહ કીધો. ત્યારપછી અવકાશની અનુકુળતા નહિંહોવાને લીધે ઘણા વખત સુધી હું લખી શકયો નહિં. છેવટે **શ્રી કૃષ્ણ દર્શન** લખી કહાડવાને માટે સુરતમાં સબ જડજની નોકરી ઉપર હું હતો તે વેળાએ બે મહીનાની મેં રજા લીધી અને એ રજા દરમ્યાન ઇચ્છિત કાર્ય કીધું. **શ્રીરામાયણ** રસ બિંદુ નોકરીથી ફારક થઇ પેનશન લીધા બાદ લખવામાં આવેલું છે.

શ્રીકૃષ્ણ દર્શન જિજ્ઞાસુ નામના માસિકમાં સંપૂર્ણ પ્રસિદ્ધ થઇ ચુકયું છે. શ્રી રામાયણ રસ બિંદુનો થોડો ભાગ ચંદ્ર પ્રકાશ નામના માસિકમાં છપાયો છે. એ બન્નેને પુસ્તક રૂપે છપાવવાનો વિચાર કોઈ કોઇ વાર થઇ આવતો હતો પણ અનેક અડચણને લીધે એ વિચાર અમલમાં આણી શકાયો નહોતો. એવામાં પરમ પ્રિય આત્મ બંધુ રા૦ રા૦ શેઠ મનમોહનદાસ દયાળદાસ શરાફ જેઓ આપણા આર્ય ધર્મને સતેજ કરવાના કામમાં જગ જાણીતા છે, અને જેઓ મારી પ્રત્યેના પોતાના અપાર પ્રેમ ભાવથી મારી જે કંઇ કૃતિ હોય તેને સદાય સુંદર સ્વરૂપમાં નિરિક્ષણ કરે છે, અને જેમના પ્રેમનો બદલો વાળવાને હું કેવળ અશક્ત છું તેમણે એ બન્ને વિષય પોતાના તરફથી છપાવી પ્રસિદ્ધ કરવાની ઇચ્છા દર્શાવી. એમના નિર્મળ, સ્વાર્થ રહિત, પવિત્ર પ્રેમને આધિન હું તેમની ઈચ્છાનું સન્માન નહિં કરૂં તો હું મારા કર્ત્તવ્યથી ચુકી મહા દોષવાન થાઉં એમાં જરાપણ સંશય નથી. આવી રીતે આ ગ્રંથ તેઓની તરફથી પ્રગટ થવા પામે છે, અને પ્રસિદ્ધ થવાનો યશ તેમને ઘટે છે.

શ્રીકૃષ્ણ દર્શન અને રામાયણ રસ બિંધુમાં જેજે માર્મિક અર્થ દર્શાવેલા છે તેતે બધાજ ખરા છે એમ કહેવાને હું માગતો નથી. મને જે સૂઝયું તે જનમંડળની સમક્ષ મુકયું છે. જનમંડળને મારી નમ્ર વીનંતી એટલીજ છે કે આપણામાં સેંકડો વર્ષથી પૂજાતાં આવેલાં પુસ્તકોમાં કંઇ માર્મિક અર્થ–અંતરમાં છુપાયલા–રહેલા છે કે નહિં, અને રહેલા છે તો શું છે તે શોધી કહાડવાને માટે પ્રયત્ન કરવું એ આર્ય પ્રજાનું કર્ત્તવ્ય છે. મેં જે પ્રયત્ન લીધું છે તેનું પરિણામ આ છે એની તૂલના શાંત ચિત્તથી અને નિર્પક્ષપાતપણે થતાં આવાં નવિન પ્રયત્ન થશે તો મારો શ્રમ વ્યર્થ નથી ગયો એમ સમજી હું સંતોષ પામીશ.

ગુજરાતી સાહિત્યની વૃદ્ધિ કરવાના પોકાર આજ થોડા વર્ષથી થઇ રહેલા સંભળાય છે, પણ આપણા જુના ગ્રંથોના ખરા અર્થ શોધવાને માટે જરા પણ લક્ષ આપવામાં આવતું હોય એમ જણાતું નથી. વાર્તાનાં કે બિજા સાધારણ વિષયના એક બે પુસ્તકો લખી છપાવ્યાં, કિંવા થોડી એક કવિતાઓ બનાવી બહાર પાડી કે સાક્ષરમાં ગણાયા એવું તો માત્ર આજ સમયમાં જોવામાં આવે છે.

પ્રાચીન ગ્રંથોના ખરા અર્થ સમજવાની સહજ પણ શકિત વિના સાક્ષરમાં ખપવાનું ડોળ ઘાલવું એ મને તો હાસ્યજનક લાગે છે. ગુજરાતી ભાષાનું મૂળ સંપૂર્ણતા ધરાવનારી સંસ્કૃત ભાષા છે તો ગુજરાતીમાં સંસ્કૃતનું સંપૂર્ણ નહિં તો પણ થોડું પણ રહસ્ય આવેલું હોવુંજ જોઇયે એમ સાધારણ બુદ્ધિ સ્વિકારે છે. એ રહસ્ય પંડિત અથવા સાક્ષરની ગણતીમાં આવવાની ઇચ્છા રાખનારે, સમજવાને પ્રયત્ન કરવું અવશ્ય છે. આવું પ્રયત્ન થશે ત્યારેજ આપણી ગુજરાતી ભાષા ઉંચા સ્થાનને પામશે.

આવા પ્રથમ પ્રયાસમાં અનેક ખામીઓ હોવીજ જોઇયે અને હોશે. તે ખામીઓ કૃપાળુ જનમંડળ ક્ષમા કરશે એવી આશા છે.

સુરત.
સંવત ૧૯૬૯ ના
જેઠ વદી શિવરાત્રી.

મધુવચ્ચરામ બળવચ્ચરામ.



સ્વર્ગવાસી

શેઠ ધર્મસિંહ મોરારજી ગોકુલદાસ, જે. પી.

જન્મ સં૦ ૧૯૨૮ ફાગણ. "સ્વર્ગગમન" સં૦ ૧૯૬૮ વૈશાખ

સન ૧૮૭૨ એપ્રીલ સન ૧૯૧૨ મે

અર્પણ પત્રિકા.

સ્વર્ગવાસી શેઠ-ધર્મસિંહ મોરારજી ગોકુલદાસ જે૦ પી૦

પૂર્વજન્મનો જેનો
અતિ શુભ સંસ્કાર હતો,
પોતાના નામા વિધાન પ્રમાણે
જે સ્વધર્મ નિષ્ટ, નિરાભિમાની, ઊદાર-
ચરિત, સદ્ગુણસંપન્ન, માનવ હિતૈષી,
સ્વભાવે શાંત અને સત્વગુણી હતા, વિદ્યા અને
જ્ઞાનની વૃદ્ધિ કરવામાં અનુરાગી, જનમંડળ, વેપારી વર્ગ
અને રાજ રજવાડામાં જોગે કિર્તિ, માનપ્રતિષ્ઠા સંપાદન કરી હતી,
પિતાના પગલેજ સદા ચાલનારા, સદા સર્વદા સદાચારી અને સ્વધર્મ
નિષ્ટપણાએ વિવેક બુદ્ધિથી પ્રવર્તનારા હતા, એવા આ
એક ગર્ભશ્રીમંત પરમસ્નેહી પ્રાણરૂપ મિત્ર કે જે આ
અસાર સંસારમાં ટુંક જીવન ભોગવી સદ્ કિર્તિ અને
નામના મુકી ગયા છે તેવા આ **આત્મબંધુને**
આવું પ્રાચીન રૂષિઓએ રચેલા ગ્રંથોના
ગુપ્ત રહસ્યો દર્શાવનાર પુસ્તકની
પ્રેમપૂર્વક અંજળી અર્પણ
કરવામાં અમારૂ કર્તવ્ય
માનીએ છીએ.

તથાસ્તુ:

મુંબઇ, સંવત ૧૯૬૯
આષાડ સુદી ૧૧ ને સોમવાર
તા૦ ૧૪ મી જુલાઇ
સન ૧૯૧૩.

કર્તા અને પ્રકાશક.

સ્વર્ગવાસી શેઠ ધર્મસિંહ મોરારજી, જે.પી.

स्वधर्मे निधनंश्रेयः परधर्मो भयावहः એ સર્વ થીઓસોફીસ્ટોમાં બહુ અને વ્યાપ્ત થઇ રહેલાં મહા વાક્યના ઉદાહરણરૂપ **શેઠ ધર્મસિંહ મોરારજી ગોકુળદાસ, જે. પી.** આ **સનાતન ધર્મનીતિ** શિક્ષણ પ્રવર્તક કમિટીના પ્રમુખ હતા, તેઓ પોતાના હમેશના નિયમપ્રમાણે ઉનાળામાં મહાબળેશ્વર ગયા હતા ત્યાંજ તા. ૧૩ મી મે સને ૧૯૧૨ ને દિને સાંજે પાંચ વાગે જનમંડળની વિશેષ સેવા કરવાને વધુ શકિત પ્રદિપ્ત કરવાની ઉચ્ચ ભૂમિકા તરફ આ દેહ ત્યાગ કરીને પ્રયાણ કરી ગયા છે. તેમનો અનેક ધર્મ સંસ્થાઓ સાથે સંબંધ અમૂલ્ય હોઈ અત્રે તેઓનું ટુંક જીવન ચરિત્ર રજુ કરવું યોગ્ય ગણાશે.

શેઠ ધર્મસિંહના પૂર્વજો **પોરબંદરથી મુંબઇ** આવી વસ્યા હતા. તેમના પિતા **શેઠ મોરારજીએ** વેપાર ધંધા અને સદ્વર્તનથી એટલી સારી કીર્તિ સંપાદન કરી હતી કે, નામદાર સરકારે તેમને મુંબઇની ધારા સભાના સભાસદ નીમ્યા હતા અને **સી. આઈ. ઈ.** નો માનવંતો ખેતાબ આપ્યો હતો. **શેઠ મોરારજીને** સને ૧૮૭૨ ની તા. ૧ લી એપ્રીલને દિને એક પુત્રરત્ન પ્રાપ્ત થયું. તે આપણા ચરિત્ર નાયક **શેઠ ધર્મસિંહ. શેઠ ધર્મસિંહની** માતા **મોતીબાઈ** તો તેમને ફક્ત ૧૪ દીવસના મુકીને સ્વર્ગવાસી થયાં. આથી **શેઠ મોરારજીએ પોરબંદરના શેઠ સુંદરદાસનાં** પુત્રી શ્રીમતી **ધનકુંવરબા** સાથે લગ્ન કર્યાં અને તે પતિવ્રતા સાધ્વીએ **શેઠ ધર્મસિંહનું** ખરેખર જનેતાની માફકજ લાલન પાલન કર્યું. એ બાઇને પેટે પણ **શેઠ મોરારજીને** એક પુત્રરત્ન પ્રાપ્ત થયું હતું તે મુંબઇના માજી શેરીફ **શેઠ નરોત્તમ મોરારજી** જે. પી. છે. બન્ને ભાઈ એક જીવની માફક હમેશાં રહ્યા છે. એ સાધ્વી બાઈ શ્રી **ધનકુંવરબાના** ઉદાર દીલની પ્રત્યક્ષ સાબીતી છે. **શેઠ ધર્મસિંહને** તેમના પિતા **બાબા સાહેબ** એવાં ઉપનામથી બોલાવતા અને તેથી આજે પણ તેમને મુંબઈ તેમજ દેશ દેશાવરમાં ઘણા માણસો એજ નામે ઓળખે છે. પિતા પણ તેઓને આઠ વરસની ઉમરના મુકી સ્વર્ગવાસી થયા હતા પરંતુ એટલુંજ સારૂં થયું હતું કે, **શેઠ મોરારજીએ** પોતાના બાહોશ ભાગીદાર **શેઠ વીરચંદ દીપચંદ** અને મુંબઈની અસલ ટ્રામ કંપની સ્થાપનાર **મી. કીત્રીજ** સરખા લાયક મિત્રોને ટ્રસ્ટી તરીકે નિમ્યા હતા. આથી **શેઠ ધર્મસિંહની** આર્થીક તેમજ નૈતિક સ્થીતિ ઉચ્ચ રહી હતી. બચપણમાં ઘેર શિક્ષણ લીધા બાદ તેઓએ અંગ્રેજી શાળામાં અભ્યાસ કર્યો હતો અને ખરેખર એ તો તેમનું સદ્ભાગ્યજ હતું કે **ન્યાયમુર્તિ સર નારાયણ ગણેશ ચંદાવરકર** તેઓના ગુરૂ હતા.

એ પછી **શેઠ ધર્મસિંહે** ધંધારોજગાર ઉપર ધ્યાન આપવા માંડયું. તેમાં **શેઠ વીરચંદ** અને પિતાના સ્નેહીવર્ગની મદદથી થોડાજ વખતમાં તેઓ પ્રવીણ થયા. તેમના પિતાએ બે મોટી મીલો **મુંબઈમાં**, અને **સોલાપુરમાં** સ્થાપી હતી અને તે બેઉ મીલો આજે **હિંદુસ્થાનની** સારી ગણાતી મીલોમાં અગ્રસ્થાન ભોગવે છે. **મુંબઇની** મીલનો કારભાર **શેઠ ધર્મસિંહ** ચલાવતા હતા અને **સોલાપુરની** મીલનો કારભાર **શેઠ નરોત્તમ** સંભાળે છે. એ મીલોના શેરોની કીમત આજે ચાર પાંચ ગણી છે

શેઠ ધર્મસિંહ ગર્ભ શ્રીમંત હોવા છતાં વિદ્યા અને પરહિતનાં કાર્ય માટે તેમની વૃત્તિ હંમેશા સતેજ હતી. પિતાએ સ્થાપેલી **ગીરગામ** ખાતેની **લીલાબાઈ કન્યાશાળા** તેમણે ઉચ્ચ રથીતિએ મુકી છે અને દક્ષિણી બાળાઓ ત્યાં મુફત શિક્ષણ મળવે છે. એજ પ્રમાણે **પુના** ખાતે પિતાએ બંધાવેલી **ધર્મશાળા** અને **આરોગ્ય-ભુવનની** સગવડ સુધારી વધારી ભારે સુખરૂપ બનાવ્યાં છે. અત્રે **ગીરગામના** તેમના **ચીનાબાગનો** હોલ પણ ઘણીવાર ધર્મોપદેશકો અને શુભકાર્ય કરનારા સજ્જનો કથા, કીર્તન કે સભાઓ કરવા માટે વાપરતા હતાજ. વળી પરોણાઓ માટે ત્યાંજ એક ખાસ બંગલો રાખ્યો છે. **બનારસ સેંટ્રલ હિંદુ કોલેજને** તેઓએ ઓછામાં ઓછા રૂ. ૨ લાખ ફરી ફરીને મેળવી આપ્યા હતા અને પોતે પણ રૂ. ૨૫૦૦૦ જેટલી મદદ કરી છે. **હિંદુ યુનિવર્સિટી** માટે તેમણે રૂ. ૧ લાખ આપવા જાહેર કર્યું હતું. એ ઉપરાંત તેમની ગુપ્ત સખાવતો એટલી મોટી હતી કે. આજ સુધીનાં **શેઠ ધર્મસિંહ** તથા **શેઠ નરોતમની** કુલે સખાવત રૂ. ૧૦ લાખ જેટલી થઈ છે. અનેક શાળાઓ, વિદ્યાર્થીઓ અને લેખકોને તેઓ તરફથી આશ્રય મળતો હતો.

શેઠ ધર્મસિંહ ચુસ્ત **થીઓસોફીસ્ટ** હોઇ તદનુસાર **વૈષ્ણવી** ધર્મ માનનારા હતા. મુસાફરી કરવાની સુચના તેમના પિતાએ પોતાના વસીયતનામામાંજ કરી હતી તેને માન આપી **શેઠ ધર્મસિંહ** લગભગ એક લાખ માઈલની મુસાફરી **હિંદુસ્તાનમાં** ઉત્તરે **કાશમીરથી** દક્ષિણમાં **કન્યાકુમારી** અને પશ્ચિમમાં **કરાંચીથી** તે પૂર્વમાં **બર્માની** હદ સુધી અને વળી **સીલોન** ખાતે પણ કરી હતી. પોતાના કુટુંબ અને મિત્રમંડળ સહિત તેમણે તમામ યાત્રાઓ પણ પૂર્ણ કરી હતી. વ્યવહાર સુધારા માટે તેઓ અતિ ઉત્સાહી હતા. પોતાની **પોરબંદરની** જ્ઞાતિમાં તેમણે થોડાજ સમય પુર્વે કેટલાક સુધારા કરાવ્યા હતા. પોતાના અંતકાળ વખતે તેમણે કુટુંબીઓ અને મિત્રોને બીલકુલ રડાકુટ કે શોક નહિ કરવા ખાસ આજ્ઞા આપી હતી. એ તેમના મનની મક્કમતા અને જ્ઞાનનો પુરાવો આપે છે. ઘેર હો કે મુસાફરીમાં હો, પણ નિત્યકર્મ કરવામાં તેઓ કદી પણ ચુક્તા નહિ. આચાર વિચારમાં તેઓ શુધ્ધ અને નિયમિત હતા. પ્રાતઃકાળથી રાત્રિપર્યંત શું શું કર્યું તેની નોંધ કર્યા વિના તેઓ કદી સુતા નહિ. નાના મોટાનો મેળાપ કરવાને તેઓ હંમેશાં તત્પર રહેતા. ખરેખર **શેઠ ધર્મસિંહ યથા નામા તથા ગુણાઃ** રૂપ ધર્મવીરજ હતા. તેઓ સ્વભાવે શાંત પણ ઉત્સાહી, વિદ્યાવિલાસી, વર્તનશાળી, સ્નેહી, ધર્મશીલ વ્યવહારના હતા


શેઠ ધર્મસિંહ પોતાની એવી લાયકાતથી ધર્મના કાર્યોને અતિઅંતઃકરણથી ભારેજ શોભા આપતા હતા એટલુંજ નહિ પણ તેઓ **બનારસ કોલેજના** એક ટ્રસ્ટી તથા શેઠ **ગોકુલદાસ તેજપાલ ચેરીટી, લેડી નોર્થકોટ હિંદુ ઓર્ફનેજ** અને **મુંબઇ ગોરક્ષક મંડળીના** ટ્રસ્ટી તથા તેની મેનેજીંગ કમીટીઓના સભાસદ હતા. તેમજ રાજા-રજવાડાઓમાં સારી પ્રતિષ્ઠા ધરાવી સર્વત્ર આવકાર પામતા હતાં. **મીસીસ એની બીસાન્ટે "થીઓસોફીસ્ટ"** માસિકના સન ૧૯૧૨ ના જુલાઇ માસના અંકમાં લખ્યું છે કે.

"**થી**ઓસોફીકલ **સોસાઈટી, સેન્ટ્રલ હિંદુ** કોલેજ અને **ઓરડર** ઓફ ધી **સ્ટાર ઈન ધી ઈસ્ટ**" એ સર્વેને **મી. ધર્મસિંહ મોરારજી ગોકુલદાસના** અણચિંત્યા મરણથી તેમનાં ભારે ઉત્સાહ અને ઉપયોગીપણાને લઇને ભયંકર ફટકો લાગ્યો છે. પોતાને પ્રિયકામ માટે પોતાની વ્યાપારી બુધ્ધિ, શુધ્ધ સલાહ અને ઉદાર મદદનું તેઓ હમેશાં દાન કરતા હતા. થીઓસોફીકલ સોસાઈટીને જ્યારે પણ મદદ જોઈએ ત્યારે તેઓ પોતાની થેલી ખુલ્લી મુકતા હતાજ. 'બ્લેવેટસ્કી ગાર્ડન્સ' ખરીદવા 'વસંતપ્રેસ' બાંધવા અને હેડ ક્વાર્ટર્સમાં વીજળીક રોશનીની ગોઠવણ કરવા માટે તેમણે મને મદદ કરી હતી. છેલ્લાં તેમણે હિંદી વિભાગ માટે 'શાંતિકુંજ અને 'જ્ઞાનગેહ' મેળવવા માટે મને નાણા આપવાનું ઉદાર કાર્ય કર્યું હતું. કોઈ પણ મુશ્કેલી વખતે તેઓ વફાદાર અને મક્કમ રહેતા. પોતાના છેલા પત્રમાં તેમણે મને પુછયું હતું કે થીઓસોફીકલ સોસાઈટી સામેના બીન પાયાદાર હુમલાને નિર્મૂળ કરવાનો સઉથી સરસ ઉપાય શું? મુંબઇને તેમની ગંભીર ખોટ પડશે કારણ કે ગમે તેવી આફતમાં તેઓ પાછળ પડતા નહિ પણ હમેશાં ઉત્તમ તત્વનેજ વળગી રહેતા. તેઓ નિશ્ચય કરવામાં ધીરા અને સાવધ હતા પણ જો એકવાર નિશ્ચય થયો તો તે માટે મક્કમ રહેતા."

આવા નરરત્નો જગતમાં થોડાંજ મળે છે; તેમાં પણ વ્યાપારી અને ગર્ભશ્રીમંતોમાં તો જવલેજ મળે. એવા અતિદુર્લભ્ય નરનું જીવન અવલોકી દેશમાં તેમના સરખા પુષ્કળ રત્નો પેદા થાઓ અને દેશના અભ્યુદય થાઓ એમ અનન્યભાવે આપણે ચિંતવન કરીશું. **શેઠ ધર્મસિંહ** પોતાની પાછળ પોતાનાં વિધવા બાઈ **રતનબાઈ** અને ત્રણ પુત્રો **શેઠ રત્નસિંહ, શેઠ ત્રીકમદાસ** અને **શેઠ માધવજી**—મુકી ગયા છે, તે સર્વે **શેઠો ધર્મસિંહના** જેવાંજ સુશીલ અને સદ્ગુણી હોવાથી તેઓ પણ સ્વર્ગસ્થના પગલેજ ચાલશે એવી ખાત્રી રહે છે. પરમાત્મા સ્વર્ગસ્થ **શેઠ ધર્મસિંહના** આત્માને અખંડ અને અચળ શાંતિ આપો

સન ૧૯૧૨ અકટોબર.

મનમોહનદાસ દયાલદાસ સરાફ.
પ્રકાશક.



श्री कृष्ण दर्शन.

श्री गणेशायनमः

श्री गुरुदेवायनमः

દોહરો

ગુરૂબ્રહ્મા ગુરૂવિષ્ણુ ને, ગુરૂગુણનિધિ મહેશ
ગુરૂ ગણપતિ ગુરૂશારદા, શ્રી ગુરૂશેષ દિનેશ. ૧

સત્યજ્ઞાન આનંદની, મૂર્તિ જ્યોત પ્રકાશ
તિમિર હરણ શાંતિ કરણ, ચુરણ કરત જડપાશ. ૨

દર્શાવે ગુરૂપરમપદ, ગુરૂ છે આત્મારામ
શ્રી ગુરૂનાં પદપંકજે, કરૂં હું કોટિ પ્રણામ. ૩

મંદાક્રાંતા.

મેઘ ઘેર્યું ગગન સઘળું વાદળાં વ્યાપ્તકાળાં
રાત્રીનો છે સમય ભયનો શબ્દ થાએ કરાળા
ઝાડી ઝુંડો, ગિરિવર ગુફા, ગાજતાં દુષ્ટ પ્રાણી
ધ્રુજે ગાત્રો અફળ નયનો, કંઠ રૂંધાય વાણી
પાંથી ભૂલ્યો ભવ વિપિનમાં, એકલો ત્રાસ પામે
આવી ઉભા રૂદન શુણિને, શ્રી ગુરૂદેવ સામે
જોજો પાંથી, ચરણ કમળે, નામજે શીશ ભાવે
એના વિના, નવ અવરકો તૂજનેરે બચાવે
પ્હોંચાડે એ, નિજ ઘર તુને વિઘ્ન સર્વેથી તારી
દાતા સાચા, પરમ સુખના, સર્વદા કલેશહારી
સેવેતેની, સતત નિકટે, શિઘ્ર એ આશ્રયે છે
શ્રદ્ધાહીણા, અસુર જિવથી, છેક છેટે વસે છે

ઉઘાડીને નયન નિરખે, ભાગ્યશાળી ખરે તે
ચૂકી જેઓ, નહિજ સમજે હીણભાગ્યે મરે તે
શ્રી ગુરૂ એ, અવનિ મહિછે, શ્રી હરી મૂર્તિ મંતા
બોલો બોલો જય જય ગુરૂ દેવનો બુદ્ધિ મંતા

હિંદુસ્તાનને નામે હાલમાં ઓળખાતી આપણી આ આર્ય ભૂમિ ઉપર દૃષ્ટિ કરીશું તો આપણને સહેજ જણાઇ આવશે કે ઉત્તર દિશામાં ભવ્ય હીમાલય આગળથી તે દક્ષિણે છેક લંકા સુધી અને પૂર્વ તરફ બંગાળાના પૂર્વ છેડાથી તે પશ્ચિમે મુંબઇ ઇલાકાના પશ્ચિમ છેડા સુધી, કોઇ પણ સ્થળ એવું નથી કે જ્યાં શ્રી કૃષ્ણ પરમાત્માનું ગુણ કીર્તન થતું નહિ હોય. મોટાં મોટાં નગરોમાં, કસ્બાઓમાં, ગામડાંઓમાં તેમજ જંગલોમાં, ગુફાઓમાં અને પર્વ-તોમાં કાન દઈને સાંભળીશું તો સર્વ પાપનું નાશ કરનારૂં, અધ-મનું ઉધ્ધારણ કરવાવાળું, પવિત્ર, અને પરમ પદને આપવાવાળું એવું જે શ્રી કૃષ્ણ પરમાત્માનુ નામ, તે નામનું રસીલું રટણ, મંગળકારી રટણ, વાયુમાં ધ્વની કરી રહેલું છે. ઘણી જગાએતો અરૂ-ણોદય થતાં ઠેર ઠેર રાધે કૃષ્ણ, રાધે કૃષ્ણ એમ મધુર ધ્વની ગાજી રહે છે. કેવળ સ્વાર્થિ પુરૂષો, વેપારીઓ અને દુકાનદારો જેને પૈસો એજ પરમેશ્વર છે એમ કહેવાય છે તેઓ પણ રાધે કૃષ્ણ, રાધે કૃષ્ણ, કરી રહે છે. હજારો સ્ત્રી પુરૂષ અને બાળકો, ગૃહસ્થ, સન્યાસી, સાધુ ને જોગીઓ સહવારના પહોરમાં નદિયોમાં સ્નાનથી નિર્મળ થઇ રાધે કૃષ્ણ, રાધે કૃષ્ણ કરતા પોત પોતાને માર્ગે જાય છે. રાધે કૃષ્ણ, રાધે કૃષ્ણ ઉચ્ચારણ કરીને માત્ર મનુષ્ય પોતાની રસનાને રસીલી અને સાર્થક કરતા જણાય છે એટલુંજ નહિ, પણ અનેક પંખિડાંઓ પોતાના મધુર કંઠથી રાધે કૃષ્ણ, રાધે કૃષ્ણ ઉચ્ચારણ કરીને આનંદ પામે છે અને પમાડે છે. શ્રી કૃષ્ણ પરમાત્માની મંગળકારી અને મોહ પ્રસારનારી મૂર્તિના દર્શન કરવાને લોકનાં ટોળે ટોળાં મંદીરો ભણી જય જય કરતાં દોડે છે અને તેમ કરતાં પોતાના શરીરની પણ ચિંતા અને દરકાર રાખતાં નથી અને કોઇ પણ જાતની અડચણને ગણકારતાં નથી. અંતરની દૃઢ ભક્તિનાં આ સઘળાં ચિન્હો છે. ભક્તિ એ ધર્મનું મુખ્ય અંગ છે. પૂર્વે થઇ ગયલા રૂષિ, મુનિ, મહાત્માઓએ, ભક્તિનાં ઉત્તમ બીજ રોપીને જે છોડ ઉછેર્યા છે, તે

છોડનાં મૂળ આર્ય ભુમિમાં તો ઘણાંજ ઉંડા ગયલાં છે. એ છોડવાઓનો સમૂળો નાશ કરવાને પ્રયત્ન તો માત્ર મૂર્ખજન કરે છે. આર્ય ધર્મ સદાય સૂર્ય સરખો તેજસ્વિ અને ધ્રુવ જેવો અચળ રહેશે એમાં જરા પણ સંશય નથી. આર્ય ધર્મનાં ખરાં તત્વ જેઓ જાણતાં નથી, અને તેનું ખરૂં સ્વરૂપ જેઓને સમજાતું નથી, તેઓ ભલે ગમે તેટલો લવારો અને બડબડાટ કરે, પણ તેથી વિવેકી જનમંડળ મોહ પામવાનું નથી. સૂર્યને ઝાંખો કરવાને જો કોઇ માણસ હાથ ઉંચા કરીને ધૂળ નાખે તો તેથી સૂર્ય ઝાંખો થતો નથી, પણ તે ધૂળનાં મંડળથી વિંટલાયલા તે માણસ પોતેજ અને તેના નિકટના સોબતિયો ઝાંખી દૃષ્ટિના થાય છે. તેઓને સૂર્ય ઝાંખો દેખાશે પણ બીજા બધાને એ ધૂળનો અંતરાય પીડાકારી થતો નથી.

શ્રી કૃષ્ણજીની મોરલીનો નાદ હજી લગી ચોગરદમ ઝણકાર કરી રહ્યો છે, અને જેને કાન છે તે સાંભળે છે. કલેશ કરનારા ઘણા ઘણા ભુંગળોનાં સૂરો આમ તેમ અથડાય છે એમાં તો સંશય નથી પણ જ્યારે આપણે વિચાર કરીએ છૈયે કે હાલતો કળિયુગ વરતે છે ત્યારે આ કંઇ આશ્ચર્ય લાગતું નથી. કળિયુગ ક્યારે આવશે અને તેમાં લોકોની વૃતિ કેવી થશે એ મહાત્માઓ કહી ગયલા છે, અને તે ભવિષ્યવાણી દીન પ્રતિ દીન વિશેષ ખરી પડતી જાય છે. એ મહાત્માઓની સૂક્ષ્મ અને દિવ્ય દૃષ્ટિનું પ્રમાણ છતાં આર્ય ભૂમિમાંજ જન્મ પામેલા કેટલાક મનુષ્યો તેઓની નિંદા કરી કરીને પુલાય છે. આવા મનુષ્યો શું એમ સમજતા હશે કે મહાત્માઓ કરતાં અમે પોતે વધારે વિદ્વાન જ્ઞાની અને સઘળી રીતે વધારે સમર્થ છૈયે? કે તેઓ શું એમ માનતા હશે કે સેંકડો તો શું પણ હજારો વર્ષ થયાં જે સાચું મનાતું આવ્યું છે, તે સાચું માનનારા, આજ લગી થઇ ગયલા સઘળા પૂર્વજો અને તેમાં પાછા મોટા મોટા પંડિતો જેની કીર્તિ દેશવિદેશમાં ઝળકી રહી છે, તે સઘળા મૂર્ખ હતા અને અમેજ એક ડાહ્યા છૈએ? એવા મનુષ્યો ગમે તેમ માને તેમાં આપણને લેવા દેવા નથી. તેઓને જે રૂચે તે તેઓ ભલે સ્વિકારે.

ગયા સો વર્ષનો આપણે વિચાર કરીશું તો આપણને જણાશે કે એ સો વર્ષ ઘણાંજ અગત્યનાં ગયાં છે. અંગ્રેજી રાજ્યનું સ્થાપન

અને અંગ્રેજી વિદ્યાનો વિસ્તાર એજ સમયમાં છે. રાજાની ભાષા વિસ્તાર પામે એ સ્વભાવિક છે. અંગ્રેજી વિદ્યાનું બળ જેમ જેમ વધવા માંડ્યું તેમ તેમ અસલના વખતથી ચાલતા આવેલા વિચારો તે વિદ્યા ભણનારને અને તેમના પ્રસંગમાં આવનારા કેટલાકોને અપ્રિય થવા લાગ્યા. કેટલાક તો એવા થયા કે જેઓને પોતાનું સઘળુંજ ખોટું અને યુરોપનું સઘળુંજ સારૂં એમ મનાવવા માંડ્યું. આર્યધર્મને બીજી તરફથી પણ ભય ઉત્પન્ન થયો. આ દેશમાં ચાલતા ધર્મો જુદા જુદા હતા અને હજુ પણ છે, કેમકે તેમાં વસનારી પ્રજા, હિંદુ, પારસી, મુસલમાન ખ્રિસ્તી છે. આમાંથી એક ધર્મને ઉત્તેજન આપવું અને બીજાને નબળા પાડવા એ રાજાનું કર્તવ્ય નહોતું અને તેથી કરીને કોઇ પણ ધર્મમાં હાથ ઘાલવાની રાજ તરફથી મનાઇ હતી. દરેક માણસને ધર્મના સંબંધમાં પોતાની ઇચ્છા પ્રમાણે વર્તવાની છુટ હતી અને હજી પણ છે. આ છુટ રાજ્યકર્તાનું મોટું મન દર્શાવે છે પણ કેટલીકવાર એવું બને છે કે સારા હેતુને પાર પાડવાના ઉપાયોથી કંઇક નુકસાન પણ થાય છે. ખ્રિસ્તિ પાદરીઓ, પોતાના ધર્મનો પ્રસાર કરવાને માટે ઉલટ અને હોંસથી પ્રયત્ન કરવા લાગ્યા અને તેમ કરવામાં તેઓએ લોકલાગણીની જરાપણ ચિંતા રાખી નહિં. તેઓ આર્યધર્મ ઉપર જબરો હુમલો કરવા લાગ્યા. અને દેવતાઓને ખુલ્લી રીતે ભાંડતા પણ તેઓ લજવાયા નહિં. આર્યપ્રજાના સર્વ દેવતાઓ ઉપર જે હુમલાઓ થવા લાગ્યા તે વગર સમાજના હતા. વૈશ્નવ ધર્મ ઉપર ઠેરઠેર પ્રહાર થવા લાગ્યા, અને શ્રીકૃષ્ણ પરમાત્માની દિવ્ય અને તેજસ્વિ, ભવ્ય અને મનોહર મૂર્તિની સામુ ઘણાંજ મિથ્યા પ્રયત્ન થયા. શ્રીકૃષ્ણજીનાં ચરિત્રનો સાચોમર્મ નહિ સમજાયાથી આ મૂર્ખાઇ થતી હતી. વસ્તુંનું ખરૂં તત્વ જાણવાને માટે ભીતરમાં ઉતરવાની જરૂર છે. માત્ર ઉપરના દેખાવનેજ જોઇને વિચાર બાંધે છે તે ભુલમાં ભમે છે. એક મહાવિદ્વાન હીબ્રુ ડાકટર રાબી મેમોનેડીસ કહે છે કે પવિત્ર પુસ્તકો વાંચતી વેળાં જ્યારે તમને કોઇ કથા અશક્ય, અસંભવિત અને સાધારણ બુદ્ધિ નહિ સ્વિકારે એવી જણાય ત્યારે તમારે ખાતરીથી માનવું કે તેમાં અતિગુપ્ત અને મોટો મર્મ રહેલો છે આ નિયમ લક્ષમાં રાખીને શ્રીકૃષ્ણ પરમાત્માનાં ચરિત્રનું મનન કરવાની જરૂર છે. તેપ્રમાણે કરતાં શું પરિણામ આવે છે તે આપણે જોઇશું.

શ્રીકૃષ્ણજીના ચરિત્રનું સવિસ્તર વર્ણન મુખ્યત્વે કરીને શ્રીમદ્-ભાગવતના દશમસ્કંધ, વિષ્ણુપુરાણ, અને આદિ બ્રહ્મપુરાણ તથા હરિવંશમાં થયેલું છે. પુરાણ તે વેદનું ચોથું ઉપાંગ છે, અને તેના કર્તા શ્રીવેદવ્યાસ છે. વ્યાસજી સાધારણ મનુષ્ય નોતા, પણ અવતારી પુરૂષ ગણાયલા છે. વાલ્મિક અને વ્યાસના સમાન આખા ભૂમંડળમાં કોઈ પણ સમર્થ કવી અને પંડિત થઇ ગયા નથી. તેઓના ગ્રંથ અમુલ્ય રત્નોનો ભંડાર છે એ બેઉ પૃથ્વી ઉપર અધર્મરૂપી તિમિરનો નાશ કરવાવાળા અને ધર્મનો પ્રકાશ કરવાવાળા ચંદ્ર સૂર્ય છે. એમના ગ્રંથો અનીતિ અને દુર્ગુણ શિખવે એ સંભવતું નથી. શ્રીમદ્ વેદવ્યાસજીનાં મહાભારતનો એક નાનકડો વિભાગ જે શ્રીમદ્ ભગવદ્ ગીતા નામે પ્રસિદ્ધ છે જેનાં ભાષાંતરો યુરોપની મનાતી સુધરેલી પ્રજાઓની જુદી જુદી ભાષાઓમાં થઇ ચારે તરફ પ્રસરી, લોકોનાં મન હરણ કરી લે છે, અને જેના જેવું ધર્મનાં સાચાં તત્વ શિખવનારૂં બીજું કોઇ પણ પુસ્તક નથી, તે શ્રીમદ્ ભગવદ્ ગીતા કર્તાના ગ્રંથો ધર્મના સાચા માર્ગથી ભોળવીને બીજે માર્ગે લઇ જનારાં અને કપોલ કલ્પિત, અસંભવિત, અને હાસ્યજનક વાર્તાથી ભરેલા હોય એમ સહેલથી માની શકાતુ નથી. રાબી મૈમોનેડીસે જે નિયમ દર્શાવ્યો છે તે નિયમથી શ્રીવ્યાસજીનાં રચેલાં પુસ્તકોનું અવલોકન થવું જોઇએ. એ પ્રમાણે જ્યારે પુરાણોનું અવલોકન થશે ત્યારે અત્યંત વગોવાયેલાં પુસ્તકનું ખરેખરૂં મહાત્મ્ય પ્રગટ થશે. જે પુસ્તકો સેંકડો અને હજારો વર્ષથી પુજાતાં આવેલાં છે, જેના કર્તા સાક્ષાત્ નારાયણનો અવતાર ગણાય છે તે પુસ્તકમાં કંઇક ઘણોજ ગૂઢ મર્મ હોવો જોઇએ. આ ઉપરથી એમ અનુમાન થાય છે કે શ્રીકૃષ્ણ ચરિત્રનો સામાન્ય લોકો જે અર્થ સમજે છે તે કરતાં જુદો ઉપદેશક રૂપ અર્થ હોવો જોઇએ. એવો અર્થ શોધી કાઢવાનું પ્રયત્ન મિથ્યા કાલક્ષેપ નહિં કહેવાય.

શ્રીકૃષ્ણ પરમાત્મા વિષ્ણુનો પૂર્ણ અવતાર કહેવાય છે. પ્રથમ આપણે જાણવું જોઇએ કે અવતાર એટલે શું? અવતરણ એટલે ઉતરવું, ઉંચેથી નિચે ઉતરવું તેને અવતાર કહે છે. ઇશ્વર જગતનાં કલ્યાણને અર્થે પૃથ્વી ઉપર જન્મ લેછે તેને અવતાર કહેવામાં આવે છે. કર્મની વાસનાનાં પ્રબળથી જીવ પૃથ્વી ઉપર જન્મ લઈને સંસા-

રના ચક્રમાં ફરી ફરીને ગુંચવાય છે. એ પણ જન્મ છે, પરંતુ એ જન્મ થવો જીવની ઇચ્છાને આધીન નથી. તેની ઇચ્છા જન્મ મરણના દુખમાં નહિ પડવાની હોય પણ કર્મ સંજોગનું બળ તેને તેમાં ઘસડી જાય છે. ઇશ્વર પૃથ્વી ઉપર જન્મ લેછે તે પોતાની ઇચ્છાથી લેછે. ગર્ગ સંહીતા વગેરે કેટલાક ગ્રંથોમાં ઇશ્વરના અવતારનું વર્ણન કરેલું છે. કોઈ અવતાર અંશ, કોઇ અંશાશ કોઇ વિભૂતિ, કોઇ આવેશ, અને કોઈ પૂર્ણ હોય છે. આ પ્રમાણે અનેક અવતાર થઇ ગયા છે, તેમાં કેટલાક ચોવીશ અને કેટલાક દશ અવતારને મુખ્ય ગણે છે. મત્સય, કૂર્મ, વરાહ અને નૃસિંહ એ ચાર અવતાર કૃતયુગમાં, વામન, પરશુરામ, રામ, ત્રેતામાં, કૃષ્ણ અવતાર, દ્વાપરમાં અને બુદ્ધ કળીયુગમાં થયા છે. દશમો કલ્કિ અવતાર પણ કલિયુગમાં ધર્મ સ્થાપન કરવા સારૂ કરવીર ક્ષેત્રમાં થશે. શ્રીમદ્દભગવત ગીતાના ચોથા અધ્યાયના સાતમા તથા આઠમા શ્લોકમાં કહ્યું છે કે,

यदा यदाहि धर्मस्य ग्लानिर्भवति भारत ।
अभ्युत्थानमधर्मस्य तदात्मानंसृजाम्यहम् ॥
परित्राणाय साधुनां विनाशाय चदुष्कृतां ।
धर्मसंस्थापनार्थाय संभवामि युगेयुगे ॥

"હે ભારત! જ્યારે જ્યારે ધર્મ ઝાંખો થઈ જાય છે, અને અધર્મનો વધારો થાય છે, ત્યારે ત્યારે હું પોતે અવતાર લઉં છું.

સારા માણસોનું રક્ષણ કરવા, નઠારા માણસોનો નાશ કરવાને માટે, અને ધર્મનું સારી રીતે સ્થાપન કરવા માટે, યુગે યુગે હું જન્મ લઉં છું."

અવતાર અવશ્ય છે એમ સઘળા ધર્મનાં પુસ્તકોમાંથી માલમ પડી આવે છે. જ્યારે જુદે જુદે સ્થળે રહેનારી જુદી જુદી પ્રજાઓ, જેઓ ધર્મના વિષયમાં એકબીજાની સામે કટાક્ષથી જુએ છે, તેઓ એકજ અવાજે અવતારની વાર્તા પોકારે છે ત્યારે ત્યાં સત્ય હોવુંજ જોઇએ. આપણા જરથુસ્તી ભાઈઓ, મુસલમાન ને ખ્રિસ્તિ લોકો ધર્મની સ્થાપના કરવા માટે મોટા પેગંબરો થઇ ગયા છે એમ કબુલ કરે છે. બીજી પ્રજાઓ જેઓએ પૂર્વે સારા સમયનો અનુભવ કીધો છે તે આર્ય મંડળના મતને સ્વિકારતા હતા. ત્યારે ખુલ્લું છે કે અવતારની વાત માન્ય કરવા જેવી છે. સર્વ ભુતનું કલ્યાણ થયલું જોવાથી જે ઇશ્વરને આનંદ

થાય છે, જે ઈશ્વર દયાનો ભંડાર છે, જે કૃપાળુ દૃષ્ટિથી સર્વ ભૂતને નિહાળે છે, સંકટને સમયે જે સદા સહાય આપે છે, તે ઇશ્વર જીવની અધ્યાત્મિક ઉન્નતિ કરવા માટે પૃથ્વી ઉપર અવતાર ધારણ કરે એમાં શું આશ્ચર્યની વાત છે?

પરમેશ્વર પણ મૂર્તિથી વ્યકત છે, શિવ, વિષ્ણુ અને બ્રહ્મા. આ ત્રિગુણાત્મક મૂર્તિ વિશ્વનુ કારણ છે. બ્રહ્માનું કામ સૃષ્ટિ સરજવાનું છે, વિષ્ણુનું કામ પાલન કરવાનું છે, અને શિવજી સંહાર કરે છે. જે પાલન કર્તા છે તેનુંજ હિત અવતાર લેવામાં રહેલું છે અને તેજ કારણથી વિષ્ણુના અવતાર જગતમાં પ્રસિદ્ધ છે. ખ્રીસ્તિ ધર્મમાં પણ ત્રિમૂર્તિ છે અને તે ત્રિમૂર્તિના દ્વીતિય પુરૂષ પૃથ્વી ઉપર મનુષ્ય દેહ ધારણ કરે છે. આવી રીતે શ્રી કૃષ્ણ વિષ્ણુનો અવતાર હતા.

આગળ કહેવામાં આવ્યું છે કે અવતાર શબ્દ અવતરણ ઉપરથી થયલો છે, અને અવતરણનો અર્થ નીચે ઉતરવું એવો થાય છે. ઉપર ચઢે તેને નીચે ઉતરવાનું છે. જેને ચડવાનું નથી, તેને ઉતરવાનું નથી. શ્રી કૃષ્ણ પરમાત્માએ શ્રીમદ્ ભગવદ્ ગીતામાં પોતેજ અર્જુનને કહ્યું છે કે હે અર્જુન, મારા અને તારા બન્નેના અનેક જન્મ થઇ ગયા છે, તેમાં મારા મને સઘળા સાંભરે છે, અને તારા તને માલમ નથી. આ કથનમાં ઘણોજ ગૂઢ અર્થ રહેલો છે વિષ્ણુના બીજા અવતાર થયા હતા એ વાત ખરી છે, પણ તે કંઇ અર્જુનના જન્મ જેવા જન્મ કહેવાય નહિં તે છતાં શ્રી કૃષ્ણ ભગવાન પોતે પોતાના તથા અર્જુનના જન્મ સમાન હોય તે પ્રમાણે કહે છે. સ્કંદ આદિ પુરાણમાંથી તેમજ યોગવાસિષ્ટમાંથી એમ સમજાય છે કે અનેક બ્રહ્મા અનેક વિષ્ણુ અને અનેક શિવ થઈ ગયા છે. શિવ, વિષ્ણું અને બ્રહ્મા ઉંચામાં ઉંચા પદને શોભાવે છે અને તેમની તૂલના કોઇથી થઇ શકતી નથી. પણ આ ઉંચા પદની પ્રાપ્તિ કેવી રીતે થઇ છે. આપણે વાંચીએ છીએ કે કોઈ નારાયણ રૂષિ હતા, કોઇ જીવ જોગી હતા, કોઇ શંકર મુની હતા, ઇત્યાદિ ઇત્યાદિ. ત્યારે એ તે દેવ છે કે રૂષિ છે. આમાં દેખાઇ તો વિરોધ લાગે છે. પણ ખરી રીતે કંઇ પણ વિરોધ છેજ નહિ. રૂષિ રૂપનું વર્ણન આગળ થઇ ગયેલા કલ્પોનું છે. અને હાલના સમયનું નથી. ત્યારે એ ત્રિમૂર્તિ પણ પ્રથમ સાધારણ

જીવ જેવાં જીવ હતા અને પોતાના પુરૂષાર્થ અને પરાક્રમ વડે અધ્યાત્મિક ઉન્નતિ પ્રાપ્ત કરતાં કરતાં હાલની શ્રેષ્ટ પદ્દીને ધારણ કરે છે તેઓ ઇશ્વરની સાથે એક રસ થઇ ગયા છે, તે છતાં પણ વિશ્વના કલ્યાણને અર્થે પ્રસંગોપાત પૃથ્વી ઉપર દર્શન આપે છે. સમજીને વાંચનારને પુરાણોમાં વિષ્ણુ અને મહાવિષ્ણુમાં દર્શાવેલો અંતર જણાયા વિના રહેતો નથી. આવી રીતે વિષ્ણું રૂપ જે મહા શકિત પ્રકાશી રહેલી છે તે શકિત પૂર્ણ અંશેશ્રી કૃષ્ણ ભગવાન રૂપે પ્રગટ થઇ હતી.

શ્રી કૃષ્ણ પરમાત્માના અવતારનો હેતુ ઉપર દર્શાવેલો છે એ અવતાર થયો તે સમયે પૃથ્વી ઉપર આસુરી બળ બહુ વધી ગયું હતું. આસુરી વૃત્તિઓના ભારથી પૃથ્વી પિડાવવા લાગી અને દેવતાઓને શર્ણ ગઇ. નવા વિચારના કેટલાક મનુષ્યોને આ વાત હસવા જેવી લાગશે, પણ આપણે ધ્યાનમાં રાખવાનું છે કે કોઇ પવિત્ર અને નિર્મળ, ઉંચી વૃત્તિના માણસની આસપાસ મલિન, દુર્ગંધી, અને ઝેરી વાસ વાતાવરણમાં એકત્ર થઇ જાય છે તો તે માણસ ગુંગળાઇ જઇને કેટલોક દુઃખી થાય છે? વિશ્વમાં કેવળ જડ વસ્તુનો છેજ નહિં. સર્વ ભૂતમાં, સર્વ વસ્તુમાં, ચેતન તો રહેલુંજ છે, કોઇ ચેતન ગાઢા આવરણથી ઢંકાયલું હોય છે અને કોઇ સૂક્ષ્મથી. જ્યારે આવરણ ઘણું ગાઢું હોય છે ત્યારે તે ચેતન પ્રકાશમાન જણાતું નથી, પણ એમ જણાતું નથી તેથી તે નથી એમ નથી. પૃથ્વી પણ સચેત છે, તેને પણ દુઃખ થવાનો સંભવ છે. માણસો જે જે વિચારો કરે છે, પછી સારા કે માઠા, તે સર્વ મૂર્તિમાન થઇ આસપાસ વાતાવરણમાં ફરતા રહે છે. જ્યારે કાળ નબળો આવે છે અને લોકોની વૃત્તિ છેક દુરાચારી થાય છે, ત્યારે આવાં નબળાં રૂપોની વૃદ્ધિ થાય છે. મનુષ્યોથી ઉત્પન્ન થયલાં એવાં જે રૂપો તે રૂપો પાછાં મનુષ્યોના ઉપરજ પોતાની સત્તા ચલાવે છે અને તેઓની પાસે નઠારાં કર્મ કરાવે છે. આનું પરિણામ એ આવે છે કે પૃથ્વીની ચારે પાસે ફરતું વાતાવરણ ઘણુંજ બગડી જાય છે, અને જેમ ઝેરી, નઠારી વાસની હવા ઘણી ભારે અને અકળાવી નાખે એવી, સારા માણસોને લાગે છે, તેમ પૃથ્વીને પણ ગુંગળામણ અને પીડા થાય છે. આમ થવાથી જીવની આધ્યાત્મિક ઉન્નતિ થતી અટકી પડે છે, અને ધર્મ નિસ્તેજ થવા માંડે છે. આવી દુર્દશા દુર કરવાને માટે દયાનીધિ અને પરમ કૃપાળુ ઇશ્વર અવતાર ધારણ કરે છે.

જ્યારે વિષ્ણુ **ભગવાન** પૃથ્વિ ઉપર અવતાર ધારણ કરે છે ત્યારે સમયને અનુસરીને જીવયોનિમાં પ્રગટ થાય છે. જો મનુષ્ય રૂપ અવતરે છે તો મનુષ્યની પેઠે તેઓ વરતે છે. જેને હાલના વખતમાં વિશ્વના–કુદરતના–નિયમો કહેવામાં આવે છે તે નિયમો ભંગ નહિ પામે તેમાંજ વિષ્ણુનું હિત રહેલું છે અને તેથી તે નિયમ ભંગ નહિ થાય તેને માટે યોનીના ગુણ તથા કૃતિ પ્રમાણે વર્તવાની જરૂર છે. મનુષ્યયોનીમાં વિષ્ણુનો અવતાર થવાનો હતો અને તેથી મનુષ્ય પ્રમાણે સઘળું કરવાનું હતું. કોઈ પણ મોટું કામ આરંભીને પાર પાડવું હોય છે ત્યારે તે કામ માથે લેનાર તે કામ પાર પાડવાને અર્થે આસપાસની સહાય લે છે. આટલાજ માટે ભગવાન પોતે દેવતાઓને આજ્ઞા કરે છે કે તમે પૃથ્વી ઉપર જઈને મનુષ્યયોનિમાં અવતરો. દેવતાઓ અને તેમની સ્ત્રીઓ અથવા શકિતઓ આ આજ્ઞાને અનુસરીને પૃથ્વી ઉપર અવતાર લેછે; અને શ્રી વિષ્ણુ **ભગવાનના** કાર્યને માટે ઘટતી રચનાઓ કરી મુકે છે.

હવે શ્રી વિષ્ણુ **ભગવાન** શ્રીકૃષ્ણ રૂપ કેવી રીતે પ્રગટ થાય છે તે જોઈએ. તે સમયે મથુરાપૂરીમાં યાદવોનું મોટું રાજય હતું. એક આહુક નામના રાજાને ઉગ્રસેન અને દેવક નામે બે પુત્ર હતા. ઉગ્રસેનનો પુત્ર કંસ હતો. એ કંસ એવો તો દુષ્ટ હતો કે તેણે પોતાના પિતા ઉગ્રસેનને રાજ્યાસન પરથી ઉઠાડી મુકીને કારાગ્રહમાં નાખીને પોતાની સત્તા ચલાવી રહ્યો હતો. તેનો અહંભાવ એટલો તો બધો વધી ગયો હતો કે પ્રજાની પાસે પોતાનીજ પૂજા, દેવની પેઠે કરાવતો હતો. ત્રિલોકમાં ઇશ્વરરૂપ હુંજ છું એમ તે પ્રગટ રીતે માનતો હતો, અને મનાવતો હતો. **દેવકને** ચાર પુત્ર હતા, દેવવાન, ઉપદેવ, સુદેવ, અને દેવરક્ષિત, દેવકને દેવકીઆદી સાત પુત્રીઓ હતી. આ સઘળાં નામો ઘણાંજ અર્થસૂચક છે. **દેવકીનાં** લગ્ન **વસુદેવ** સાથે થયાં હતાં. એ વરવહુનું જોડું જ્યારે લગ્ન પ્રસંગે વળાવવામાં આવ્યું તે વખતે **કંસરાય** તેમનો રથ હાંકવા બેઠો હતો. રથ ચાલવા માંડ્યો પછી આકાશવાણી થઈ કે "અલ્યા અજ્ઞાની! તું જે સ્ત્રીનો રથ હાંકે છે તે સ્ત્રીનો આઠમો ગર્ભ તારો નાશ કરશે." આ સાંભળીને કંસ ચકિત થઈ ગયો.

અને પોતાની જીંદગીનું રક્ષણ કરવાને માટે **દેવકીનો** નાશ કરવાનો નિશ્ચય કરી તેણે ખડગ ઉગામ્યું. આ વેળાએ **વસુદેવે** ઘણીજ ધૈર્યતા રાખી અને **કંસને** સમજાવીને કહ્યું કે જે જે પુત્રો જન્મ પામશે તે સઘળાને હું તમને અર્પણ કરીશ એટલે પછી આપને કંઇ ભય રહેશે નહિં. કંસ શાંત થયો અને **દેવકીજી** ઉગરી ગયાં. ત્યાર પછી **દેવકીજીને** એક પુત્ર પ્રસવ્યો તેને **વસુદેવે** જઇને **કંસને** આપ્યો. **કંસે** પ્રથમ તો તેને ઉગારવાનો વિચાર કીધો પણ પાછળથી તેનો નાશ કીધો અને **વસુદેવ** તથા **દેવકીને** બેડી પહેરાવીને કેદ કીધાં. આ પ્રમાણે દેવકીજીએ છ પુત્રને જન્મ આપ્યો. તેમનો દુષ્ટ **કંસાસુરે** અંત આણ્યો. પછી સાતમો ગર્ભ રહ્યો, આઠમા ગર્ભને સમયે **શ્રીકૃષ્ણ ભગવાન** પોતે પ્રગટ થયા.

હવે આપણે જોઇએ કે કંસનું ખરૂં સ્વરૂપ શું હતું. તે દુષ્ટ ક્રુર, અભિમાની, સ્વાર્થિ, અને સ્થૂળશરીરના સુખનેજ માત્ર જોનારો હતો. તેના પિતાનું નામ **ઉગ્રસેન** અને તેની માતાનું નામ **પદ્માવતી** હતું. ઉગ્ર શબ્દનો અર્થ ખુલ્લો છે અને **પદ્મ** ઉત્પતિ દર્શક છે. વળી **કંસ** પોતાના પિતા ઉગ્રસેનના વીર્યથી ઉત્પન્ન થયો નહોતો. પદ્મપુરાણના ભૂમિખંડના ૫૧ અધ્યાયમાં કથા છે કે, એક સમયે પદ્માવતિ જે પોતાના માત પિતાને ઘણીજ લાડકી અને પ્રિય હતી તે પોતાને પિયેર ગઇ હતી. ત્યાં પોતાની સખિયોની સાથે હાસ્ય વિનોદમાં પોતાનો કાળ ગમન કરતી હતી. એક વખતે એક સુંદર વાટિકાને વિશે તે એ પ્રમાણે આનંદમાં લીન હતી તેવામાં **ગોભિલ** નામનો યક્ષ ત્યાંથી જતો હતો તેણે તેને જોઇ. જોતાં વારનેજ તે મોહ પામ્યો. ગમે તે પ્રકારે પણ તેણીનું સુખ લેવું એવો તેણે નિશ્ચય કર્યો. પછી પોતે **ઉગ્રસેનનું** રૂપ ધારણ કરીને **પદ્માવતીની** પાસે આવ્યો અને પોતાની કામના પરિપૂર્ણ કરી. આ કપટ **પદ્માવતિ** પહેલાં તો સમજી નહિં; પણ પાછળથી તેને તે પ્રગટ થઇ ગયું, તે ઉપરથી તે ઘણો રોષ કરે છે અને ગોભિલ તેને કહે છે કે સતિ, સતિ એમ તું શાનો લવારો કરે છે, સતિ હોય તે પોતાના પતિનાથી દુર રહીને હાસ્ય વિનોદ અને વિલાસમાં આનંદ કેમ માને? સતિનું અભિમાન છાંડી દેજે કેમકે ધર્મ નેત્ર વિનાની તું છે અને તારે વિશે મેં

અમોઘ વીર્ય મૂક્યું છે, તેથી કાળનેમી દૈત્યનો અવતાર થશે. **ગોભિલ** શબ્દનો અર્થ મનન કરવા જેવો છે. **ગો** શબ્દના અર્થ આગળ બતાવવામાં આવશે. એ **ગોભિલ**ના વીર્યથી થયલા બાળકને ખરી રીતે જોતાં, **ઉગ્રસેન** ઉછેરી ને મોટો કરે છે. આવી રીતે કંસ તે કાળનેમીનું સ્વરૂપ છે. કાળ આદિ, અંત અને મધ્ય રહીત છે. તેના સ્વરૂપની કલ્પના કરવી કઠિન છે. તે એકરસ છે. તેનો એક ભાગ બીજા ભાગથી જુદો નથી. તે તો સતત એક સરખો છે, જે જુદાપણું તેને વિશે દેખાય છે તે માત્ર કર્મનું છે. કર્મનું જે પ્રમાણ તેને આપણે સાધારણ રીતે કાળનું પ્રમાણ સમજીયે છૈયે. કર્મનાં પ્રમાણને ખંડકાળ કહેવામાં આવે છે અને એવા ખંડકાળનાં અનેક ચક્ર છે. રથનું પૈડું ગોળ છે અને તેમાં જુદા જુદા અરા નાખેલા છે તેથી તે ગોળ પૈડાનાં જુદા જુદા વિભાગ દૃષ્ટિએ પડે છે. કાળ ચક્રનો જે અર્થ થાય છે તે અર્થ સૂચક કાળનેમી શબ્દ છે. કાળનેમી તેજ કંસ; એટલે દુષ્ટ-કાળાં, કાળ ચક્રનાં રૂપે કંસ પ્રગટ થયો હતો. **દેવકી**-દિવ્ય, દૈવી, દેવકી, તે કંસની સગી બ્હેન હોઈજ શકે નહીં, કેમકે જેમ અજવાળાંને અને અંધારાને વેર છે તેમ સારાંને તથા નઠારાંને વેર છે; અને એક બીજાંથી જુદાં છે, અને તેથી તે કંસની સગી બહેન નહોતી. કંસની સાથે તેને સંબંધ હતો એ વાત ખરી છે અને તે હોવોજ જોઇએ, કેમકે કાળ એટલે સમયની સાથેજ તેની વૃત્તિઓ રહેલી છે. કાળ છે ત્યાં વૃત્તિ છે. એ વૃત્તિ બે પ્રકારની છે. એક સારી અને બીજી નઠારી. એટલાજ માટે **દેવકી** તથા **પૂતના** કંસની બહેન તરીકે કહેલી છે. એકની વૃત્તિ દૈવી છે અને બીજીની આસુરી છે. એક દિવ્યપદ પમાડનારી છે અને બીજી નર્કે લઇ જનારી છે.

હરીવંશના ૫૬માં અધ્યાયમાં પૂતનાને **બળિની** પુત્રી કહેલી છે. **વામન પુરાણના** ૭૨ માં અધ્યાયમાં કહ્યું છે કે અપ્સરાઓમાં શ્રેષ્ઠ એવી જે **પૂતના** તેને **કેતુધ્વજ**ના પુત્રનો તપ ભંગ કરવા માટે ઇંદ્રે બોલાવી હતી. તેની સાથે સંભાષણ કરતાં ઇંદ્ર તેને વિલાસિની કહે છે. જીવાત્માની ઉન્નતિ કરવાને માટે જે કંઇ કરવાનું છે તે નહિં કરતાં સંસારમાં રહીને માત્ર સ્થૂળદેહનેજ સત્યવસ્તુ

માનવી અને એ જડ, અચેત સ્થૂલદેહને મનાતાં સુખ આપવામાં જેઓ ગુંથાયલા છે તેઓ પૂતનાથી દોરવાય છે. સ્થૂળ દેહને માટેજ સંસારમાં સર્વ વિલાસ લોભાવનારા છે. એ વિલાસ દેખાઈતું સુખ આપે છે પણ ખરી રીતે તે હાનિ કરે છે. **પૂતનાનો કંસાસુર** સાથેનો નિકટ સંબંધ શા માટે કહેલો છે. તે આ ઉપરથી સમજાય છે. **બ્રહ્મવૈવર્તપુરાણ** પ્રમાણે **પૂતના** મળ દર્શક છે, એ પણ યોગ્ય છે. નાના પ્રકારના ભોગ વિલાસ એજ મળની વૃદ્ધિ કરનાર છે.

શ્રી **કૃષ્ણ ભગવાનનો** જે અવતાર થયો તે **દેવકીજીને** પેટે થયો હતો. દેવકીના અર્થ ઘણા થાય છે. સઘળાં પુરાણોની કુંચીઓ **જો** હાથ લાગે તો તેના સાત સાત અર્થ રૂપી રત્નના ભંડાર પ્રાપ્ત થાય. **એ** સઘળા ભંડારનો લાભ મેળવવાને કોઇકજ સમર્થ થાય છે. શ્રી **કૃષ્ણ ભગવાનના** જુદાં જુદાં સર્વ પ્રકારનાં દર્શન થવાં તો દુર્લભ છે પણ જે કંઇ ઝાંખી સહજ થાય છે તેનું વર્ણન કરવાને આ પ્રયત્ન છે, તેના સાચાં સ્વરૂપનું કંઇ પણ દર્શન કયાં છે.

મન, વાણી, ને બુદ્ધિથી જે પર છે, જેને માટે વેદ પણ નેતિ, નેતિ, કહીને વિરામે છે, તેના સ્વરૂપનું સંપૂર્ણ ચિત્ર સંભવિત નથી. **દેવકી** તે **દીતી** અને દીતે તે સદ્ બુદ્ધિ છે, દીતી તેજ અદીતી પણ છે અને અદીતી આકાશ છે. વેદમાં **દેવકી** બ્રહ્મવિદ્યા છે. જ્યારે **દેવકીજીને** પ્રસવ સમય પાસે આવ્યો ત્યારે સકળ દેવગણ તેની પાસે આવી તેની સ્તુતિ કરે છે કે " હે દેવકી, તું આદિપ્રકૃતિ, બ્રહ્મગર્ભ ધારિણી, તથા વેદ વાણી રૂપ પણ તુંજ છે. તુંજ સૃષ્ટિ કરવાનુ સ્વરૂપ તુંજ પાલન સંહાર કરવાનાં સર્વ સંસારના બીજને ધારણ કરવા વાળી છે. સર્વ ફળ અને સર્વ યજ્ઞ તારા વડે થાય છે. વન્હિ ગર્ભો અરણિ, દેવોની માતા અદિતિ, દૈત્યોની માતા દીતી, ઇંદ્રની માતા જ્યોત્સના અને જ્ઞાનગર્ભા સંનતિ તુંજ છે. × × × સર્વ લોકની રક્ષા કરવા સારૂં તું મહીતળમાં અવતરી છે " વિષ્ણુ પુરાણ અંશ. ૫. મો અધ્યાય ૨ જો. હવે વસુદેવના નામમાં શું અર્થ રહેલા છે તે તપાસિયે. **વસુ** એટલે **અગ્નિ** અને દિવ એટલે **પ્રકાશવુ**. અગ્નિનાં ત્રણ સ્વરૂપ છે **પાવક**, **શુચિ** અને **પવમાન**. વેદમાં અગ્નિને વિશે

એક સ્થળે એમ કહ્યું છે કે ઉત્પન્ન કરનાર **પ્રમંથ** હાજર છે, **પ્રજાદેવી** **અરણિને** આણો અને પ્રાચીન ક્રિયા પ્રમાણે ઘર્ષણથી અગ્નિ ઉત્પન્ન કરો. **પ્રમંથ** અને **અરણિનો** અર્થ પુરૂષ અને પ્રકૃતિ છે. જેમ **દેવકીનો** અર્થ **વેદ વાણી** થાય છે તેમજ **વસુદેવનો** અર્થ **વેદ** થાય છે. શ્રીમદ્ ભાગવતના દશમ્ સ્કંધના બીજા અધ્યાયમાં કહ્યું છે કે " મૂર્તિમાન મંગળરૂપ, અખંડ ઐશ્વર્યવાળા તથા સર્વના આત્મારૂપ, અને જે દેવકીને વિષે **પ્રથમથીજ** હતા. તે ભગવાનને, વસુદેવે, દેવી દેવકીને વિશે મનથી મૂકયા." દેવકીને વિષે પ્રથમથીજ હતા એમ કહીને મર્મ સૂચવી દીધો છે; જે ભગવાન જીવરૂપે પ્રથમથીજ હતા એમ અર્થ નિકળે છે તેમજ મનથી મૂકયા એમ કહેવામાં તાત્પર્ય એ છે કે જીવની પેઠે ભગવાનને વીર્યનો સંબંધ નહિ હોવાથી તેને મનમાં પધારવાનું કહ્યું છે કૃષ્ણોપનીષદમાં કહ્યું છે કે.

देवकी ब्रह्म पुत्रा साया वेदैरुप गीयते
निगमो वसुदेवो यो वेदार्थ कृष्णरामयो

વસુદેવને આવી રીતે **વેદ** કહ્યા છે અને **રામ** અને **કૃષ્ણને** તેના અર્થ કહ્યા છે.

શ્રીકૃષ્ણ ભગવાનની પહેલાં શ્રી દેવકીને છ પુત્ર થયા હતા, અને તે સઘળાને કંસે હણ્યા હતા. એ છ પુત્ર જુદી જુદી છ શકિતનાં મૂળ ષડ્ચક્ર છે. જગતની રચનામાં સાતનું પ્રાધ્યાન્ય જહિં તહિં જોવામાં આવે છે. જ્ઞાનની પણ સાત ભૂમિકા છે, તેમજ અજ્ઞાનની પણ સાત ભૂમિકા છે. મૂળ પ્રકૃતિમાંથી સર્ગ થયા છે તે પણ સાત છે. સાત સમુદ્ર, સાત નદી સાત દ્વીપ, સાતવાર ઇત્યાદિ. તે પ્રમાણે **ચક્ર** પણ સાત છે, પણ સાતમું ચક્ર ઘણુંજ ગુપ્ત રાખવામાં આવે છે. એ ચક્રોને માટે જાણવાનું એ છે કે પ્રત્યેક ચક્રને વશ કરવાથી જુદી જુદી શકિતની પ્રાપ્તિ થાય છે. કોઇ સ્વાધિ હઠયોગી મહાન પ્રયત્નથી કદાચ છ ચક્રને જીતે, પણ સાતમું ચક્ર તેને વશ થતું નથી. વળી જેમ મનુષ્ય પંચ કોષનો સમુહ ગણાય છે તેમજ સાત તત્વનો સમુહ પણ ગણાય છે, અને તેથી હાલમાં **સપ્તપર્ણી મનુષ્ય** એમ કેટલાક કહે છે. છ તત્વને ભલે કોઇ વશ કરે પણ સાતમું તત્વ સ્વાધિન થયા વિના જીવન્મુક્ત થઇ

શકાતું નથી. વૈદિક કાળમાં છ અને સાત આદિત્ય ગણાતા હતા અને મરૂત પણ સાત હતા. માણસના શરીરમાં જે પ્રાણ વહન કરે છે તે પણ સાત છે, વિકાર પણ સાત છે અને એ સાતેને પોતાના અંકુશ તળે રાખવા કઠિન છે. દુષ્ટ અને સ્વાર્થિ માણસને સાતમું શીખર પ્રાપ્ત થવું કેવળ અશકય છે. કંસ દેવકીના છ પુત્રને હણે છે તો ભલે પણ શ્રી કૃષ્ણ ભગવાન તેના હાથમાં સપડાતા નથી.

દેવકીજીના એ છ પુત્રના સંબંધમાં બીજી કેટલીક હકીકત પુરાણોમાંથી મળી આવે છે. આદિ બ્રહ્મપુરાણમાં કહ્યું છે કે એ છ બાળક હિરણ્યકશિપુના ચાર પુત્રો હતા એમ લખ્યું છે અને તેમાં તેમનાં નામ અનુહ્લાદ, હ્લાદ, પ્રહ્લાદ, અને સંહ્લાદ આપેલાં છે. એ ચારે મહા પ્રતાપી હતા. જુઓ અંશ ૧ લો અધ્યાય ૧૪ મો. હ્લાદનો અર્થ શબ્દ કરવો, ગર્જના કરવી એવો થાય છે. વળી એતો ચાર પુત્ર કહેલા છે અને દેવકીજીને તો છ બાળક પ્રથમ અવતરેલા હતા. શ્રીમદ્ દેવી ભાગવતના ૨૨મા અધ્યાયમાં એવી કથા છે કે સ્વાયંભુ મન્વંતરમાં મરીચીથી ઉર્ણાનામની સ્ત્રીના છ પુત્ર થયા. જયારે બ્રહ્માજી પોતાની કન્યાની સાથે પ્રસંગ કરવાને ગયા ત્યારે એ છએ જણ હસી પડયા તેથી બ્રહ્માજીએ તેમને શાપ દીધો કે તમારો જન્મ દૈત્ય યોનિમાં થાઓ; તેથી તેઓ કાળનેમીના પુત્ર થયા અને બીજા જન્મમાં હિરણ્યકશિપુના પુત્ર થયા. તેઓએ બ્રહ્માની આરાધના કરી, તે ઉપરથી હિરણ્યકશિપુ કોપાયમાન થયો, અને તેઓને પાતાલમાં રહેવાનું કહ્યું અને કહ્યું કે કાળનેમી જયારે કંસ રૂપે થશે ત્યારે તમે દેવકીના પુત્રો થજો પણ બહુ નહિ જીવતાં તરત મરણ પામશો. બ્રહ્માજીના વરદાનથી તેઓ નક્ષત્ર રુપે આકાશમાં રહેલા છે. આ છ તારા નક્ષત્ર રુપ છે, તો તે કૃત્તિકા નક્ષત્ર હોવું જોઇયે, જેનો સાતમો તારો દૃશ્યમાન નથી. કાર્ત્તિકેય અથવા સ્કંધના આખ્યાનમાં તેમને છ મુખ છે, એમ કહેલું છે. વળી તેમને કૃત્તિકાએ ઉછેર્યા હતા, એ કૃત્તિકાના અંબા આદિ છ નામ બતાવ્યાં છે. કૃત્તિકા તે માતૃગણ છે. વારાહ પુરાણ અધ્યાય ૨૭ માં અંધકના આખ્યાનમાં તે છ તથા દેવતાઓની માંહો માંહે લડાઈ થયેલી કહી છે તેમાં માતૃગણને કામ ગણેલી છે અને સ્કંધને અંહકારનું રૂપ આપેલું છે,

સર્વ તત્વથી પર પુરૂષ છે. સૃષ્ટિની સંજ્ઞા વ્યકત છે. અને પુરૂષ અવ્યકત છે. એ બેની મધ્યે મહત્તત્વ છે. એ મહત્તત્વનું ઉપાધિ ભેદ

વડે બીજું નામ અહંકાર છે. વળી પ્રકૃતિને પણ અવ્યકત કહે છે અને અવ્યકત સંજ્ઞા ઉમાની છે માટે અહંકાર તે કાર્તિકેય, અને માતા તુલ્ય પાર્વતિ, કૃત્તિકા અને માતૃ ગણ છે (એજ વરાહ પુરાણ અધ્યાય ૨૫ મો)

હવે માતૃગણુ કોણુ તે સમજવું જોઇયે. અંધકનાં સંગ્રામમાં શિવજીના મુખમાંથી અનેક જવાળા પ્રગટીને સ્ત્રી ગણ થઇ ગઈ. તેમજ બ્રહ્મા, વિષ્ણુ, આદિકોએ શકિત ઉત્પન્ન કરી. તે શકિત કોના અંશથી થઇ તે વિશે કહ્યું છે કે યોગીશ્વરી તે કામાંશથી, મહેશ્વરી ક્રોધાંશથી, વૈષ્ણવી લોભથી, બ્રહ્માણી મદથી, કૌમારી મોહથી, અને ઇંદ્રાણી પૈશુન્યથી, જુઓ વારાહ પુરાણ.

આ પ્રમાણે કામ ક્રોધાદિક જે છ વિકારો કહેવાય છે તે આ છ બાળકના સ્વરૂપ કહીયે તો ખોટું નથી. એ છને જીંતવા હોય તો જીંતાય, અને કંસે તેને જીત્યા. પણ જ્યાં સુધી સ્વાર્થ -હું પણું-એ રહે છે ત્યાં સુધી માયા જીતી શકાતી નથી અને તેને જીત્યા વિના જીવન મુકતની દશાને પહોંચવું અશકય છે.

હિરણ્યકશિપુ સાત્વિકનો મહા વેરી હતો, પણ સાત્વિક તત્વ પ્રકાશમાન થયા વિના જીવનું કલ્યાણ થતું નથી. દરેક પ્રાણીમાં સત્વગુણ રજોગુણ, અને તમોગુણ રહેલા છે, પણ તેનાં પ્રમાણમાં ઓછું વત્તુ હોય છે; એટલે હિરણ્યકશિપુમાં પણ સત્વ ગુણનું બીજનોતું એમ સમજવાનું નથી. તે હરિણ્યકશિપુને મારીને પ્રહલાદનું સંરક્ષણ કરી શ્રી નૃસિંહ ભગવાનને સત્યનો વિશેષ પ્રકાશ કીધો હતો.

શ્રી કૃષ્ણુજીના જન્મને વિશે વિશેષ કહેતાં પહેલાં વધારે સારી સમજને માટે અહિં કહેવું અવશ્યનું છે કે તેમને કંસને સ્વાધિન નહિં કરતાં ગોકુળમાં નંદજસોદાને ત્યાં પુત્રી જન્મી હતી ત્યાં વસુદેવજી તેમને છુપી રીતે લઇ ગયા અને તેમને ત્યાં મુકીને તેમને બદલે કન્યાને આણીને કંસને સ્વાધિન કરી હતી. એ કન્યાને કંસ પછાડીને મારી નાંખવાને પ્રયત્ન કરેછે પણ તે તેના હાથમાંથી છટકી જાયછે. આ કન્યા તે માયા છે. વસુદેવ અને દેવકીથી માયાની ઉત્પત્તિ સંભવે નહિં

અને તેથી નંદ જશોદાને ઘેર તે પ્રગટ થઇ એમ કહેલું છે. માણસ ગમે તેટલી સિદ્ધિઓ મેળવે, બીજી રીતે ઘણો સમર્થ થાય તો પણ માયાના પાશમાંથી છુટવું સહેલું નથી. જે માયાએ બ્રહ્મા, વિષ્ણુ, રૂદ્ર, રૂષીઓ અને મુનિયોને પોતાના કટાક્ષના મોહથી ભોળવીને નચાવી મુકયા છે તે માયાને વશ કરવી એના જેવું બીજું પરાક્રમ કંઇ પણ નથી. કંસ જેવા અસુરનું એ માયા આગળ શુ ચાલે? યશોદાની પુત્રી માયા હતી એમ શ્રીમદ્ ભાગવતના દશમસ્કંધમાં ખુલી રીતે બતાવેલું છે. ત્રીજા અધ્યાયમાં શ્રી કૃષ્ણ ભગવાન પોતેજ વસુદેવ દેવકીજીને કહે છે કે "વળી બીજું કહેવાનું એ છે કે જો તમે કંસથી બીહીતા હોવ તો મને ગોકુળમાં લઈ જાઓ, અને યશોદાના ગર્ભથી ઉત્પન્ન થયલી મારી માયાને ઝટ અહિં લાવો." વળી તે પછી ભગવાનની પ્રેરણા ઉપરથી વસુદેવ, તે બાળકને લઇને સુવાવડના ઘરમાંથી જેવા બહાર નિકળવાની ઇચ્છા કરતા હતા તેટલમાં તો નંદરાયની સ્ત્રીએ 'અજા' એવી યોગમાયાને જન્મ આપ્યો." અહીં ખુલ્લી રીતે અજા શબ્દ વાપરીને સમજનારને ખરૂં રહસ્ય સમજાવી દીધું છે.

જેવું બ્રહ્માંડે તેવુંજ પિંડાંડે ને પિંડાડેતેવુંજ બ્રહ્માંડે આ મોટો નિયમ જે સારી રીતે સમજે તેને સઘળુંજ સમજાય છે. તો જેવી જીવની ઉત્પત્તિ તેવીજ સૃષ્ટિની ઉત્પત્તિ છે. હરિવંશ પર્વમાં કહ્યું છે કે યશોદા અને દેવકીએ એકી વેળાએ ગર્ભધારણ કીધું હતું અને બન્નેના સંબંધમાં પ્રસવ સમય પણ એકજ હતો. આ કહેવામાં પણ કેવો મર્મ રહેલો છે એની સાથે શ્રી કૃષ્ણજીના પ્રગટ થવાનો સમય મધ્ય રાત્રીનો હતો, એ પણ લક્ષમાં રાખવાનું છે. પુરૂષ અને પ્રકૃતિ જુદાં પડે છે તો તે એકી વખતે પડે છે જે ને મૂળ કારણમાંથી આ જુગલ સ્વરૂપની વ્યંકત થાય છે તે મૂળ કારણ મન, બુદ્ધિ વાણીથી પર છે, પણ સૃષ્ટિની રચના થવાનો સમય આવેછે ત્યાર પહેલાં પ્રલય થયલો હતો એટલે બ્રહ્માની રાત્રિ જેને કહે છે તે હતી. વિશ્વ વ્યકત થાય ત્યારે તો રાત્રી મીટીને દીવસ થાય છે એટલે દીવસે તો જન્મ કહેવો ઘટે નહિં. જગતની વ્યક્તિ થતાં પહેલાં સઘળે જળમય હતું. એ સમયે કેવળ અંધારૂ હતું. એ અંધારરૂંતેસાધારણ નહિં પણજેમાંથી અંધારૂ અને અજવાળું, રાત્રિ અને દિવસ ઉત્પન્ન થયાં તે હતું. ત્યારે તેસમય દર્શાવનારી મધ્ય રાત્રિ છે. વળી પ્રથમ સ્ફુરણા થયા વિના કેશાનો પ્રાદુર્ભાવ થતો નથી. એ

સ્ફુર્ણો થવાનો કાળ દિવશ પ્રગટતાં પહેલાંનો છે. પુરૂષ અને પ્રકૃતિનું પ્રથમ એકજ સ્વરૂપ હોય છે બ્રહ્મા પોતેજ સ્ત્રી પુરૂષની એકજ મૂર્ત ભાસ્યમાન થાય છે. પછી તે પોતાના શરીરના બે વિભાગ કરે છે. એક પુરૂષરૂપ અને એક સ્ત્રી રૂપ, આવી રીતે વિચાર પછી કરતાં પુરૂષ" અને પ્રકૃતિ જ્યારે વ્યકત થવાનાં હોય છે ત્યારે બન્ને એકી વખતે પ્રગટ થાય છે. એ વ્યકિત પ્રગટ થવાપણાનું બીજ પણ એકી વેળાએ રોપાય છે. એજ પ્રમાણે મનુષ્યનો દેહ ધારણ કરવાને માટે પણ નિયમ છે; કેમકે એમાં પણ પુરૂષ અને પ્રકૃતિની વ્યકિત છે. આવી રીતે જોતાં **શ્રી વ્યાસજીએ** અપાર બુદ્ધિ દર્શાવી છે એમ નિસંશય જણાઇ આવે છે. તેમણે જે જે વર્ણન કીધું છે તે ઘણુંજ ગુહ્ય, આશ્ચર્ય પમાડે તેવું, બુદ્ધિની પરીક્ષામાં બતાવનારૂં અને અત્યંત આશ્ચર્ય પમાડનારૂં છે. એવા સમર્થ મહાત્માઓના ચરણાંબુજની રજનો પણ સ્પર્શ થાય તો ધનભાગ્ય છે. તેમનું સ્મરણ થતાં સર્વ બંધન તુટી જાય છે.

નારાયણ શબ્દ "**નાર** એટલે પાણી અને **અયન** એટલે સુવું અથવા વિશ્રામ લેવો એ ધાતુ ઉપરથી થયલો છે. જે સમયે સૃષ્ટિ પ્રગટ થઈ નોતી, તે સમયે દિવસ નોતો, રાત્રી નોતી, તેજ નોતું, અંધારૂં નોતું, અને માત્ર **શ્રી નારાયણ ભ**ગવાન પોતેજ રહ્યા હતા. નારનો અર્થ પાણી થાય છે એ વાત ખરી પણ એ અર્થ સાધારણ છે. સૃષ્ટિનો આરંભ થતાં પહેલાં તો કંઈ તત્વ હતાંજ નહીં; બ્રહ્માજી પોતે જે સૃષ્ટિ કર્તા છે તે પણ પાછળથી પ્રગટ થાય છે, તો પછી પાણી તેમની પહેલાં કયાંથી હોય. ? જળ તત્વ તો પાછળથી થયું છે ત્યારે બ્રહ્માજી પહેલાં પાણી કયાંથી આવ્યું એ વિચાર કરવા જેવું છે. ખ્રિસ્તિ લોકોના બાયબલમાં પણ એ સમયનું વર્ણન એવું કરેલું છે કે સર્વત્ર જળ હતું અને તે જળની મધ્યે આત્મા અથવા ચૈતન્યની ગતી થઇ રહી હતી. જ્યાં જોશો ત્યાં મૂળ એકજ દેખાશે, માત્ર શાખાઓ જુદી પડે છે, મૂળ છબી એક છે, મૂળ મૂર્તિ એક છે, માત્ર વસ્ત્રાભૂષણ ભિન્ન ભિન્ન હોય છે અને ભિન્નતાથી ભુલવણી થાય છે. નારનો ખરો અર્થ, અનંત, આદિ અંતવિનાનું ~~મહાકારણ થાય છે~~, તે મહાકારણ **શ્રી નારાયણ ભગવાનથી** પરિપૂર્ણ હતું.

શ્રીમદ્ મહાભારતના શાંતિ પર્વ, મોક્ષ ધર્મ ઉત્તરાર્ધમાં કહ્યું છે કે જળને નારા કહે છે અને મનુષ્યના પ્રાણને જળ કહે છે તેથી મનુષ્યના પ્રાણ તે નારા કહેવાય છે, પૂર્વથી એ સ્થાન છે જેનું તે નારાયણ. જુઓ અધ્યાય ૧૬૫

શ્રી કૃષ્ણ ભગવાન જ્યારે દેવકીજીને વિશે પ્રગટ થયા ત્યારે તેમનું સ્વરૂપ અલૌકિક હતું. દશમ સ્કંધના ત્રીજા અધ્યાય પ્રમાણે "વસુદેવજીએ તે અદ્દભુત સ્વરૂપવાળા બાળકને દિઠા, તેનાં નેત્ર કમળ જેવાં હતાં, ચાર બાહુઓ હતા, અને તેમાં શંખ, ચક્ર, ગદા, અને પદ્મ ધારણ કર્યાં હતાં, તેના શરીર ઉપર શ્રી વત્સનું ચિન્હ શોભતું હતું. કંઠમાં શોભાયમાન કૌસ્તુભમણી લટકતો હતો. અંગ ઉપર પીતાંબર ધારણ કર્યું હતું, તેના શરીરની કાંતિ ઘાડા મેઘના જેવી સુંદર હતી. મોઘાં મુલના વૈદુર્ય મણીથી જડેલા મુકુટ અને કુંડળની કાંતિથી હજારો કેશ પ્રકાશી રહ્યા હતા, અને ઉત્તમ કંદોરાથી, બાજુબંધથી તથા કડાં વગેરે આભુષણોથી શોભી રહ્યા હતાં." શ્રી કૃષ્ણભગવાન સાક્ષાત વિષ્ણુરૂપ હતા. વિષ્ણુ શબ્દ વિશ ધાતુ ઉપરથી થયલો છે, અને તે સર્વવ્યાપકપણું દર્શાવે છે. વિષ્ણુ ભગવાન નારાયણનો અંશ છે. આ બાળ સ્વરૂપ શ્રી નારાયણ ભગવાનનું સ્મરણ કરાવે છે. શ્રી નારાયણ ભગવાનનું સ્વરૂપ જો સમજાય તો આ બાળ સ્વરૂપ યથાર્થ ધ્યાનમાં આવે. વળી પાણીનો પાર શું છે તે દશ્યમાન નથી અને તેથી સર્વત્ર અંધારાવત છે. અંધારૂં જેને આપણે સાધારણ રીતે અંધારૂં સમજીએ છીયે તે નથી, પણ એ અંધારૂં, અંધારાનું તથા અજવાળાનું મૂળ છે. તેમજ નાર રૂપ મૂળ પ્રકૃતિથી સર્વની ઉત્પતિ છે, અને તેથી સર્વની ઉત્પત્તિ પહેલાં એ મૂળ પ્રકૃતિ શિવાય બીજી કંઇ વસ્તુ નોતી એમ સમજાવ્યું છે. શ્રી નારાયણ ભગવાન શેષના ઉપર શયન, કરે છે, તેમાં પણ ગૂઢ અર્થ રહેલો છે. એ શેષ ને આદિશેષ અથવા અનંત પણ કહે છે. તે કાળ અથવા સમય વાચક છે એટલે અવકાશ તથા કાળ શ્રી નારાયણ ભગવાનના અંગભૂત છે એમ જણાવ્યું છે. એ બ્રહ્મ જેને કાળ બ્રહ્મ કહેવાય છે તેનું કારણ એજ છે. અવકાશ અને કાળ બન્નેને આદિ નથી, મધ્ય નથી અને અંત નથી. તેનું સ્વરૂપ કલ્પનામાં આવી શકતું નથી; ત્યારે પ્રથમ જે વ્યકિત થાય છે તે એ અવકાશની તથા કાળની થાય છે. વ્યકિત થાય

છે તે સ્ફુરણાથી થાય છે, અને ગતિનું કારણ તેજ છે. એ ગતિમાં તાલ રહેલા છે. હરબર્ટ સ્પેન્સર નામનો અંગ્રેજ વિદ્વાન કહે છે કે એ તાલમાં ત્રણ અને ચારનો નિયમ રહેલો હોય એમ દેખાય છે. આ વિચાર હાલમાં ઘણાંઓને નવિન અને મોટો ઉંડો લાગે છે અને તેઓ એ વિદ્વાનના બુદ્ધિબળથી આશ્ચર્ય પામે છે, પણ આપણા આર્ય ભૂમિના રૂષિયો મહા સમર્થ અને શ્રેષ્ટ બુદ્ધિ ધરાવતા હતા. તેઓએ એ ગતિમાં સાત તાલ કહેલા છે આજ કારણથી શેષનાગની સાત ફેણ કહેલી છે. એ તાલના જો વધારે વિભાગ કરવા હોય તો આગળ જતાં મિશ્રિત તાલ થાય છે અને તેનાં અનેક રૂપ છે. એ અનેક રૂપ દર્શાવવાને કેટલાક હજાર ફેણો ગણે છે હજાર અનેક વાચક શબ્દ છે એ પ્રસિદ્ધ વાત છે. વિશ્વમાં જ્યાં ત્યાં સપ્તક વર્ગ પ્રવર્તે છે તેનું કારણ આથી સ્પષ્ટ થાય છે. આવી રીતે શ્રી નારાયણ ભગવાનને શેષશાયી વર્ણ-વેલા છે તેમાં ઘણોજ મર્મ સમાયલો છે. ત્યાર પછી બ્રહ્મા, વિષ્ણું ને રૂદ્ર એ ત્રણ શકિત વ્યકિત પામે છે, બ્રહ્મા ઉત્પન્ન કરનારા, વિષ્ણું પાલન કરનારા, અને રૂદ્ર સંહાર કરનાર છે. પાલન કરવાની શક્તિ આવા દુષ્ટ સમયમાં અગત્યની અને અવશ્ય હતી. શ્રી કૃષ્ણ એ નામ અર્થ રહિત નથી. જે ધાતુ ઉપરથી કૃષ્ણ શબ્દ થયલો છે તેનો અર્થ જોતાં સર્વને પોતા ભણી આકર્ષણ કરે તે કૃષ્ણ છે. જીવાત્મા સર્વ ઈંદ્રિયોને પોતાની ભણી ખેંચે છે. તેનાંજ તેજનાં બળથી સર્વ ઇંદ્રિયો પોત પોતાનો વ્યવહાર ચલાવવાને સમર્થ છે, અને એ તેજ જ્યાંથી નિકળ્યું ત્યાં જયારે પાછું વળે છે ત્યારે એ ઇંદ્રિયો માત્ર ચિત્ર રૂપ થાય છે. માટે આત્મા તેજ કૃષ્ણ પરમાત્માં પણ છે. એમના ચાર ભુજ તે ચાર દીશા રૂપ છે. દીશા ચાર, આઠ અને દશ ગણાય છે તેથી દેવતાના ભુજનું વર્ણન આવે છે. ત્યારે ચાર, આઠ, કે દશ ભુજ કહે-વામાં આવે છે. એમના આયુધોને માટે શ્રીમદ્ વારાહ પુરાણના ૩૧ મા અધ્યાયમાં કહેલું છે કે અવિદ્યા દુર કરવાનું સામર્થ્ય છે જે શબ્દમાં તે શંખ, જળ તત્વ અને અજ્ઞાન નિવૃત કરવાવાળું ખડગ, પૃથ્વી તત્વ અને કાળ ચક્રાદિ મહા ભયને વિધ્વંસ કરવાવાળું સુદ-ર્શન ચક્ર, તેજ તત્વ, અધર્મ નાશ કરવાને સમર્થ ગદા, વાયુ તત્વ-નીજ યોગમાયાનું સ્વરૂપ વનમાળા છે. રાજસ, તામસ, અને સાત્વિક એ ત્રણ ગુણનું સ્વરૂપ યજ્ઞોપવિત, અને જ્ઞાન સ્વરૂપ પીતાંબર છે. ગોપાળ પૂર્વ તાપીનીં ઉપનીષદ પ્રમાણે ચતુર્ભુજ

તે રજ, તમ, સત્વ અને અહંકાર. શંખ, એ પંચભૂતાત્મક, મન એ ચક્ર, શાર્ગં આદ્યમાયા, ગદા આદ્યા વિદ્યા, કેયૂર ધર્મ, અર્થ અને કામ, અને કીરીટી કુટસ્થ સ્વરૂપ છે. પદ્મ ઉત્પન્ન કરનારી શકિત સૂચક છે. શ્રી વત્સનું શ્યામ ચિન્હ છે, તે મુળ પ્રકૃતિ જેમાંથી સૃષ્ટિ થઇ તે છે. પ્રકાશમય જીવોને માટે કૌસ્તુભ છે, વૈજ્યંતિ માલામાં પાંચ રંગના પાંચ રત્ન છે તે પાંચ તન્માત્રા જેમાંથી પાંચ મહાભૂત થાય છે તે દર્શાવે છે. શ્રી કૃષ્ણ ભગવાનનું સ્વરૂપ નીલવર્ણ છે. આગળ કહી ગયા તે પ્રમાણે વિષ્ણુ ભગવાન પાલન કરતા છે. પાલન કરવાનો ગુણ ભુરા રંગમાં રહેલો છે એમ વર્ણોપચારના વિદ્વાનો કહે છે. Blue is life and Red is death– ભુરો વર્ણ જીંદગી છે અને રાતો મર્ણ છે. રાતા રંગનું શરીરમાં વધારે પ્રાધાન્ય થાય છે તો જીંદગીની હાની થાય છે, જીંદગીની આરોગ્યતાનો આધાર ભુરો વર્ણ છે. શરીરમાં સૂર્યનાં જુદાં જુદાં જે કીર્ણો પ્રવેશ કરે છે તે કીર્ણો જુદા જુદા રંગના વાહક છે. એ જુદા જુદા રંગ યોગ્ય પ્રમાણમાં શરીરમાં હોય ત્યાં સુધી સુખ છે. માટે શ્રી કૃષ્ણ ભગવાનનો વર્ણ શ્યામ કહેલો છે તે ઘણુંજ ઉચિત છે વળી ખરી રીતે જોતાં ભુરો ને આકાશવર્ણ જે કહેવાય છે તે વર્ણ જ નથી. રંગ રહિત છે તે આકાશવર્ણ ભુરો ભાસે છે. ઇશ્વર રૂપ શ્રી કૃષ્ણ ભગવાન વર્ણ રહિત છે એમ સમજવું હવે સ્હેલું છે. આ પ્રસંગે એ રંગને વિશે બીજો ખુલાસો કરવો જરૂર છે. આગળ બતાવવામાં આવશે કે શ્રી કૃષ્ણ ભગવાન ગોપી મંડળથી વીંટલાઇ નાના પ્રકારના વિલાસ કરતા હતા. વ્રજની સર્વ ગોપિયો તેમના ઉપર પાર વિનાની મોહ પામી હતી. ભુરો રંગ નેત્રને સુખ આપનાર અને મનનું આકર્ષણ કરતા છે. વળી સાધારણ પણ વ્યવહાર પ્રમાણે પ્રેમમાં વિલાસની વૃદ્ધિ અર્થે પણ એ રંગ અગત્યનો હતો. સ્ત્રીનું સ્વરૂપ સૌંદર્યમાં શ્યામ શોભેજ નહિં એ નિર્વિવાદ છે. ઉજવળથી ઉલટું શ્યામ છે. હાસ્ય વિનોદ અને વિલાસની વૃધ્ધિને તે માટે આ ઉલટા રંગ દીપાવી મુકે છે. વળી એજ દ્રષ્ટીયે જોતાં શ્યામ રંગ કપટ અને છળ દર્શાવે છે. શૃંગારમાં શ્રી કૃષ્ણજી દક્ષનાયક છે. પ્રીતમ એક અને પ્રિયા અનેક. અનેકનાં મન રંજન કરવાં એક કઠિન કામ છે અને તેમાં ઘણીજ ચતુરાઇ જોઇએ છેયે. એકને કંઇ સમજાવવું, બીજીને કંઇ, ત્રીજીને કંઇ,

એમ દક્ષનાયકને કરવું પડે છે. વ્યવહારિક દૃષ્ટિને પણ આ રંગ અનુકુળ છે. આ પ્રમાણે **શ્રી બાળ કૃષ્ણજીના** સ્વરૂપનું દર્શન મનને અત્યંત મોહ ઉપજાવનારૂં છે.

તેમણે પીતાંબર ધારણ કરેલું છે. પીત એટલે સુવર્ણ પીલા રંગનું જે વસ્ત્ર તે પીતાંબર. બુદ્ધિનો વર્ણ પણ એજ છે અને કારણ દેહનો વર્ણ પણ સુવર્ણ સરખો છે. માટે પીતાંબર પહેર્યું છે એમ જે કહ્યું છે તે ઘણુંજ યોગ્ય છે. વળી હિરણ્ય ગર્ભનો વિચાર કરીશું તો એનો મર્મ વિશેષ જણાશે;

આ ચતુર્ભુજ સ્વરૂપનાં માત પિતાને દર્શણ થયાં, પછી તેઓની ઇચ્છાથી શ્રી ભગવાને સાધારણ મનુષ્યનાં જેવું બાળ સ્વરૂપ ધારણ કીધું. ત્યાર પછી શ્રી વસુદેવજી કંસાસુરના ભયને લીધે બાળકને ગોકુળમાં મુકી આવવાને માટે ચાલવા માંડે છે. શ્રી કૃષ્ણજીનું પ્રાગટય પ્રથમ મથુરામાં થયું અને પછી ગોકુળમાં થયું. ગોકુળ જતાં પહેલાં આપણે મથુરાનું મહાત્મ્ય પુરણ કરવું જોઇએ. પ્રાણીનાં શરીરનું બંધારણ કેવી રીતે થાય છે તે અહિં સમજવાનું છે. ગર્ભમાં બિંદુ પડે છે ત્યાર પછી ધીરે ધીરે શરીરનાં અવયવો પ્રગટ થાય છે. જીવાત્મા ત્રણ આવરણમાં ઢંકાઇ રહેલો છે, એ આવરણને સ્થૂલ દેહ, સૂક્ષ્મ દેહ, અને કારણ દેહ કહે છે. અધ્યાત્મિક દ્રષ્ટિએ નિહાળતાં શ્રી કૃષ્ણ ભગવાનને જો આત્મા રૂપે સમજીએ તો તેમનો એ ત્રણ દેહમાં નિવાસ છે. મથુરાં, ગોકુળ અને દ્વારકાં એ એમના ત્રણ ધામ હતાં. એ ત્રણ ધામ શું વિના કારણે કહેલાં છે? ગોકુળ અને દ્વારકાં સ્થૂલ દેહ અને કારણ દેહ માટે છે તેનાં કારણ આગળ બતાવવામાં આવશે. મથુરાં એ સૂક્ષ્મ અથવા લિંગ દેહને માટે છે. લિંગ દેહ પ્રથમ થાય છે અને તે થઈ રહ્યા પછી સ્થૂલ દેહ બંધાય છે. તેજનું કીર્ણ પ્રથમ જેને પ્રકાશ આપે છે તે લિંગ દેહ છે અને તે લિંગ દેહમાં થઇને પછી સ્થૂલ દેહને પ્રકાશિત કરે છે. વળી એવું પણ પુરાણો ઉપરથી સમજાય છે કે મથુરાંપુરી પ્રત્યેક મનુષ્યમાં છે, અને તે માનસિક ભૂમિ છે, અને ત્યાંજ હું અથવા અનાત્મ વૃત્તિને દાબી નાંખવાની જરૂર છે. મથ્ ધાતુનો અર્થ

નરમ પાડવું, દાબી દેવું થાય છે. એ જડ અથવા અનાત્મ વૃત્તિ સારૂ શ્રી રામચંદ્રજીના સમયમાં લવણ દૈત્ય હતો કે જેને શત્રુઘને માર્યો હતો, પણ શ્રી રામચંદ્રજીની પછી અનાત્મ અથવા જડ વૃત્તિનું જોર પાછું વધી ગયું અને તેનો અંત શ્રી કૃષ્ણ ભગવાનનો અવતાર થયો તે વખતે આવ્યો. કંસાસુર એ અનાત્મ વૃત્તિમાંજ રહેનારો અને રાજ ચલાવનારો હતો. આ પ્રમાણે પણ સ્થૂલ દેહની અંતરે જે બીજી દેહ રહેલી છે તેજ મથુરાંપુરી છે એમ માનવાને કારણ છે. માટે શ્રી કૃષ્ણ પરમાત્માનાં દર્શન પ્રથમ મથુરામાંજ થયાં છે અને થવાં જોઈતાં હતાં. વસુદેવજી શ્રી કૃષ્ણ ભગવાનની આજ્ઞાને અનુસરીને તેમને ગોકુળમાં મુકીને બદલામાં નંદ જસોદાની કન્યાને લઇ આવ્યા; તે કન્યાને શીલાપૃષ્ટ ઉપર કંસે પછાડતાં તે છટકી ગઇ અને ઉંચે આકાશમાં જઈને તેણે કંસને કહ્યું કે "હે મૂઢ મને મારવાથી શું વળશે, તારો નાશ કરનાર પૂર્વનો શત્રુ તો કોઈક ઠેકાણે જન્મી ચુકયો છે તું રાંક લોકોને વૃથા માર માં." આનું પરિણામ એ થયું કે કંસાસુર ચોંકી ગયો અને પોતાનાં બેન બનેવીને પગે પડી હાથવતી પગનો તેણે સ્પર્શ કર્યો અને તે બન્નેને, બેડી તોડી નાંખીને બંધનથી અને કારાગ્રહથી મુકત કીધાં. કેવું સ્વાભાવિક. જેને સાક્ષાત વિષ્ણુ ભગવાનનાં દર્શણ થાય તેના બંધન કેમ ત્રુટી નહિ જાય? દર્શણ થતાં વારને સર્વ બંધનથી તે મુકત થાય છે. આત્મ દર્શણથી પણ એજ પ્રમાણે તાત્કાલિક મુકિત મળે છે. આ પ્રમાણે શ્રી કૃષ્ણ ચરિત્રનો મથુરાંપુરીનો પ્રથમ અંક પુરો થાય છે.

અંક બીજો

હવે બીજા અંકનો આરંભ થાય છે. એ અંકમાં સ્થળ ગોકુળ છે અને મુખ્ય પાત્રમાં શ્રી કૃષ્ણજી પોતે, નંદ, જશોદા, રાધા, ચંદ્રાવલી આદિ ગોપીજન, કંસના મોકલેલા અસુર, ગોવાળિઆ ઇત્યાદિ છે. અહિં બાલ્યાવસ્થાનો સઘળો સમય હતો. એ અવસ્થા આનંદ અને રમત ગમતની છે. અને તેથી શ્રી ગોકુળમાં શ્રી કૃષ્ણજીએ કરેલાં ચરિત્ર અને તેમની લીલા, આખા પ્રદેશને લાલિત્યમય કરી નાખે છે. વૃજનું સૃષ્ટિસૌંદર્ય આ લાલિત્યને વધારે મોહકારી કરે છે.

સર્વ પાત્રમાં મુખ્ય અને શ્રેષ્ટ શ્રી બાલકૃષ્ણજી ઝળકી રહેલા છે એમાં તો શંશય નથી. બીજા પાત્રોમાં નંદ જસોદા છે શ્રીમદ દશમ્ સ્કંદના આઠમાં અધ્યાયમાં કહ્યું છે કે વસુઓમાં દ્રોણુ નામનો મોટો વસુ છે તે તથા તેની સ્રી ધરા, જેને બ્રહ્માએ ગાયોની રક્ષા કરવાને માટે આજ્ઞા કરી હતી, તેઓ નંદ તથા જસોદા થઈને ગોકુળમાં અવતર્યાં હતાં. વસુના અર્થ ઘણા થાયછે, વસુ એટલે ધન, સુવર્ણ, પાણી, પદાર્થ ઇત્યાદિ. શિવનું નામ પણ વસુ છે અને અગ્નિનું નામ પણ તે છે, પણ અહીં કહ્યા છે તે આઠ વસુમાંનો એક છે. તે આઠ વસુ કીયા? ૧ આપ, ૨ ધ્રુવ, ૩ સોમ, ૪ ધર અથવા ધવ, ૫ અનિલ, ૬ અનળ, ૭ પ્રત્યુષ તથા ૮ પ્રભાસ. એની કથા એવી છે કે દક્ષપ્રજાપતિએ વૈરણીને પેટે સાઠ કન્યા ઉત્પન્ન કરી અને તે કન્યાઓ ધર્મ, કશ્યપ વગેરેને આપી. એ દેવ માતાની પ્રજાનો વિસ્તાર થયો. શ્રી મત્સ્ય પુરાણના પાંચમાં અધ્યાયમાં લખ્યું છે કે હવે વસુની સૃષ્ટિ જણાવું છું. સઘળી દિશાઓમાં વ્યાપનાર તેજસ્વી દેવ તે વસુ. તેની સંતતિ સાંભળો,-આપ, ધ્રુવ, સોમ, ધર, અનિલ, અનળ, પ્રત્યુષ અને પ્રભાસ એવા આઠ વસુ કહેલા છે. × × દ્રવિણ અને હવ્યવાહ એવા ધરના બે પુત્રો હતા. દ્રોણ શબ્દ પ્રગટ રીતે આવેલો નથી પણ દ્રોણ વસુઓમાં મોટો હતો એમ કહેલું છે. દ્રવવાનો સ્વભાવ જેનામાં છે તે દ્રોણ હોય એમ લાગે છે. અગ્નિ અને પાણીથી સૃષ્ટિની ઉત્પત્તિ થયલી છે. પાણીનો ખેલ બનાવ્યો છે એમ આપણા કવિયો ગાઇ ગયા છે, તે થોડાનેજ અજાણ્યું હશે. આ પ્રમાણે નંદ શબ્દમાં અર્થ રહેલો છે. ધરા એટલે પૃથ્વી અથવા ધારણ કરનારી. જસોદાનાં એ સ્વરૂપ છે. નંદજીને તેજ રૂપ જોતાં જસોદા તે તેજને ધારણ કરવાવાળી છે. એ તેજ જે મૂળ જ્યોતિ છે તે નથી, પણ વ્યકિત પામેલું જે અગ્નિતત્વ છે, તે છે. પૃથ્વીમાં સઘળાં તત્વના અંશ આવે છે અને તેથી તેનો મહિમા પણ જેવો તેવો નથી. શ્રી કૃષ્ણ ભગવાન પૃથ્વી ઉપર મનુષ્ય રૂપે પ્રગટ થાય છે, અને મનુષ્ય પ્રમાણે વર્તન કરવા ઇચ્છે તો તેને ઉછેરી મોટા કરવાને માટે નંદ અને યશોદાજ યોગ્ય દેખાય છે. કૃષ્ણોપનીષદમાં બીજો અર્થ દર્શાવેલો છે. નંદ એટલે આનંદ એ તો પ્રસિદ્ધ છે, પણ એ ઉપનીષદમાં કહ્યું છે કે નંદજી તે પરમ આનંદ છે અને યશોદા સત્વ, રજ

અને તમ એ ત્રણ ગુણવાળી માયા છે; સાત્વિક માયા રૂદ્રમાં રહેલી છે, રાજસિક બ્રહ્મામાં રહેલી છે, અને તામાસક અસુર અને દૈત્યમાં રહેલી છે.

વસુદેવજીને રોહિણી નામની બીજી સ્ત્રી જેને હરિવંશમાં સુરભી રૂપ કહેલી છે તેનાથી બળરામ નામે પુત્ર થયો હતો. એ રોહિણી અને બળરામનો નિવાસ ગોકુળમાં હતો. એ બળરામજી પણ વિષ્ણુંનોજ અંશ છે. અનંત એવા જે શેષ તેનો એ અવતાર છે. ઇશ્વરનું એક સ્વરૂપ કાળ છે અને તેથી બળદેવજી એક અંશ છે એમાં સંશય નથી. ત્યારે શ્રી કૃષ્ણ ભગવાન તથા બળદેવજી સદાય સાથેજ જોવામાં આવે એ સ્વભાવિક છે. તેઓ બંન્નેની વચ્ચે ગાઢો સ્નેહ હતો અને બાલ્યાવસ્થાની રમતો રમીને સાથેજ આનંદનો અનુભવ કરતા હતા.

આ બાલ્યાવસ્થાનાં ચરિત્ર શ્રી ગોકુળમાં થયાં હતાં. સૂક્ષ્મ દેહ પ્રથમ છે એમ આગળ કહેવામાં આવ્યું છે તેની પાછળ સ્થૂળદેહ પ્રકાશે છે, માટે સર્વ બાળ ચરિત્રનું સ્થાન ગોકુળ કહ્યું છે. ગો એટલે ઇંદ્રિ અને કુળ એટલે સમુહ-જથો. આ ઉપરથી શ્રી ગોકુળ શબ્દ સ્થૂળ દેહ દર્શક દેખાય છે. કૃષ્ણોપનીષદ પ્રમાણે ગોકુળ તેજ વૈકુંઠ પણ છે. ગોકુળમાં જે વૃક્ષો છે તેજ વૈકુંઠના તપસ્વીઓ.

શ્રી કૃષ્ણજી ગોકુળમાં પધાર્યા અને જોગ માયાની વાણી સાંભળીને કંસ ચીંતાતુર થયો. મારા શત્રુનો જન્મ થઇ ચુકયો છે એમ જાણતાંજ તે ખેદ પામવા લાગ્યો. કંસનું ખરૂ સ્વરૂપ આપણે જોયું છે તેના સોબતી અને મિત્રમાં **ચાણુર, અઘાસુર, બકાસુર, મુષ્ટિક, પ્રલંબ, કુવલયાપીંડ** આદિ દૈત્યો હતા. આ સઘળા દુર્ગુણો હતા અને તેથી કંસાસુરના તેઓ સોબતી હોય એમાં શું આશ્ચર્ય ? તેઓની સાથે કંસાસુર મસલતો કરે છે, અને તેનું પરિણામ એ આવે છે કે અસુરો ગોકુળમાં જઇને ઉત્પાત કરે છે.

જીવાત્માની ઉન્નતિ થવાને માટે કઠિન દુ:ખ વેઠવાં પડે છે. જુદી જુદી દિક્ષાઓ પામવાને અધિકારી થવાની જરૂર છે. અધિકાર પ્રાપ્ત કરવાને માટે કેટલાંક દુર્ગુણો પ્રસંગે પ્રસંગે જીતવા પડેછે. એ દુર્ગુણરૂપી અસુરો જીવાત્માની ઉન્નતિમાં વિઘ્ન કર્તા છે. એ અસૂરો **શ્રી કૃષ્ણજીને** પોતાને વશ કરવા સારૂ ગોકુળમાં આવે છે, અને પ્રયત્ન કરતાં નાશ પામે છે, એ પ્રત્યેક પ્રસંગનું વિસ્તારથી વર્ણન આ નાના ગ્રંથમાં અગત્યનું નથી, અહિં તો માત્ર દિગદર્શન કરાવવાનું છે, અને

શ્રીમદ્ દશમસ્કંધના પ્રત્યેક શ્લોક ઉપર ટીકા કરવાની નથી. રહસ્ય શું છે તે જોવાનુ છે. કંસના જે સોબતિયો ગોકુળમાં આવ્યા હતા, તેઓનાં નામ શકટાસુર, તૃણાવર્ત, બકાસુર, અઘાસુર, ગર્દભાસુર, પ્રલંબાસુર, કેશી આદિ હતાં શકટ એટલે ગાડું ગાડાંની નીચે શ્રી કૃષ્ણજી પોરાઢયા હતા, અને જસોદાજી બીજા કામમાં ગુંથાયાં હતાં. તેવામાં બાળ કૃષ્ણજીએ પગ ઉંચો કરીને ગાડાંને ઉંધુ વાળી નાંખ્યું. મૂળ શબ્દ શકટ છે. ભાર વહન કરવાને જે શકિતમાન છે તે શકટ. શકટનો અર્થ રથ પણ થાય છે. દેહને રથરૂપ વારંવાર કહેવામાં આવ્યો છે. આ ઉપરથી સ્થૂળ દેહને વશ કરીને પોતાની ઇચ્છા પ્રમાણે તેને મરોડવો અને તેની પાસે કામ કરાવવું એ ઉન્નતિના માર્ગમાં અવશ્યનું છે. બીજો અસુર તૃણાવર્ત છે જે વંટોળિયારૂપે આવે છે. તેનું બીજું નામ ચક્રવાતાસુર છે. શરીરની અને મનની વૃત્તિયો ચકર ભમર હંમેશ ફર્યા કરે છે. સંસારના નાના પ્રકારના ઉપાધિયો સ્થિરતા પામવા દેતાજ નથી અને જ્યાં સુધી સ્થિરતા મળી નથી ત્યાં સુધી આગળ પગલાં મુકી શકાતાં નથી. એ વમળમાં શ્રીકૃષ્ણ ભગવાન મનુષ્ય રૂપે ગુંચવાતા નથી અને સ્થિરતાને પ્રાપ્ત કરે છે. બકાસુર છળનું રૂપ છે. ધર્મનો ઢોંગ કરનાર તે પણ બકાસુર છે. બકાસુરનો પણ પરાજય થઈ નાશ થાય છે. અઘાસુર એ નામ તેના ગુણને સુચવે છે. અઘ એટલે પાપ, દુષ્ટ કર્મ. નઠારાં કામ કરવાથી દુર રહેવું અને પવિત્રતા રાખવી એ પણ જરૂરનું છે. અઘાસુર પણ ફાવી શકતો નથી અને તેનો પણ અંત આવે છે. સારાંશ કે જીવ નઠારાં કર્મ છોડી દઇને પવિત્રતા પાળે છે. ધેનુકાસુરનું બીજું નામ ગર્દભાસુર છે, ધેનુ નામ ગાયનું છે. ગાય તે ઇંદ્રીયો છે, ઇંદ્રિયો મસ્ત બનીને નિરંકુશ થાય તો મોટી હાની છે, સર્વ ઇંદ્રિયો વશ થવી જોઇએ. ગર્દભનો અર્થ ગધેડો થાય છે. તેનો બીજો અર્થ ગંધ થાય છે. ગંધ એ ઇંદ્રિયનો વિષય છે, ગધેડાનો સ્વભાવ છારમાં આળોટવાનો છે, તેમ ઇંદ્રિનો સ્વભાવ વિષયમાં લોટવાનો છે. ઇંદ્રિઓને વશ કીધા વિના વૃદ્ધિ થતી નથી એમ જગતમાં મનાતા સઘળા ધર્મોમાં કહેલું છે. પ્રલંબાસુર આળસ છે અને કેશી તે અભિમાન છે. સાધકે આળસ અને અભિમાન બંન્ને છોડવાં જોઇએ. કેશી ઘોડાનું રૂપ લઇને આવે છે, અને શરીરનું બળ તે બતાવે છે. ઘોડાને અશ્વ પણ કહે છે. અશ્વ શબ્દ ઉપરથી

બીજું અનુમાન એમ પણ જાય છે કે માણસના શરીરમાં વાયુ રૂપે પ્રાણનું જે વહન થાય છે તે પ્રાણ વહન ઉપર સત્તા મેળવવી જોઇએ. પ્રાણ વાયુને માટે અશ્વ રૂપે કેટલીક જગાએ વર્ણન જોવામાં આવે છે તો અશ્વને જીત્યો એમ કહેતાં પ્રાણ નાડીઓ ઉપર સતા મેળવી એમ માનવામાં કંઇ અડચણ જેવું નથી.

આ બધા અસુરો પુરૂષ હતા. તેઓની પહેલાં એક સ્ત્રી નામે પૂતના કંસાસુરની ઈચ્છાને અનુસરીને ગોકુળમાં આવી ગઇ હતી. તે સુંદર સ્વરૂપ ધારી ગોકુળ ગામનાં સઘળાં છોકરાંઓને ધવડાવવા લાગી અને જ્યારે કૃષ્ણજી તેના ખોળામાં આવ્યા ત્યારે બહુ હર્ષ પામી. વિષનું પાન કરાવીને આ બાળકનો હમણાં હું જીવ લઇશ એમ તે સમજતી હતી. પણ એ બાળક બાળક નોતો પણ મોટાથી પણ મોટો, આખા બ્રહ્માંડનો ધણી, તૃણનો મેરૂ અને મેરૂનું તૃણ, અમૃતનું વીખ અને વીખનું અમૃત કરનાર, અને મન વાણી અને બુદ્ધિથી નહિં પહોંચી શકાય તેવો મોટો, હતો. એ બાળકના પ્રાણ લેવાને બદલે પૂતનાએ પોતાના પ્રાણ તેને ચુસાવી દીધા. એ પૂતનાને વિશે આપણે કેટલુંક કહી ગયા છીએ. અઘાસુર અને બકાસુર તેના ભાઇ થતા હતા. નાના બાળકોને એક એવો રોગ થાય છે કે તે રોગથી તે શરીરે ગળાઇ જાય છે. તે રોગને પૂતના કહેછે. વળી પૂત શબ્દથી દુર્ગંધ, દુર્વાસના સમજાયછે. ત્યારે નઠારી વાસના જેનું ધન છે, વિખની જે ભંડાર છે તેને પૂતના કહીયે તો યથાર્થ છે.

આ બધી આસુરી માયાના સંબંધમાં એક અગત્યનો પ્રશ્ન ઉત્પન્ન થાયછે. કેટલાકને માટે એમ લખ્યું છે કે તેઓનાં મરણ પછી તેઓ-માંથી તેજ પ્રગટ થયું અને તે તેજ શ્રી કૃષ્ણજીના પોતાના તેજમાં ભળી ગયું. અસુરની સારી ગતિ સંભવે નહીં. જે જીવો કર્મના નિયમને આધિન છે તેઓ પોતાનાં કર્મનાં ફળ ભોગવે છે. આવા મહાભારત પ્રસંગ ઉપર દિવ્ય શક્તિઓને જીવોની ઉન્નતિની વૃદ્ધિ કરવા સારૂ, સાધનોની અનુકુળતા કરી આપવાને, વિષ્ણુ ભગવાનના અવતારને સહાય રૂપ પૃથ્વિ ઉપર અવતાર લેવા પડે છે. તે દેખા-ઇતા સારા સાધુજનોમાંજ અવતરે એમ નથી. સામા પક્ષમાં રહીને હેતુને પાર પાડવા માટે અવશ્યના પ્રસંગ જલદીથી લાવવા માટે

તેઓને પ્રયત્ન કરવાનું છે અને તેથી સામા પક્ષમાં પણ તેઓ આવેછે. કૌરવમાં રહીને પાંડવનો જય ઇચ્છવા જેવું છે. વળી બીજું કારણ એમ પણ સમજાયછે કે સારૂં ને માઠું, પ્રકાશને અંધકાર, સદ્દગુણ ને દુર્ગુંણ, ટહાડ ને તડકો, એમ એક બીજાથી વિરૂદ્ધ ગુણો એક મૂળ, કારણમાંથી વ્યકિત પામેછે. એ બે જોડાં અકરણ રૂપ અને પુરણ રૂપ છે, એટલે અંગ્રેજીમાં જેને Positive અને Negative કહેછે તે છે. એકજ બિંદુમાંથી આ બેની વ્યકિત છે અને તે બન્ને એજ બિંદુમાં પાછાં સમાઇ જાયછે. આ મૂળ કારણનું શ્રી કૃષ્ણ પરમાત્મા સ્વરૂપ છે અને તેથી તેમને વિશેજ સઘળું સમાઇ જાય એ વાસ્તવિક છે.

વળી સાધારણ રીતે એક બીજી હકીકત હંમેશ ધ્યાનમાં રાખવાની છે. કેટલાક ગુણ એવા છ કે જેનો ઉપયોગ સારો પણ થાય અને નઠારો પણ થાયછે. ઢાલની એક બાજુ કાળી અને એક સફેત જેવું એ છે. નઠારૂં જે હોય તે નાશ પામે તો જે બાકી રહેછે તે સારૂં રહે અને તે સારાંનો નાશ થતો નથી. વાણી શાંતિ પણ કરેછે અને તીવ્ર પણ કરે છે. તીવ્ર ઘા કરવો એ નઠારૂં છે પણ એમ કરવાનું વલણ જતું રહેતો વાણી કેવી થઈ રહેછે તે સહજ સમજાય છે, અને હરી કીર્તન કરનારી પણ એજ વાણી છે.

આવી રીતે અસુરોનો સંહાર કરતા શ્રી કૃષ્ણ અને બળરામ ગોકુલમાં અને વ્રજમાં ગોવાળીઆઓનાં વ્રંદમાં શોભતા અને ગાયોને ચરાવતા અને રક્ષતા ગોપીકાઓની આંખની કીકી થઇ પડયા હતા. નંદ અને જસોદા શ્રી કૃષ્ણજીના વારંવાર ઓવારણા લે એમાં તો નવાઇ નોતી પણ વ્રજવનિતાઓ તે મદન મોહન મૂર્તિને જોઇને તૃપ્તિ પામતી નોતી અને વારંવાર કંઇ કંઇ બ્હાના શોધી તેમનાં મુખાર્વિંદથી ઝરતાં અમૃતનું પાન કરવા કામ ધંધો પડતો મુકીને દોડી જતી હતી. શ્રીમદ્દભાગવતના દશમ સ્કંધના ૧૩ મા અધ્યાયમાં વાછરડાઓ રૂષિના અને ગોવાળિઆઓ દેવતાના અંશ કહેલા છે. કૃષ્ણોપનીષદ પ્રમાણે निगमो वसुदेवोयो, वेदार्थ क्ष्नरामयोः વેદતે વસુદેવ અને વેદાર્થ તે રામકૃષ્ણ છે. ગોપિયો અને ગાય વેદની ઋચા છે. ગર્ગાચાર્ય પાસે જ્યારે નંદજીએ શ્રી કૃષ્ણભગવાનના નામ પડાવ્યાં ત્યારે આચાર્યે કહ્યું હતું કે એ બાળક જેમ જેમ મોટો થતો જશે તેમ તેમ તેનાં ચરિત્ર ઉપરથી અનેક નામ પડશે. ગોવાળિયા થયા માટે તેમનું નામ

ગોપાળ પડયું. ગો એટલે ગાય, ગો એટલે ઇંદ્રિ, અને ગો એટલે જીવ. ગાયનું પોષણ કરનાર તેપણુ ગોપાળ. જીવનું પાલણુ કરનાર તે પણુ વળી ગોપાળ. સર્વ ઇંદ્રિયો આત્માના પ્રકાશ વડે પોતપોતાનું કામ કરવા સમર્થ છે. અને જ્યારે એ તેજ જતું રહે છે ત્યારે તે મરી ગયલી જણાય છે. આત્મા રૂપ શ્રી કૃષ્ણજી છે માટે તેમને **ગોપાળ** કહે છે. **મહાદેવને** પણુ **પશુપતિ** કહે છે. **પશુપતિ** અને **ગોપાળ** બન્નેનો અર્થ એકજ છે જીવોને પશુ કહે છે, તેથી તે પશુને પાળવાવાળા જે તે પશુપતિ, તેમજ જીવ જેને ગો કહીએ તેને પાળવાવાળા તે **ગોપાલલાલ** છે.

એ બાળ **ગોપાલની** બાળ ચેષ્ટાઓ પણુ વિચિત્ર હતી. ગોકુળમાં નિવાસ કરનારાઓને ગાય એજ ધન હતું. નંદજીને ઘેર તેમજ ગોપીઓને ઘેર દહીં અને માખણુ મન ગમતાં હતાં. વલોણાં ઘેરે ઘેરે થતાં હતાં; મદ ભરેલી સુંદરીયો છાસ વરોળતાં પોતાના હાથનાં આભુષણોના અને પગના ઝાંઝરનો ઝણકારથી પુરૂષોના મન લોભાવતી હતી. **યશોદાજી** પણુ મહી માખણુને માટે જાતે મહેનત કરતી હતી અને તેમાં શ્રી કૃષ્ણજી કેડે કંદોરો ઘાલીને માતાને મદદ કરતા હોય તેમ રવૈયું ખેચતાં. ગોકુળની સ્ત્રિઓના ઘરમાં છોકરાઓનાં ટોળાં ને ટોળાં લઇને ઘુસી જતા અને દહીં માખણુને માટે પાર વિનાનો રંજાડ કરતા. ગોપીકાઓ જસોદાજી પાસે ફરીઆદ કરતી. પણુ જસોદાજી પોતાના લાડીલા કુંવરને જોઇને હસતાં હતાં. ગોરસના ભરેલાં માંટલાઓ ભાંગી નાખીને પોતાના સોબતીઓને ગોરસ ખવાડી દેતા હતા. પૂર્વે દધિ એટલે સમુદ્ર મંથન કરીને દેવતાઓને અમૃત પાન કરાવ્યું હતું તેની સ્મૃતિ કરાવનારૂં આ ચરિત્ર હતું.

વળી મહીમાખણુની ચોરી ગોપિકાઓને બહુજ લાભકારી હતી. **શ્રી કૃષ્ણુ ભગવાન** ગોપ મંડળને દધી માખણુ ખવાડી દેતા હતા. આ ગોપ મંડળી દેવતા રૂપ હતી. દેવતાઓ તેનો રસ ચાખી અત્યંત તૃપ્ત થતા હતા. એ દધિ મખાણુ યજ્ઞથી પ્રાપ્ત થયલી વસ્તુ હતી. ગોપ અને ગોપીઓ બન્નેનો સાથે વિચાર કરીએ. ગોપીઓ આ દહિં માખણુની કરનારી હતી, તે દહિં માખણુ **શ્રી કૃષ્ણુજીની**

કૃપાથી ચોરાઈ જાય છે એટલે ગોપીકાઓ પોતે જેજે કંઇ કર્મ કરતી હતી તે કર્મનું ફળ તેમને લેપન નહિં કરતાં તેઓની અધ્યાત્મિક ઉન્નતિ થતી હતી. જેમ શરીરની ઇંદ્રયો પોતપોતાનું કામ કરે છે, આંખ જુએ છે, જીભ ચાખે છે, ઇત્યાદિ પણ જ્ઞાની જીવને તેનું લેપન નથી, તેમ ગોપ મંડળ જેમને ઇંદ્રિયોના અધિષ્ઠાતા દેવ કહિયે તેઓ સઘળો સ્વાદ લેતા હતા અને એ સ્વાદ જે કર્મથી લેવાનો તેમને લાભ મળતો હતો તે કર્મ કરનારી વ્રજ વનિતાઓ કર્મનાં બંધનમાં ફસાતી નોતી. આ પરિણામ ઇશ્વર કૃપા વિના પ્રાપ્ત થતું નથી, અને તેથી શ્રી કૃષ્ણજીપોતે દધી માખણની જે ચોરી કહેવાય છે તેમાં અગ્ર ભાગ લે છે. ખરેખરૂં રહસ્ય આ છે એમ નીલકંઠનો મત છે.

એક સમયે જસોદાજી ચીડવાઈ જઇને શ્રી કૃષ્ણજીને દોરડાંએ વતી ઉખળે બાંધવાં તૈયાર થયાં હતાં. નાનકડા શ્રી કૃષ્ણજી માતાનો ભય ધરીને દોડે છે, જસોદાજી તેમની પૂઠે દોડતાં હાંફી જાય છે, તે જોઈને દયા આણી માતાના હાથમાં પકડાઇ જતાં તેમને દોરડાં વતી બાંધવાનું પ્રયત્ન કરવામાં આવે છે. બાંધતાં દોરડું ટુંકું પડયું, બીજું આણ્યું, તોએ દોરડું ટુંકું ને ટુંકું, ત્રીજું સાધ્યું. તોએ તેમ. આવું વિસ્મય છતાં જસોદાજી માયાની જાળમાં ફસેલાં બાળકનું ખરૂં સ્વરૂપ સમજ્યા નહિં. અનેક બ્રહ્માંડ જેને વિશે વિલસે છે, મન બુદ્ધિથી પણ જે પર છે, તેને દોરડાંએ બાંધવાનું પ્રયત્ન કેવળ મૂર્ખાઇ હતી. તે છતાં છેવટે ભગવાન બંધાયા અને બતાવ્યું કે જેને ધ્યાનમાં લેવાને પણ કોઇ શકતિમાન નથી, જેને પહોંચવાને મોટા મોટા પણ અસમર્થ છે તેને ભક્તજન પોતાની ભક્તિના બળથી બાંધી શકે છે. આ પ્રસંગને માટે કૃષ્ણોપનીષદમાં કહ્યું છે કે

कश्यपोउखलः ख्यातो, रज्जुमार्ताऽर्दितिस्तथा.

આ પ્રમાણે કશ્યપ તે ઉખળ અને અદીતિ તે દોર હતી. બ્રહ્માજી સૃષ્ટિ કરવાનો વિચાર કરવા લાગ્યા ત્યારે તેમના શરીરમાંથી દશ પુત્રો ઉત્પન્ન થયા. એ દશ પુત્રોમાં મરીચી નામે પુત્ર મનમાંથી થયા હતા. એ મનથી ઉત્પન્ન થયલા મરીચિના પુત્ર કશ્યપ હતા. કશ્યપ તે ગરૂડના પિતા થતા હતા; ગરૂડ કાળનું મહા ચક્ર દર્શાવે

છે અને તેથી કશ્યપ પણ કાળનું વિશેષ મોટું સ્વરૂપ છે એમ જણાય છે. કશ્યપ દૃષ્ટારૂપે પણ મનાય છે. કશ્યપ તેજ પશ્યક. કશ્યપને દીતિ ને અદ્દીતિ નામે બે સ્રી હતી. એ બન્ને સ્રિઓ દક્ષ પ્રજા પતિની પુત્રી થતી હતી. શ્રીમદ ભાગવતના ત્રીજા સ્કંધમાં દીતિ પોતાના સ્વામિ કશ્યપજીને કહે છે કે અમારા પિતા ભગવાન દક્ષ પ્રજા પતિએ અમો સર્વ પુત્રીઓના મનનો અભિપ્રાય જાણીને તે પુત્રીઓમાં જે તેર કન્યાઓ તમારા સ્વભાવને અનુકુળ હતી તેઓનો વિવાહ તમારી સાથે કર્યો. અહીતિ તે આકાશ છે. મૂળ પ્રકૃતિથી તેની વ્યકિત થયલી છે. એ આકાશ પણ સાધારણ આકાશ જેને આપણે સમજીએ છૈએ તે નથી. એ સાધારણ આકાશતોતે આકાશનું સ્થૂળ સ્પરૂપ છે. હવે પાંચ જે તત્વ કહ્યાં છે તેમાં એ સ્થૂળ આકાશમાં પાંચમું તત્વ છે અને તેને અનુરૂપ મન છે. દિતિ અને અદિતિ એ બે એકજ તત્વ અથવા સાધારણ ભાષામાં જો પદાર્થ કહિયે તો તેનાં બે જુદાં સ્વરૂપ છે. દિતિ બુદ્ધિનુ અનુરૂપ છે. સરસ્વતિ એટલે વાચ અથવા વાણી. અદિતિનું એક સ્વરૂપ છે. આ ઉપરથી અહિં સમજવાનું એ છે કે જે **પરમાત્મા** રૂપ **શ્રી કૃષ્ણજીને** આકાશ પોતાને વિશે પણ સમાવવાને અશકત છે, મન પણ જેને પહોંચી શકતું નથી, બુદ્ધિ પણ જેને પોતાને વિશે ધારણ કરી શકતી નથી, વાણીની ગતિ પણ જેની આગળ પાંગળી જેવી છે, અને કાળ પણ જેને ફરી વળવાને અસમર્થ છે. તે **શ્રી કૃષ્ણજીને જસોદાજી** એક નાના સરખાં દોરડાંએ વતી બાંધવા ઇચ્છે છે. આ શું આશ્ચર્ય ! આ થવું કેવળ અશક્ય હતું પણ ભકત વત્સલ ભગવાન પોતાના ભકતની મન કામના પુરણ કરે છે. એજ કારણથી પોતેનિર્ગુણ છતાં સગુણરૂપે ભકત જનોને દર્શન દઈ આનંદ આપે છે.

શુદ્ધ ચૈતન્ય, શુદ્ધ માત્ર કેવળ **આત્મા** જે **પરમાત્મા** છે તે નિરંજન, નિર્લેપ છે અને કોઇ પણ જાતનું તેને બંધન નથી. સત્વ, રજ અને તમ એ ત્રણ વડે ગુંથાએલું દોરડું તેને બાંધવા સમર્થ નથી. તે અરૂપ આદિઅંત રહિત છે, તેને એવો બાધ કયાંથી હોય ? જ્યારે વ્યકિત થવાનો સમય આવે છે ત્યારે રૂપ ધારણ કરવું પડે છે; સ્વરૂપ સંકોચિત કરવું પડે છે;, અથવા ખરાં સ્વરૂપનું સંકોચિત દર્શણ થાય છે. રૂપનું કારણ પ્રકૃતિ છે, અને તે પ્રકૃતિ સત્વ, રજ અને તમ એ

ત્રણ ગુણવાળી છે. જ્યારે જીવ રૂપધારી થઇ પૃથ્વિ ઉપર પ્રગટ થાય છે ત્યારે તેને આ ગુણ દોષનું બંધન દેખાય છે. પૃથ્વિ ઉપર, સ્થૂળ ભૂમિ ઉપર કામ કરવાને અરૂપ અશક્ત છે અને તેથી પ્રકૃતિનું આવરણ લીધા વિના ચાલતું નથી.

પોતાની માતાને ઘણી શ્રમિત થયલી જાણીને છેવટે તે ઉખલે બંધાય છે, એટલે ઇશ્વર પોતેપોતાની ઇચ્છાથી બંધન સ્વિકારે છે પછી તે ઉખલને ઘસડી જઇ અર્જુન નામે બે જોડકાં વૃક્ષ હતાં ત્યાં **શ્રી** કૃષ્ણજી જાય છે અને તે વૃક્ષને સ્પર્શ કરતાં વ્રક્ષ તુટી પડે છે અને તેમાંથી બે દિવ્ય કાંતિવાળા પુરૂષ પ્રગટ થાય છે. તેઓ **શ્રી** કૃષ્ણ પરમાત્માને પ્રણામ કરી તેમનો આભાર માની ઊંચે ચાલ્યા જાય છે. આ વિષયમાં પણ મર્મ ભારી રહેલો છે. લોકોની વ્રત્તિ ઘણીજ બગડી ગઇ હતી, અનાત્મ અથવા જડવાદનું જોર ઘણું વધી ગયું હતું. કંસાસુરનો દુષ્ટ સમય ત્રાસ વર્તાવી રહ્યો હતો. અધર્મની હાક વાગી રહી હતી. અધર્મ હોય ત્યારે વિવેક અને વૈરાગ બળહીન થઇ રહે છે. વિવેક ને વૈરાગ જડ બની જાય છે એમ કહીએ તો ખોટું નથી. વિવેકને વૈરાગની જડતા દર્શાવનારાં ઉપર કહેલાં અર્જુન વ્રક્ષ હતાં. જ્યાં સુધી એ જડતા મિટે નહિં ત્યાં સુધી ધર્મની જાગૃતિ પણ થાય નહિં. વિવેક અને વૈરાગનું હંમેશ જોડુંજ ગણાય છે. જીવની આધ્યાત્મિક ઉન્નતિ થવામાં પ્રથમ એ બે ગુણની જરૂર છે. **શ્રી** કૃષ્ણ ભગવાને ધર્મને સતેજ કરવા અવતાર લીધો હતો અને તે સતેજ ક્યારે થાય કે જ્યારે વિવેકને વૈરાગ જડતામાંથી મુક્ત થઇ બધે કામ કરવા માંડે ત્યારે. માંટે **શ્રી** કૃષ્ણજીના સ્પર્શથી વૃક્ષ ભાંગી પડે છે અને તેમાંથી દિવ્ય રૂપ પ્રગટ થાય છે. ઉખળનું પ્રયોજન હવે જોઇએ. ઉખળનો ગુણ ભાતને ખાંડીને તેમાંથી ચોખા અને છાલ્લાં જુદાં પાડવાનો છે, એટલે સાર અને અસારને જુદા પાડનારા ગુણને અથવા વ્રત્તિને તે સૂચવે છે. સત્ય અને અસત્ય નિશ્ચય કરવા વાળી બુદ્ધિ છે માટે ઉખળને બુદ્ધિની જગાએ લઇ શકાય છે. આત્મા જે કે **પરમાત્મા** છે તેને વ્યક્ત થવાને આવરણની જરૂર છે, એટલે ઉપાધિ વિના તેની વ્યક્તિ થતી નથી. માટે બુદ્ધિ રૂપી ઉપાધિ સાથે તેનો સંબંધ થાય છે તે બતાવવાને **શ્રી કૃષ્ણ ભગવાન** ઊખળ સાથે બંધાયા એમ વર્ણન થયલું છે. એ બુદ્ધિને પ્રકાશ પડયા વિના વિવેકને વૈરાગ સતેજ થતા નથી. તેમજ

બુદ્ધિને વિશે જે મહાશક્તિ–ઇશ્વર રૂપ રહેલું છે તેની કૃપા થવી જોઇએ. આ સઘળું રહસ્ય શ્રી કૃષ્ણ ભગવાન ઉખળ સાથે બંધાયા એ કથામાં સમાયલું છે. આવી રીતે જે મોટા હેતુને માટે આ પૂર્ણાવતાર થયો હતો તે હેતુ પાર પાડવાના પ્રયોગમાં ખરેખરો જે આરંભ હતો તે આજ હતો.

આત્માની શક્તિ અદ્દભુત છે. જીવ પચીસમું તત્વ કહેવાય છે. અનેક ક્ષેત્રો, દેહ, અથવા રૂપમાં તેનું અધિષ્ઠાન છે. અને તેટલાજ માટે તેને અધિષ્ટાતા કહે છે. ઉત્પન્ન થયલાં ક્ષેત્રને તે જાણવાવાળો છે અને તેજ કારણથી તેને ક્ષેત્રજ્ઞ કહેછે. અવ્યકત આત્મા દ્વારા સર્વનો પ્રકાશ કરે છે. જીવ એટલે આત્માની કેટલી શકિત છે તે બ્રહ્માએ ગોપ બાળકનું તથા વાછરડાઓનું કરેલું હરણ બતાવી આપેછે. બ્રહ્મા જ્યારે એ પ્રમાણે હરણ કરે છે ત્યારે શ્રી કૃષ્ણ ભગવાન તેના તેજ સ્વરૂપ ફરીથી અથવા બીજાં ઉત્પન્ન કરેછે, બ્રહ્માને માટે શાંતિ પર્વના મોક્ષ ધર્મના ઉત્તરાર્ધ્ધના ૧૨૭માં અધ્યાયમાં કહ્યું છે કે "તે અમૂર્ત આત્મા શંભુ જેને અણિમા, લઘિમા પ્રાપ્તિ આદિક સિદ્ધિઓ સ્વતઃ સિદ્ધ પ્રાપ્તિ થયલી છે તે પરિણામ રહિત જયોતિ સ્વરૂપ પરમાત્મા ઉપર કહેલા મૂર્તિમાન અને સર્વના નિયંતા હિરણ્યગર્ભને ઉત્પન્ન કરે છે, આ હિરણ્યગર્ભ જેને અક્ષર કરીને કહે છે તેજ સૂત્રાત્મા ભગવાન. એ તેને સમાન દૃષ્ટિ બુદ્ધિ કરીને કહે છે અને યોગીઓ તેને પ્રથમ કાર્ય રૂપ મહત્તત્વ કહે છે. પુરાણમાં તેને "વિરંચિ અને બ્રહ્મા કહે છે." ત્યારે બુદ્ધિ એજ બ્રહ્મા છે. આત્માનો સાક્ષાત્કાર થવાને માટે ઇંદ્રિયોનો મનમાં અને મનનો બુધ્ધિમાં લય થવો અવશ્ય છે. ગો, ગોપ. ગોપિકા, એ સર્વ શબ્દ ગોધાતુ ઉપરથી થયલા છે, અને ગોનો એક અર્થ ઇંદ્રિ થાય છે. જીવ, ઉંચી પંક્તિએ જતાં પોતાનીં બુધ્ધિના બળથી ઇચ્છિત કાર્ય કરી શકે છે. બુધ્ધિમાં બધાનો લય થાય છે, અને લય થયું હોય તે પાછું પ્રગટ થાય છે. બુધ્ધિ એ જીવના ઉપાધિ રૂપ છે, અને એજ ઉપાધિથી સઘળી વ્યકતિ છે. બ્રહ્મા પચ્ચીસમુ તત્વ નથી પણ તે તેનાથી વ્યકિત પામે છે. ગોપ હરણ આ ગૂઢ અર્થ શિખવે છે.

ત્યાર પછી નાગદમન કરીને શ્રી કૃષ્ણ રૂપી યોગ સિદ્ધ કરવાવાળો જીવ પોતાના મહાન પરાક્રમથી ફરીને સહુને વિસ્મય પમાડે છે. કથા એવી

છે કે યમુના નદીમાં એક દ્રોહને વિષે કાળી નામે મહા ઝેરી સર્પ નિ-
વાસ કરી પડયો હતો અને તેનું ઝેર એવું તો ઉગ્ર હતું કે તેની અસરથી
જમના નદીના કીનારા ઉપર કોઇ પણ વૃક્ષ રહયાં નહતાં, માત્ર એક
કંદબનું વૃક્ષ જેને ગરૂડે પોતાની ચાંચથી અમૃત સિંચ્ચન કરી જીવતું
રાખ્યું હતુ તે હતું. ઊંચે ઉડતાં પક્ષીઓ પણ આ ઝેરની જવાળાથી તફ-
ડીને નીચે પડતાં હતાં. આ નાગને વશ કરી જમનાનું જળ નિર્મળ અને
સ્વચ્છ કરવાનો શ્રી કૃષ્ણજીએ વિચાર કરીને તેમાં કુલનો દડો નાંખ્યો
અને તે દડો લેવાને મિષે જળમાં ઝંપલાવ્યું. તેમના સોબતીઓ–ગોવા-
ળીઆઓ આ જોઇને ગભરાયા અને ગામમાં જઇને તેમણે સમાચાર
કહ્યા. નંદ જસોદા તથા ગોપગોપી મંડળ ગભરાતાં ત્યાં દોડી આવ્યાં
અને શ્રી કૃષ્ણને બહાર નિકળેલા નહિ દેખતાં મૂર્છિત થઇ પડયાં.
થોડીવાર પછી શ્રી કૃષ્ણજી નાગની ફેણુ ઉપર બીરાજતા ઉપર આવે છે
અને સર્વને આનંદ વરતી રહે છે.

આ અદ્દભુત લીલાનો એક અર્થ એવો થાય છે કે ગોકુળ એટલે ગો
એટલે ઈંદ્રિયો અને કુળ એટલે સમુહ, ઇદ્રિયોનો સમુહ, એવું જે
શરીર તે. એ શરીર રૂપી પ્રદેશમાં ત્રણ નદિયો નિરંતર વહે છે, ગંગા
જમના ને સરસ્વતિ. એ ત્રણ નદિયો તે ત્રણ મુખ્ય નાડી છે, પિંગળા
ઇંડા, ને સુષુમ્ણા. પીંગળા જમણી બાજુએ છે, સુષુમ્ણા મધ્યે છે, અને
ઇંડા ડાબી બાજુએ છે. ઇડાનો વર્ણ શ્યામ છે અને તેજ પ્રમાણે જમ-
નાના પાણી કાળાં કહેવાય છે. એ ઇડાને ચંદ્ર નાડી કહે છે. એ
નાડીમાં જે પ્રાણ વહે છે તે જળ છે. સંસારને તજીને જે જોગીઓ
દુર રહી યોગાભ્યાસ કરે છે તેમણે નિયમ સર આ ત્રણે નાડીઓમાંથી
પ્રાણનું વહન જારી રાખવાનું છે; જેઓ સંસારમાં રહેલા છે તેઓને
માટે ઇડા નાડી મુખ્ય છે. સુખની વૃદ્ધિ કરવાવાળી એ નાડી છે.
શ્રી કૃષ્ણભગવાન જંગલમાં જઇ જોગી વેશે રહેલા નહતા, સંસારમાં રહી
ને પોતાને ઘણું કરવાનું હતું તેથી તેઓ કાળિંદીના તટ ઉપર ખેલ
તથા વિલાસ કરતા હતા. ઇડા, પિંગળા, ને સુષુમ્ણા એ ત્રણ નાડીઓ
એકજ નાડીની ત્રણ શાખા રૂપ છે. એ ઇડા નાડીની નીચે નાભિ જે એ દ્રોહ
દર્શક છે તેજ જગાએ નાગનો વાસ છે. હરિવંશના ૬૮ માં અધ્યા-
યમાં જમનાજીનાં વર્ણનમાં, જળનું આવર્ત નાભીના સમાન, કીચડ
રોમ સમાન અને વિષ રૂપી ઘોર અગ્નિથી ઉકળતું જળ દેખાય છે,
ઇત્યાદિ લખેલું છે.

એ નાભિ આગળ કુંડલિનિ નામે સાડા ત્રણ ગુંછળા વાળીને એક સાપ પડેલો છે. માણસનાં શરિરમાં ઉપરથી અમૃત ઝરણુ થાય છે, તે નીચે પડતાંજ એ સર્પના ઝેરના અગ્નિમાં બળિને નાશ થઇ જાય છે. એજ ઝેર માણસની સર્વ ઈંદ્રિયો શિથિલ કરી નાખે છે. શરીરની નિર્બળ અવસ્થા એનેજ લીધે થાય છે. એ કુંડળિની શકિતનું વર્ણન આપતાં એમ કહેલું છે કે મૂળાધાર પદ્મમાં રહીને પુષ્પોના મધુથી મસ્ત થયલી મક્ષિકાની પેઠે તે ગુંજ્યા કરે છે અને તેના અંતરમાં શ્રી પરમેશ્વરી એટલે પ્રકૃતિ વીજળીના સમાન પ્રકાશી રહેલી છે. એને કામ્યાખ્યા દેવી કહેછે. નાના પ્રકારની કામના અહિંથી ઉઠેછે અને તેથી માણસને થતા વિચારો એમાં આવીને પડેછે. એ કાળીને વશ કરવાનો સાધકે પ્રયત્ન કરવાનો છે. જીવ રૂપ જોગી કાળિંદી એટલે ઇંડાના જળમાં દડો નાંખેછે. એ દડો ગોળ છે, દડો તે શબ્દ, જે શબ્દ વિશ્વનો ઉત્પન્ન, પાલન અને સંહાર કરતા છે. એ શબ્દનું ઉચ્ચારણ થતાં ચક્ર–ગોળ આકૃતિ બંધાઇ રહેછે. શબ્દ રૂપી દડો જમુનાજીમાં પડેછે કે તેની પાછળ જીવ પણ ઝંપલાવેછે. જીવ કદંબના વૃક્ષ ઉપર ચહડીને ત્યાંથી નીચું નાંખેછે. શરીર વૃક્ષ રૂપી છે, તેમાં અનેક નાડીઓ છે, તે શાખા છે તેનું મૂળ થડ મન્વંતર ઉપર મન્વંતર અને કલ્પ પછી કલ્પ લગી રહેછે. એક એવું થડ છે કે જે ફરી ફરીને જન્મ થતાં કાયમ રહેછે તેથી તેને ગરૂડે અમૃત સિંચી જાળવી રાખેલું કહેવામાં આવેછે. વિષ્ણુ પુરાણમાં જટાયુનો પિતા ગરૂડને કહેલો છે, અને રામાયણ ઉપરથી એમ માલમ પડેછે કે જટાયુ તે સાઠ હજાર વર્ષનું એક કાળ ચક્ર છે. ત્યારે મોટું કાળ ચક્ર દર્શાવવાને અર્થે ગરૂડે વૃક્ષને અમર કીધું છે એમ કહેવું તે યોગ્ય છે. એ દડો દ્રોહ જયાં કાળિયનો વાસ છે ત્યાં જઇને પડેછે, અને જીવ પણ ત્યાં જઇ ચહડે છે. જીવ સર્પના ગુંછળામાં ગુંચ્છવાઇ જાયછે. બન્નેને યુદ્ધ થાયછે, સમર્થ જીવ પોતાનું રૂપ પ્રકાશીને વિસ્તારે છે, અને નાગની ત્રણ આંટીઓ, વિસ્તાર થતાં છુટી જાયછે. આ વેળાએ પૃથ્વી ઉપર ઉત્પાત થવા લાગ્યા, ધરતી ધ્રુજવા લાગી; ઇત્યાદી. આનો મર્મ એ છે કે શરીર કંપવા લાગ્યું શરીરમાંનુ પોલાણુ તે આકાશ તેમાં પણ ઉત્પાતો થવા લાગ્યા. કુંડળિનીમાં જીવ જયારે જઇને પડેછે ત્યારે દેહની શું અવસ્થા થાયછે તે આથી સૂચવ્યું છે. નંદ જસોદા ગોપી સહુ મૂર્છાંગત થઇ જાયછે. બેશુદ્ધી થવાનો અર્થ એવો છે કે તે વખતે ઈંદ્રિયો પોત પોતાનું કામ નહિ

કરતાં સ્તબ્ધ, મરણ તુલ્ય જડ થઇ જાયછે. જે તેજ વડે એ સર્વ પોત પોતાનો વ્યવહાર કરી શકે છે તે તેજ, પોતાના મૂળમાં પાછું ખેંચાઇ ગયું છે, અને તેથી તે વ્યવહાર રહિત થઈ જાય એ સ્વભાવિક છે. કાળીનાગને નાથીને શ્રી કૃષ્ણજી તેની ફેણના ઉપર બિરાજતા ધીરે ધીરે ઉપર આવે છે, અને તેમને ઉપર આવેલા જોઇને જયજયકાર અને આનંદ થઈ રહે છે. કુંડલિની જે સુસ્ત થઇ પડી રહે છે તેને જીવ સીધી દોર કરી નાખે છે, અને તેના ઉપર રહીને ઉંચો ચડે છે. આ પ્રમાણેનો નાગદમનનો અર્થ હશે એમ લાગે છે.

આ પ્રમાણે નાગદમનનો અર્થ થઇ શકે છે, પરંતુ ગોકુળને સ્થૂળ શરીર ગણતાં અને આગળ જતાં મથુરામાં કરેલાં ચરિત્રનું મનન કરતાં અહિં બીજો અર્થ વિશેષ ઘટતો લાગે છે. એ નાગ જળમાં રહેનારો હતો, જળ એ મૂળ પ્રકૃતિ વાચક છે, માણસને જેજે વિકારો અને ભાવ થાય છે તે સઘળાનું મૂળ પ્રકૃતિ છે, અને તેથી એ નાગનો વાસ જળમાં કહેલો છે. એને પાંચ ફેણ હતી. પાંચ ફેણ તે પાંચ ઇંદ્રિયો દર્શક છે, પંચ ઇંદ્રિયો પોત પોતાના વિષયો પાછળ ધાય છે અને સઘળી કામનાનું મૂળ નાભિ આગળ છે. ઇંદ્રિયો હાલના સમયમાં પાંચ છે, પણ એ પાંચ ઇંદ્રિયોની વ્યક્તિ એકમાંથીજ થયલી છે. મનુષ્યની જેમ જેમ હાલના સ્વરૂપલગી વ્યક્તિ થતી ગઇ તેમ તેમ જુદી જુદી ઇંદ્રિયોની પણ વ્યકિત થતી ગઇ. પ્રથમ એક ઇંદ્રિવાળા જીવ, પછી બેવાળા થયા, અને એમ થતાં થતાં પાંચ ઇંદ્રિયો વ્યકત થયલી છે. આ કારણથીજ એક નાગની પાંચ ફેણ કહેલી છે, એટલે પાંચ એકમાંથીજ થઇ છે એમ બતાવ્યું છે. એ પાંચ ઇંદ્રિયોના બળમાં નહિ દબાઈ જતાં એ પાંચેને પોતાની સત્તા નીચે દબાવી છે એમ બતાવવાને માટે નાગની ફેણ ઉપર શ્રી કૃષ્ણ **ભગવાન** નૃત્ય કરવા લાગ્યા એમ કહ્યું છે. અધ્યાત્મિક ઉન્નતિ કરવાની ઇચ્છા રાખનારાએ પોતાની ઇંદ્રિયો વશ કરવાની પ્રથમ જરૂર છે એ વાત નિર્વિવાદ છે.

વળી એક ત્રીજો મર્મ એમ કહેવામાં આવેલો છે કે **યમુના** નદી તે **યમરાજાની** બહેન છે, મૃત્યુના અધિકારવાળા દેવ તે યમરાજ છે. કાળીય સર્પ કહ્યો છે તે કાળ ઉપરથી કાળીય શબ્દ થયલો છે. સો ફેણો તે એક જીંદગીના સો વરસ માટે છે. સર્પનું કેવળ મર્ણ થઇ શકતું નથી પણ જે ભકતજનો છે તે વારંવાર જન્મ મરણથી બચે છે.

બ્રહ્મોપનીષદમાં કહ્યું છે કે પુરૂષના ચાર મુખ્ય સ્થાન છે. મણીપુર, અનાહત, વિશુદ્ધિ અને આજ્ઞાચક્ર, એ ચારેનું ધ્યાન ઉન્નતિના માર્ગમાં વૃદ્ધિ કરે છે. નાભી આગળ જે ચક્ર છે તે મણીપુર છે, તો કાળીયમર્દનના આખ્યાનને એ ચક્ર સાથે સંબંધ હોય તો શું ?

હવે તે દિવસે થાકી ગયલા વ્રજવાસીઓએ રાત્રી જમના નદીના તીર ઉપર ગાળી પણ રાત્રીએ ત્યાં એવો બનાવ બન્યો કે ચોતરફ દાવાનળ સળગી ઉઠયો, અને ગભરાઇ ગયલા વ્રજવાસીઓએ શ્રીકૃષ્ણજીનું શર્ણું માગ્યું. શ્રીકૃષ્ણજીએ તેઓની પ્રાર્થના સ્વિકારી તેઓને અગ્નિથી ઉગાર્યા, અને દાવાનળનું પાન કરી ગયા.

નાગને નાથવાનું જે રહસ્ય છે તેનું પરિણામ એ છે કે શરીરમાં અગ્નિ પ્રજ્વલિત થાય છે અને જે અગ્નિથી આખુંશરીર એટલે ઇંદ્રિ આદિ સર્વ પરિતપ્ત થઇ જાય છે, તે અગ્નિને જીવ પોતેજ શાંત પાડે છે. આવી રીતે ગોવાળિઆઓને ભયથી મુકતકરી ભાંડીરવડની છાય નીચે શ્રી પ્રભુજીએ મુકયાં.

એજ પ્રમાણે એક સમયે ભાંડીરકવનમાંથી ગાયો દુર નીકળી ગઇ, તેઓની ખોળ માટે ગોવાળો દોડયા, અને એટલામાં ત્યાં ચારે મેર આગના ભડકાં પ્રગટ થયાં, અને બધા ગભરાયા, તે વખતે શ્રી કૃષ્ણજીએ સર્વની આંખ મીચાવી, અને ફરી બધા આંખ ઉઘાડીને જોય છે તો તેઓ ભાંડીરકવનમાં આવી ઉભેલા જણાયા.

એજ પ્રમાણે આ સંસારમાં ચોગરદમ દાવાગ્નિ સળગી રહેલો છે, અજ્ઞાનરૂપી અંધારૂ અથવા રાત્રી વધારે ગભરાવે છે, તેમાંથી ઉગારનાર માત્ર હરી છે. તેની કૃપા થાયતો એ અગ્નિ સમાઇ જાય છે. તેની ભકિતનો આશ્રય કરે છે, તે સુખી રહે છે, એ આશ્રયમાંથી ચંચળ વૃતિથી જો કોઇ દુર જતો રહે છે, તો તે પાછો દાવાનળમાં ફસાય છે.

ગોકુળમાં અને વ્રજમાં રહીને અનેક ચરિત્ર કરતાં શ્રી કૃષ્ણજીનાં અનેક નામ વિખ્યાત થયાં છે. અસુરોનો સંહાર કર્યો તે ઉપરથી તે અસુરોનો સંહાર કરનાર એવાં નામ પડયાં. વળી ગીરધારી, ગોવર્ધનધર, ગોવીંદ, ગોપાળ, ગોપીજનવલ્લભ ઇત્યાદિ નામો પડયાં છે,

ગીરધર એટલે ડુંગરને ધારણ કરવાવાળા તે ડુંગર ગોવર્ધન પર્વત છે. ગોવર્ધન પર્વત ધારણ કીધો તે વિશે હવે પછી કહેવામાં આવશે. કૃષ્ણ શબ્દમાં કૃશ અસ્તિત્વ વાચક છે અને ન નાશ અને નિર્મળતા સ્વચ્છતા વાચક છે. કૃશ એટલે ભુ અને તેથી દૃશ્ય અથ થાય છે. ન એટધે બ્રહ્મન્ એ બેની ઐકયતા કૃષ્ણ શબ્દથી થાય છે. દૃશ્ય વસ્તુનો લય થવાથી કેવળ આત્મ સ્વરૂપ પ્રકાશે છે તે સ્થિતિ કૃષ્ણ શબ્દથી સમજાય છે. વળી કૃશ અને ન એ બે શબ્દ સત્ અને આનંદ વાચક છે. અહિં ચિત્ શબ્દનો પ્રત્યાહાર છે અને તેથી સચ્ચિદાનંદ એમ અર્થ થાય છે. તેમજ પાપનો નાશ કરવાવાળા તે કૃષ્ણ એમ પણ થાય છે. આ પ્રમાણે ગોપાળતાપિની ઉપનિષદમાં કહેલું છે ગો એટલે જીવ, ઇંદ્રિ, પશુ, જ્ઞાન, વાણી, શબ્દ, ગાયત્રી ઇત્યાદિ. હરિવંશના ૫૬ મા અધ્યાયમાં વરૂણની ગૌ કશ્યપજી હરણ કરી ગયા તેની કથા આવેલી છે, તેમાં ગૌ ગાયને અવિનાશી તત્વરૂપ કહેલી છે. ગોવિંદમાં વિંદ, વિદ એટલે જાણવું તે ઉપરથી છે. માત્ર જ્ઞાનથીજ જે જણાઈ શકે છે તે. ગોના પાળ, રક્ષક તે ગોપાળ. ગોપી શબ્દ ગુપ એટલે રક્ષણ કરવું એ ઉપરથી થયેલો છે. નામરૂપનું રક્ષણ કરનારી જે માયા તેને પણ ગોપી કહિયે. ગુપ ધાતુનો અર્થ આચ્છાદન કરવું થાય છે. બ્રહ્મને જે આચ્છાદાન કરે છે તે, માયાથી ઉત્પન્ન થયલું જે જગત તેને જન કહેછે. વલ્લભ એટલે પ્રિય અથવા પતિ. આ પ્રમાણે ગોપાળતાપીની ઉપનીષદમાં તથા બીજા પુસ્તકોમાં સમજાવેલું છે. હવે પછી જે કંઇ કહેવામાં આવશે તે સમજવાને માટે ઉપર કહેલા શબ્દના અર્થ ધ્યાનમાં રાખવાની જરૂર છે. ગોપીજનોની સાથે શ્રી કૃષ્ણજીએ જે લીલા કીધી છે તે લીલાની પહેલાં ગોવર્ધન પર્વત તેમણે ધારણ કીધો તેનું રહસ્ય સમજવું સુગમ છે.

વર્ષારૂતુ પુરી થઈ શરદ્ રૂતુનો આરંભ થતાં સઘળા વ્રજવાસીઓ વ્રજમાં ઇંદ્રનો યજ્ઞ આરંભ કરવા લાગ્યા. એ ઉત્સવની સામગ્રીમાં સર્વને ગુંથાયલા જોઇને શ્રી કૃષ્ણજીએ પુછયું કે આ બધો આડંબર શેને માટે છે. તેનો ઉત્તર નંદજીએ એવો આપ્યો કે વર્ષારૂતુમાં ઇંદ્ર મેઘની વૃષ્ટી કરીને ગાય, ઢોર, મનુષ્ય સહુને સુખ આપે છે, અને તેથી એ રૂતુ વીતતાં સર્વ રાજાઓ આનંદથી ઇંદ્રની પુજા કરે છે અને તે પ્રમાણે આપણે પણ કરીએ છીએ. આવાં વચન સાંભળી શ્રી કૃષ્ણચંદ્ર

કહેવા લાગ્યા કે "આપણી મુખ્ય વૃત્તિ તો પશુ પાલન છે. + + વાસ્તે જે વિદ્યા જેને માટે છે તે વડે તેણે નિર્વાહ ચલાવવો અને તેનીજ પૂજા કરવી, કારણ તેનું તે મોટું દૈવત છે. તેનુંજ પૂજન અર્ચન કરવું અને તેજ વિદ્યા તેને ઉપકારી થાય છે. જે પોતાની વિદ્યા છોડી અન્ય કોઇની ગ્રહણ કરી તેને પૂજે કે તેથી ફળ મેળવે તે આ લોકમાં કે પરલોકમાં સુખ પામતો નથી. ગામની આજુબાજુ ખેડાતાં ખેતરોનો છેડો તે સીમાડો અને સીમાડાના પછીની હદ તે વન અને વનને છેડે પર્વતો, તે સર્વે પર્વતો વ્રજની વિહાર ભૂમિને માટે અમારી પરમ ગતિ છે વાસ્તે તેની પૂજા કરવી જોઇએ. + + સાંભળિયે છૈયે કે આ વનમાં જે પર્વતો છે તે બધા ઇચ્છાચારી છે. ઇચ્છા હોય તેવાં તેવાં રૂપ ધારીને પોત પોતાના શીખરોમાં રમ્યાં કરે છે. જયારે કોઇ વનવાસી તેમનો કશો અપરાધ કરે છે ત્યારે તે ગિરિઓ સિંહ, વ્યાઘ્ર આદિના રૂપ ધારણ કરી તેને મારે છે. વાસ્તે ગીરી યજ્ઞ તથા ગો યજ્ઞ કરવો જોઇએ. + + અમારા દેવતા તો ગાયો અને પર્વતો છે + + વાસ્તે તમે ભાત ભાતની સામગ્રીથી તથા પશુ બલિપ્રદાનથી વિધિ પૂર્વક ગોવર્ધન પર્વતનું પૂજન અર્ચન કરો" વિષ્ણું પુરાણ અંશ ૫ અધ્યાય ૧૧ શ્રીમદ્ ભાગવતના દશમ સ્કંધમાં શ્રી કૃષ્ણજી કહે છે કે આપણે વનવાસી છૈયે, આપણને ઇંદ્ર શું કરી શકશે, રજો ગુણથી પ્રેરાયલા મેઘથી ચારે તરફ જે પાણી વર્ષે છે તે પાણીથી પ્રજા પોતાની આ જીવીકા ચલાવે છે, એમાં ઇંદ્ર શું કરે? ઉપરનું પ્રત્યેક વાકય મનન કરવા જેવું છે. વનવાસી શબ્દનો અર્થ પ્રથમ જુઓ. શ્રી કૃષ્ણ પરમાત્માનું એક નામ વનમાળી છે. વનના પુષ્પની માળા ધારણ કરનાર તે વનમાળી. એ વનમાળામાં પાંચ રંગના પુષ્પ છે, જે પૃથ્વી, પાણી, તેજ વાયુ અને આકાશ વાચક છે. ચૌદ લોક રૂપી પુષ્પની માળા ધારણ કરનાર તે વનમાળી. વળી વન એટલે ગુપ્ત સ્થળ અને માળા એટલે પ્રકાશવું, એકાંત સ્થળમાં પણ જે પ્રકાશે છે તે વનમાળી (જુઓ ગોપાળ તાપિની ઉપનીષદ) એજ પ્રમાણે એકાંત સ્થળમાં પણ વસનાર તે વનવાસી. આવા એકાંત સ્થળમાં ગુપ્ત સ્થળમાં પણ જે પ્રકાશનાર છે તે બાળ બ્રહ્મચારી જીવ **શ્રી કૃષ્ણ** સ્વરૂપ છે. ગોકુળ–શરીર રૂપી પ્રદેશમાં ગુપ્ત સ્થાનમાં વિહાર કરનારા **શ્રી કૃષ્ણચંદ્ર** છે. વૃત્તિ પશુપાલનની છે એમ કહી ત્યાં પશુ રૂપી જે ઇંદ્રિયો તેનું પોષણ જેનાથી થાય છે તે જીવ છે. વળી ક્ષાત્રનો ધર્મ

પાલન કરવાનો છે, તે પણ અહિં સૂચવ્યું છે. એ પ્રદેશને વિશે ડુંગરો જે વિહારનું સ્થાન છે તે ડુંગરો સ્વેચ્છા ચારી અનેક રૂપે દેખાય છે અને તેના અધિષ્ટાતા દેવતા અપરાધ કરનારાઓને શિક્ષા કરે છે. આ જે ડુંગર છે તે મૂળાધાર આદિ ચક્ર છે. જેના ગણેશ આદિ જુદા જુદા દેવતા છે. ડુંગર પવિત્ર ગણાય છે અને ભાવિક જનોને માટે જાત્રાનાં ધામ છે. ત્યારે એ ડુંગરોને વિશે જોગી જીવ જાત્રાને વિશે જાય છે એટલે જે ચક્રો છે તે ચક્રોમાં જે દેવતા રહેલા છે તેના દર્શનને અર્થે તેઓને પ્રસન્ન કરવાને અર્થે જાય છે. તેઓની સેવામાં યોગ્ય રીતે વરતવું જોઇયે. એ મૂળાધારાદિક ચક્રો ઉપર સત્તા મેળવવા માટેજ તે સાધવાનાં છે. તેમા જો ચૂક પડે છે તો પરિણામ ઘણું માઠું આવે છે. માણસ ઘણીવાર વ્યાધિથી સપડાઇ જાય છે, કોઇક ગાંડા થઇ જાય છે અને કોઇક ના જીવ પણ જાય છે. માટે કહ્યું છે કે તેમાં વ્યાધ્યાદિકનો મોટો ભય રહેલો છે અને ભુલ થાય તો તરત દંડ થાય છે. આ સર્વ ડુંગરોમાં શ્રેષ્ટ **શ્રી ગોવર્ધન** પર્વત છે. ગો એટલે જીવ, માટે જીવની ઉન્નતિ કરવા વાળો જે પર્વત તે ગોવર્ધન છે. એ ગોવર્ધન **સહસ્રદળ પદ્મ** નામનું ચક્ર છે.

વિષ્ણુ પુરાણના ૫ અંશના અધ્યાય ૧૧ માં છેવટે કહ્યું છે કે "પુજા થઇ રહ્યા પછી ગાયોનું ટોળું આગળ કરી સકળ ગોપગોપીઓ ગોવર્ધ્ધનની આસપાસ ફેરી ફરવા લાગ્યાં. એ સમયે બળદોનું બરાડવું એવું થતું હતું કે જાણે વર્ષાકાળનો ગંભીર મેઘ ગર્જતો હોય! પર્વત ઉપર કૃષ્ણદેવે પોતાનું બીજું સ્વરૂપ ધારણ કરી કહ્યું કે 'હું પર્વત છું,' એમ કહી જે જે પદાર્થો ધરાવેલા હતા તે તમામ આરોગી ગયા. ગોવાળ સહિત પ્રથમ મૂર્ત્તિમાન **શ્રી કૃષ્ણે** ગીરી શીખરપર ચડી ત્યાં પોતાની બીજી મૂર્ત્તિનું અર્ચન કર્યું. એ ગોવર્ધ્ધનરૂપે બનેલી કૃષ્ણની મૂર્તિ તૃપ્ત થઇ ગોપ લોકોને વરદાન દઇ અંતર્ધાન થઇ ગઇ." એ સહસ્ર દળ પદ્મ તેજોમય છે. તેમાં ત્રિકોણ શોભે છે. એ ત્રિકોણમાં જે મૂર્તિ બિરાજમાન છે તેને **શિવ** ભકત **શિવ** કહે છે, વિષ્ણુ ભકત વિષ્ણુ કહે છે અને **દેવી** ભકત **દેવી** કહે છે. વિષ્ણુ ધામ, હરીહર પદ, પ્રકૃતિ પુરૂષનું ધામ તે એજ છે. **શ્રી કૃષ્ણ પરમાત્માનું** મુળ–આદિ રૂપ તે અહિંજ છે, માટે એક મૂર્ત્તિ બીજી મૂર્ત્તિનું પૂજન કરે છે એમ કહેવું સાર્થક છે. જ્યારે

બ્રહ્મરંધ્ર આગળ, જે આ સહસ્ર દળ કમળ છે ત્યાં જીવ ચડે છે ત્યારે વાદળાં વિના ગેબી નાદ થાય છે અને તે નાદ મેઘની ગર્જના જેવો લાગે છે, તેથી બળદોના બરાડવાથી એવો નાદ થયલો કહ્યો છે. વળી ગોવર્દ્ધનનાં પૂજનને ગોયજ્ઞ કહ્યો છે. ગોયજ્ઞ એટલે પશુ યજ્ઞ. ઇંદ્રિયો પશુરૂપ છે, તેથી પશુનું બળિદાન આપવાનું પ્રથમથી નંદજીને કહેવામાં આવ્યું હતું. એ સમાધિની સ્થિતિમાં ઇંદ્રિયો વ્યવહાર રહિત થઇ જાય છે, અને સઘળી આકર્ષાઇને એકજ મૂળ બિંદુમાં લય થાય છે માટે તેનું બળિદાન અપાય છે. શ્રી કૃષ્ણ પરમાત્મા ક્ષત્રિ તેથી કહ્યું છે કે પશુને પાળવાનું કામ પણ મારૂં છે અને તેને હોમવાનું કામ પણ મારૂં છે. એજ પ્રમાણે ઇંદ્રિયો માટે જીવ કરે છે. શ્રી કૃષ્ણજીએ આ પ્રમાણે ઇંદ્રિનું પૂજન બંધ રખાવી ગોવર્ધનનું પૂજન કરાવ્યું તે ઉપરથી કામ રૂપી હજાર નેત્ર વાળો ઇંદ્ર અત્યંત કોપાવિષ્ટ થાય છે અને તેની આજ્ઞાથી મેઘ જળની ધારા વડે તે પ્રદેશને પીડવા લાગ્યો, વીજળીઓ ઉપરાચાપરી થતાં સર્વ સ્થળમાં પ્રકાશ થવા લાગ્યો, કડાકા ભડાકા થવા લાગ્યા, અને સઘળે વૃષ્ટિ વૃષ્ટિ થઇ ગઇ. ગોયજ્ઞના સમયનું આ યથાર્થ વર્ણન છે. આપણા ગુજરાતી ભક્ત કવિઓના કાવ્ય જેમણે વાંચ્યાં હશે તેમને તો કહેવાની જરૂર નથી કે જીવ જ્યારે શહસ્રદળ પદ્મમાં બિરાજે છે ત્યારે વાદળાં વિના ગર્જના થાય છે, વીજળીના ઝમકારા થાય છે, અને અમૃતની જળધારા વરશે છે. હવે ઇંદ્ર તે મન છે, કેનોપનીષદમાં એક કથા છે કે એક સમયે દેવતાઓ પોતાનો વિજય થયલો જોઇને હર્ષમાં ઘણા પુલાઇ પોતાના બળનું અભિમાન કરવા લાગ્યા, દેવતાઓ આ પ્રમાણે અભિમાનમાં તણાઇ જાયતો પછી મનુષ્યની શી ગતિ થાય. તેઓને શિક્ષા આપવાને માટે એક અદ્ભુત તેજ પ્રગટ થાય છે, અને તેથી દેવતાઓ આશ્ચર્ય પામી જાય છે. અને તે શું છે તે જાણવાનું પ્રયત્ન કરે છે. એ પ્રયત્ન નિષ્ફળ જાય છે; એ કથામાં ઇંદ્રને મન કહેલું છે. મનનું લક્ષણ અવ્યકત છે. આકાશનો ગુણ શબ્દ છે, તે મનમાંથી ઉત્પન્ન થયલો છે, મન સૂક્ષ્મ આકાશ રૂપે વ્યકત થયલું છે અને તેથીજ આકાશનો લય મનમાં થાય છે. મનનો લય તે બ્રહ્માની સૃષ્ટિનો પ્રલય. આવી રીતે ઇંદ્રનું સ્વરૂપ જાણીને શ્રીમદ્ દશમ સ્કંધના આ ભાગનો અર્થ કરવાનો છે. મન ત્રિગુણાત્મક છે. જ્યારે સત્વગુણનું પ્રાધાન્ય હોય

છે ત્યારેજ સમાધિની સ્થિતિ પ્રાપ્ત થાય છે, અને તે વખતે રજોગુણથી કંઇ થઇ શકતું નથી. મનમાં સાધારણ રીતે રજોગુણનું પ્રબળ રહે છે. "શ્રીમદ્ દશમ સ્કંધના પૂર્વાર્ધના ૨૪ માં અધ્યાયમાં શ્રી કૃષ્ણ ભગવાન કહે છે કે સત્વ રજ અને તમ આ ત્રણ ગુણથી જગતની ઉત્પત્તિ, સ્થિતિ તથા પ્રલય થાય છે, તેમાંથી રજોગુણ વડે આ વિશ્વ પરસ્પર અનેક રૂપે ઉત્પન્ન થાય છે, અને રજોગુણથી પ્રેરાયેલા મેઘ પણ ચારે તરફ જે પાણી વર્ષે છે તે પાણીમાંથીજ પ્રજા પોતાની આજીવીકા ચલાવે છે." આવું છતાં શ્રી ગોવર્ધન ધારણ કીધો તેમાં ઇંદ્રિ નિસ્તેજ થાય એ નવાઇ જેવું નથી. આત્મા છે તે મન અને બુદ્ધિથી પર છે, તો મન તેને કોઇ પણ રીતે કયમ બાધ કરી શકે ? ઇંદ્ર તોફાન કરવા લાગ્યો તેથી વ્રજવાસીઓ ગભરાઇ ગયાં અને શ્રી કૃષ્ણજીની આજ્ઞાને અનુસરીને પર્વતની ગુફામાં રક્ષણાર્થે ભરાઇ ગયાં, એટલે સઘળી ઇંદ્રિયો તેમાં અદ્રષ્ય થઇ ગઇ સાત દિવસ સુધી ગોવર્ધન પર્વત શ્રી કૃષ્ણચંદ્રે ધારણ કર્યો અને તે પર્વતે છત્રરૂપ થઇ મેઘથી સહુનું રક્ષણ કીધું છે. સહસ્ત્ર દળ કમળ ખીલીને જ્યારે મોટું થાય છે ત્યારે સુષુમણા નાડીના ઉપર રહેલું એક છત્ર રૂપ તે શોભી રહે છે આ બધાં વર્ણનથી સાત દીવસની સમાધિ સૂચવી હોય એમ મનાય છે.

હરીવંશના ૭૩ મા અધ્યાયમાં ઇંદ્રનાં પૂજન વિશે બોલતાં શ્રી કૃષ્ણજી, વિષ્ણુ પુરાણમાં લખ્યા પ્રમાણેજ કહે છે, પણ વિશેષ એમ કહે છે, કે વનને અંતે પર્વત છે અને એ પર્વતમાં અમારી પરમ ગતિ છે અને એ વનમાં કામ રૂપી પર્વત છે એમ સાંભળ્યું છે અને તેની ગુફામાં તેના શરીરથી ઉત્પન્ન થયલાં વાઘ, વરૂ ઇત્યાદિ રહે છે અને વનની રક્ષા કરે છે અને વનને છેદન કરનારને ત્રાસ આપે છે અને ત્યાં રહેનારા જો તિરસ્કાર કરે છે અથવા ખોટાં આચરણ કરે છે તો તેમને મારી નાખે છે. આને પણ ઉપર બતાવેલો અર્થ ઘટતો આવે છે.

ગોવર્ધન મહાત્મ્ય ઉપરથી બીજી પણ શિક્ષા મળે છે એને પણ યજ્ઞ કહ્યો છે એમ આપણે જોઇ ગયા છૈએ! પહેલાં ઇંદ્રનું પૂજન થતું હતું એમ ફરી કહેવાની જરૂર નથી. હવે ઇંદ્ર તે કોણ? સર્વ ઇંદ્રિઓનો સ્વામી, તેમજ સ્વર્ગનો અધિપતિ, સર્વ દેવતાઓનો રાજા, તે તેજ છે. ઇંદ્રિઓના અધિષ્ટાતા દેવતા દેવતાઓનો મનુષ્ય સાથેનો સંબંધ એવો છે કે તેને વિશે શ્રીમદ્ભગવદ્ગીતાના ત્રીજા અધ્યાયમાં અન્યો

અન્ય એક બીજાને પોષણ આપવાનું બન્નેનું કર્તવ્ય છે એમ સમજાવ્યું છે. દશમાં શ્લોકમાં કહ્યું છે કે सह यज्ञाः प्रजाः सृष्ट्वा यज्ञ સહિત પ્રજાને ઉત્પન્ન કરીને બ્રહ્માજીએ અથવા ખરી રીતે કહિયે તો પ્રજા પતિએ કહ્યું કે યજ્ઞ વડે તમો બન્ને વૃદ્ધિ પામો અને,

॥ देवान्भावयतानेन तेदेवाभावयंतुवः
परस्परंभावयंतः श्रेयः परमवाप्स्यथ ॥

તમે દેવતાઓને પોષો અને દેવતાઓ તમારૂં પોષણ કરો અને એમ અરસપરસ એક બીજાનું પોષણ કરતાં તમારૂં કલ્યાણ થાઓ. પછી અગીયારમાં શ્લોકમાં કહ્યું છે કે તમારાથી દેવતાઓ સંતોષ પામશે અને તમારી મન કામના તે પુર્ણ કરશે. હવે યજ્ઞ કરવાનું વેદમાં પણ કહ્યું છે. યજ્ઞનો ખરો મર્મ ભુલી જઇને લોકોએ આડે રસ્તે જવા માંડ્યું. ખરો યજ્ઞ તે નિષ્કામ કર્મ કરવું તે છે. પોતાનું કર્તવ્ય છે એમ સમજીને કામ કરવું અને ફળની દરકાર રાખવી નહિ એજ યજ્ઞ છે. સકામ કર્મ તો બંધન કરતા છે. બધા દેવતાઓની ભણી આપણું જે કર્ત્તવ્ય છે તે આપણે બેશક કરવાનું છે અને આપણે તે કરીશું તો તે દેવતા પોતાનું કર્તવ્ય કરશે, પણ ફળની ઇચ્છા રાખવાની નથી. સ્વધર્મથી બધા દેવ પુજાય છે. મનુષ્ય વર્ગ શ્રીમદ્-ભગવદ્‌ગીતામાં જે યજ્ઞ કહેલો છે તેનું ખરૂં સ્વરૂપ ભુલી જઇને સકામ યજ્ઞ ઉપર મોહી પડ્યા હતા. દેવતાઓનો રાજા ઇંદ્ર છે અને તેને દર્શાવીને તમામ દેવતાઓના યજ્ઞનું સૂચન કીધું છે. લોકો પાછળથી એવા થઇ ગયા કે સંસારના ક્ષણિક સુખોને અર્થે અમુક દેવને પ્રસન્ન કરવા યજ્ઞ કરવા લાગ્યા. એ દેવતાઓ સ્વર્ગના નિવાસી છે, ગમે તેવાં સારાં કામને માટે યજ્ઞ કીધો પણ તેમાં પૂજનતો એ દેવનુંજ છે, તો એનું ફળ ઘણામાં ઘણું લાંબો સમય સ્વર્ગનું સુખ મળે પણ તેથી આત્મજ્ઞાન થતું નથી અને જન્મ મરણનો ત્રાસ મટતો નથી.

વેદમાં જેજે યજ્ઞ કરવાના કહ્યા છે તે કર્તવ્ય જાણીને કરતાં દેવતાને જે કરવાનું તે દેવતા એની મેળે કરશે. ત્યારે સૃષ્ટિનો સાધારણ નિયમ આ અન્યોઅન્ય પોષણનો છે. પણ એના કરતાં ઉંચે ગતિ કરો. આ નિયમથી વધારે કલ્યાણ કરવાવાળો એક નિયમ

છે, અને તે નિયમ પાળવાથી સર્વ ત્રાસમાંથી મુક્ત થવાય છે. દેવતાઓ પણ જેને આધીન છે અને સર્વ બ્રહ્માંડ જેને વશ છે તેની સાથે સંબંધ જોડો, તેનાં ચર્ણાવિંદ આગળ સર્વસ્વ અર્પણ કરો, અને પછી જુઓ કે શું પરિણામ આવે છે. દેવતાઓ બધા કોરણે રહી જાય છે, અને તેમના કરતાં પણ અધિક બળ અને અધિક સુખ પ્રાપ્ત થાય છે. ગોવર્દ્ધન પોતાના ભક્ત મંડળનું સમગ્ર કર્મ હતું, તે ભક્ત મંડળ સાધારણ નહોતું, ખરી ઉંચા પ્રકારની જેમની પ્રેમ ભક્તિ હતી એવા ભક્તોના કર્મોના સમુહને શ્રી કૃષ્ણ ભગવાન પોતે ઉંચકી નાખે છે અને તેમ થતાં બીજા દેવતાઓ એ ભક્ત મંડળની સામે શક્તિ હીન થઈને રહે છે. ઇંદ્રિઓને પોષણ મળે છે તે કર્મથીજ મળે છે અને તેથી એ પર્વત ગોવર્દ્ધન કહેવાયો.

હવે વ્રજની ભાગ્યશાળી સ્ત્રિઓના સંબધમાં શ્રી કૃષ્ણજીએ કરેલી લીલા, જે લીલાનુ રહસ્ય નહિ સમજતાં મુરખજનો અનેક પ્રકારના કુતર્ક કરે છે, જે લીલાને નિમિત્તે શ્રી કૃષ્ણ પરમાત્માના ઉપર પરદેશીઓ તેમજ કેટલાક સ્વદેશી જનોએ મોટી પડતાળ પાડી મુકી છે, તે લીલાનું અવલોકન કરીને ભાગ્યશાળી થવાનો હવે પ્રસંગ આવ્યો છે. **શ્રી કૃષ્ણ ભગવાને** કરેલાં ચરિત્રોમાં પ્રત્યક ચરિત્ર ઉપદેશરૂપ છે, પણ અરે ! તે યથાર્થ નહિ સમજતાં અનીતિના પોકાર અજ્ઞાની મુખથી નિકળે છે. એક સમયે શ્રી કૃષ્ણજી પોતાના ગોપ મંડળની સાથે વિહાર કરતા હતા તેવામાં તેમણે ગોપોને આજ્ઞા કરી કે કેટલાક વેદ જાણનારા બ્રાહ્મણો હમણા યજ્ઞ આરંભી બેઠા છે તેઓની પાસે જાઓ અને તેઓની યાચના કરીને અમારે માટે અન્ન લઈ આવો, કેમકે અમને ભૂખ લાગી છે. ગોવાળીઆઓ એ આજ્ઞાને અનુસરીને જાય છે પણ માત્ર કર્મકાંડી બ્રાહ્મણો મન કામનાથી! ભરેલા, અને વ્યવહારીક વિદ્યાથી મદમાતા ગોવાળીઆઓને નિરાશ કરી પાછા વાળે છે. તે ઉપરથી શ્રી કૃષ્ણ ભગવાન ગોવાળિઆઓને તે બ્રાહ્મણોની સ્ત્રીઓની પાસે યાચના કરવા મોકલે છે. તે સ્ત્રીઓ જેણે શ્રી કૃષ્ણજીના પરાક્રમો અને મહિમાની વાર્તાઓ ઘણી સાંભળી હતી, અને જેનાં દર્શન કરવાને માટે પ્રથમથીજ બહુ આતુર હતી, તેઓ સઘળી પોત પોતાના ઘરમાંથી જે જે ખાવાનું હાથ લાગ્યું તે લઈને, પતિ, માતા, પિતા, આદિ કોઇની પણ અટકાવેલી નહિ

અટકીને, પોતાના પ્રાણના પણ પ્રાણ શ્રી કૃષ્ણજીની પાસે ત્વરાથી ધાઈ; ગમે તે થાઓ પણ પોતાના પ્રાણ જીવનને ભૂખ લાગેલી જાણીને તેઓથી નચિંત ઘરમાં કેમ બેશી રહેવાય. તેઓએ ઘર છોડયું, સગાં વ્હાલાં સઘળું છોડયું અને જીવણજીને ભેટવાને ધાઈ, આ ઉપરથી શ્રી કૃષ્ણજીના ઉપર અનીતિનો દોષ મુકવામાં આવે છે. પણ આ દોષ મુકનારાઓ દોષ મુકીને પોતાની અક્કલનો નમુનો બતાવે છે. એ વખતે શ્રીકૃષ્ણ ભગવાનની ઉમ્મર સાતેક વરશની હતી. આટલી નાની વયના બાળકની સાથે આ સઘળી મોટી વયની સ્ત્રિઓ શરીરનો સંબંધ કરવાને આતુર હતી, અને એવા નાના બાળકે જાર કર્મ કીધું એમ કહેવું કીયો વિચારવંત પુરૂષ માની લેશે? વાર્તા સંભવિત છે કે અસંભવિત તેનો વિચાર કીધા વિના નિશ્ચય કરી બેસવું એ બુદ્ધિમાન પુરૂષનું લક્ષણ નથી. આ બ્રાહ્મણની સ્રીઓ કર્મ કાંડમાં સમજતી નહોતી પણ ઈશ્વર ઉપર તેમની નિર્મળ, દૃઢ ભક્તિ હતી. કર્મકાંડી બ્રાહ્મણ માત્ર કર્મ કરવાથી મોક્ષના અધિકારી થયા નહોતા. કર્મથી ભક્તિ વિશેષ છે એમ અહિં બતાવ્યું છે. ભક્તિનું પ્રબળ જ્યાં વધી જાય છે ત્યાં મા કોણ, બાપ કોણ, ધણી કોણ, છોકરાં કોણ, એ કંઇ પણ વિચાર રહેતો નથી. જ્યાં સુધી એ બધાંને અને સંસારને માણસ તજે નહિ અને અનન્ય ભક્તિથી ભગવાનને ભજે નહિં ત્યાં સુધી આત્માનું કલ્યાણ થતુંજ નથી. ભગવાનની ભક્તિના પ્રવાહનો વેગ જ્યારે અત્યંત વધી જાય છે ત્યારે તે પ્રવાહના વેગમાં સઘળું ઘસડાઈ જાય છે. ભક્તિ તે શું? ઉંચા પ્રેમનું સ્વરૂપ તે ભક્તિ. આ સઘળાંનો પરિત્યાગ કીધા વિના પ્રભુના પદપંકજ પામવા અશક્ય છે એમ માત્ર આર્ય ધર્મ શીખવે છે. એમ નથી પણ સર્વ ધર્મમાં એજ ઉપદેશ છે. વળી બીજું ધ્યાનમાં રાખવાનું એ છે કે આ ભાગ્યશાળી નારીઓ જ્યારે પોતાને ઘેર પાછી જાય છે ત્યારે તેઓના સ્વામિઓ તેઓનો તિરસ્કાર કરીને તેઓને કહાડી મુકવાને બદલે તેઓને સ્નેહ પૂર્વક આલિંગન કરે છે અને કહે છે કે આ સ્રીઓને લીધે કર્મ માર્ગમાં ભટકનારા અમો સર્વની બુદ્ધિ નિર્મળ અને ભગવાનને વિશે નિશ્ચળ થઇ છે. કર્મકાંડી બ્રાહ્મણોને સાચે માર્ગે દોરવવાનો આ પ્રસંગ હતો.

આજ પ્રમાણે કાત્યાયની વ્રત વસ્ત્ર હરણ અને રાસલીલાનો અર્થ કરવાનો છે. શ્યામ સુંદરની માધુરી મુરતથી આખું ગોકુળ ગામ

મોહિત થઇ ગયું હતું, તેમની નાના પ્રકારની ક્રીડા જેવી વિસ્મયકારી હતી તેવીજ ચિત્ત આકર્ષક હતી. જ્યારે જ્યારે જોઇએ ત્યારે ત્યારે શામળિઓજી પોતાની વેણું કોમળ કરમાં લઇને આનંદથી શોભી રહેલા જોઇયે છીએ. એ મર્મ ભરેલી મોરલીએ વ્રજનારીઓને ગાંડી કરી નાખી હતી. તેનો સ્વર સાંભળતાંજ તેઓ તલમલ થઈ સર્વ વ્યવહાર ભુલી જતી હતી. વ્રજવનીતાને મોહિત કરનારી એ વાંસળીનો નાદ આજ પણ ભકત જનોના ચિત્તને મોહકારી ગાજી રહયો છે. એક સમયે શ્રી કૃષ્ણ ભગવાને કદંબનાં વૃક્ષ ઉપર ચડીને વાંસળી વજાડી ચારે દિશા મધુરા નાદથી વ્યાપ્ત કરી નાંખી. આ વાંસળીનો સુર સાંભળતાંજ સર્વ વ્રજ સુંદરીઓ આકુળ વ્યાકુળ થઇ ગઇ અને બ્રાહ્મણોની સ્ત્રીઓની પેઠે સર્વ કામકાજ પડતું મુકી, કુટું-બીઓને પડત્તાં મુકી પોતાના ઘરમાંથી ધસમસતી દોડી જઇને જોય છે તો ત્રીભંગી રૂપે શ્રી નંદલાલક દંબનાં વૃક્ષ ઉપર બિરાજે છે, ને હાથમાં અને અધર ઉપર મોરલી શોભી રહી છે. મોરલીના નાદથી જેઓને શુધ બુધ રહી નથી તેઓને નંદલાલના સાક્ષાત દર્શણથી શું થયું હશે તે વાણીથી યથાર્થ વરણી શકાય તેમ નથી. આ ત્રિભંગી સ્વરૂપ અદ્ભુત અને વિશ્વને મોહ ઉપજાવે એવું હોય એમાં શું નવાઈ ! પ્રણવથી વિશ્વની ઉત્પત્તિ છે અને પ્રણવથીજ તેનું પોષણ છે. એ પ્રણવમાં ત્રણ અક્ષર રહેલા છે, અ ઉ અને મ. તેની પછી બિંદુને નાદ છે. પરમેશ્વરનું સ્વરૂપ પ્રણવ એટલે ઓંકાર છે. તે રૂપનું સંપૂર્ણ ચિત્ર આ ત્રિભંગી સ્વરૂપ હતું, ત્રિભંગી એટલે ત્રણ જગેથી ભંગ થયલું, વળેલું. ઓંકારના પણ ત્રણ કકડા છે. ત્રણ ઠેકાણેથી શરીરને વાળીને ઉભા રહેલા શ્રી કૃષ્ણ ભગવાન વેણું વજાડી નાદ કરે છે. એ નાદતે પ્રણવનો નાદ છે. શ્રી કૃષ્ણ ભગવાનની આ જે સાક્ષાત મૂર્તિ છે તેજ ઓંકારની દ્રશ્યમાન મૂર્તિ છે. શબ્દથી જે રૂપ બંધાય છે તેજ આ મૂર્તિ છે. પ્રણવનું સાક્ષાત રૂપ ધારણ કરીને કદંબના વૃક્ષ ઉપરથી વાંસળી વગાડે છે, એ કદંબ વૃક્ષ તેજ આ દેહને વિશે રહેલી નાડીઓ રૂપી શાખાવાળુ જે થડ છે તે છે. સુષુમ્ણા નાડીમાં જ્યારે પ્રણવનો નાદ ગાજી રહે છે, ત્યારે સર્વ પ્રદેશ ચિત્ર રૂપ થઇ જાય છે. એ નાદ થતાંજ સર્વ ઈંદ્રિયો પોતં પોતાનું કામ છોડી દઇને જીવણજીની ભણી ધસમસતી, ધાય છે, અને તેની સાથે એક થવાને તલ્લિન થવા આતુરતા બતાવે છે. યોગી જીવ

આવી રીતે ઇંદ્રિયોને પોતાની ભણી બળથી આકર્ષે છે એ વાત જગત પ્રસિદ્ધ છે. શ્રી કૃષ્ણ ભગવાન સર્વ સ્ત્રી મંડળને પોતાની સમીપ આવેલું જોઇને હસે છે સ્ત્રિઓ લક્ષ્મિનું સુખ માગે છે આવી પ્રાર્થના સાંભળીને, શ્રી કૃષ્ણ ભગવાન એ સર્વ સ્ત્રીઓને ઘણોજ ઉત્તમ ઉપદેશ કરે છે. એ ઉપદેશમાં સ્ત્રીનો પતિ પ્રત્યે શું ધર્મ છે તે સારી રીતે સમજાવે છે. એમ કહ્યું છે કે ધણી ગમે તેવો દોષ વાળો હોય, લુલો હોય, લંગડો હોય કાણો હોય, દુબળો હોય, રોગથી પીડાતો, મહાપાતકવાળો હોય તોપણ સ્ત્રીએતો તેને પોતાનો ઇષ્ટ દેવ ગણવો જોઇયે, અને તેના શીવાય બીજા કોઇની સેવા તેણે કરવાની નથી. જે સ્ત્રી પોતાના પતિની સેવા કરતી નથી, અને પોતાના ધર્મથી ચળે છે તે મોટું પાપ કરે છે. જાર કર્મ કરનારો શું આવો બોધ આપશે ? જે લંપટ હશે અને જેના મનમાં દુષ્ટ કામના છુપેલી હશે તેને તો આવો પ્રસંગ સુવર્ણ સમાન છે. લક્ષ્મી ચાંદલો કરવા આવે ત્યારે મ્હોડું ધોવા જવાનું કોઇકજ મૂર્ખ જન કરે પણ શ્રી કૃષ્ણ ભગવાનના સંબંધમાં જાર કર્મની કલ્પના કેવળ મિથ્યા કપોલ કલ્પિત, એક ક્ષણ ભરપણ, નહિ નીભી શકે એવી છે. શરીર સંબંધ નહિ કરતાં શ્રી કૃષ્ણજી એ સ્ત્રીઓને કાત્યાયનીનું વ્રત કરવાનો બોધ કરે છે, અને કહે છે કે એ વ્રત કરવાથી તમે મને પામશો. શાસ્ત્રમાં ધર્મના કહેલાં વ્રત કરવાનો ઉપદેશ સ્પષ્ટ કહી દે છે કે એ પ્રસંગનો મર્મ કંઇ બીજોજ છે. શ્રી કૃષ્ણજીની આજ્ઞા માથે ચડાવીને વ્રજ વનિતાઓ કાત્યાયની વ્રત કરે છે. ત્યાર પછી એક સમયે તે સઘળીઓ નદિમાં સ્નાન કરવા જાય છે અને કીનારા ઉપર પોતાના વસ્ત્રો મુકીને નદીમાં પ્રવેશ કરે છે. શ્રી કૃષ્ણજી ત્યાં આગળ આવી છાના-માના વસ્ત્ર લઇ લે છે અને તે લઇને વૃક્ષ ઉપર ચડી જાય છે. સ્નાન કરી ગોપીઓ જળની બહાર નીકળવા જાય છે અને જુવે છે તો વસ્ત્ર નથી. તેઓને પાછળથી માલમ પડે છે કે એ વસ્ત્ર લઇને શ્રી કૃષ્ણજી વૃક્ષ ઉપર ચડી બેઠા છે. તેની પાસે વસ્ત્ર માગ-તાં, શ્રી કૃષ્ણજી તેઓને કહે છે કે જળની બહાર આવો તો વસ્ત્ર આપું. તેઓ પોતાનાં ગુહ્યસ્થાનને હાથવતી ઢાંકી બહાર આવે છે પણ તેમને વસ્ત્ર મળતાં નથી. શ્રી કૃષ્ણજી તેઓને કહે છે કે તમે જમનાજીમાં નવસ્ત્રાં પેઠાં અને નાહ્યાં તેમાં વરૂણ દેવતાનો તથા સૂર્યનો મોટો અપરાધ તમે કીધો છે માટે સૂર્ય દેવતાને ઊંચા

હાથ કરી નમસ્કાર કરો તો વસ્ત્ર આપું. સ્ત્રીઓ તેમ કરે છે. અને વસ્ત્ર લે છે. હવે પ્રથમતો ઘણી સ્ત્રીઓને નગ્ન નાહવાની ટેવ હોય છે અને તે ટેવ ઘણીજ ધિક્કારવા જેવી છે. એથી નીતિનો લોપ થાય છે અને તે મુકાવવાની આ યુકિત હતી. જમનાનું જળ તે ઉપાસનારૂપ છે. ઉપાસનાથી અધ્યાત્મિક ઉન્નતિ થાય છે. વ્રતમાં ઘણી વસ્તુનો ત્યાગ રહેલો છે. ત્યાગ, ઉપાસના, સત્કર્મ આદિ વૃદ્ધિને અર્થે અવશ્ય છે, તે કાત્યાયની વ્રતથી સ્ત્રીઓને સિદ્ધ થાય છે. ભકિત તે પ્રેમની એક અવસ્થા છે. પ્રેમનું ઉંચામાં ઉંચું સુખ પામવાને માટે પ્રિયાએ પ્રીતમ સાથે એક રૂપ થવું જોઇયે, તેમજ ઊંચામાં ઉંચું ભકિતનું ફળ ઇષ્ટની સાથે ઐકયતા છે. કહ્યું છે કે "લાજે નહીજ પમાય, પ્રભુ પદ લાજે નહીજ પમાય." પ્રભુજીના પાદાર્વિંદની જો આકાંક્ષા છે તો જુઠી લાજ તજી દેવી જોઇયે. ભકત જ્યાં સુધી કેવળ શુદ્ધ, નિર્મળ કલંક રહિત થતો નથી ત્યાં સુધી ભગવાન તેને સ્વિકારતા નથી. ભગવાનની પાસે જો જવું છે તો પોતાનું ખરૂં સ્વરૂપ તેમને દર્શાવવું જોઇયે, હું કેવળ શુદ્ધ, કલંક રહિત છું, માટે હે પ્રભુ મારા ઉપર હવે કૃપા કરો એમ ભક્ત કહેતો જાય છે ઇષ્ટ દેવની આગળ કંઇ પણ છુપાવવાનું નથી. કોઇ માણસ પોતાના બે હાથ ઊંચા કરીને કહે કે મારૂ સર્વાંગ જોઇ લ્યો એમાં એક પણ બિંદુ મલિનતાનું નથી, તે પ્રમાણે મુમુક્ષુએ કરવાનું છે. તેથી ગોપીકાઓ કેવળ નગ્ન થયલી ઉભી રહે છે. પટકુળએ ઢાંકણુ છે. વસ્ત્ર અથવા પટકુળનું ઢાંકણુ હોય ત્યાં સર્વાંગ દૃષ્ટિ ગોચર થતું નથી, અમુક ભાગ છુપા રહે છે, અહિંતો કંઇ પણ છુપું રાખવાનું છેજ નહિં એમ બતાવવાનું છે. એજ હેતુથી સુર્યને નમસ્કાર કરવાનું કહેલું છે. વળી પ્રભુ પદ પામવાને, સંસારની સર્વ વસ્તુઓ છાંડવી પડે છે. એ માર્ગે જતાં સગાં સ્નેહી કોઇ પણ કામ લાગતાં નથી, એ માર્ગ એકલાનેજ માટે છે, જે બીજાની સહાયની આશા રાખે છે તેને માટે એ માર્ગ નથી, નહિ તજી શકાય એવાં જે વસ્ત્ર તેને પણ છાંડવાની જરૂર છે; એ માર્ગે જનારા જીવે સઘળું તજીને, કેવળ નગ્ન થઇ, પરાઇઆશ રાખ્યા વિના શુદ્ધ સ્વરૂપે અને પોતાનાજ બળથી જવાનું છે. વસ્ત્ર હરણની કથા આવો ઉત્તમ બોધ આપે છે. વસ્ત્ર હરણ કીધાં તે વખતે શ્રી કૃષ્ણજીની વય આઠ વરશથી પણ ઓછી હતી.

આવા નાની વયના બાળકને માથે જાર કર્મનો આરોપ મુકવો એ સૃષ્ટિના ક્રમ અને નિયમનું અલ્પ જ્ઞાન પ્રગટ કરવાનું છે. આહા! તે છતાં સ્વદેશાભિમાનનો ફાંકો રાખનારાઓ આવાં માર્મિક રહસ્યને નહિ સમજી પરાપૂર્વેથી પૂજાતા આવેલા અવતારી પુરૂષોની જુઠી નિંદા કરીને મુખ મલકાવી ફુલાય છે. !

રાસલીલાની જે કથા અમૃત ઝરણુ છે તે સમજવાને પ્રયત્ન કરતાં પહેલાં રાધિકાજી તથા ગોપીઓનું સ્વરૂપ ખરે ખરૂં શું છે તે જોવું જોઇએ. શ્રી કૃષ્ણજીના સ્વરૂપનું કંઇક અવલોકન થઇ ગયું છે. કૃષ્ શબ્દ ભક્તિવાચક છે અને તેમજ દાસ્ય દર્શક છે, તેથી ભક્તિ અને દાસ્ય આપવા વાળો તે કૃષ્ણ. આ અર્થ શ્રીમદ્દ દેવી ભાગવતના નવમા સ્કંધના બીજા અધ્યાયમાં બતાવેલો છે. ધર્મના સ્થાપન કરવા વાળા, ધર્મનુ રક્ષણ કરવાવાળા શ્રી કૃષ્ણ ભગવાન હતા એમ સ્પષ્ટ રીતે સિદ્ધ થાય છે, અને એજ સ્વરૂપે એમનું જહિં તહિં કીર્તન કરવામાં આવેલું છે. આવી મૂર્તિને માટે દુષ્ટ વિચારો કદી પણ આવી શકતા નથી. શ્રીમદ્દ ભાગવતના દશમ સ્કંધમાં રાધીકાજીનું નામ જણાતું નથી, પણ શ્રી કૃષ્ણ જન્મખંડ, પદ્મપુરાણ, દેવી ભાગવત આદિ ગ્રંથોમાં તેમનાં ગુણ સ્વરૂપનું કીર્તન કરવામાં આવેલું છે. દેવી ભાગવતના નવમા સ્કંધના પ્રથમ અધ્યાયમાં કહ્યું છે કે પ્રકૃતિ પાંચ પ્રકારની છે. પ્રકૃતિ શબ્દ પ્ર તથા કૃતિથી થયલો છે; પ્ર કષ્ટ વાચક છે અને કૃતિ સૃષ્ટિ. શ્રી કૃષ્ણ જન્મ ખંડમાં રાધાજીને શ્રી કૃષ્ણ કહે છે કે હું સર્વ રૂપ અને અવિનાશી છઉં અને તમે શ્રીરૂપ, સંપત્તિરૂપ, મારા આધારરૂપ, અને સર્વ શક્તિરૂપ છો. હું જ્યારે તેજો રૂપ હોઉં છું ત્યારે તમે તેજો રૂપ હોછો, હું જ્યારે શરીર રહિત હોઉંછું ત્યારે તમે શરીર રહીત હોવછો અને હું યોગથી જ્યારે સર્વ બીજ સ્વરૂપ હોઉંછું ત્યારે તમે પણ શક્તિરૂપ થાઓ છો. સંર્વ સ્ત્રી જેનાં રૂપ છે એવાં તમે મારા અંગથી ઉત્પન્ન થયાંછો, મૂળ પ્રકૃતિ છો અને ઇશ્વરી છો' ! અધ્યાય ૧૫. વળી એજ અધ્યાયમાં બ્રહ્મા સ્તુતિ કરતાં કહે છે " સઘળા પુરૂષો શ્રી કૃષ્ણના અંશરૂપ અને સઘળી સ્ત્રીઓ તમારા અંશરૂપ છે, તમે દેહ રૂપછો તેથી શ્રી કૃષ્ણના આધારરૂપ તમેજછો."

દેવી ભાગવતના નવમાં સ્કંધના પ્રથમ અધ્યાયમાં કહ્યું છે કે પ્રકૃતિ પાંચ પ્રકારની છે; પ્રકૃતિ શબ્દ પ્ર અને કૃતિથી થયલો છે. પ્ર કષ્ટ વાચક અને કૃતિ સૃષ્ટિ વાચક છે, એટલે સૃષ્ટિમાં પ્રકૃષ્ટા અર્થાત્ મુખ્ય જે દેવી તે પ્રકૃતિ! વળી પ્ર એટલે પ્રથમ પણ થાય છે. પ્ર શબ્દ સત્વગુણમાં, કૃ શબ્દ રજોગુણમાં અને તિ શબ્દ તમોગુણમાં રહે છે, તેથી ત્રણ ગુણને ધારણ કરવાવાળી જે શકિત તે પ્રકૃતિ; એ મૂળ પ્રકૃતિ પાંચ પ્રકારની છે. પાંચમી પ્રકૃતિનું નામ રાધાછે, તે પાંચ પ્રાણાધી દેવી અને પાંચ પ્રાણ સ્વરૂપીણી છે એજ તેથી શ્રી કૃષ્ણજીને તે અધિક પ્રિયછે. પચાસમા અધ્યાયમાં પણ એજ અર્થ બતાવ્યો છે. તે સંવિત સ્વરૂપ, જગતની ઉત્પત્તિમાં પ્રાણોની અધિષ્ટાત્રી શ્રી રાધા છે. સકળ કામને સિદ્ધ કરે તે રાધા. વળી પદ્મ પુરાણમાં પણ આદિ પ્રકૃતિને રાધા કહેલી છે. પાતાળ ખંડનાં ૭૧ માં અધ્યાયમાં શ્રી નારદજીએ રાધીકાજીની સ્તુતિ કરેલી છે, ત્યાં કહ્યું છે કે તું યોગીંદ્રના ધ્યાનમાં પણ આવતી નથી, ઇચ્છા શકિત, જ્ઞાન શકિત અને ક્રિયા શકિત તુંજ છે. સચ્ચિદાનંદ સ્વરૂપ તેજ શ્રી કૃષ્ણ ભગવાન છે, અને રાધીકાજીમાં અને તેનામાં અંતર નથી. પુરૂષ રૂપે કૃષ્ણ છે અને સ્ત્રી રૂપે રાધા છે. પદ્મપુરાણ પાતાળ ખંડ અધ્યાય ૭૫. અધ્યાય ૭૭ માં વિશેષ વિસ્તાર છે, એ પ્રધાન ભગવતી જેનાથી સઘળું વિશ્વ વ્યાપ્ત થઇ રહેલું છે, જે સૃષ્ટિની સ્થિતિ અને અંત રૂપ છે, જે વિદ્યા અવિદ્યા અને ત્રણ વેદ રૂપી છે, જે શકિતરૂપ, માયારૂપ, ચૈતન્યમય અને બ્રહ્મા વિષ્ણુ શિવાદિકના દેહના કારણનું પણ કારણ છે, તે વૃંદાવનેશ્વરી શ્રી રાધિકા છે. અધ્યાય ૭૩ માં ગોપ ગોપીઓ કોણ છે તે ખુલ્લી રીતે કહેલું છે. "સઘળી ગોપીઓ દેવની શ્રુતિઓ છે, સઘળી ગોપ કન્યા દેવકન્યા છે, મુકિતની ઇચ્છા ધરનારા તપસ્વિમુની લોક ગોપછે, અને એજ મુનિઓ ગોપ કન્યા પણ છે, જેટલાં કદંબનાં વૃક્ષ છે તે કલ્પવૃક્ષ છે, આ વન, મહાપાતકનું નાશ કરવાવાળું આનંદ વન છે, અને તેમાં કોકિલાદિક જે છે તે સિદ્ધ, સાધ્ય, વિદ્યાધરાદિકે છે." ત્યાર પછીના અધ્યાયમાં પણ ગુપ્ત ભંડારમાંના પ્રકાશમય રત્ન પ્રાપ્ત કરવાને માટે આજ છુપી કુંચી આપી દીધી છે. આ કુંચી વડે ભંડારને જ્યાં સુધી ઉઘાડીશું નહી ત્યાં સુધી અર્થરૂપી અમુલ્ય રત્ન આપણને મળી શકવાનાં નથી. આવો દુષ્ટ કાળ આવશે અને લોકો અર્થનો અનર્થ કરશે એ વાત વ્યાસજીને અજાણી નહોતી અને તેથી તેમણે

પ્રથમથીજ તેને માટે ઘટિત રચના કરી છે. શ્રી રાધીકાજીની આસપાસ નિરંતર ફરતી જે સ્ત્રીઓના નામ પદ્મ પુરાણમાં આપ્યાં છે તેમાં, ઉદ્દગીતા, સુગીતા, કલગીતા, કલસ્વરા, વિપંચી ક્રમપદા ઇત્યાદીક આવે છે. આ નામ શું ઘણું સૂચવતાં નથી? એ નામોના અર્થ લક્ષમાં આવતાંવારને તરત સઘળો સંશય મટી જાય છે. પુરાણોમાં યાત્રાનાંતીર્થ વર્ણવેલાં છે તે પણ ધ્યાનમાં રાખવા જેવાં છે. શરીરમાં ષડ્ ચક્ર તો મુખ્ય છે પણ એ છ શિવાય બીજાં અનેક ચક્ર છે; અનેએ તીર્થોનુંવર્ણન એ ચક્રોને સંપુર્ણ રીતે લાગુ પડે છે. આ બધાં ચક્રો શ્રી કૃષ્ણ ભગવાન અને રાધિકાજીના રમણ સ્થાન છે. જ્યારે એ જુગલ સ્વરૂપનું યથાર્થ દર્શન થાય છે, તો પછી આ સઘળાં સ્થળોમાં તેઓનો વિહાર હોય એમાં કંઈ વિસ્મય થવા જેવું લાગતું નથી. વળી પુરાણના પાતાળ ખંડના ૬૯ મા અધ્યાયમાં ગોકુળનું વર્ણન આપેલું છે, તેમાં કહ્યું છે કે તે એક સુંદર કમળ સરખું છે અને તેની પાંખડીઓ અત્યંત શોભાયમાન છે એ પાંખડીઓ શ્રી કૃષ્ણજીના ક્રિડાનાં સ્થાન છે. અમુક દળમાં વિહાર કરતાં અઘાસુરને મારેલો છે, બીજામાં વ્યોમાસુરને માર્યો છે, ત્રીજામાં ત્રીજાને, એ પ્રમાણે તેમણે લીલા કીધી હતી. આ ઉપરથી સિદ્ધ થાય છે કે આ લીલાઓ જુદાં જુદાં ચક્રોમાં અનુભવેલા વિલાસ છે. રાસલીલાનું પણ એજ સ્વરૂપ છે. માણસની દેહના બે વિભાગ કરીએ તો એક મસ્તક છે અને બીજો કંઠ નીચેનો ભાગ છે. એક અંતઃકરણ જેવું છાતિ આગળ છે તેવુંજ એક મસ્તકને વિશે છે. એ બન્ને રૂદય ભુમી છે. જે લીલા સહસ્રદળ કમળમાં ઘટાવાય તે લીલા છાતી આગળના હૃદય કમળમાં પણ ઘટાવાય. રાસલીલાનું સ્થળ સહસ્રદળ કમળ હતું એમ પદ્મ પુરાણાદિ ગ્રંથોમાંથી કળી શકાય છે. ગોલોકમાં શ્રી રાધા માધવના દર્શન કરવા માટે અર્જુન નારીરૂપ થઈ જાય છે અને ત્રીપુર સુંદરી દેવીની આરાધના કરી પોતાની ઇચ્છા પરિપૂર્ણ કરે છે. એ કથામાં અર્જુનને સ્નાન કરાવવાને માટે એક જળાશયમાં પ્રવેશ કરવાનું કહેવામાં આવે છે. એ જળાશયમાં તું આશ્ચર્ય વસ્તુ દેખીશ એમ પણ તેને કહેવામાં આવ્યું હતું. એ જળાશય સહસ્રદળવાળા કમળથી શોભિત છે એમ કહ્યું છે. આટલું કહ્યા પછી રાસલીલાનો રસ જે કંઈ હાથ લાગે તેનું હોંસેથી ને ભક્તિથી પાન કરવાને આપણે પ્રયત્ન કરીએ.

આગળ કહેવામાં આવ્યું છે કે આ શરીરરૂપી ભૂમિકા છે અને તેમાં ગોકુળ સમાયલું છે. એ ભૂમિ પાવન કરનારી છે કેમકે તે કર્મનું ક્ષેત્ર છે. કર્મથી મળ અથવા પાપ ધોવાઇ જાય છે, એવી પવિત્ર ભુમીમાં ઇડા, પીંગળા ને સુષુમ્ણારૂપી, જમના ગંગા ને સરસ્વતિ નદીઓ નીરંતર વહે છે. તાપથી પીડા પામેલા જનોને જળ શાંતિ આપનારૂં છે. તો આ નદીઓ ત્રિવિધ તાપથી શાંતિ કરનારી કહી છે તે યથાર્થ છે. એ પ્રદેશમાં વૃંદાવન નામે વિખ્યાત સ્થળ છે. વૃંદાનો અર્થ ભકિત થાય છે. ભકિતનું જે ધામ તે વૃંદાવન છે. વૃંદાવન અનેક કુંજગલીઓ, અને વેલાથી વીંટલાયલા મંડળોથી શોભી રહેલું છે. તે એવું રમણીય સ્થળ છે કે જ્યાં કોઇપણ જાતની ચિંતા બાધ કરતી નથી અને સંસારના સર્વ ઉપાધિયોથી વિશ્રાંતિ મળે છે. માણુસનાં માથાની અંદરની રચના શબ્દે શબ્દ આને મળતી આવે છે. સર્વ નાડીઓનું મૂળ ત્યાં છે. ત્યાંથી નાડીઓ નીકળે છે, નાડીઓમાંથી શાખાઓ ચાલે છે અને શાખાઓમાંથી ઉપશાખા પણ વિસ્તાર પામે છે. આથી કરીને કુંજગલી, અને વેલાથી વીંટલાયલા મંડપોના જેવી શોભા થઇ રહે છે. શ્રી કૃષ્ણજી એ વૃંદાવનમાં પધારીને બંસીનો નાદ કરે છે, એટલે યોગી જીવ પ્રણવ મંત્રનો નાદ કરીને સઘળો પ્રદેશ ગજાવી મુકે છે. ઇંદ્રિ અને મનની અનેક વૃત્તિઓ રૂપી ગોપાંગના વેણુનો સંમોહીની મંત્ર સાંભળતાંજ આકુળ વ્યાકુળ થઇ જાય છે, પોતાનું કામકાજ ભુલી જાય છે, અને પોત પોતાના વિષયોને પડતા મ્હેલી આત્મારૂપી શ્રીકૃષ્ણ ચંદ્રની ભણી ધસમસતી દોડી જાય છે. આ વૃત્તિઓ અનેક છે,—સોળસહસ્ર છે. મનની ઊંચી અને નીચી એવી બે પ્રકારની વૃત્તિઓ છે. ઉપર કહ્યું છે કે દ્વંદ્વ એટલે ઉલટાં સુલટાંના જોડાં છે, દિવશને રાત્રી, કાળુંને ધોળું, રાગને દ્વેષ, વ્હાડને તડકો, સારૂંને માઠું ઇત્યાદિ. વિશ્વ જ્યાં સુધી દૃશ્યમાન છે ત્યાં સુધીએ ઉલટાં ગુણનાં જોડાં રહેવાના. દ્વંદ્વનો એટલે દ્વૈતનો લય થાય તો એકરસ, અખંડતિ, એક જ્યોતિ સિવાએ બીજું કંઇ રહેતુંજ નથી. માટે બે પ્રકારની વૃત્તિઓ સૃષ્ટિ ક્રમને અનુસરતી છે. એ બન્નેનું મૂળ એકજ છે. આ બે પ્રકારની વૃત્તિઓ આત્માભણી આકર્ષાય છે. પ્રકૃતિ બે પ્રકારની તેટલા માટેજ કહી છે. પરા અને અપરા-રાધીકાજી-દેહધારી રાધિકા પરા પ્રકૃત્તિરૂપે છે. એ ઊંચા કુળની–ગુણની આઠ મુખ્ય સખિયો,

આ મજનીતાઓમાં અગ્રેસર છે. અપરા પ્રકૃતિ દર્શાવનારી **ચંદ્રાવળી** આદિ આઠ સખી છે. કામનાદર્શક ચંદ્રાવળી નામ પોતાના સ્વરૂપનો મર્મ પ્રગટ કરીદે છે. **આત્મા** એ સઘળીઓનું તત્વ છે અને તેથી **આત્મા** તેમના જીવણજી છે—પ્રાણપ્રિય છે એમ કહેવામાં શું ખોટું છે. યોગી જ્યારે સહસ્ત્ર દળ કમળ ઉપર જીવ લઇ જાય છે ત્યારે પ્રણવના સૂરની સાથે સઘળી ઇંદ્રિઓ ઘસડાઇને ઉંચે ચડે છે, તેમજ આ સઘળી ગોપાંગનાઓ જે પ્રદેશમાં શહસ્ત્ર દળ કમળ શોભી રહ્યું છે ત્યાં જઇ થંભે છે. જીવનું એટલે **શ્રી કૃષ્ણ ભગવાનનું** અદ્દભુત સ્વરૂપ તેજોમય ઝળકી રહેલું જોઇને સર્વે નારીઓ ચિત્રવત થઇ જાય છે. **શ્રી કૃષ્ણ ભગવાન** તેઓના ઉપર કૃપા કરે છે અને ઘણા દિવસની તેઓની અભિલાષા પૂર્ણ કરે છે. **આત્માની** આસપાસ સઘળી સ્ત્રીઓ કુંડાળું વળી ઉભી છે. એ સઘળીઓ **આત્માનીજ** વ્યકિતઓ છે. **રાધા માધવ** એકજ સ્વરૂપ છે અને બધી ગોપિઓ તેમના અંશરૂપ છે. **શ્રી કૃષ્ણ ભગવાન** વચ્ચે શોભે છે. પ્રત્યેક ગોપાંગનાને પોતાના હાથ વડે ઝાલે છે અને એક ગોપી અને એક કૃષ્ણ સ્વરૂપ એવું દર્શન થાય છે. પ્રત્યેક ગોપી એમ સમજે છે કે હુંજ પ્રીતમજીની પ્યારી છું અને મને તેઓ આલિંગન દેછે. આ રાસ લીલા તે સૂર્ય મંડળની રચનાને પણ સૂચવે છે. અનેક ગ્રહ, ઉપગ્રહ, નક્ષત્ર, આદી વચ્ચે સૂર્ય બિરાજી પોતાના કીરણરૂપી હાથથી સર્વેનો સ્પર્શ કરે છે, તેજ પ્રમાણે અહિં રાસ લીલામાં એક શુધ્ધ **આત્મા** પોતાનાં કીરણ વડે સઘળી વૃત્તીઓને આકર્ષે છે, અને પોતાને વિશે રમાડે છે. આ પ્રમાણે થાય છે ત્યારે હજાર પાંખડીનું કમળ ખીલી રહે છે અને ચારે પાસ સુવાસ પ્રસારે છે. પોતાના પરાગથી સુવાસ પ્રસારવાનો કમળનો ગુણ છે. સોળ કળાવાળો શશિ તે સમયે પ્રકાશી રહે છે, વળી સહસ્ત્રદળ કમળમાં યોગીને એવો પણ અનુભવ થાય છે કે નાના પ્રકારના મધુરનાદ ચારે પાસે ગાજી રહેલા સંભળાય છે, વિના વાદળે અમૃત ધારા વરસે છે અને સઘળી જગાએ શાંતિ શાંતિ થઇ રહે છે. શરીરની કંઇ પણ ચેષ્ટા તે વખતે થતી નથી. આખું વિશ્વ તે સમયે ક્રિયા રહિત ચિત્રામણ રૂપ થઈ જાય છે. ઊંચામાં ઊંચું સમાધિનું જે સ્વરૂપ તે આ રાસલીલા છે. એ રાસલીલાનો અનુભવ કરનારો જીવ જનમ મરણના ફેરામાંથી મુકત થઇ પરમપદને પામે છે એ કંઈ પણ આશ્ચર્યની વાત નથી.


ગોપીઓને વેદની રૂચા પણ કહેલી છે તેથી તે પ્રમાણે શબ્દ બ્રહ્મ સાથે તેની રચના જો ઘટાવીશું તો તેથી પણ રાસલીલાનો બીજો મોટો મર્મ આપણે સમજીશું.

ભકિત એક પ્રકારની નથી પણ અનેક પ્રકારની છે. એ અનેક પ્રકારની ભકિતનાં અનેક રૂપ શ્રી ગોપીઓ છે. તેઓ ઇશ્વરની પાછળ ભમ્યાં કરે અને તેને વિશે નિરંતર ચિત્ત રાખે એ સ્વભાવિક છે.

જે સમયમાં શ્રી કૃષ્ણ ભગવાનનો અવતાર થયો હતો તે સમય ઘણોજ દુષ્ટ હતો. રાક્ષસી માયાનું બળ વધી ગયું હતું, અને સાધુ પુરૂષોને પોતાનું રક્ષણ કરવું કઠીન થઇ પડયું હતું. કંસ-નો ત્રાંસ ચારે દિશાએ વરતી રહ્યો હતો. એ સમયે મોટા મોટા તપસ્વિયો સિદ્ધો, ને ભકતો, કંસના ભયથી વનોમાં છુપાઇ રહ્યા હતા. તેઓ અધ્યાત્મ માર્ગમાં ઘણાજ આગળ વધેલા હતા. તેઓ ધર્મના રક્ષણ કરવાવાળા હતા અને તેથી તેઓને ગોપીરૂપે વખાણેલા છે. ગોપી શબ્દ ગુપ ધાતુ જેનો અર્થ રક્ષણ કરવાનો થાય છે તે ઉપરથી થયલો છે. ગોપીચંદને ઉપનીષદમાં પ્રશ્ન કીધો છે કે " ગોપી તે કોણ?" ઉત્તર એ છે કે " તે જે રક્ષણ કરે છે તે ". શું રક્ષણ કરે છે તેનો ઉત્તર આપેલો છે કે જીવોનું નરકથી, ભયથી અને જન્મ મરણથી રક્ષણ કરે છે. તેઓમાં સર્વથી શ્રેષ્ઠ રાધા હતી. રાધા શબ્દનો અર્થ ઉપર કહી ગયા છીયે. એ સિદ્ધ મંડળ **શ્રીકૃષ્ણ ભગવાનને** ઇશ્વરનો અવતાર જાણતા હતા અને તેથી તન મન ને ધનથી તેમની સેવામાં તેઓ અહોનીશ ઉત્સુક રહે તેમાં કંઇજ આશ્ચર્ય નહોતું. તેઓને વારંવાર **શ્રી કૃષ્ણ ભગવાન** ઉપદેશ આપતા હતા અને આ રાસ લીલામાં છેવટનો ઉંચામાં ઉંચો જે ઉપદેશ તે તેઓને મળ્યો હતો. આ દિક્ષાની પછી બીજી કંઇ દિક્ષા નહોતી. અધ્યાત્મ મંડળ ખરેખર ધર્મનું રક્ષણ કરનાર હતું અને આજ સુધી ધર્મનું રક્ષણ તેણે કીધું છે. હે રાધે, ધન્ય છે તને કે **શ્રી કૃષ્ણ** પરમાત્માનાં ચરણ કમળના પ્રતાપે આર્ય ભુમિમાં અનાથજીવોની ઉન્નતિ કરવામાં તેં પોતાની તરફથી કંઇ પણ બાકી રાખ્યું નથી. અદ્‌ભૂત પ્રેમ ભકિત તારા સરખી કોઇએ પણ બતાવી નથી. **શ્રી કૃષ્ણ ભગવાનની** તું અત્યંત પ્રિય અને રૂદયમાં નિરંતર નિવાસ કરનારી હોય એમાં કંઇ નવાઇ નથી, જે ચર્મની જીવ્હા તારૂં નામ રટણ કરેછે તે રસીલી અમૃત ઝરણી

થાય છે. જે સાધુ પુરૂષો અહોનીશ રાધે, રાધે, રાધે જપતા રહેછે તે સાધુ પુરૂષોને તું **શ્રી કૃષ્ણ પરમાત્મા**ના અભય પદદાતા ચર્ણાર્વિંદની સમીપ લઇ જાય છે. હે દેવી! તારો સદાય જયથાઓ જયથાઓ, જયથાઓ. જે આર્યભૂમિને **શ્રી કૃષ્ણ પરમાત્મા**ના પાદાર્વિંદે પવિત્ર કરી છે તે આર્યભૂમિની સંતતિને કોમળ રૂદયની કરીને સંસારના સર્વ તાપને સમાવવાવાળાં ભકિતરૂપી અમૃતનાં બિંદુનું તું સિંચન કર, કે તેઓના કંઇ પણ સંસ્કાર ઉદય થઇ અંતે તેઓ પોતાના અધ્યાત્મિક તેજથી આખા વિશ્વમાં દૃષ્ટાંતરૂપ પ્રકાશી રહે અને દુર્લભ એવું જે પરમપદ તે પદને પામે. અસ્તુ.

હે **રાધા**, તારા નામનો મહિમા અપૂર્વ છે. **રા** એટલે મુકિત અને **ધા** એટલે આપવાવાળી તે તુંજ છે. તારૂંનામજ શિક્ષાવાચક છે. રાધા **રા + ધ + આ** એટલે આરાધ, **શ્રીકૃષ્ણ પરમાત્મા**ની આરાધના કરવાની શિક્ષા આપે છે. કેવી રીતે આરાધ તે પણ એજ શબ્દમાં સૂચવ્યું છે. જેમ "મરા" શબ્દનો "રામ" શબ્દ થઇ જાય છે અને તેમ કરતાંજ શ્રીવાલ્મિકજી સંપૂર્ણ જ્ઞાનને પામી ગયા તેમજ "રાધા શબ્દને ઉલટો વાંચતા "ધારા" શબ્દ થાય છે. એક "ધારા એ" "આરાધ" એમ અર્થ પ્રાપ્ત થાય છે. સારાંશકે એક ધારાએ



ભકિત કરકે જેથી તારૂં કલ્યાણ થઇ રહે છે ત્યારે ઉપલા વળી રાધા શબ્દ ર+આ+ આથી વાંચતાં આ + ધ ધ +આ નો થયલો છે એચારે આ + ર એટલે આ+ ધા અક્ષરને ગોળા કૃતિમાં મુકતાં + ર વંચાય છે, એટલે રાધાતે આધાર છે. જે મહાશકિત સર્વં કાંઇના આધારરૂપ પ્રકાશે છે તે શકિત તે **શ્રીરાધાજી** છે. એવાં શ્રીરાધાજી જે અપૂર્વ, અદભૂત, મનવાણી બુદ્ધિથી પર મહાશકિત રૂપ છે, તેનું ખરા અંતઃકરણથી સ્મરણ કરી પ્રાર્થના કરૂછું કે હે રાધે, કેવળ તારા આશ્રયવડે સકળ સૃષ્ઠિ પ્રકાશી રહેલી છે, તુંજ એક સારરૂપ છે, તારૂં ચિંતન રૂદયને વિશે અખંડીત હજો અરે તારા નામનાં ઉચ્ચારણથી શું અપૂર્વ લાભ પ્રાપ્ત થાય છે. ર કરોડો જન્મનાં પાપ તથા શુભાશુભ કર્મના ભોગને મટાડે છે, આ ગર્ભવાસ, મૃત્યુ અને રોગને મટાડે છે; ધ આયુષની હાનીને મટાડે છે. વળી ર શ્રી કૃષ્ણજીના ચર્ણાર્વિંદની નિશ્ચળ ભકિત

આપે છે; આ સ્વરૂપાનંદ અને સિદ્ધિરૂપ ઐશ્વર્ય આપે છે, ધ પ્રભુ જેવા રૂપને, તેના જેવા ઐશ્વર્ય અને તેના જેવા તત્વ જ્ઞાનને આપે છે. આ પ્રભુજી જેવાં તેજસ્વિપણાંને, દાનશકિત, યોગશિકત, યોગબુદ્ધિ અને શ્રી હરીનાં સ્મરણને આપે છે. જુઓ શ્રી કૃષ્ણ જન્મ ખંડ અધ્યાય ૧૩ મો. અહો, નામનો આવો મહિમાં છતાં તે મહિમાને જાણીને જે જીવ તે નહિ જપે તે હત ભાગ્ય છે. જાણો અથવા નહિ જાણો પણ જે જીવ નિરંતર રાધે રાધે એમ જપ્યાં કરે છે તેને ધન્ય છે અને તે પુરણ ભાગ્યશાળી છે.

આ પ્રમાણે પોતાનાં અનેક પરાક્રમ અને ચરિત્રથી શ્રી કૃષ્ણ ભગવાને આખા ગોકુળ ગામને પોતાને વશ કરી લીધું જીવે સ્થૂળ દેહને પોતાની ઇચ્છાનુસારી દાસી કરી નાખી. ગોકુળમાં વિશેષ કરવાનું હવે રહ્યું નહોતું અને તેથી શ્રી કૃષ્ણજીએ પોતાની દ્રષ્ટિ મથુરાં ભણી કરી. વ્રકના ભયથી ગોકુળ વાસી વ્રંદાવનમાં જઇ રહ્યા હતા. તે વ્રકના ભયને પણ શ્રી કૃષ્ણજીએ મીટાડયો હતો. વ્રક એટલે વરૂ. કામ અને તેના જેવા બીજા દુષ્ટ વિકારો વરૂરૂપે છે અને તે વિકારોનો ત્રાસ મીટી ગયો હતો અને તેથી હવે વૃંદાવનમાં પણ એવું બીજું કંઇ કરવાનું રહ્યું નહોતું. વૃંદા એટલે ભકિત-ભકિત કરવાનું જે સ્થાન તે વૃંદાવન છે શ્રી રાધીકાજીનાં સોળ નામ વેદમાં કહ્યાં છે તેમાં એક નામ વ્રંદા છે, માટે રાધીકાજીને ક્રીડા કરવાનું જે રમણીય વન તે વૃંદાવન કહ્યું છે. શ્રી કૃષ્ણજીએ રાધાજીને કહ્યું છે કે "તમે શકિતઓના સમુહરૂપ મૂળ પ્રકૃતિ છો અને ઇશ્વરી છો. શરીર કે જે ત્રણે ગુણોના આધારરૂપ છે તે તમારૂંજ સ્વરૂપ છે અને શરીરમાં જે આત્મા છે તે હું છું. હું ક્રિયા રહિત છતાં પણ તમને લઇને ક્રિયા વાળો થાઊંછું." અધ્યાય ૧૦ મો. આને યોગ્ય પોતે ક્રિયા રહિત છતાં ગોકુળમાં રહીને અનેક લીલાઓ કરી. હવે શરીરથી આગળ વધવાનું જીવને રહેલું છે. માટે હવે ગોકુળને મુકીને આગળ જવાની જરૂર છે, અને તેથી શ્રી કૃષ્ણજી મથુરાં ભણી દૃષ્ટિ કરે છે.

ભાગ ૨ જો.

આપણે જોઇ ગયા કે **શ્રી કૃષ્ણજીને** વિઘ્ન કરવા માટે દુષ્ટ **કંસાસુરે** જેજે દૈત્યોને મોકલ્યા હતા તેઓની શી ગતિ થઇ. ઉન્નતિના માર્ગમાં આગળ વધવાની ઇચ્છા રાખનારા જીવે આ બધી આસુરી વૃત્તિઓને જીતવાની છે ગોકુળમાં અને શ્રી વૃંદાવન જ્યાં ગોકુળ નિવાસિઓ વક્ર એટલે કામક્રોધાધિક વિકારરૂપી વરૂના ભયથી જઇને રહ્યા હતા, ત્યાં **શ્રી કૃષ્ણ ભગવાને** અનેક ચરિત્ર કરીને સર્વને મોહ પમાડયા હતા. રાધીકાજીનો મર્મ આપણે કહી ગયા છીએ. વેદમાં તેમના સોળ નામ કહેલાં છે તેમાં એક વૃંદા નામ છે. વૃંદા એટલે ભક્તિ. એ વન રાધાજીને ક્રીડાનું સ્થાન હતું. **શ્રી** કૃષ્ણ જન્મ ખંડના ૬ ઠા અધ્યાયમાં **શ્રી** કૃષ્ણ રાધાજીને કહે છે, "તમે શક્તિઓના સમુહરૂપ મુળ પ્રકૃતિ છો અને ઇશ્વરી છો. શરીર કે જે ત્રણ ગુણોના આધારરૂપ છે તે તમારૂંજ સ્વરૂપ છે અને શરીરમાં જે **આત્મા** છે તે હું છું. હું ક્રીયા રહીત છતાં પણ તમને લઈને ક્રિયાવાળો થયો છું" આવી રીતે **શ્રી** કૃષ્ણજીના પરાક્રમો કંસાસુરે જાણ્યા.

દુષ્ટ કંસાસુરે જોયું કે નંદજીના બાળકે તેના દુષ્ટ પ્રયત્નો સઘળાં નિષ્ફળ કીધાં, અને પોતાનો હેતુ પાર પડવા દીધો નહિં. ગમે તેમ કરિ પણ એ ઊગતા બાળને હાની કરી પોતાની જીંદગી નિર્ભય કરવી એમ તેણે નિશ્ચય કીધો અને અક્રુરજીને **શ્રી** કૃષ્ણ ભગવાનને ગોકુળથી મથુરાંમાં તેડી લાવવાને મોકલ્યા.

અક્રુરજી ગોકુળ આવે છે અને માત્ર વૃજ વનિતાને તો શું પણ આખા ગોકુળ ગામના તમામ જીવોને ટકલાવીને **શ્રી** કૃષ્ણજીને તથા **બળરામને** મથુરાં ભણી લઇ જાય છે. અક્રુર એટલે ક્રુર નહીં તે. આવો અર્થ છતાં અક્રુર ક્રુર થઇ બધાંને ટટલાવતો બન્ને ભાઇઓને લઈ જાય છે પણ ગોકુળના સંબંધમાં જે ક્રુરતા દેખાય છે તે આખા જગતના સંબંધમાં કલ્યાણકારી હતું. વળી શરીરના સંબંધમાં જોતાં સ્થૂળ દેહનો મોહ ઓછો થાય અને જીવ માનસિક ભુમિકામાં મથન કરે ત્યારે સ્થૂળ ઇંદ્રિયોના વિલાસ બંધ જોતાં તેઓ ટટલે અને રોય પણ જીવની ઉન્નતિ થવાને માટે એમ થવાની જરૂર છે. અક્રુર કર્મ કાંડી અને તેમજ ભક્તિવાળો હતો તેથી કંસાસુર તેનેજ તેડવા મોકલે એ ઘણુજ યોગ્ય છે.

આવાં આવાં પરાક્રમી ચરિત્ર અને લીલા કરીને, આખા ગોકુળ ગામને પોતાની પાછળ ઘેલું બનાવી, ગોકુળ ગામને વશ કરીને શ્રી કૃષ્ણજી, પોતાના બાંધવ શ્રી બળદેવજીને તથા ગોપમંડળને સાથે લઈ મથુરાં ભણી ચાલ્યા.

શ્રી મથુરાં નગરીમાં ગોપમંડળ સહિત **શ્રી** કૃષ્ણજી પધારીને તે ભૂમિને પોતાના પાદારવિંદથી પવિત્ર કરે છે. જીવાત્માનું પ્રથમ જે ઢાંકણુ હતું તે ઢાંકણુ અહિં બદલાય છે. આજ સુધી જે વસ્ત્રો શોભતાં હતાં તે વસ્ત્ર હવે બદલવાનાં થાય છે. મથુરાં નગરીમાં પ્રવેશ કરતાં ધોબી મળે છે અને તેની પાસેનાં વસ્ત્રો લઈને તે વસ્ત્રો પોતે, તથા શ્રી બળદેવજી ધારણ કરે છે અને ગોપમંડળને પણ તે નવાં વસ્ત્ર પહેરાવે છે. આગળ જતાં માળી વ્રજવાસીઓને નાના પ્રકારના પુષ્પો અને માળા અર્પણ કરી કૃતાર્થ થાય છે. આ માળીનું નામ હરિવંશના ૮૪ માં અધ્યાયમાં ગુણક આપેલું છે. શું આ નામ ઘણુંજ અર્થવાચક અને સૂચક નથી? આપુષ્પોની સુવાસ ચારે દિશા પ્રસરી રહે છે, અને વિચિત્ર વેશ ધારી બન્ને બાંધવો પોતાના સખાઓની સાથે આગળ ચાલે છે. મથુરા નગરીની સ્ત્રીઓ આ સુંદર સ્વરૂપનાં દર્શન કરતાં તૃપ્ત થતી નથી અને ગોકુળની ગોવાળણિઓને અત્યંત ભાગ્યશાળી માને છે. નગરવાસિયો સર્વે મોહિત થઇ જાય છે. એવામાં માર્ગેથી જતી કંસની દાસી કુબ્જા આવી મળે છે. તે સુગંધી ચંદનનું પાત્ર લઇને ચાલી જાય છે અને તે ચંદનની તેની પાસેથી સકળ જગતના સ્વામિ યાચના કરે છે. કુબ્જા શ્રી કૃષ્ણજીનાં સુંદર સ્વરૂપથી મોહ પામે છે અને ઓવારણા લે છે, ચંદન તેમને અર્પણ કરે છે. આ ભકિતથી પ્રસન્ન થઇ શ્રી કૃષ્ણજી તેના ઉપર મોટો ઉપકાર કરે છે. એ કુબ્જા વક્ર શરીરની હતી તેને શ્રી કૃષ્ણજી તેના પગના અંગુઠા અને હડપચી પકડીને મોહજાળમાં ફસાવી નાખે એવી સ્વરૂપવાન યુવતિ બનાવી દેછે. શ્રીમદ્ ભાગવતના દશમ સ્કંધના પૂર્વાર્ધના ૪૨ માં અધ્યાયમાં કહ્યું છે કે "પછી ભગવાને પોતાના પગવતી પેલી સ્ત્રીના બે ફણા દબાવી હાથની બે આંગળીઓને ઉંચી કરીને, તેના વતી તે સ્ત્રીની દાઢી પકડીને તે સ્ત્રીના શરીરને ઉંચે ખેંચ્યું. આમ ખેંચવાથી તે સ્ત્રીનું અંગ પાંસરૂં તથા સરખું થઇ ગયું." કુબ્જા આશ્ચર્યમાં લીન થઇ જાય

એમાં શું નવાઈ. **શ્રી** કૃષ્ણ ભગવાનના ઉપર તે મોહિત થાય એમાં શું વિસ્મય! તે **શ્રી** કૃષ્ણજીને કહે છે કે હે પ્રભુ તમે મારા મનને મથી નાખ્યું છે, અને હું તમારો ત્યાગ કરી શકતી નથી માટે મારી સાથે મારે ઘેર ચાલો. **શ્રી** કૃષ્ણ ભગવાન ઉત્તર આપે છે કે " હે સુંદર ભૃગુટીવાળી સ્ત્રી ! અમે વટેમાર્ગુઓ ઘર વિનાના છૈયે તેઓને તુંજ પરમ આશ્રય છે. હું મારૂં કામ સિધ્ધ કર્યા પછી પુરૂષોની માનસિક પીડાને હરનાર જે તારૂં ઘર ત્યાં આવીશ." દશ મસ્કંધમાંના આ વર્ણનનો પ્રત્યેક શબ્દ મનન કરવા જોગ છે. " વટેમાર્ગુઓ ઘર વિનાના છૈયે, અને તેનો તુંજ પરમ આશ્રય છે," એમાં કાંઇ મર્મ રહેલો છે કે તે વ્યર્થ ભાષણ છે? કુબ્જાનું બીજું નામ **સૈરંધ્રી** છે. સૈરંધ્રી માટે અમર કોષના દ્વીતીય કાંડમાં લખ્યું છે કે:—

"सैरंध्री परवेश्मस्था, स्ववशा शिल्पकारिका
असिन्की स्यादवृद्धा या प्रेष्यांऽतः पुरचारिणी "

ટીકામાં કહ્યું છે કે

उक्तं तुकात्येन । चतुःषष्टि कलाभिज्ञा, शील
रूपादि सेविनी । प्रसाधनोपचारज्ञा सैरंन्ध्री परिकीर्तितेति, ॥

અંતઃપુરને વિશે ફરવાવાળી, કળામાં કુશળ ઇત્યાદી ઘણુંક સૂચવે છે. એનું નામ **ત્રિવક્રા** છે. ત્રિવક્રા એટલે ત્રણ મુખવાળી. આ બધું વર્ણન બુદ્ધિને અને સુષુમ્ણાને બન્નેને લાગુ પડતું દેખાયછે. મૂળ ચેતનનો અંશ જે જીવ તેની પ્રથમ ઉપાધિ બુદ્ધિછે. ચેતનની વ્યકતિ ઉપાધિ વિના થતી નથી એટલે ઉપાધિ તેનો આધાર અથવા આવરણ છે. પ્રકૃતિરૂપ જે બુદ્ધિ તે ત્રણ પ્રકારની છે, સાત્વીક, રાજસિક અને તામસિક. તે હંમેશ યુવાવસ્થાવાળી છે. એ બુદ્ધિનો વ્યવહાર જ્યાં સુધી સિધો થાય નહિ ત્યાં સુધી આત્માની ઓળખ થાય નહિં. અંતરમાં ફરનારી, નાના પ્રકારના રૂપ દર્શાવનારી તે છે. સુષુમ્ણા નાડીની ગતિ પણ વક્ર છે. તે પણ અંતઃપુરમાં ફરનારી અને અનેક રૂપ દર્શાવનારી છે. એ જ્યારે સીધી થાય ત્યારે પ્રાણના ઉપર પૂર્ણ સત્તા મળે છે. આ બન્નેનું ધામ માનસીક પીડાને હરનારૂં છે. એની સાથે જીવ જ્યારે રમણ કરેછે ત્યારે મનની વૃત્તિઓ સ્થિર,

જડરૂપ બની જાય છે અને કેવળ શાંતિ વરતી રહે છે. વળી શ્રી કૃષ્ણ પરમાત્માએ કહ્યું છે કે હું મારૂં કામ સિદ્ધ કીધા પછી તારે ઘેર આવીશ. જ્યાં સુધી રજોગુણમાં જીવ રહેલો છે અને વ્યવહારિક કાર્યો તે કરે છે ત્યાં સુધી આ સુંદરીના વિલાસનું સુખ તેને મળતું નથી. **શ્રી કૃષ્ણ ભગવાનને** મથુરાંમાં હજી દૈત્યોની સાથે યુદ્ધ કરવાનું હતું, **કંસને** મારવાનો હતો, ઇત્યાદિ બીજા કાર્યો પણ કરવાનાં હતા, તેથી તેઓ કહે છે કે એ કરવાના કામ પુરાં થયેથી હું તારે ત્યાં આવીશ આ વચન પાછળથી પાળવામાં આવે છે. તે સમયે **શ્રી કૃષ્ણજી** પોતાના પરમ ભકત ઉદ્ધવજીને લઈને કુબજાને મંદીર પધારે છે અને ત્યાં તેની સાથે રમણ કરે છે ઉદ્ધવજીને સાધારણ રીતે ઓધવજી કહેવામાં આવે છે, તેને આવા વિલાસની વેળાએ લઇ જવાનું શું પ્રયોજન? ઓધવનું શું સ્વરૂપ છે તે હવે પછી કહેવામાં આવશે અને તે જ્યારે સમજાશે ત્યારે તેમની સન્મુખ આ લીલા થઈ તે યોગ્યજ હતું એમ સંશય રહિત જણાશે એ પ્રમાણે કુબજાની વાર્તાનો મર્મ સમજાય છે. એ પ્રમાણે જો તેમાં કંઈ ગુપ્ત અર્થ નહિં હોત તો ઉદ્ધવની સમક્ષમાં લીલા કીધી–વિલાસ કીધો એ વર્ણન અસંભવિત અને કેવળ મુર્ખાઇ ભરેલું દેખાત. નિર્લજ્જતા અને બેહાપણું દર્શાવવાનો **શ્રી વ્યાસજી** જેવા મહા સમર્થ અને અવતારી મહાત્માનો કદી પણ હેતુ હોયજ નહિં એમ પ્રત્યેક સુજ્ઞ સ્વિકાર્યા વિના રહેશે નહિં.

ત્યાર પછી ધનુષ્ય શાળામાં જઈ કંસાસુરનું આયોગવ નામનું જે ધનુષ્ય હતું તેને બળથી ખેંચી **શ્રી કૃષ્ણજી** કકડે કકડા કરી નાખે છે. એ સ્થળને ધનુર્યાગ પણ કહે છે. યાગ એ યજ્ઞ ઉપરથી છે. યજ્ઞ શાળા તે યજ્ઞ કરવાની જગા–ભોગ આપવાની જગા. ધનુષ તુટી જતાં ભયંકાર શબ્દ થઇ રહ્યો, અને **કંસાસુર** પણ કંપ્યો. "આયોગવ" શબ્દ અને "અયોગવ" શબ્દ એકજ અર્થ વાચક છે. યોગ શબ્દ યુજ એટલે જોડવું તે ઉપરથી થયલો છે. અયોગ્ય રીત સંયુક્ત થયલું અથવા જોડાયલું એવા અર્થની અયોગવ શબ્દથી ધ્વનિ થાય છે. આપણે વારંવાર આર્ય રૂષિયોના રચેલાં ધર્મનાં પુસ્તકોમાં વાંચીએ છૈયે કે આત્માની ઓળખ કરવાને એક બિંદુને લક્ષીને તે વેધવાની જરૂર છે. એ વેધ કરવામાં ધનુષનો ઉપયોગ કરવાનો છે અને તે ધનુષ તે પ્રણવ અથવા તો કોઇપણ મંત્ર છે. મંત્રમાં શબ્દની ઘટતી રચના

હોય છે. વળી શબ્દમાં સૂર રહેલા છે અને મંત્રનું ઉચ્ચારણ કરવામાં યોગ્ય સૂર નિકળવા જોઇએ. વેદનો મહીમા મંત્રના સૂરમાં રહેલો છે. સૂર જો બરાબર સમજાય નહિ અને મંત્રનું ઉચ્ચારણ થાય તો પ્રતિકુળ સૂર એક બીજાની સાથે મિશ્ર થઇ જાય અને તેનું પરિણામ સારૂં આવે નહિં. જે શુભ હેતુ પાર પાડવા માટે મંત્ર કહેલા છે તે હેતુ ત્યારે પાર પડતો નથી. વળી સટીક લલીતા શહસ્ત્ર નામના પુસ્તકમાં સનત્ કુમાર સંહિતા તથા માત્રિકાવિવેકના આધાર આપી વર્ણ અથવા અક્ષરના જુદા જુદા રંગ છે એમ લખેલું છે. હવે રંગની રચના જો બરાબર થઇ હોય તો શોભા તથા અસર સારી થાય છે: આ ઉપરથી ધનુષ્યના કકડા કરી નાખ્યા એનો અર્થ એમ થાય કે મંત્રનું શુદ્ધ ઉચ્ચારણ જતું રહ્યું હતું અને તેને બદલે ગમે તેવા સ્વરો કહાડવામાં આવતા હતા, તે રીતી બંધ થઇ. સાચા સ્વર સહિત મંત્રનું ઉચ્ચારણ થયા વિના જીવની આગળ વૃદ્ધિ થતી નથી. આ ધનુષ્યને ઇંદ્રનું ધનુષ એમ કંઇક જગે લખેલું છે અને તેથી ઉપર કહેલા વર્ણના અનેકનું દર્શન થાય છે. વળી બીજી વાત ધ્યાનમાં રાખવાની છે કે જેને સૃષ્ટિના અથવા કુદરતના નિયમો કહે છે તે નિયમો ઉપર સત્તા ચલાવનારી શક્તિઓ તે મંત્ર છે. એ શકિતનો ઉપયોગ સારો પણ થાય અને માઠો પણ થાય. સ્વાર્થ સાધવાને માટે જે ઉપયોગ થાય છે તે નબળામાં નબળો—વામ માર્ગનો ગણવાનો છે, કેમકે તેથી જન મંડળનું ઘણુજ અહિત થાય છે. માટેજ અધિકારી વિના કોઇને ઉપદેશ નહિ આપવો એમ કહ્યું છે. આ ધનુષના કકડા થતાંજ ચારે દિશાએ મોટો ગંભીર શબ્દ પ્રસરી ગયો અને કંસાસુર ચોંકી ઉઠયો. તેણે પોતાનો દુષ્ટ હેતુ સાધવા માટે ચાંપતા ઉપાય યોજવા માંડયા પણ દિવ્ય સત્તાની સામુ આસુરી બળ છેવટ સુધી નીભતું નથી. બીજે દીવસે તેણે પોતાની સન્મુખ **શ્રી કૃષ્ણ** અને **બળદેવજીને** આણુવા માટે આજ્ઞા કરી. **કંસે** મલ્લ યુધ્ધનો અખાડો રચાવ્યો, હજારો લોકો જોવાને ત્યાં ભેગા થયા. કંસ પણ ઉંચા માચડા ઉપર ચડીને બેઠો અને બેડીથી બંધન કરેલાં **વસુદેવ દેવકીને** પણ ત્યાં તેડાવીને બેસાડયાં. મલ્લ અખાડાની આગળ એક મહા મદોન્મત હાથી જેને માવતે બીજી રીતે પણ મસ્ત કીધો હતો તેને ઉભો રાખેલો હતો. તે માર્ગને રોકતો હતો અને જ્યારે **શ્રી કૃષ્ણ** અને

બળદેવજી ગોપ મંડળ સહિત તહિં પધાર્યા તો વચ્ચે આ વિઘ્ન દીઠું. એ હાથીનું નામ કુવલ=યા=પીડ હતું. તેને માવતે શ્રી કૃષ્ણજીના ઉપર હંકાર્યો અને બેની વચ્ચે જબરૂં યુદ્ધ ચાલ્યું. અંતે **શ્રી** કૃષ્ણ ભગવાને તે હાથીને પૃથ્વી સાથે દાબી નાખ્યો, અને તેના દાંતનું શસ્ત્ર કરી મલ્લ અખાડા તરફ પોતાના પગલાં કીધાં. અખાડામાં મળેલા લોકો **શ્રી** કૃષ્ણજીને જુદે જુદે રૂપે જોય છે. તેઓ **કંસને** ધિક્કારવા લાગ્યા કે આવા કોમળ વચના અને કોમળ ગાત્રના બાળકોને મોટા મલ્લો સાથે કુસ્તિ કરવાનું કહે છે. પણ એ વખતનું વર્ણન કરવાનું અહિં વિશેષ પ્રયોજન નથી. એ મલ્લો–અસુરોનો પણ પરાજય થાય છે, અને તેઓ પ્રાણતજીને પડે છે. લોક સમસ્ત વિસ્મય પામે છે અને હાહાકાર થઇ રહે છે, એટલામાં તો **શ્રી** કૃષ્ણજી ઉંચે છલ્લંગ મારી **કંસાસુરની** ગર્દન પકડી લે છે, અને તેને માચડા ઉપરથી મરડીને નીચે તોડી પાડે છે. આવી રીતે કંસાસુરનો અંત આવે છે.

હાથી કુવલયાપીડ, ચાણુર, મુષ્ટિક, કૂટ, શલ આદિમલ્લ, ગોકુળને વિશે જે દુષ્ટ અસુરોનો નાશ થયો હતો તેવાજ હતા. કુવલયાપીડ તે દર્પ એટલે અભિમાન, ચાણુર તે દ્વેષ, મુષ્ટિક તે મત્સર (જુઓ કૃષ્ણોપનીષદ). કૂટ એટલે છળ, કપટ; શલનો અર્થ ધ્રુજવું, થાય છે, જેનો પરાજય કરવાથી સ્થિરિતા–દૃઢતા મળે છે.

કંસાસુર તથા તેનાં ભાઇઓના મરણથી તેઓની સ્ત્રી વિલાપ કરવા લાગી, પોતાના પતિના શબની પાસે આવી તેઓ વીલાપ કરતાં છેવટે કહે છે કે "તમે નિરપરાધિ પ્રાણીઓનો ભયંકર દ્રોહ કર્યો તેથી તમારી આ દશા થઇ. પ્રાણીઓનો દ્રોહ કરનારો કયો પુરૂષ કલ્યાણ પામે! આ **શ્રી** કૃષ્ણ જગમાં સર્વ પ્રાણીઓના ઉત્પતિ કરનારા, રક્ષણ કરનારા, તથા નાશ કરનારા છે; તેનો દ્રોહ કરનારો પુરૂષ કોઇ પણ દિવસ સુખ પામતો નથી." તરત વૈધવ્ય જેને પ્રાપ્ત થયું છે, તે સ્ત્રી પોતાના ધણીને માટે અને જેણે તે ધણીના પ્રાણ હરણ કરી પોતાના સૌભાગ્યનો અંત આણ્યો છે તેને માટે આ પ્રમાણેનું વ્યવહારમાં બોલે એ સંભવિત છે કે નહિં તે વિચારવાનું છે. આ ઉપરથી પણ એમ અનુમાન થાય છે એટલુંજ નહિં પણ સ્પષ્ટ જણાઇ આવે છે કે દેખાઇતા અર્થની પાછળ કંઇક ગુઢ અર્થ છુપાઈ રહ્યો છે.

આ પ્રમાણે **શ્રી કૃષ્ણજીના** વિજયનો ડંકો વાગ્યો. **કંસ** પડયો અને તેથી રાજ્ય ગાદી ખાલી થઇ પણ તેને માટે **શ્રી કૃષ્ણ ભગવાને** જરા પણ સ્પૃહા કરી નહિં. તેમણે પોતાના વડવા **ઉગ્રસેનને** રાજ્યાભિષેક કીધો. **નંદજીને** ગોપમંડળીસહિત ગોકુળ વિદાય કીધા. **વસુદેવજીના** પુત્ર રૂપે પ્રગટ થઈ ભગવાન તથા **બળદેવજી** મથુરાંમાં રહ્યા. થોડો સમય વીત્યા પછી બન્ને ભાઇઓ અવન્તિકા પુરીમાં સાંદીપની નામના બ્રાહ્મણને ત્યાં ભણવા ગયા. "અવન્તિકા" માં "અવ અને," "અંતિકા" રૂપ આવે છે. "અવ"નો અર્થ રક્ષણ કરવું થાય છે. "અંતિકા" નો અર્થ ચૂલો અથવા અગ્નિનું સ્થળ થાય છે. "અંતિક" શબ્દ જો લઇયે તો પાસે, નિકટ એવો અર્થ થાય છે. સંદીપની શબ્દ "સંદીપ" એટલે પ્રકાશવું એ ઉપરથી થયેલો છે. આ સઘળા ઉપરથી એમ સમજાય છે કે અંતરને વિશે તિમિરનો નાશ કરવાવાળું તેજ રહેલુ છે તે તેજનો પ્રકાશ થયો. એતેજ અંતરમાં પ્રગટ થતાં સઘળી વસ્તુનું જ્ઞાન થાય છે, અને તેથી કરીને **શ્રી કૃષ્ણજી** તથા **બળદેવજીને** સઘળી વિદ્યા ગુરૂને ઘેર પ્રાપ્ત થઇ એમ જે કહ્યું છે તે યોગ્યજ છે.

ગુરૂને ત્યાં વિદ્યાભ્યાસ પુરો કરી બન્ને ભાઇઓ મથુરામાં આવેછે. પણ હવે એ નગરમાં નિર્ભય પણે ઘણો કાળ કહાડવાનો નહતો. **કંસરાયની** બે સ્ત્રી નામે **અસ્તિ** અને **પ્રાપ્તિ** હતી. તેઓનો પિતા જરાસંધ હતો. જરાનો અર્થ ક્ષીણતા, વૃદ્ધાવસ્થા થાય છે. સંધ જોડવાનો અર્થ સૂચવે છે. વેદાંતના અભ્યાસિયો અસ્તિ, ભાતિ, પ્રાપ્તિ શું છે તે સારી રીતે જાણે છે. નાસ્તિથી ઉલટો શબ્દ અસ્તિ. નાસ્તિ એટલે નથી; અસ્તિ એટલે છે. કોઇપણ વસ્તુનું ખરેખરૂં અસ્તિત્વ, હોવાપણું તે અસ્તિથી છે. પ્રાપ્તિ શબ્દ પ્રાપ્ત કરવું, મેળવવું એવો અર્થ બતાવે છે. વારંવાર વૃદ્ધાઅવસ્થા અથવા શરીરની ક્ષીણતા થતાં, જીંદગીનો ખરેખરો અંત આવતો નથી. જન્મથી મર્ણ અને મર્ણથી જન્મ છે. એ સંકળના સાધારણ રીતે ચાલીજ જાયછે. જીવ આ પ્રમાણે જન્મે છે, મરણ પામેછે અને ફરીથી જન્મે છે. જન્મ મરણના ચક્રમાં આ પ્રમાણે જે ભ્રમણ થાય છે તેનું કારણ કર્મ છે. કર્મને આધીન જીવ છે, અને જીંદગીને આધીન કર્મ છે. જરાસંધ મહા સમર્થ હતો અને અનેક રાજાઓને તેણે કેદ કરેલા હતા. પાછળથી જ્યારે જરાસંધનો પરાજય થઈ અંત આવે છે ત્યારે એ કર્મ બંધનના પાશમાંથી રાજાઓ મુક્ત થાય છે. તે વખતે એ

રાજાઓએ શ્રી કૃષ્ણ ભગવાનને, પોતાનાં દુઃખ નિવેદન કરવા અને બંધિખાનામાંથી મુકિત આપવા માટે સંદેશો મોકલ્યો હતો. તેમાં તેઓએ એમ કહાવ્યું હતું કે "હે શરણાગતના ભયને ભંજન કરનારા અમે ભેદ દૃષ્ટિવાળા છૈએ, સંસારથી ડરીએ છીએ. શાસ્ત્રમાં નિષિદ્ધ કરેલાં સકામ કર્મમાં પરાયણ રહેલો મનુષ્ય તમે કહેલા તમારા પોતાનાં પૂજનરૂપી કુશળ કર્મમાં હજી ગાફલ હોય છે તેટલામાં તો બળવાન કાળ તેની જીવનની આશાને તોડી નાંખેછે + + અમે નિરંતર ભયથી ભરેલી આ શબ તુલ્ય શરીરથી કેવળ સ્ત્રી પુત્રાદિકનીજ ચિંતા કર્યા કરીએ છૈએ. અરે રે!!! અમે આ દશાની પૂર્વેજ નિષ્કામ થઇ ને તમારો આશ્રય કર્યો નહી તે ઘણુંજ ભુંડું કર્યું; કારણકે નિષ્કામ પુરૂષોને મળી શકે તેવું સ્વતઃ સિદ્ધ સુખ તજી, તમારી માયા વડે, આ લોકમાં અત્યંત રાંક થઇને દુઃખ ભોગવીએ છીએ; માટે જેમનાં ચરણારવિંદને પ્રણામ કરનારાઓના શોકને ટાળનારાં છે એવા આપ અમને **જરાસંધ** નામના કર્મ **બંધનમાંથી** છુટા કરો." (દશમસ્કંધ ઉત્તરાર્ધ્ધ અધ્યાય ૭૦).

જરાસંધના ખરા સ્વરૂપનો મર્મ આથી પ્રગટ થાય છે. જ્યાં સુધી જીંદગી છે ત્યાંસુધી કર્તવ્ય છે એમ સમજીને નિષ્કામ કર્મ કરવાનો નિયમ અહિં સમજાવ્યો છે. એ જરાસંધ પુત્રીઓને પડેલા દુઃખનું વેર લેવાને માટે સત્તરવાર મથુરાં ઉપર ચડાઇ કરેછે અને હારીને પાછો જતો રહેછે. અઢારમી વાર જ્યારે તે આવે છે ત્યારે શ્રી કૃષ્ણજી દ્વારકાંપુરી રચાવીને મથુરાંના સર્વ વાસીઓને ત્યાં લઇ જાયછે. ઉપલો મર્મ ધ્યાનમાં રાખતાં, **શ્રી કૃષ્ણ પરમાત્માને** પૃથ્વી ઉપર રહીને હજી ઘણાં કામ કરવાનાં હતાં તેથી **જરાસંધનો** વહેલો અંત નથી આણ્યો એમ સહજ સમજાશે. **જરાસંધ** મથુરાંને ઘેરીલેછે તેજ અવસરમાં **કાળયવન** નામનો એક બીજો રાજા બીજી બાજુએથી ચડી આવે છે. એ સમયનું વર્ણન કરતાં શ્રી કૃષ્ણજીને માટે "**આત્મજ્ઞાની શ્રી કૃષ્ણ ભગવાન**" એમ વ્યાસજી ભણે છે. એ કાળ યવન જેને વિષ્ણુ પુરાણના ૫ મા અંશના ૨૩ મા અધ્યાયમાં "પાપ રૂપ કાળ યવન" કહ્યા છે તેને મુચુકુંદ પાસે શ્રી કૃષ્ણ ભગવાન બાળીને ભસ્મ કરાવી નાખે છે. એ મુચુકુંદ ઇક્ષ્વાકુ અને માંધાતાના વંશનો હતો એ ગુફામાં સુઇ રહેલો હતો. જ્યારે કાળયવને તેને જગાડયો અને તેને શ્રી કૃષ્ણ ભગવાનનાં

દર્શન થયાં ત્યારે તે ગુફામાંથી બહાર નિકળે છે અને જોય છે તો સઘળાં મનુષ્યો, પશુઓ, લતા અને વનસ્પતિઓ નાના કદના થઈ ગએલાં તેના જોવામાં આવ્યાં, અને તેથી કળીયુગ આવ્યો એમ સમજી તે ઉત્તર દિશામાં ચાલી ગયો. આ મુચુકુંદ આગળ થઈ ગયલી મનુષ્ય જાતિનો હતો એમ આ ઉપરથી મનાય છે. તે કેટલામી જાતીનો હતો તે નિશ્ચય કરવાની જરૂર નથી. વળી એ મુચુકુંદ શ્રી કૃષ્ણ ભગવાનની સ્તુતિ કરે છે કે " હે શરણ આપનારા! હે પરમાત્મા! આ સંસારમાં હું ઘણા દહાડા થયાં કર્મોનાં ફળોથી પીડા પામું છું, કર્મોની વાસનાથી બળ્યાં કરૂં છું, મારા છ ઇંદ્રિયોરૂપી શત્રુઓ પણ તૃષ્ણા રહિત થતા નથી, તેમ કોઈ પણ રીતે મને શાંતિ વળતી નથી, એવો હું માંડ માંડ નિર્ભય, સત્ય તથા શોક રહિત તમારાં ચરણારવિંદને શરણે આવ્યો છું, માટે હે ઇશ મને શરણાગતને પાળો." શ્રી કૃષ્ણજી તેને વરદાન આપી કહે છે કે તું આવતા જન્મમાં સર્વ પ્રાણીઓનો ઉત્તમ મિત્ર, એક શ્રેષ્ટ બ્રાહ્મણ થઇને મારાં અદ્વૈત સ્વરૂપને પામીશ. આ પ્રસંગ અત્યંત આનંદ અને શિક્ષા આપે છે. જે કંઇ દુષ્ટ કર્મ હોય છે તેનાં ફળને નાશ કરનારાં સારાં કર્મ હોય છે. દ્વેષને દુર કરવા માટે સ્નેહ છે, અંધારૂં હોય ત્યાં સુધી અજવાળું હોય નહિં. એક વસ્તુ હોય ત્યાં બીજી વસ્તુ આવે નહિ ત્યાં સુધી તે વસ્તુ ત્યાં રહે છે માટે દુષ્ટ કર્મને બદલે સદ્કર્મ આવે ત્યારે દુષ્ટ કર્મ નાશ પામે છે. માત્ર સદ્ કર્મ કીધાથી મોક્ષ થતો નથી, ભગવાનની ભકિત થાય, પણ માત્ર ભકિત એ હેતુ પાર પાડવાને અસમર્થ છે, કેમકે જ્ઞાન વિના મોક્ષ નથી, બ્રહ્મને જાણે—ઓળખે તેજ બ્રાહ્મણ એમ શાસ્ત્ર વાણી છે અને તેથી મુચુકુંદ જે ક્ષત્રિ હતો અને ભકત હતો તેને બીજો અવતાર બ્રાહ્મણનો આવશે એમ કહ્યું છે. જ્ઞાન થતાં દ્વૈતનો નાશ થાય અને અદ્વૈતનો ઉદય તેજ મોક્ષ.

એ મુચુકુંદ માટે હરિવંશના ૧૧૫ મા અધ્યાય પ્રમાણે તે ત્રેતાયુગમાં થઇ ગયો હતો. તે માન્ધાતાનો પુત્ર અસુર અને દેવતાઓનું યુદ્ધ થયું તેમાં અગ્રભાગ લેનારો હતો. શ્રી કૃષ્ણ ભગવાનનાં દર્શન થતાં તેમનું સ્વરૂપ ઘણુંજ નાનું તેને લાગે છે અને તેથી તે પુછે છે કે હું કયા કાળમાં સુતો હતો અને હમણા કયો કાળ ચાલે

છે. આર્યપ્રજા એ પાંચમી મનુષ્ય જાતી છે, તેની પહેલાં ચાર મનુષ્ય જાતી થઈ ગઈ છે, અને તે જાતીનાં કદ ઘણાજ મોટાં હતાં. મુચુકુંદ ત્રીજી જાતીનો હતો કે ચોથીનો તેનો અહિં નિર્ણય કરવાની જરૂર નથી, એટલુંજ કહેવું બસ છે કે આગલી મનુષ્ય જાતીનો જે અંશ રહી ગયેલો તેમાંનો તે હતો. આજ પ્રમાણે **શ્રી બળદેવજીના લગ્નની** કથામાંથી પણ આગળની જાતના મનુષ્ય વર્ગનો અંશ **શ્રી કૃષ્ણ ભગવાનના** સમયમાં રહી ગયેલો હતો એ વાત સૂચવી છે. જેમ જેમ વખત જતો ગયો તેમ તેમ માણસનું શરીર વિશેષ ઘટ થતું ગયું અને તે જેમ જેમ ઘટ થતું ગયું તેમ તેમ શરીરનું પ્રમાણ ઓછું થવા લાગ્યું.

ઉપર જે **કાળયવન** કહ્યો તે હરિવંશ પ્રમાણે યવનનો અધિપતિ હતો. (જુઓ અધ્યાય ૧૧૦) મથુરાં નગરી મધ્યેના અગત્યના પ્રસંગો આ હતા. હજી બીજાં કામ કરવાનાં ઘણાં હતાં પણ તેને માટે મથુરાં નગરી અનુકુલ નહોતી. તેના કરતાં વિશેષ સુંદર એવી **દ્વારીકાંપુરી** જે વિશ્વકર્માએ પોતે **શ્રી કૃષ્ણજીની** આજ્ઞાથી રચી હતી તે મધ્યે રહીને કરવાનાં હતાં. વિશ્વકર્માની રચેલી એ નગરી હતી. એનો પણ મર્મ છે, કે જે આગળ જતાં આપણે સમજવાને પ્રયત્ન કરી શું. હવે **શ્રી કૃષ્ણજીનાં** દર્શન આપણે **દ્વારીકાંપુરીમાં** કરી શું.

ભાગ ત્રીજો.

દ્વારિકાં અથવા દ્વારકાં તે શું ? દ્વારકાં મહાત્મ વિશે થિઓસોફીસ્ટ નામના માસિક ચોપાનિઆના ૧૭ માં વૉલ્યુમમાં પાને ૨૧૪ મે એક કથા આપેલી છે, તે કથાની નીચે જે ટીપણ આપ્યું છે તેમાં એવું સૂચવ્યું છે કે દ્વારકાં તે મૂળાધાર ચક્ર છે. સ્વર્ગમાં જવાનું પ્રથમ પગથિયું એ ચક્ર છે. ખરૂં છે કે અયોધ્યા, મથુરાં, માયા, કાશી, કાંચિ, અવંતિકા, અને દ્વારકાં, એ સાત જાત્રાંના સ્થાન શરીરમાં **સહસ્રારથી** તે **મુળાધાર** સુધીના ચક્રોને માટે કહેવાય છે. પરંપદ પામવાને માટે નીચેથી ઊંચું ચડવું જોઇયે અને તેથી મૂળાધારથી પ્રયત્ન કરવાનું છે, પણ મને એમ લાગે છે કે દ્વારકાંનો અર્થ અહિં મૂળાધાર લેવાનો નથી. આપણે ગોકુળને સ્થૂળ શરીર ગણ્યું છે અને મથુરાંને સૂક્ષ્મ શરીર ગણેલું છે, તો દ્વારકાં કારણ શરીરને માટે હોવું જોઇયે. પૃથ્વી, અંતરિક્ષ અને સ્વર્ગને એ ત્રણ અનુસરે છે. હવે દ્વારકાંનો અર્થ દ્વાર, માર્ગ, થાય છે. સ્વર્ગનો વર્ણ સુવર્ણનો છે અને તેમજ કારણ દેહનો વર્ણ પણ તેજ છે. દ્વારકાંનુ વર્ણન જ્યાં જ્યાં આપેલું છે ત્યાં ત્યાં તે સુવર્ણનું રચેલું હતું એમ જોવામાં આવે છે. તો દ્વારકાં કારણ દેહ અથવા સ્વર્ગ દર્શક છે. સ્થૂળ દેહ અને સૂક્ષ્મ દેહ અથવા લિંગ દેહને સત્તામાં આણ્યા પછી જીવ કારણ દેહમાં રહિને પ્રકાશે છે, તેથી શ્રી કૃષ્ણજી હવે દ્વારકામાં બિરાજે એજ વાસ્તવિક છે. દ્વારકામાં રહીને પોતે રાજ્યાસન ઉપર બીરાજી રાજ કરતા નથી. તે કરવાવાળા ઉગ્રસેન છે, પોતે તો ત્યાં રહીને, અકર્તા સર્વનું પાલન પોતાના તેજ વડે કરે છે.

દ્વારકામાં રહીને શ્રી કૃષ્ણ ભગવાને જે જે ચરિત્રો અને પરાક્રમો કીધાં છે તેને સર્વનું અવલોકન કરવું એ ઘણુજ કઠિન કામ છે. એ સર્વનો અનુક્રમે વિસ્તાર કરવાનો અહિં પ્રયત્ન નથી, અહિં તો માત્ર દિગ્દર્શન છે. બધા પ્રસંગોમાં છુપો મર્મ રહેલો છે એટલુંજ બતાવવું એ હેતુને માટે જે જે સૂચના આપવાની છે તે તે આપણે આપીશું. દ્વારકામાં શ્રી કૃષ્ણજીને પોતાના કુટુંબ વર્ગથી અને મિત્ર તથા પ્રજા મંડળથી વિંટલાયલા શાંતિ અને આનંદ વિસ્તારતા સર્વ સુખના કારણ રૂપ આપણ જોઇયે છે. આ જન સમુહનો મર્મ

ખરૂં સ્વરૂપ આપણે જો સમજી શું તો ઘણા ખરા પ્રસંગોનો મર્મ સહેજ જાણ્યામાં આવશે.

શ્રી કૃષ્ણ ભગવાનને માટે પ્રસંગોપાત જેજે કહેવાનું તે કહ્યું છે. રામ અથવા બળરામજીને માટે કૃષ્ણોપનીષદ તપાસતાં "वेदार्थ कृष्ण रामयो" આપણે જોઇયે છૈયે. બળરામજીની માતા રોહીણી, અનુકંપા, દયા, કૃપા, રૂપ છે. ગોપાળ ઊત્તર તાપીનીમાં કહ્યું છે કેઃ—

रोहिणी तनयो विश्व, अकाराऽक्षर संभवः
तैजासात्मक प्रद्युम्न, उकाराक्षर संभवः
प्राज्ञात्मका निरुद्धोऽसौ, मकाराक्षर संभवः
अर्धमात्रात्मको कृष्णो, यस्मिन्विश्वंप्रतिष्ठितं

ૐકારમાં અ, ઉ, મ, અને અર્ધમાત્રા રહેલાં છે, તેનાં શ્રી બળરામજી, પ્રદ્યુમ્ન, અનિરૂદ્ધ અને શ્રીકૃષ્ણ ભગવાન સ્વરૂપ છે, એમ ભાખ્યું છે. બળરામજીને સંકર્ષણનું સ્વરૂપ કહેવામાં આવે છે. સંકર્ષણ તે અહંકારછે, મહત્ છે, અને મહત્થી અહંકારની વ્યકિત છે. અહંકાર ભિન્નતા કર્તા છે. જુદા જુદાં રૂપો–આકારોની ભિન્નતા, અહંકારથી છે, અને એ રૂપો તથા આકારોની ગણના નથી માટે તેને અનંત કહેવામાં આવેછે. કાળે કરીને જ્યારે જીવની શ્રેષ્ટ ઉન્નિતિ થાયછે ત્યારે આ જે અનેકતા–ભિન્નતા, તે જતી રહેછે ને એકતા રહેછે. કેટલાક વૈશ્નવ ગ્રંથોમાં બળરામજી ને રૂદ્ર–શિવનો અવતાર કહે છે. પ્રલય સમયે શંકર ત્રિલોકીને બાળીને ભસ્મ કરી નાખે છે, તેજ પ્રમાણે બળરામજી પોતાના હળથી બધું આકર્ષિ લઈ આકારની ભિન્નતાનો નાશ કરે છે. પૂર્ણેંદુ નારાયણ સિંહ કહેછે કે મંત્ર ભાગવત પ્રમાણે શ્રી કૃષ્ણ ભગવાન પોતે અંતર્યામી છે અને બળરામજી સુત્રાત્મા છે.

આ પ્રમાણે બળરામજીનું દર્શન થાયછે. પ્રદ્યુમ્ન અને અનિરૂદ્ધ ને વિશે વિશેષ આગળ અવલોકન કરીશું. आत्मा वै पुत्र नामासि. પુત્ર તે પોતેજ છે એ પ્રસિદ્ધ વાણીછે. તોપણ પુત્રનું રહસ્ય શોધવાને પ્રયત્ન કરતાં પહેલાં સ્ત્રી મંડળનાં દર્શન કરવાં અવશ્ય છે.

શ્રી કૃષ્ણજીને સોળહજાર એકસોને આઠ સ્ત્રીઓ હતી અને તેમાં રૂકિમણી આદિ આઠ પટરાણી હતી. એને વિશે કૃષ્ણોપનિષદમાં

કહ્યું છે કે એ સોળ હજાર એકસોને આઠ સ્ત્રી તે વેદની ઋચા અને ઉપનીષદો છે, અને પટરાણી તે રૂગ્વેદ છે. શ્રી કૃષ્ણ પરમાત્માનું ૐકારરૂપે દર્શન કરીએ તો ધ્યાન બિંદુ ઉપનીષદ પ્રમાણે ઓંકારના આઠ અંગ, ચાર પદ, ત્રણ પીઠ અને પાંચ દેવતા છે. ગર્ભોપનીષદમાં પણ ઓંકારની પાછળ આઠ પ્રકૃતિ કહેલી છે, તે આઠ પ્રકૃતિ તે મૂળ પ્રકૃતિ, મહત, અહંકાર, અને પાંચ તન્માત્રા છે. શુકલ યજુર્વેદનું તારસાર નામનું એક ઉપનિષદ જેનું અંગ્રેજી ભાષાંતર સં. ૧૮૯૧ ના મે માસના થીઓસોફીસ્ટમાં ૪૭૦ મે પાને છપાયલું છે. તેમાં “ ઓમ્ નમો નારાયણ ” મંત્રનું રહસ્ય સમજાવ્યું છે. તેમાં કહ્યું છે કે ઓમ્ એક અક્ષર છે અને તે આત્મા રૂપ છે. નમઃ બે અક્ષર છે અને પ્રકૃતિ રૂપ છે; નારાયણાય પાંચ અક્ષર છે અને બ્રહ્મનું શ્રેષ્ટમાં શ્રેષ્ટ રૂપ છે. ઓમ્‌થી બ્રહ્મા થાય છે, ન થી વિષ્ણુ થાય છે, મ થી રૂદ્ર, ન થી ઇશ્વર, ર થી અંડ વિરાટ, ય થી પુરૂષ, ન થી ભગવાન, અને ય થી પરમાત્મા પ્રગટ થાય છે. આ અષ્ટાક્ષર મંત્ર એજ પરમ પુરૂષ છે. વળી ઓંકાર વિશે કહ્યું છે કે અ પહેલો અક્ષર છે, ઉ, બીજો, મ ત્રીજો, બિંદુ ચોથો, નાદ પાંચમો, કળા છઠો, કળાતીત સાતમો અક્ષર છે, અને તેની પર આઠમો અક્ષર છે. એ આઠથી આઠ જુદી જુદી શક્તિ વડે આઠ જુદા જુદાં રૂપની વ્યકિત થાય છે. આ પ્રમાણે જોતાં આઠ પટરાણીજ હોવી જોઇયે અને તે પ્રમાણે શ્રી કૃષ્ણ ભગવાનને આઠ પટરાણી કહેલીછે.

વળી સોળહજાર એકસોને આઠ જે સ્ત્રી કહેલી છે તે શરીરમાં રહેલી જુદી જુદી નાડીઓ છે, કે જેના સ્વામી જીવ છે.

શ્રી કૃષ્ણ ભગવાનની આઠ પટરાણીનાં નામ રૂકિમણી, સત્યભામા જાંબવતી, કાલિન્દી, મિત્રવિંદા, નગ્નજીતી અથવા સત્યા, ભદ્રા, અને લક્ષ્મણા છે. શ્રીમત્સ્ય પુરાણમાં દશ પટરાણી કહેલી છે તેમાં સુશીલામાદિ અને વિજયા એ બે વધારે છે પણ એ સઘળી જુદી જુદી શકિત રૂપ છે. ગોપાળ તાપીની ઉપનીષદમાં કહ્યું છે કે અમુક યંત્ર આ પ્રમાણે કહાડવો અને તેમાં રૂકિમણી આદિ દેવીનાં સ્થાન બતાવ્યાં છે. એનો અર્થ કરતાં ટીકાકાર કહે છે કે એ આઠ દેવી, તે રૂકિમણી, સત્યા, નગ્નજીતી, સુનંદા, મિત્ર વિંદા, સલક્ષમાં, રત્નાક્ષિ, અને સુશીલા છે; એ સઘળી શ્રી કૃષ્ણ ભગવાનની આઠ શકિતઓ છે. કેટલાક

જે દશ શકિત માને છે તે દશ પટરાણીઓ ગણાવે છે. આ જે મતફેર છે તે મતફેર આપણે જે અનુમાન કરીએ છીએ તે અનુમાનને ટેકો આપે છે. આ આઠ પટરાણીઓને આઠ સિદ્ધિઓ કહો, આઠ કીર્ણ કહો, ગમે તે કહો પણ સઘળું એક અર્થ સૂચવે છે.

આ આઠ પટરાણીઓમાં મુખ્ય અને શ્રેષ્ઠ **રૂકિમણી** છે. તે વિદર્ભ દેશમાં કુડિનપુરના **ભીષ્મક રાજાની** પુત્રી હતાં. . અને પાંચ ભાઈ નામે, **રૂકથ, રૂકમરથ, રૂકમબાહુ, રૂકમકેશ,** અને **રૂકમ યાલી** હતા. એ ભાઈ બેનના નામોમાં **રૂકમ** શબ્દ આવે છે તે લક્ષમાં રાખવા જેવું છે. **રૂકમ** શબ્દ, તેજોમય, પ્રકાશમાન, સુવર્ણ સમાન એવો અર્થ બતાવે છે. બુદ્ધિ સુવર્ણ વર્ણની છે અને **જીવ–આત્મા** બુદ્ધિરૂપી ઉપાધિમાં–કોશમાં પ્રકાશે છે. આત્મા અવ્યકત છે અને વ્યકત થવા માટે ઉપાધિ અવશ્ય છે, બુદ્ધિના આવરણમાં પ્રવેશ થઇ તે વ્યક્ત થાય છે.

ઉપર દ્વારકાં મહાત્મ્ય જે કહી ગયા તેમાં એવી કથા આપેલી છે કે એક સમયે **દુર્વાસારૂષી** દ્વારકામાં પધાર્યા હતા અને તે સમયે **રૂકિમણીના** કઇંક અપરાધને માટે તેમણે શાપ દીધો કે **શ્રી કૃષ્ણથી** તું જુદી રહીશ. **શ્રી કૃષ્ણજી રૂકિમણીને** શાંત પાડે છે અને કહે છે કે હું **ઇશ્વર** છું અને તું **માયા** છે, હું જીવછું અને તું **બુદ્ધિ** છે અને આપણ બેની વચ્ચે વિયોગ હોયજ નહિ; અને આજ **રૂકિમણીજીનું** વાસ્તવિક સ્વરૂપ છે. એક રીતે વિચાર કરતાં **દુર્વાસાનો** શાપ પણ યોગ્ય છે કેમકે **શ્રી કૃષ્ણ પરમાત્માનું** ઉંચામાં ઉંચું **સ્વરૂપ** માયાથીપર છે.

ગોપાળ ઉત્તર તાપીની જેનો આશ્રય આપણને વારંવાર લેવો **પડે** છે તેમાં કહ્યું છે કે

कृष्णा त्मिका जगत् कर्त्री । मुलन्प्रकृति रूक्मिणी ॥

અહીં **રૂકિમણીને** મૂળ પ્રકૃતિ કહી છે તેનું પણ તાત્પર્ય જુદું **નથી.** માયા એ મૂળ પ્રકૃતિનુંજ એકરૂપ છે, એટલે જ્યાં જોઇશું ત્યાં દર્શન એકજ **મૂર્તિનું** છે. **શ્રી મદ્ભાગવતના** દશમસ્કંધના ઉત્તરાર્દ્ધનો ૬૦ મો અધ્યાય જેમાં **શ્રી કૃષ્ણજીએ રૂકિમણીજી** સાથે પ્રેમ કલહ કરીને પાછળથી કરેલી સાંત્વનાનુ વર્ણન છે તે અત્યંત ઉપદેશક છે. **રૂકિમણીજી** તેમાં **શ્રી કૃષ્ણ પરમાત્માનું** સાચું **સ્વરૂપ**

યથાર્થ વર્ણવે છે અને તે મનન કરવા જેવું છે. શ્રી કૃષ્ણે હાસ્ય કરતાં કહ્યું કે "અમે જે તમારા સમાન નથી, તેઓને તમે શા માટે વર્યાં" તેનો ઉત્તર રૂક્મિણીજી વાળે છે કે "હે કમળ નયન! તમે કહ્યું કે અમને અસમાનને તમે શા માટે પરણ્યાં! એ વાત એમજ છે. હું આપ વ્યાપક **ભગવાનનાં** સમાન નથી, કારણ કે પોતાનાં સ્વસ્વરૂપાનંદમાંજ મગ્ન રહેનારા અને બ્રહ્માદિક દેવતાઓના અધિપતિ એવા આપ ક્યાં અને અજ્ઞાનિયો જેમનાં ચરણનું સેવન કરેછે, એવી ગુણમય—પ્રકૃતિ રૂપ હું ક્યાં"? **પુરૂષ** અને **પ્રકૃતિ**, **જીવ** અને **માયા**, **જ્ઞાન** અને **અજ્ઞાન**, **ચેત** અને **અચેત** એ જોડાંઓમાં સરખા ગુણ નથી અને તે છતાં તે જોડાં બંધાયલાં છે તેથીજ વિશ્વની વ્યક્તિ છે. આ પ્રમાણે શ્રી **મદ્ભાગવત**ના દશમ સ્કંધનો અર્થ કરવા માટે પ્રસંગોપાત શ્રી **વ્યાસજી**એ આંગળીથી માર્ગ બતાવી દીધો છે, આ ઇસારા આપણે નહિ ગણકારતાં જો ખોટા અર્થને માર્ગે આંખ મીચીને ચાલ્યા જઇએ તો ભુલ આપણી પોતાની છે અને તેમાં શ્રી **વ્યાસજી**નો કંઇજ દોષ નથી— **રૂક્મિણીજી**નું જ્યારે **શ્રી કૃષ્ણ ભગવાને** હરણ કીધું તે વેળાએ રૂક્મિણીજીનો ભાઇ **રૂક્મી** સામો થઈ લડયો હતો અને તેનો પરાજય થતાં તેને રથની સાથે બાંધવામાં આવ્યો હતો. આ પ્રસંગે શ્રી કૃષ્ણ **ભગવાને રૂક્મિણી**ના તરફ જોઇને કહ્યું કે સર્વ પ્રાણીઓનું ભુંડું ઇચ્છનારા તમારા ભાઇઓનું તમે અજ્ઞાનીની પેઠે નિરંતર ભલું ઇચ્છો છો, તે બાબતમાં તમારી એક વિષમ બુદ્ધિ છે. દેહને આત્મા કરીને માનનારા મનુષ્યોને, આ મિત્ર, આ શત્રુ, આ ઉદાસીન, આ પ્રમાણે અંતઃકરણમાં મોહ થાય છે, તેમાં ઇશ્વરની માયાજ કારણ છે." અહિ **ભીષ્મ**ના પુત્રોનું સ્વરૂપ પણ ખુલ્લી રીતે દેખાડી દીધું છે.

બીજી **સ્ત્રી સત્યભામા** પૃથ્વીના અંશરૂપ હતી એમ દશમ સ્કંધના ઉત્તરાર્દ્ધના ૫૯ માં અધ્યાયના બીજા શ્લોકની ટીકા ઉપરથી માલમ પડેછે. **કૃષ્ણોપનીષદ**માં પણ **સત્યભામા**ં "**ધરા**" કહેલી છે. ધારણ કરે તે **ધરા** માટે શરીર વાચક પણ સમજાય. **સત્યભામાના** સંબંધમાં એવી કથા છે કે એક સમયે **નારદમુનિ**એ પારિજાતકનું પુષ્પ લાવીને શ્રી **કૃષ્ણ ભગવાનને** આપ્યું અને તેમણે પોતાની પાસે બેઠેલા **રૂક્મણીજી**ને તે આપ્યું. આ વાતની **સત્યભામાજી**ને ખબર થતાં

તેણે કલહ કર્યો, અને તેમને શાંત અને પ્રસન્ન કરવા ઇંદ્રિનાં નંદન વનમાંથી પારિજાતકનું વૃક્ષ શ્રી કૃષ્ણ ચંદ્ર લાવ્યા અને સત્યભામાજીના મંદીરઆગળ તે રોપ્યું. હરિવંશના ૧૨૪-૧૨૫-૧૨૬ અધ્યાય ઉપરથી જણાય છે કે એ વૃક્ષ કશ્યપજીએ રોપેલું હતું ને તેનું બીજું નામ કલ્પવૃક્ષ છે. મનકામના પૂર્ણ કરનારૂં જે વૃક્ષ તે કલ્પવૃક્ષ. કશ્યપ તે આકાશ દર્શક છે. આકાશ સર્વ શકિતનું અને સિદ્ધિનું ધામ છે, માટે કશ્યપજીએ રોપેલું એ યથાર્થ છે. મનની તમામ ઈચ્છા પરિપૂર્ણ થતાં આનંદ થાય છે અને તેથી નંદન વન જે આનંદ દર્શક છે તેમાં તે વૃક્ષ શોભે છે, એ વન ઇંદ્રના તાબામાં છે. ઇંદ્ર તે મન રૂપ છે. જ્યાં સુધી મન વશ થાય નહિં ત્યાં સુધી સિદ્ધિની પ્રાપ્તિ હોયજ નહિં અને એ સિદ્ધિની પ્રાપ્તિ થઇ નથી ત્યાં સુધી આનંદ આપવા વાળી ઇચ્છિત વસ્તુ મળે નહિં. તેથી એ પારિજાતકનું વૃક્ષ લાવવા માટે શ્રી કૃષ્ણજીને ઇંદ્ર સાથે યુધ્ધ કરવું પડે છે. પુર્ણેંદુ નારાયણસિંહ પોતાના ભાગવત પુરાણમાં સત્યભામાને અંહકારિક પ્રકૃતિનું સ્વરૂપ છે એમ સમજાવે છે.

જાંબવતી જાંબુવાનની પુત્રી થતી હતી. રામાયણમાં જે જાંબવાન કહ્યા છે તેજ જાંબવાન જો અહિં હોય તો તે બ્રહ્માનો અંશ હતો અને તેથી જાંબવતી મહત્‌ની શકિત હતી એમ સમજાય છે.

એની કથા એવી છે કે સત્રાજીત ઘણો ધર્મિષ્ટ રાજા હતો. તેની સ્ત્રીનું નામ વિમળમતી હતું. તેઓ બન્ને સૂર્ય નારાયણનાં ભક્ત હતાં. તેઓનો ઇતિહાસ ભવિષ્ય પુરાણના પૂર્વાર્ધ્ધના ૧૧૨ માં અધ્યાયમાં આપેલો છે. એ સત્રાજીતને સૂર્યનારાયણે એક સ્યમંતક નામે મણી આપ્યો હતો તેનું તેજ એટલું બધું હતું કે જ્યારે સત્રાજીત એ મણી પહેરીને નીકળતો ત્યારે જાણે સાક્ષાત સૂર્ય ભગવાન પ્રગટ થયા હોય એમ ભાસતું હતું. એ મણી શ્રી કૃષ્ણ ભગવાનને માગ્યો હતો, પરંતુ સત્રાજીતે આપ્યો નહતો. સત્રાજીતનો ભાઇ પ્રસેનાજીત એક દિવશ તે મણી પહેરીને જંગલમાં ગયો હતો ત્યાં એક સિંહે તેને મારી નાખ્યો અને મણી તે લઇ ગયો જાંબવાને તે સિંહને માર્યો અને મણી લઈને તે પોતાની ગુફામાં ભરાઈ ગયો. જ્યારે પ્રસેનાજીત પાછો નહિ આવ્યો ત્યારે સત્રાજીતને શક ગયો કે મણીને માટે તેને શ્રી કૃષ્ણે માર્યો હશે. આ કલંક દુર કરવાન

શ્રી કૃષ્ણ ભગવાને જાંબવાન સાથે યુદ્ધ કીધું અને તેનો પરાજ્ય કરી મણી મેળવ્યો અને જાંબવતી પોતાની પુત્રી જાંબવતી પણ તેમને પરણાવી. શ્રી કૃષ્ણ ભગવાનને પછી સત્રાજીતને બોલાવી મણી તેને સ્વાધિન કીધો. સત્રાજીત આથી બહુજ શર્મિંદો પડી ગયો. પછી તે મણી ખાતર સત્રાજીતે જીવ ખોયો. તે વાતની સત્યભામાએ શ્રી કૃષ્ણજીને ખબર કહીને કહ્યું કે મારા પિતાને સતધનુએ માર્યો છે. શ્રી કૃષ્ણ ભગવાન અને બળરામે તે દુષ્ટની પાછળ જઈને છેવટે ચક્રવતી તેનું શીર છેદી નાખ્યું. પણ તે મણી તો તે અક્રુર પાસે નાખીને જતો રહ્યો હતો. અક્રુરજી ભયના માર્યો નાશી જાય છે પણ પાછળથી તે મણી અક્રુરજી શ્રી કૃષ્ણ ભગવાનની આજ્ઞાથી સભામાં બધાને બતાવે છે અને શ્રી કૃષ્ણ ભગવાન અક્રુરને મણી પાછો આપે છે.

વૈદિક ઉપાસનાઓમાં હિરણ્ય ગર્ભ પુરૂષની ઉપાસના પણ છે અને તે ઉપાસનામાં સૂર્ય્ય નારાયણ ભગવાનનું ધ્યાન વગેરે કરવાનાં છે. પ્રાણ પોષણ કરનાર દેવ એ છે. તેનાં કીર્ણનો પ્રકાશ સુવર્ણ સરખો છે. સ્યમંતક મણી વ્યાધિ, ભય, આદિક સામે રક્ષણ કર્તા ગણાતો હતો. એ ઉપાસના ઘણી જુની હતી. શ્રી રામચંદ્રજીના વખતમાં પણ તે બહુ જુની થઇ હતી. વેદના આધારે તે હતી એટલે બ્રાહ્મણોને તે માન્ય હતી, એને બદલે શુદ્ધ ઇશ્વરોપાસના પ્રવર્ત્તાવવા માટે શ્રી કૃષ્ણ ભગવાન પ્રયત્ન કરતા હતા. આ ઉપરથી તેમને શીર અપવાદ આવ્યો કે એ ઉપાસના બંધ કરાવનાર તેજ છે છેવટે અક્રુર પાસે તે રહી–તે ઉપાસનાનો લીસોટો સંધ્યા ને ગાયત્રી રહી ગયો છે.

એજ પ્રમાણે બીજી પટરાણીઓનાં નામનો તથા તેમની આસપાસની સ્થીતિનો વિચાર કરિએ તો તેઓનું ખરૂં સ્વરૂપ સમજીએ. કાલિંદી સૂર્યની પુત્રી હતી. પૂર્ણેંદુનારાયણસિંહ તેના ભાગવત પૂરાણમાં નીચે પ્રમાણે સૂચના કરેછે.

કાલિંદી આકાશ તન્માત્રા, મત્રવિંદા, વાયુતન્માત્રા, સત્યા ઉર્ફે નગ્નજતી, અગ્નિ, તન્માત્રા, ભદ્રા અપતન્માત્રા, અને લક્ષણા તે ક્ષિતિ તન્માત્રા.

નગ્નજતીને માટે કહ્યું છે કે સાત સાંઢને જીતીને શ્રી કૃષ્ણજી તેને વર્યા હતા. અગ્નિની સાત જીવ્હા વિશે આપણે જાણીએ છીએ. આ

બધી પ્રકૃતિની શકિતઓ હતી. પ્રકૃતીની શકિતની ગતી બે છે એક ઉર્ધ્વ અને બીજી અધો. શ્રી કૃષ્ણજી સાથે જેના લગ્ન થયાં તે બધી ઉર્ધ્વ હતી.

ઉપર કહ્યું તે પ્રમાણે શ્રી કૃષ્ણ ભગવાનને સોળ હજાર ઉપર સ્ત્રી હતી. તેઓ કોણ હતી તેનો ખુલાશો મત્સ્ય પુરાણના ૭૦ મા અધ્યાયમાંથી મળી આવે છે. દાલભ્ય મુની તેઓના પ્રશ્નોનો ઉત્તર વાળે છે કે— "પૂર્વે સઘળી તમે માનસ સરોવર ઉપર જળ ક્રીડાનાં વિહાર માટે ગઇ છતાં ત્યાં તમારી પાસે નારદ આવ્યા, તે વેળા અગ્નિનાં પુત્રીઓ તમે અપ્સરાઓ હતી, તેથી એ નારદ યોગીને નમસ્કાર ન કરતાં ગર્વથી પુછયું કે જેથી અમારા પતિ નારાયણ થાય એવો ઉપદેશ કરો.' પછી નારદથી પૂર્વ વરદાનની તથા શાપની પણ પ્રાપ્તિ થઇ. તેમાં વરદાન એવું કે ચૈત્ર તથા વૈશાખ એ બે માશની અજવાળી બારશે સુવર્ણના ઉપસ્કર સાથે બે શૈયાદાને કરી બીજે જન્મે નક્કી નારાયણ તમારા ભર્તા થશે" આ ઉપરથી એમ માનવાને કારણ મળે છે કે આ સ્ત્રીઓ અનેક વૃતિઓ હતી. અગ્નિની પુત્રીઓ કહી છે તેથી જુદા-જુદા વિકારો હશે એમ અનુમાન થાય છે. વળી માનસ સરોવર ઉપર જળક્રીડા કરવા જવાનું કહ્યું છે. એ માનસ સરોવર તે મન છે. એ બધી વૃતિઓ જુદી જુંદી નાડી દ્વારા વહે છે. એ નાડીઓ મનરૂપી સરોવરની સાથે સંબંધ ધરાવે છે. વૃત્તિઓ ઉદ્દીપન થવાનો જે સમય તે ચૈત્રને વૈશાખની વસંત રૂતુ તે પણ અહિં પ્રગટ રીતે કહેલી છે. આ સઘળું માર્મિક છે પણ મર્મ જોય તેને જણાયા વિના રહેતોજ નથી. વળી દાલભ્ય મુની વિશેષ કહેછે કે પૂર્વે દેવ દૈત્યોના યુદ્ધમાં દેવોએ સેંકડો દાનવ, અસુર, દૈત્ય, તથા રાક્ષસોને મારી તેમની સેંકડો હજારો લગ્ન કરેલી તથા જોર જુલમથી આણીને ભોગવેલી સ્ત્રીઓને ઇંદ્ર કહેવા લાગ્યો—'હે ભક્તિ મતિ સુંદર સ્ત્રીઓ, હાલમાં તમે રાજમંદીરમાં, કિંવા દેવ કુળમાં વેશ્યા ધર્મવડે વાસ કરો, કારણ પતિ, રાજા, તથા સૂત (પૌરાણીક), એ યોગ્યતામાં સમાન છે. વાસ્તે યથા શકિત તેમની સેવાથી તમો સર્વને સૌભાગ્ય પ્રાપ્ત થશે. જે કોઇ ધન લઇ તમારે ઘેર આવે તેની તમારે જીવતા લગી દંભ રહિત સેવા કરવી." આમાં ગાયનની ધ્વની રહેલી છે, તેથી આ સ્ત્રિયો વાણી રૂપ

સમજાય છે. શ્રી કૃષ્ણ ભગવાનને અર્થ રૂપ કહેતાં આ બધી સ્ત્રીઓ તેમની વાણી હોય એમાં નવાઈ નથી. માત્ર વેદનાજ અર્થરૂપ તેવું છે એમ નથી. સર્વના અર્થ રૂપ તેમનું સ્વરૂપ છે, અને તેથી વાણી પણ જુદા જુદા પ્રકારની સ્હાય છે પરંતુ અહીં સંકોચિત અર્થ-ધર્મ ઉપદેશક વાણી કરવાનો છે, રાજમંદીર અને દેવરૂપ એ દેહ દર્શક છે. વળી રાજ્ય મંદીર કહ્યું છે. આ પણ આર્ય પ્રજામાં રાજાને દેવ સમાન ગણેલો છે અને તેથી તેનું રહેવાનું ધામ તે મંદીર છે, ત્યારે આવાં પવિત્ર સ્થળમાં જે વાણીનો વ્યવહાર હોય તે વાણી અહીં સમજવાની છે. પૂરાણિકનું કથન આ અનુમાનને સહાયક છે, "ભક્તિ મતી સુંદર સ્ત્રીઓ કહેવાનું પ્રયોજન હવે છુપું રહેતું નથી. માટે આ સ્ત્રીઓ ભક્તિના જુદાં જુદાં સ્વરૂપ હતાં એમ કહિયે તો તે અયોગ્ય નથી.

શ્રીમદ્ વિષ્ણુ પુરાણ તથા દશમસ્કંધ ભાગવતમાં આ બીજી સ્ત્રીઓને શ્રી કૃષ્ણ ભગવાન કેવી રીતે લાવ્યા અને પરણ્યા તેની કથા એમ આપી છે કે પ્રાગ્જ્યોતિષ પુર નામે દેશનો નરકાસુર અથવા ભૌમાસુર નામે દેશનો અધીશ્વર હતો, તેણે ઘણા રાજાઓનો પરાજય કરી તેઓની સ્ત્રીઓને કેદ કરી રાખી હતી. તે નરકાસુરનો ઇંદ્રની વિનંતિથી શ્રી કૃષ્ણ ભગવાને નાશ કર્યો અને એ સઘળી સુંદરીઓને મુક્ત કરી. એ સઘળી સ્ત્રીઓ શ્રી કૃષ્ણજીના ઉપર મોહિત થઇ ગયેલી તેમનેજ વરી. પ્રાગ્જ્યોતિષપુરનું બીજુ નામ કામરૂપ અથવા આસામ છે. "કામરૂપ" શબ્દ કામ એટલે નાના પ્રકારની ઈચ્છાઓ દર્શાવે છે. નરકાસુર એ નામ પણ મનન કરવા જેવું છે એમાં નરક શબ્દ આવેલો છે. જીવની મરણ પછી સાધારણ બે ગતિ છે, એક સ્વર્ગે જવાની અને એક નર્કે જવાની. એ અસુરનું બીજું નામ ભોમાસુર હતું, તે ભૂમિ એટલે પૃથ્વી ઉપરથી બન્યું હતું અને પ્રગટ રીતે કહેલું છે કે તે પૃથ્વીનો પુત્ર હતો. પૃથ્વિ તે સ્થૂળ દેહ છે. સ્થૂળ દેહનેજ સર્વ સારનો સાર સમજનાર નરકાસુર હતો એટલે નાસ્તીક અથવા અંગ્રેજીમાં જેને Materialist કહિયે તેવો તે હતો. પ્રાગ્જ્યોતિષ નગરનું વર્ણન પણ ધ્યાનમાં રાખવા જેવું છે. ત્યાં પર્વતના કિલ્લાઓ હતા, પાણી, અગ્નિ અને પવનથી ત્યાં જઈ શકાય તે ન હોતું, મુર નામના દૈત્યે ભયંકર અને કઠિન હજારો ફાંસીઓથી તે નગરને વીંટાળી લીધું હતું. મુર દૈત્ય તે અજ્ઞાન અને મોહ છે. મોહની નાખેલી હજારો ફાંસીઓ ચારે મેર વિસ્તારી મુકી છે અને

તેમાંથી બચવું એ કંઇ સહેલું કામ નથી. શરીરમાં પવન, તેજ અને પાણી તત્વ આવી રહેલાં છે એમાં પણ શક નથી, તેમજ અસ્થિ હાડકાં રૂપી અથવા તો ચક્રોરૂપી ડુંગરો પણ ત્યાં શોભે છે. મુર દૈત્ય પાંચ માથાવાળો હતો. એ પાંચ માથા તે પાંચ ઇંદ્રિયો બતાવે છે તેમજ પંચ તત્વો પણ તેથી સમજાય છે. એ જે ફાંસીઓ અથવા પાશ કહ્યા તેને ખડગ વતી શ્રી કૃષ્ણ ભગવાન કાપી નાખે છે. ખડગ જ્ઞાન દર્શક છે એમ પ્રથમ આપણે કહી ગયા છૈએ. ગદા જે અધર્મને નાશ કરવા વાળી બુદ્ધિ છે તે વડે કિલ્લા કોટ તોડી પાડવામાં આવેછે અને અવિદ્યા દુર કરવાવાળા શંખનો અંતે વિજયી નાદ થાયછે. નરકાસુર અથવા ભોમાસુર પડેછે, તેનો પુત્ર ભગદત્ત નામેછે. ભગ એટલે સુખ. એ શબ્દ ભજ, એટલે ભોગવવું, મેળવવું, તે ઉપરથી થયલો છે. તે ભગદતને માટે નરકાસુરની મા શ્રી કૃષ્ણ ભગવાનને કહે છે કે "હે પ્રભુ એ તમારાથી ડરેછે, તેને હું તમારી પાસે લાવી છું માટે આપ એનું રક્ષણ કરો. શરીરની જે જે વૃત્તિઓ અંતરત્મા ભણી જતાં ખંચાય છે અને જયાંસુધી ઇશ્વરી કૃપા થઇ નથી ત્યાં સુધી તેનું સાર્થક થતું નથી. આ સઘળું જોતાં એમ સિદ્ધ થાય છે કે ભોમાસુર અથવા નરકાસુર કોઇ નાસ્તિક મત પ્રવર્તાવનારો હતો અને તેણે પોતાના અનુયાયી હજારોને કીધા હતા. આ મતનું ખંડન કરીને શ્રી કૃષ્ણ ભગવાને નરકાસુરને માનનારા હજારો જીવોનો બંધનમાંથી છુટકારો કર્યો. એ સઘળા જીવો શ્રી કૃષ્ણ ભગવાનના શિષ્ય અને ભકત થાય છે. ધર્મનાં પુસ્તકોમાં શિષ્યોને ઘણીવાર સ્ત્રીરૂપે કહેલા છે અને તેથી આ કથામાં શ્રી કૃષ્ણ ભગવાન ઘણી સ્ત્રીઓને એકી વખતે વર્યા એમ કહેલું છે ભોમાસુરને દુષ્ટ મતિ રૂપે લઇને અધ્યાત્મક રીતે અવલોકન કરીશું તો તે ચિત્ર પણ સંપૂર્ણ સૌંદર્યથી ભરપુર જણાશે.

હવે શ્રી કૃષ્ણ ભગવાનના પુત્રમાં સહુથી મોટો પ્રદ્યુમ્ન હતો. એ પ્રદ્યુમ્નજીનો જન્મ થતાંજ શંબર નામે અસુર તેમનુ હરણ કરીને તેમને સમુદ્રમાં નાખી દે છે. એક માછલી તેને ગળી જાય છે, એક ધીવર એટલે મછીમાર–માછીને હાથ તે માછલી આવે છે, અને તે શંબરને ત્યાં જઇ અર્પણ કરેછે. એ શંબરનો કહેવાતી માયાવતી નામે સ્ત્રી હતી. તે સ્ત્રીને માછલીમાંથી નાનુ બાળક મળી આવેછે તે જોઇ આશ્ચર્ય થાયછે. એ બાળકને તે ઉછેરી મોટો કરે

છે, અને પાછળથી પ્રેમમાં પડી **શંબરાસુરને** મારી નંખાવે છે. **શંબરાસુરને** મારીને **પ્રદ્યુમ્ન માયાવતી** સાથે લગ્ન કરેછે અને બન્ને દ્વારકામાં જઇ **શ્રી કૃષ્ણજી** તથા **રૂકિમણીજીને** પગે લાગે છે. આ આખ્યાન **શંબરાસુરનો** વધ એ નામે વિખ્યાત છે. હવે **શંબરા** શબ્દનો અર્થ જાળ, વાદળું ઇત્યાદિ થાય છે. **નારાયણ** શબ્દનો અર્થ ઉપર કરેલો છે તેમાં નારનો અર્થ જળ છે એમ કહ્યું છે. જળ શબ્દમાં શું મર્મ રહેલો છે. તે ઉપર બતાવેલું છે. તે અવકાશ અથવા આકાશ વાચક છે. આદિ બ્રહ્મપુરાણમાં એ જળ સમુદ્રને મકરાલય કહ્યું છે, તેનો એક રીતે અર્થ કરતાં પાંચ ઇંદ્રી વાળું એવો થાય છે જુઓ અધ્યાય ૯૦ મો. **પ્રધુમ્ન** કામનો અવતાર છે. **મહાદેવજી** જ્યારે તપશ્ચર્યા કરતા હતા તે વખતે તેમાં વિઘ્ન કરવાને માટે **કામદેવ** ત્યાં ગયો હતો અને તેને **મહાદેવજીએ** પોતાનું ત્રીજું નેત્ર ખોલી તેના અગ્નિ વડે બાળીને ભસ્મ કીધો હતો. તે વેળાએ **કામની સ્ત્રી રતીએ** અત્યંત વિલાપ કીધો હતો અને તેને શાંત કરીને એવું કહેવામાં આવ્યું હતું કે જ્યારે શ્રી કૃષ્ણ અવતાર થશે ત્યારે તારો સ્વામિ ફરીથી તને પ્રાપ્ત થશે. એ કામ તે **પદ્યુમન**, અને **માયાવતી** તે **રતી**. **શંબર** આકાશરૂપ છે આકાશને માટે યોગવાસિષ્ટના ઉત્પત્તિ પ્રકરણના ૧૨ મા અધ્યાયમાં કહ્યું છે કે "જે આદિ અચેત ચિન્માત્ર સ્વરૂપ પરમ આકાશ છે અને જે ચૈતન્ય સંતમાં જગત ભાસે છે તે જીવાકાશ છે, તે શુદ્ધ નિર્મળ છે કેમકે પૃથ્વી આદિક ભૂતોથી રહિત છે, **હે રામજી** આ જગત જે તમને ભાસે છે તે સર્વ ચિદાકાશરૂપ છે અને વાસ્તવમાં દ્વૈત કંઇ બન્યુજ નથી. આમેં તમને **બ્રહ્માકાશ** અને જીવાકાશ કહ્યું." કામનો અર્થ ઇચ્છા થાય છે. ચિતમાં પ્રથમ સ્કુરણ થાય છે અને તેજ કામ અથવા ઇચ્છા છે. **શ્રીમદ્ભાગવતના** ઉત્તરાર્દ્ધના પાંચમા અધ્યાયમાં **શુકદેવજી** આરંભમાંજ કહે છે "સૃષ્ટિમાં કારણ હોવાથી વાસુદેવનો ગણાતો અંશ **કામદેવ** પ્રથમ રૂદ્રના ક્રોધાનળથી બળીને ભસ્મ થયો હતો ++ તે **પ્રદ્યુમ્નને કામદેવનો** શત્રુ તથા ઇચ્છાનુંસાર રૂપ ધારણ કરનારો **શંબરાસુર** પોતાનો શત્રુ જાણીને હરી જઇ, સમુદ્રમાં નાખીને પોતાને ઘેર ચાલ્યો ગયો હતો. લલિતાશહસ્ત્રનામ, સટીકમાં કામનો અર્થ સૃષ્ટિ ઉત્પન્ન કરવાની ઇચ્છા ધરનાર, **ઈશ્વર** એમ આપેલાં છે. અખીલ વિશ્વની વ્યક્તિનું મૂળ કારણ ઇચ્છા છે. હું એક છતાં

અનેક રૂપે વિલસું એવી ઈશ્વરની જે પ્રથમ ઇચ્છા તેજ ઇચ્છા જગતનું કારણ છે. એ ઈચ્છા અથવા કામનો પ્રવેશ માછલીના પેટમાં થાય છે. માછલીને મીન પણ કહે છે. એ બન્ને શબ્દ મનવાચક છે. એટલે મનમાં ઇચ્છાનો ઉદય થાય છે, અને તેમાંથી તે પછી બહાર પ્રગટ થાય છે, કામનું બીજું નામ મન્મથ છે. મનને મથન કરવાવાળો તે કામ. એ મનને પકડનાર માછી છે જેનું બીજું નામ ધીવર છે. ધી એટલે બુદ્ધિ થાય છે. બુદ્ધિમાન પુરૂષને ધીવર કહે છે માટે એ ધીવર મનને પકડે છે તે યથાર્થ છે. **માયાવતી શંબરની** ખરી સ્ત્રી કહી નથી પણ કહેવાતી સ્ત્રી કહેલી છે, કોઈક જગે તેને દાસીપણ લખી છે. એ કામ માયાનાં સંરક્ષણ નીચે રહેછે. માયાનું સંરક્ષણ નહિ હોય તો દેહાદિકની વ્યકિત અને તેનું અસ્તિત્વ સંભવે નહિ. નાના પ્રકારની કામનાઓની વૃદ્ધિ માયાને વડે છે. **પ્રદ્યુમ્ન** મોટો થતાં **માયાવતી** તેને પ્રેમ કટાક્ષથી જોવા લાગી, તે ઉપરથી **પ્રદ્યુમ્ન** તેને કહે છે. " હે માતા! તમારી બુધ્ધિ વિપરીત થઇ લાગે છે, તમે માતાપણું મુકીને સ્ત્રીની પેઠે વરતો છો કે" આ ઉપરથી **માયાવતી** આગળની સઘળી વાર્તા કહેછે કે તમે કામ છો અને હું તમારી સ્ત્રી **રતી** છું. **માયાવતી** કામને ઉછેરે છે તેથી તે રીતે તે માતારૂપ છે. વળી માયા પ્રકૃતિથી છે—તે પ્રકૃતિનું એક રૂપ છે, અને કામની ઉત્પત્તિ પણ પ્રકૃતિ છે, તેથી **માયા કામની માતા** છે એમ કહેવું ખોટું નથી. **માયાવતીની** ઉસ્કેરણીથી **પ્રદ્યુમ્ન શંબરનો** નાશ કરે છે. **શ્રી વિષ્ણુ પુરાણમા** ભાખ્યું છે કે "**પ્રદ્યુમ્નજીએ** સાત માયા છોડયા પછી આઠમી માયા મુકીને તે વડે તે કાળરૂપ **શંબર** દૈત્યને મારી નાખ્યો." વી. પુ. અંશ ૫ અધ્યાય ૨૭. આ આઠ માયા તે શું તેનો ઇશારો દશમસ્કંધના ઉત્તરાર્ધના ૫૫ માં અધ્યાયમાં આપેલો છે કે " આ **શંબરાસુરને** મોહન આદિક માયાઓ વડે મારો. હે રાજા! આ પ્રમાણે કરીને **માયાવતી** એ મહાત્મા **પ્રદ્યમ્નને** સર્વ માયાનો નાશ કરનારી મહામાયા શીખવી. તેણે **(પ્રદ્યુમ્ને) શંબરાસુર** ઉપર સર્વ માયાનો નાશ કરનારી સત્વ ગુણી મહા વિદ્યાનો પ્રયોગ કર્યો," માયા વડેજ માયાનો નાશ થાય છે એમ અહીં શીખવ્યું છે. જેમ કોઇ માણસ સ્વપ્નાવસ્થામાં શત્રુઓની સામે લડવા ઉઠે છે તો તે શત્રુઓ સ્થૂળ દેહધારી નથી તેથી તેઓને મારવાને શસ્ત્રો પણ સ્થૂળ રૂપના નથી. તે શત્રુને મારવાને તેનાજ

જેવાં શસ્ત્રો હોય છે, તેમજ માયાને જીતવા માટે માયાનાજ હથિઆર હોય. આ પ્રમાણે **શંબર** દૈત્યનો નાશ થતાં **પ્રદ્યુમ્ન માયાવતીને** તેડીને દ્વારીકાં જાય છે, અને માત પીતા, પુત્ર તથા પુત્ર વધુને જોઇને હર્ષ અને આનંદ પામે છે. **શંબરાસુર** વધની કથાનો આ મર્મ સમજાય છે.

હું એક છું તે અનેક રૂપે વિલસું એવી **ઇશ્વરની** જે ઇચ્છા તે આખી સૃષ્ટિનું મૂળ કારણ છે અને તેજ **કામ** છે એમ આપણે કહ્યું છે. સૃષ્ટિનો પ્રારંભ થવા માંડે છે ત્યારે ચેતન અચેતમાં ઉતરવા માંડે છે અને એ પ્રમાણે થતાં અનેક રૂપ બંધાય છે અને સૃષ્ટિ સંપૂર્ણ થાય છે. ચેતનને, અથવા જીવને જેટલું નીચે ઉતરવાનું તટલું તે ઉતરી રહ્યો કે તેની ગતિ ફેરવાય છે, એટલે હવે નીચેથી ઉપર ચઢવાનું થવું જોઇએ. તેટલાજ માટે **શિવજીએ** કામને પોતાના ત્રીજા નેત્ર વડે બાલી નાખ્યો હતો, કેમકે સંપૂર્ણ વ્યકિત થઇ ગઇ હતી, જીવની અથવા ચેતનની નીચે અચેતમા ઉતરવાની ગતિની સીમા આવી રહી હતી, એટલે તે વળણ હવે બંધ પડવાનું હતું. એ બંધ પડ્યા પછી કેટલીક વારે જીવ ઉંચો માર્ગ પકડે છે, અનેક રૂપ દેખાતો થયો હતો તે હવે અનેકને એક થવાનું હતું. આ ઇચ્છાની ગતિ બદલાઇ. તેટલાજ માટે **શિવજીએ** વિલાપ કરતી રતિને કહ્યું હતું કે જ્યારે **શ્રીકૃષ્ણ** અવતાર થશે ત્યારે તારો સ્વામિ ફરી પ્રગટ થશે એટલે **શ્રીકૃષ્ણ ભગવાન** ધર્મને સતેજ કરી સર્વ જીવને ઉન્નતિને માર્ગે વાળશે.

પ્રદ્યુમ્નજીને એક બીજી સ્ત્રીથી **અનિરૂધ્ધ** નામે પુત્ર થયો હતો. હરિવંશના ૧૧૮ મા અધ્યાયમાં તે સ્ત્રીનું કામ **શુભાંગી** આપ્યું છે. શુભ એટલે શોભાવાળું, સારૂ અંગ છે જેનું તે **શુભાંગી. પ્રદ્યુમ્નજીને શુભાંગી** સ્ત્રી ઘટિત છે. એ **અનિરૂધ્ધ બાણાસુરની** પુત્રી **ઓખાના** સાથે પરણ્યો હતો. **ઓખા** હરણની કથાથી કોઇપણ હિંદુ અજાણ્યો ભાગ્યેજ હશે. ગામેગામ, મોહલ્લે, મોહલ્લે અને ચકલે ચકલે કથા–ભટો એ કથા કરે છે, અને સ્ત્રીપુરૂષના ટોળે ટોળાં તે સાંભળવા જાય છે. એ કથા એટલી તો રસથી ભરપુર છે કે તે સાંભળવાને માટે રસ્તા ઉપર ગમે તેવી ગંદકી હોય તો તેની પણ દરકાર નહિં રાખતાં લોકો બેશીને એક ધ્યાનથી સાંભળે છે. એ કથા પ્રાકૃતમાં કવિ શીરોમણી **પ્રેમાનંદ** ભટે કરેલી છે, તે શૃંગાર રસથી ઉભરાઇ જાય છે. એ કથાનું મુળ રહસ્ય તો કયાં રહ્યું અને લોકો તે સમજ્યા વિના ગમે તે અર્થમાં

લે છે. એ કથા એવી છે કે શોણીતપુરનો અધીશ્વર નામે **બાણાસુર** હતો, તેને હજાર હાથ હતા. તેને પેટે સંતાન નહિં હતું અને તેથી તેણે **શ્રી મહાદેવજી** જેનો તે પૂર્ણ ભકત હતો તેની પ્રાર્થના કરી અને **મહાદેવજીએ** તેના ઉપર કૃપા કરી **પાર્વતિજીએ** પોતાના શરીરના મેલમાંથી ઉત્પન્ન કરેલી **ઓખા** નામની કન્યા તેને આપી. એ **ઓખાની** પાસે **બાણાસુરના** મંત્રી **કુંભાંડની** દીકરી **ચિત્રલેખા** રહેતી હતી. **ઓખા** સ્વપ્નામાં **અનિરૂદ્ધને** જોય છે અને તેનાથી મોહિત થાય છે. **ચિત્રલેખા** આ વાત જાણીને **અનિરૂદ્ધને** દ્વારકાં પુરીથી લઈ આવવાને તત્પર થાય છે તે દ્વારકાં જાય છે, **અનિરૂદ્ધ** ભરનિદ્રામાં હિંડોળામાં સુતો છે, તે હિંડોળા સહિત **અનિરૂદ્ધ** તે જાગૃત નહિં થાય તેમ હળવેથી ઉંચકી લઇ, **ચિત્રલેખા** શોણીતપુર લઈ જાય છે. ત્યાં **ઓખા** સાથે ગંધર્વ લગ્ન થાય છે, **ચિત્રલેખા** જતી રહે છે, **ઓખા અનિરૂદ્ધનો** સંબંધ પ્રગટ પડે છે, **બાણાસુર અનિરૂધ્ધને** પાશથી બંધન કરે છે, **અનિરૂધ્ધ** જે પોતાની નવી તરૂણ સ્ત્રીના હાવ ભાવમાં અને પ્રેમમાં દ્વારકા પુરીને અને માત પિતાને અને કૃષ્ણજી વગેરેને કેવળ વીસરી ગયો હતો, તે આવી પડેલાં સંકટથી ગભરાઇ **શ્રી કૃષ્ણજીનું** સ્મરણ કરે છે, **શ્રી કૃષ્ણજીને** પોતાના પૌત્રની આ સ્થિતી જાણ થતાં તેઓ શોણીતપુર જાય છે, **બાણાસુરના** હજાર હાથ કાપી નાખે છે ને **અનિરૂધ્ધને** બંધનમાંથી મુકત કરે છે, અનિરૂધ્ધ અને **ઓખાના** લગ્ન થાય છે, અને **કૃષ્ણજીની** કૃપાથી **અનિરૂધ્ધ** ફરીથી દ્વારકાંને પામે છે. આ કથા જેવી તેવી ઉપદેશક નથી. **અનિરૂદ્ધનો** અર્થ, સ્વતંત્ર, સ્વસત્તાવાળો, જેનો માર્ગ વિરોધ વિનાનો છે એવો થાય છે **અનિરૂધ્ધ**, કામ એટલે પ્રધુમ્નનો પુત્ર અને **શ્રી કૃષ્ણ ભગવાનનો** પૌત્ર હતો. તે શ્રી કૃષ્ણજી ઇશ્વરનો પૂર્ણાવતાર છે. ઇશ્વરથી બ્રહ્મા અને બ્રહ્માથી જીવ તેટલા માટે **અનિરૂધ્ધ** તે જીવાત્મા છે. અનિરૂધ્ધ નામ સ્વરૂપનું અર્થ વાચક છે **પ્રધુમ્નનો** અર્થ હમણાજ ઉપર સમજાવી ગયા છૈયે કે સૃષ્ટિ ઉત્પન્ન કરવાની ઇચ્છા રાખનાર દેવ તે તેનો **અનિરૂધ્ધ** પુત્ર છે એ પણ જેમ જોઈયે તેમજ છે. **શ્રી કૃષ્ણ ભગવાને શ્રીમદ્દભગવદ્ ગીતામાં** કહ્યું છે કે સ્થાવર જંગમ સર્વની ઉત્પત્તિ ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞના સંયોગથી થાય છે. એ બેનો જ્યાં સુધી સંયોગ નથી ત્યાં સુધી સૃષ્ટિની અથવા કોઇ પણ વસ્તુની વ્યકિત નથી. પુરૂષ અને પ્રકૃતિ

એ વડેજ સૃષ્ટિ છે. એકલા પુરૂષથી તેમજ એકલી પ્રકૃતિથી સષ્ટિની રચના સંભવતી નથી. અનિરૂધ્ધ એ પુરૂષનો અંશ છે, તે ક્ષેત્રજ્ઞ રૂપ છે, માટે પ્રકૃતિ અથવા ક્ષેત્રની અવસ્યકતા છે. તે કોણ? આ કથામાં સર્વમાં પ્રધાન પાત્ર અનિરૂધ્ધ અને ઓખા છે. **પ્રદ્યુમ્ન** અને **અનિરૂધ્ધ**ના સ્વરૂપનો ભેદ શ્રી મહાભારતના શાંતિપર્વના, **મોક્ષધર્મ ઉત્તરાધ્ધ**માં, કંઈક પ્રગટ કરેલો છે "મનને વિષે સૃષ્ટિની ઉત્પત્તિ અને લય રહેલા છે, માટે **પ્રદ્યુમ્ન** તે મન છે, એ મન અથવા **પ્રદ્યુમ્ન** થકી જે ઉત્પન્ન થયલો છે તે કર્તા, કારણ અને કાર્યરૂપે ભાસમાન થાય છે; તેનાથી સર્વે સ્થાવરજંગમ જગત્ ઉત્પન્ન થયું છે. એ દેવને **અનિરૂદ્ધ** અને **ઈશાન** (ઈશ્વર) કહેછે. અને સર્વ કર્મમાં વ્યકત પ્રગટ જણાય છે તે અહંકાર તે એ છે, અર્થાત્ મન **પ્રદ્યુમ્ન**થી ઉપજેલો અહંકાર-**અનિરૂદ્ધ** છે. **વાસુદેવ ભગવાન** જે ક્ષેત્રજ્ઞ અને નિર્ગુણાત્મક છે તેને જીવ અથવા સંકર્ષણ જાણવો. તે સંકર્ષણથી **પ્રદ્યુમ્ન** અથવા મન ઉપજે છે, અને **પ્રદ્યુમ્ન**થી જે ઇશ્વર અનિરૂદ્ધ ઉપજ્યો છે તે અહંકાર છે." અધ્યાય ૧૩૫. વળી, જે પુરૂષ તે અચિંત્ય પુરૂષને ગુરૂ પાસેથી જાણીને સાક્ષાત્કાર કરીને તથા ચાર પ્રકારના **સૂક્ષ્મ રૂપભેદ** જાણીને જે શાંત થઇને રહેછે તે પુરૂષ નિર્ગુણ પુરૂષને પામે. અર્થાત્ **અનિરૂધ્ધ**, **પ્રદ્યુમ્ન સકર્ષણ** અને **વસુદેવ**, એ ચાર ભેદ અથવા તેનેજ બીજી રીતેક કહિયે તો, **વિરાટ**, **સૂત્રાત્મા**, **અંતર્યામી**, અને શુદ્ધ બ્રહ્મ રૂપ, અથવા વિશ્વ, તૈજસ, પ્રાજ્ઞ અને તુરીય, એવા ચાર સૂક્ષ્મ ભેદને જાણીને જે પુરૂષ અત્યંત શાંત થઈને વર્તે તે તે પરમ પુરૂષને પામે. "અધ્યાય ૧૯૫. વળી એક બીજે સ્થળે કહ્યુ છે કે" સાંખ્ય અને યોગને જાણનારા પુરૂષો જેને પરમાત્મા કરીને કહે છે તે, પોતાના કર્મ વડે મહા પુરૂષ એવી સંજ્ઞાને પામે છે. એ મહા પુરૂષ થકી અવ્યકત ઉત્પન્ન થયું, તેને પંડીતો પ્રધાન કહે છે એ વ્યકત રૂપ ઈશ્વર થકી જગતની ઉત્પત્તિને અર્થે વ્યકત ઉત્પન્ન થયું છે. એ વ્યકતને લોકોમાં અનિરૂદ્ધ કહે છે, અને કોઇ તેને મહત્તત્વ કહે છે એ મહાન્ આત્માએ વ્યકતપણાને પામીને પિતા મહ બ્રહ્મ દેવને ઉત્પન્ન કર્યા, તેને અહંકાર કરીને કહે છે જુઓ અધ્યાય ૧૬૪.

ઓખા, ઉષાનો અપભ્રંશ છે-ઉષાનો અર્થ ગાય થાય છે (જુઓ વિલસનનો અંગ્રેજી કોષ) ગાયને સંસ્કૃતમાં ગો કહે છે અને ગોનો

બીજો અર્થ પૃથ્વી થાય છે. પૃથ્વી પ્રકૃતિ રૂપ છે. ઓખાની ઉત્પત્તિ જોતાં પણ એજ અર્થ સિદ્ધ થાય છે. પુરૂષ અને પ્રકૃતિ તેજ મહાદેવ અને પાર્વતિ છે એટલે પાર્વતિ તે પ્રકૃતિ છે. પાર્વતિજીએ ઓખાને પોતાના શરીરના મેલથી ઉત્પન્ન કરી હતી એ કથા પ્રસિદ્ધ છે. ઓખાને તથા ગણપતિ બન્નેને સાથે સાથે ઉત્પન્ન કીધા હતા. શ્રી ગણપતિના મર્મ સાથે અહિં આપણને પ્રયોજન નથી. હાલ આપણે ઓખાનું સ્વરૂપ સમજવાનું છે, તેની ઉત્પત્તિ જાણીએ તો તે કોણ છે તે સમજાય. આપણે જોયું કે એ પ્રકૃતિએ પોતાના શરીરમાંથી ઓખાને ઉત્પન્ન કીધી હતી. આવી રીતે ઓખા ક્ષેત્ર રૂપ છે. ઓખાને તેથીજ બાણાસુરની પોતાનાથી ઉત્પન્ન થયલી પુત્રી કહી નથી. બાણાસુર શોણીતપુરનો અધીશ્વર છે. શોણીત એટલે લોહી, રૂધિર. એ ઓખા શોણીતપુરમાં ઉછરીને વૃદ્ધિ પામે છે, અને પુરૂષરૂપી અનિરૂદ્ધની આકાંક્ષા કરે છે. ગર્ભમાં શોણિતથીજ માણસનું મૂળ બંધાય છે એ પણ અહીં સૂચવ્યું છે. બાણ શબ્દ પાંચની સંખ્યા વાંચક છે, અને તેથી પાંચ ઇંદ્રિ, પાંચ પ્રાણ જે લઇશું તે અર્થ દર્શક જણાશે. બાણાસુર ઘણો બળવાન હતો અને તેથી પાંચ શકિત ધરાવનારો હતો એમ કહીએ તો ખોટું નથી. એ પંચ શકિત તે પંચ તત્વની છે. એ શકિતનું સ્વરૂપ ઉપર કથન કરેલાં લલિતા શહસ્ત્ર નામમાં બતાવેલું છે. તેમાં કહ્યા પ્રમાણે ધૂમાવતિ એટલે પૃથ્વીની આચ્છાદન કરવાવાળી, ભાસ્વતિ એટલે અગ્નિની પ્રકાશ કરવાવાળી સ્પંદ વાયુની ઉત્તેજન આપવાવાળી, વિભવી આકાશની પ્રસરવાવાળી અને હ્લાદ પાણીની પોષણ કરવા વાળી છે. મનુષ્યનો દેહ પાંચ તત્વનો બંધાયલો છે, અને પ્રત્યેક તત્વનું જુંદુ જુંદુ કર્તવ્ય છે, અને તેથી તત્વો મધ્યેની શકિત પોતે પોતાના કામમાં બળિષ્ટ છે. બાણનો બીજો અર્થ શબ્દ અથવા વાણી, અવાજ તથા તીર થાય છે, એટલે શબ્દ કરવાવાળો તે બાણાસુર. તે અભિમાની છે, અને તેથી અંહકાર કરે છે. જગત દૃષ્ટિ ગોચર થાય છે તેનું કારણ અંહકાર છે, એટલે "હું" શબ્દ છે. "હું" શબ્દ થતાંજ દ્વૈત પ્રગટે છે. ત્યારે એ અંહકાર "હું" રૂપ બાણાસુર છે. સર્વ સંસાર સામાન્ય રીતે કહિયે તો હું રૂપ છે. એ હું નથી તો સંસાર પણ નથી, તેથી સાધારણ રીતે બાણાસુરને સંસાર રૂપ ગણતાં સામાન્ય જનોને વધારે સુગમ પડશે.

હવે ચિત્ર લેવાનો વિચાર કરી શું. આપણુ સહુ કોઇ જાણીએ છૈયે કે માણસ મરી ગયા પછી જ્યારે યમ રાજાની પાસે તે જાય છે ત્યારે ત્યાં તેના સઘળાં કરણી **ચિત્રગુપ્ત** કહી બતાવે છે. એ બધાં કરણી **ચિત્રગુપ્તે** પ્રથમથીજ નોંધી રાખેલાં છે. એ **ચિત્રગુપ્ત** તે કોણ? માણસ જે જે કર્મ કરે છે તે તે સર્વ કર્મનું જે ચિત્ર આકાશમાં પડી રહે છે તે **ચિત્રગુપ્ત** છે. એને માણસ સાધારણ રીતે જોઇ શકતા નથી, પણ આકાશમાં એ ગુપ્ત રહેલાં ચિત્રો ભુસાતાં નથી. એ ચિત્ર ઉપરથીજ ફરી જન્મ બંધાય છે. આ જગોએ વધારે સમજને માટે કહેવાની જરૂર છે કે કર્મ એજ જન્મ મરણનું કારણ છે. માણસ મરી જાય છે એટલે આ સ્થૂલદેહ પડે છે ત્યાર પછી જીવની ગતિ કામ લોક અથસા અંતરિક્ષ લોકમાં થાય છે અને ત્યાર પછી ત્યાંની જીંદગીનો અંત આવતાં તે સ્વર્ગમાં ગતિ કરે છે. આપણામાં સાધારણ કહેવત ચાલે છે કે સ્વર્ગ મટા મટ-સ્વર્ગમાં જે વ્યવહાર છે તે અહિં પૃથ્વી ઉપરના જેવો નથી પણ જુદાજ પ્રકારનો છે. સુખાળી નિદ્રાના જેવી ત્યાં સ્થિતી છે. સ્વર્ગમાં નિવાસ કરવાનો સમય પુરો થતાં જીવને પોતાના કર્મોને લીધે પાછું પૃથ્વી ઉપર આવવું પડે છે તેથી **ચિત્રગુપ્ત** આ પ્રમાણે જન્મ મરણનો કરનારો છે, એટલે જીવના કરેલાં કર્મ જીવને ફરીથી પૃથ્વી ઉપર લઇ આવે છે. **ચિત્રગુપ્ત** જે અર્થ દર્શાવેછે તેજ અર્થ **ચિત્રલેખા** બતાવે છે. ચિત્રની લખવાવાળી, કર્મને નોંધી લેવાવાળી તે **ચિત્રલેખા**. **અનિરૂધ્ધ** રૂપી જે જીવ તે જીવને પોતાના કર્મ વડે શોણિતની ભરેલી એવી જે દેહ તે દેહુમાં જવું પડે છે. તેને શોણિતપુરમાં લઇ આવનારી **ચિત્રલેખા** એટલે તેના પોતાનાં કર્મ છે. દ્વારીકાં સ્વર્ગરૂપ છે. તેનો વર્ણ અને સ્વર્ગનો વર્ણ, પીળો સોના સરીખો છે; એથી **અનિરૂધ્ધને** દ્વારીકાં એટલે સ્વર્ગમાંથી **ચિત્રલેખા** એટલે તેવા કર્મ શોણિતપુરમાં એટલે પૃથ્વી ઉપર બીજીદેહુમાં લાવીને મુકે છે. સ્વર્ગની સ્થિતિ બતાવવાને માટે **અનિરૂધ્ધ** ભરનિદ્રામાં હુતો એમ કહેલું છે. વળી જે શરીર અનેક જન્મ લગી વળગી રહે છે અને મોક્ષ થયેજ જેનો લય થાય છે તે દેહુથી જીવ વીંટલાયલો રહે છે, અને તેથી **અનિરૂધ્ધ** પારણામાં પોઢેલો હુતો અને તે પારણા સાથેજ **ચિત્રલેખા** તેને લઈ ગઇ એમ કહ્યું છે. અહા! આ વર્ણનમાં, ચતુરાઇ અને બુધ્ધિનું બળ કેટલું બધું ઝગ ઝગી રહેલું છે! સૂર્યનો પ્રકાશ નેત્ર હીણને નહિં દેખાય તેટલા માટે શું સૂર્ય તેજનો ભંડાર ટળી જાય છે?

અનિરૂધ્ધ અને **ઓખા** બન્ને મળે છે એટલે **ચિત્રલેખા** ત્યાંથી જતી રહે છે. એનો અર્થ પણ ખુલ્લોજ છે. **અનિરૂદ્ધ** અને **ઓખાનો** સંબંધ થતાં **અનિરૂદ્ધ** પૂર્વની વાતો વીસરી જાય છે, તે સ્વર્ગને ભુલી જાય છે, પોતાના માબાપને ભુલી જાય છે, **શ્રીકૃષ્ણજીને** ભુલી જાય છે. પોતે ક્યાંથી આવ્યો છે અને કોનો અંશ છે, એ વાતનું કંઇ પણ ભાન રહેતું નથી. ચેત અચેતમાં લીન થવાનું આ પરિણામ છે. **અનિરૂધ્ધ** અને **ઓખાનો** સંબંધ પ્રગટ થાય છે અને **બાણાસુર** પોતાના હજાર હાથ વતી **અનિરૂધ્ધને** પાશ વડે બાંધી લે છે. "**પાશ**" માં "**માં**" શબ્દ તરસ વાચક છે અને "**અશ**" ભુખ વાચક છે. અર્થ એવો છે કે જીવને નાના પ્રકારની તૃષ્ણાઓ થાય છે અને માયા અનેક બંધનથી તેને બાંધી લે છે. સંસારમાં અનેક બંધનો રહેલાં છે, અને તેથી **બાણાસુર** જેને હજાર હાથ છે તે **અનિરૂધ્ધને** બાંધી લે છે. હજાર શબ્દ અનેક વાચક છે. આવી દશાને જ્યારે **અનિરૂધ્ધ** પામે છે ત્યારે **નારદરૂષિ** તેની પાસે આવે છે અને તેને પોતાના પિતામહ **શ્રીકૃષ્ણજીની** સહાય યાચવાને માટે કહે છે. આવી રીતે જ્યારે જીવ સંકટમાં આવી પડે છે ત્યારે તેને ઇશ્વરની પ્રાર્થના કરવા માટે અંતરથી સ્ફુરણા થાય છે. **ઇશ્વર** એટલે **શ્રીકૃષ્ણજી** પરમ કૃપાળુ છે, તેના કરેલા કાલાવાલા વ્યર્થ જતા નથી. જો માણસ પોતાનાં શુદ્ધ અંતઃકરણથી પ્રાર્થના કરે છે તો તે પ્રાર્થના **ઇશ્વર** સાંભળે છે. **શ્રીકૃષ્ણ ભગવાન અનિરૂધ્ધની** પ્રાર્થના સાંભળે છે અને પોતે દ્વારકાંથી શોણીતપુર આવી પોતાના પૌત્રનાં બંધંન છેદી નાખે છે. **બાણાસુરના** હાથ કપાઇ જાય છે, અને **અનિરૂધ્ધ** બંધનમાંથી મુકત થતાં પોતાનું બંધનમાંથી મુકત થતાં પોતાનું અસલ ધામ જે દ્વારીકાં તેને પામેછે. સંસારમાં ફસાયલો જીવ આવી રીતે મુકત થાય છે. **બાણાસુરની** સાથે **શ્રીકૃષ્ણ ભગવાન** સંગ્રામમાં ઉતરે છે ત્યારે **બાણાસુરની** મા **કોટવી** કેવળ નગ્ન સામી આવીને ઉભી રહેછે અને **શ્રીકૃષ્ણજી** પોતાના નેત્ર મીચી દેછે. "**કોટવી**" શબ્દનો અર્થ વૃક્ષનું પોલાણ છે. સંસાર, મિથ્યા એવી જે માયા તે માયાથી ઉત્પન્ન થયલો છે અને તેની મધ્યમાં પણ માયા રહેલી છે. એ માયા વસ્તુતાએ કંઇ નથી, અજ્ઞાન છે. **શ્રીકૃષ્ણ ભગવાન વિષ્ણુનો** અવતાર છે અને તેથી સૃષ્ટીનું પાલન કરતા છે, સઘળું ભ્રમણા–અજ્ઞાન–મિથ્યા છે એમ તે જાણે છે જેથી **શ્રીકૃષ્ણ ભગવાન** પોતાની આંખ મીચી દેછે. આ કથાનું સ્વરૂપ

અદ્દભુત છે. એમાં જે જ્ઞાન આપ્યું છે તે ઘણુંજ મનન કરવા યોગ્ય છે એટલુંજ નહિ પણ મનન કરીને તે પ્રમાણે માણસે વર્તન કરવા જેવું છે. એ પ્રમાણે જ્યાંસુધી થાય નહિં ત્યાંસુધી જીવ પોતાના અસલ પરમ ધામને કોઇ પણ કાળે પામી શકવાનો નથી—આવો ઉત્તમ ઉપદેશ કરવાવાળું જે **ઓખાહરણાખ્યાન** તે આખ્યાન કેવળ જુદાજ અર્થમાં મનાય છે, અને તેના શ્રવણથી ઉત્તમ વૃત્તિઓને બદલે નબળી વૃત્તિઓ ઊશ્કેરાય છે. આ પણ કાળની કૃતિ છે. ગુરૂપરંપરા જ્યારથી તુટવા લાગી ત્યારથી અર્થ ઢંકાઇ જતાં અનર્થ વિસ્તરવા લાગ્યો હાય ! દુર્ભાગ્ય આર્યભૂમિ ! તારી શું દશા !

કુટુંબ મંડળમાં **શ્રીકૃષ્ણભગવાનના** બેન **સુભદ્રાજી** વિરાજે છે તે કલ્યાણ કરવાવાળી છે તેથી તેને **સુભદ્રા** કહે છે. તે **ગોપાળ પશુપતિની** બેન છે, ગોપાળ, **પશુપતિ** એ શબ્દનો મર્મ ઉપર બતાવવામાં આવ્યો છે. **સુભદ્રા** જે **ગોપાળની** બેન છે તે **બુદ્ધિ** રૂપ છે. એ **બુદ્ધિ** જેને આપણે અક્કલ સમજીએ છૈયે તે નથી, પણ અધ્યાત્મ વિદ્યામાં પ્રકાશ કરવાવાવાળી જે મતી, મનથી પણ જે પર છે તે છે. એ **સુભદ્રાનાં** લગ્ન **અર્જુન** જોડે થયાં હતાં. **બળભદ્રજીની** ઇચ્છા **દુર્યોધનની** સાથે તેને પરણાવવાની હતી પણ **દુર્યોધન** સાથે એના લગ્ન હોયજ નહિં અને **શ્રી કૃષ્ણજીનું** વલણ અર્જુન પ્રતિ હતું. **અર્જુન** એક સમય ઉપર ત્રિદંડી સંન્યાસી થઇને દ્વારકામાં આવે છે, ત્યાં **સુભદ્રાજીનાં** તેને દર્શન થાય છે. બન્ને અન્યોઅન્ય મોહમાં લપટાય છે અને અંતે **અર્જુન સુભદ્રાનું હરણ** કરી જાય છે. પાછળથી બન્ને લગ્ન વીધીથી પરણે છે. એ **સુભદ્રાહરણના** આખ્યાનનો કેટલોક સંબધ **પાંડવ કૌરવના** સંગ્રામની સાથે રહેલો છે અને તે સંગ્રામમાં **શ્રી કૃષ્ણ ભગવાને** શું ભાગ લીધો હતો તે કહેવાની જરૂર છે.

હવે **પાંડવ** તે કોણ ? તેઓ **પાંડુના** પુત્ર થતા હતા. **પાંડુ** એટલે શ્વેત, શુદ્ધ, નિર્મળ. તેને બે સ્ત્રીઓ હતી **કુંતીને માદ્રિ** મહાભારતના આદિ પર્વમાં **કુંતી, માદ્રીને સિદ્ધિ** અને ધૃતિ કહેલી છે. એ **પાંડુને** પાંચ પુત્ર હતા. નામે, યુધિષ્ટિર, **ભીમ, અર્જુન, નકુળ** અને **સહદેવ. યુધિષ્ઠિર યમરાજ** અથવા **ધર્મરાજના** પુત્ર છે, **ભીમ વાયુથી, અર્જુન ઇંદ્રથી** અને **નકુળ** અને **સહદેવ અશ્વિનિકુમારથી** થયા હતા. એ પાંચે ભાઇઓનું રાજ્ય **કૌરવો** દબાવી બેઠા હતા અને તે રાજને માટે કુરૂક્ષેત્રમાં મોટું યુદ્ધ થયું હતું. એ **યુદ્ધમાં શ્રી કૃષ્ણ ભગવાને**

અર્જુનના સારથી થઇને રથ હાંકયો હતો. કૌરવનો મુખ્ય પુરૂષ ધૃત્રાષ્ટ હતો. તે આંખે અપંગ હતો. જડ પ્રકૃત્તિ જોઇ શકતી નથી, માટે ધૃત્રાષ્ટ તે દેહરૂપી દેશને ધારણ કરી રાખનાર અનાદિ સંસાર આસકિત એટલે મોહરૂપ હતો. એની સામેના પક્ષનો મુળ પુરૂષ પાંડુ હતો. એ પાંડુ તે વર્ણહીન અથવા નિર્મળ શ્વેત વિવેકરૂપ છે. ધૃત્રાષ્ટની સ્ત્રી ગાંધારી હતી જેને મતિનો અવતાર કહેલો છે માટે કૌરવ તે જુદી જુદી વૃત્તિઓ અને વિકારો. એ બધામાં મુખ્ય દુર્યોધન છે, નઠારી રીતે યુદ્ધ કરનાર એટલે કામવૃત્તિ તે દુર્યોધન.

પાંડવોને એક કર્ણ નામે ભાઈ હતો, ને તે કૌરવ પક્ષમાં ગયો હતો. કર્ણનો અર્થ શ્રુતિ અથવા વેદ થાયછે. કર્ણ અને અર્જુન એ બે પ્રતિસ્પર્દ્ધી છે. એ પ્રમાણે બેનું અવલોકન કરતાં અર્જુન. બ્રહ્મ વિદ્યા રૂપ શોભેછે. પાંડવો પાંચ પ્રાણ રૂપ પણ છે; અને તે આ પાંચેની એક સ્ત્રી નામે દ્રૌપદી છે. એ દ્રૌપદી તે સત્યજ્ઞાન સંપાદન કરવામાં તીવ્ર સંવેગ છે.

આપણો હેતુ ભારતનો અભ્યાસ કરવાનો નથી અને તેથી આટલુંજ કહેવું બસ છે. પાંડવોને પ્રત્યેકને પોતપોતાની જુદી સ્રીઓ હતી. અને અર્જુનને સુભદ્રા પરણી હતી. અર્જુનને ઉલ્કપી નામે એક બીજી સ્ત્રી પણ હતી. એ ઉલ્કપી નાગની કન્યા હતી અને અર્જુન પાતાળમાંથી તેને લાવ્યો હતો. મોટા સિધ્ધ પુરૂષોને નાગ કહેવામાં આવેછે અને તેથી એવા મહાત્માઓની સાથે અર્જુનને સંબંધ થયો હતો એમ બતાવ્યું છે.

પાંડવ કૌરવને જે મોટું યુધ્ધ થયું તે કુરૂક્ષેત્રમાં થયું હતું. કુરૂક્ષેત્ર એટલે કર્મ કરવાની જે ભૂમિ તે એટલે મનુષ્યાદેહ. કર્મ કરવાનું સાધન દેહ છે. એ દેહને વિષે સારા અને માઠા ગુણોની વચ્ચે મહા ભયંકર યુધ્ધ મચી રહેલું છે, એ યુધ્ધનું વર્ણન માહભારતમાં પટની પાછળ ચિતરેલું દૃષ્ટિ ગોચર થાય છે. એ યુધ્ધમાં સર્વથી શ્રેષ્ટ અને અગ્રેસર અર્જુન છે. અર્જુનનું એક નામ નર છે. જેટલા પુરૂષો છે તે સઘળા નર કહેવાય પરંતુ અર્જુનનેજ નર કહ્યો છે તેનું શું કારણ? એનો મર્મ સમજવો જોઇયે. જે જીવ ખરા—સાચા જ્ઞાનની દિક્ષા લેવાને અધિકારી હોય છે તેજ નર છે. અર્જુન ઇંદ્રનો

પુત્ર હતો. ઇંદ્ર **મન** દર્શક છે. **મન** બે પ્રકારનું છે, **ઉર્ધ્વ મન** અને અધો **મન.** એ **ઉર્ધ્વ મન** જ્યારે બુધ્ધિની સાથે જોડાય ત્યારેજ આત્માનું દર્શન થવાનો શુભ પ્રસંગ આવે છે. બુધ્ધિની સાથે ઐકયતા થવી ઘણી કઠિણ છે. સંન્યાસિના જેવી વૃત્તિ થઇ નથી ત્યાં સુધી બુદ્ધિનું શુધ્ધ દર્શન થતું નથી, માટેજ **અર્જુન** પ્રથમ ત્રિદંડી સંન્યાસી થાય છે અને તે થયા પછીજ **સુભદ્રા**નું તે હરણ કરી શકે છે. એટલું થયા પછી પણ ઉંચામાં ઉંચુ પદ પ્રાપ્ત કરવાને વિશેષ દિક્ષાની જરૂર છે. આજ કારણ માટે યુદ્ધનો આરંભ થતાં પહેલાં **શ્રી કૃષ્ણ ભગવાન** તેને ગીતાનો ઉપદેશ આપી દ્રઢ કરે છે. **અર્જુન** અધિકારી જીવ તે, દેહરૂપી રથ ઉપર બેશીને **શ્રી કૃષ્ણ પરમાત્માની** સહાયતાથી કૌરવનો પરાજય કરે છે. **શ્રી કૃષ્ણજી અર્જુન**ના મિત્ર છે. જે કોઇ જીવ **શ્રી કૃષ્ણ પરમાત્માનો** આશ્રય રાખીને તેમનાં પદ કમળ પામવાને ભકિતથી પ્રયત્ન કરે છે તેને તે **પરમાત્મા** સહાય કીધા વિના રહેતા નથી અને તેના તે સદા મિત્ર રૂપે છે. **શ્રી કૃષ્ણજી** પોતે યુદ્ધમાં ઉતરતા નથી. એ યુદ્ધમાં લડવાનું કામ તો **અર્જુન**નું અથવા જીવનું પોતાનું છે, પણ તેને ઉત્તેજન આપવાને અને પ્રેરણા કરવાને **શ્રી કૃષ્ણ પરમાત્મા** સદાય પાસે ને પાસેજ છે. આજે રાજ્ય લેવાનું છે તે નાનુ સુનું અથવા સાધારણ નથી, એ રાજ્યના મહીમા તથા વૈભવનું કથન યથાર્થ થઇ શકતું નથી. આ **પાંડવ કૌરવના** યુદ્ધમાં **અર્જુન**નો જય થતાં દેવતાઓ આકાશમાંથી પુષ્પવૃષ્ટી કરે છે. આવો જે **અર્જુન** તેની સાથે **સુભદ્રાજી** પરણેલાં છે. આવાં શુભ મંડળમાં પોતાના **અદ્દભુત** અને **અનુપમતેજથી** વિરાજતા **શ્રીકૃષ્ણ ભગવાનની** અલૌકીક મૂર્તિનાં દર્શન કરતાં નેત્રને તૃપ્તિ થતી નથી. નેત્ર અને મન ચંચળ છતાં તેમના પદારવિંદ આગળ વજ્રલેપની પેઠે ચોંટી ગયાં છે અને જાણે શકિતહીણ હોય તેમ ત્યાંથી જરા ખસતાં નથી. **હે પ્રભુ**! તમારી પાસે અમે એજ માગીએ છૈયે કે તમારાં શુદ્ધ દર્શન સર્વને થાઓ, અને તે થતાં આપની કૃપાથી આખા વિશ્વમાં શાંતિ શાંતિ: થઈ રહો.

કુરૂક્ષેત્રના **મહા રણસંગ્રામમાં માણસનો** કચરઘાણ વળી ગયો. પૃથ્વી ઉપરનો ભાર ઉતારવાનો હેતુ ઘણે દરજ્જે પાર પડયો, ક્ષત્રી વર્ગનો ત્રાસદાયક સંહાર થઇ ગયો. ક્ષત્રી વર્ગ જેનું કર્તવ્ય રક્ષણ કરવાનું હતું તે મદોન્મત થઇ ગયા હતા. રક્ષણ કરવાનું જેમનું કામ

હતું તેઓજ લુંટારા થયા હતા. પોતાના કર્તવ્યથી જે ચુકે, અને જગતના હિતની ચિંતા નહિ રાખતાં સ્વાર્થ સાધવાનાજ પ્રયત્ન કરે છે, તેઓ દૈવી કોપ પોતાના શીર ઉપર માંગી લે છે. ઇશ્વર પરમ કૃપાળુ છે. પ્રત્યેક માણસને સુધરવાને માટે તે પ્રસંગ આપે છે. તે સુધરીને પોતાનું કર્તવ્ય કરે અને સ્વાર્થી વૃત્તિને છોડી દે તેને માટે તેને ઘટતી ચેતવણી આપવામાં આવે છે. તે ચેતવણીને પણ જ્યારે તે ગણકારે નહિં ત્યારેજ તેનો નાશ થાય છે. થોડાના હિતને અર્થે આખી જગતને પીડા થવા દેવાનો અન્યાય થઇ શકતો નથી. ક્ષત્રીઓની વૃત્તિ બગડી અને તેઓ સ્વાર્થને લીધે તમામ જન મંડળને ત્રાસ આપવા લાગ્યા ત્યારે **પરશુરામ** થયા અને તેમણે **એકવીશ વાર નક્ષત્રી પૃથ્વી** કરી. તોએ પણ ક્ષત્રીઓ સમજ્યા નહિં. ભયથી પણ તેઓએ શિખામણ લીધી નહિં. ત્યાર પછી શ્રી **રામચંદ્રજી** પ્રગટ થયા. ઊંચામાં ઊંચી તેજસ્વી અને નિર્મળ મૂરતી ક્ષત્રીઓની સમીપે ઝળકી રહી. અનુકરણ કરવા જેવી તેમની રીતી ક્ષત્રીઓએ ગ્રહણ કરી નહિં અને પ્રથમથી જે આડો માર્ગ તેમણે પકડયો હતો તે માર્ગેજ જવાનું જારી રાખ્યું. આ સઘળાંનું છેવટનું પરિણામ કુરૂક્ષેત્રની લડાઇમાં ક્ષત્રીઓનો સંહાર હતો. પણ યાદવ કુળનો કેટલોક ભાગ રહી ગયો હતો, તેઓ ઇશ્વરી પ્રેરણાથી **પ્રભાસ** ગયા અને ત્યાં મદીરાથી મસ્ત, મદોન્મત થઇ માંહોમાંહે લડયા અને તેમાં ઘણાંઓનો નાશ થઇ ગયો. આવી આવી રીતે જે કામ કરવાનું હતું, તે કામ પુરૂં થયું, અને તેથી **શ્રી કૃષ્ણ ભગવાનને** પૃથ્વી ઉપર વધારે શોભવાની આવશ્યકતા રહી નહિં. પછી **બળભદ્રજીએ** સમુદ્રના તીર ઉપર યોગાભ્યાસથી **પરમાત્માનું** ધ્યાન કરી પોતાના સ્વરૂપને પરબ્રહ્મમાં જોડીને મનુષ્યના દેહનો ત્યાગ કર્યો. **ભગવાન દેવકી પુત્ર શ્રીકૃષ્ણ બળભદ્રનું** નિર્વાણ જોઇને, પીપળાની પાસે આવીને છાના માના પૃથ્વી ઉપર બેઠા. તે સમયે **શ્રીકૃષ્ણે** અત્યંત શોભાયમાન **ચતુર્ભુજ સ્વરૂપ** ધારણ કર્યું." **શ્રીકૃષ્ણજીના ચરણનો** આકાર મૃગના મુખ સમાન હતો તેથી ભોળવાઈને એક પારધીએ બાણ મારી તેને વિંધ્યા. પછી જાણે ધ્યાન કરતા હોય એવી યુક્તિથી પોતાના મંગળકારીક શરીર સહિત પોતાના લોકમાં પધાર્યા. એક પારધી આ પ્રમાણે તેમને બાણ મારે અને તેથી તેમને પૃથ્વી ઉપરથી અંતરધ્યાન થવું પડે એ શું યોગ્ય હતું એ પ્રશ્ન સ્વભાવિક ઉઠે. પણ એ પારધીનું નામ આપણે જાણીશું તો પછી કંઇપણ

સંશય રહેશે નહિં–તેનું નામ "જરા," જેનો અર્થ વૃદ્ધાવસ્થા, ઘડપણ થાયછે, તે હતું. પૃથ્વી ઉપર કરવાનું સઘળું કામ થયું, અને વય પરિપકવ થઇ તેથી **શ્રીકૃષ્ણજીનાં** પવિત્ર ચરણ કમળ પૃથ્વી ઉપર વધારે કાળ રહ્યાં નહીં. **શ્રીકૃષ્ણ ભગવાનને** પોતાના લોકમાં પધારતા જોવાને દેવગણ, ઋષિગણ આદી ઘણા ભેગા થયા હતા, પણ તેઓ **શ્રીકૃષ્ણ ભગવાનની** ગતી પૃથ્વી મંડળની પણ પાર જતાં, જોવાને શક્તિમાન થયા નહિં. જે સ્વરૂપમાં **શ્રીકૃષ્ણ ભગવાને** પ્રથ્વી ઉપર પ્રથમ દર્શન દીધું હતું તેજ સ્વરૂપે પોતે સ્વધામ પધાર્યા. આ પણ અવતારનો અર્થ અને હેતુ સૂચવે છે. વિશ્વનું કલ્યાણ નિરંતર તેમના અંતરમાં વસેલું છે અને જ્યારે જ્યારે તેના કલ્યાણના રક્ષણ માટે પૃથ્વી ઉપર તેમને પ્રગટ થવાનો સમય આવે છે ત્યારે ત્યારે તેનું રક્ષણ કરવાને માટે તેઓ વિલંબ કરતા નથી. **શ્રીમદ્‌ભગવગીતાના** ચોથા અધ્યાયમાં ઉપર કહેલા પ્રશ્નના ઊત્તરનું સૂચન કીધું છે.

बहुनिमे व्यतीतानि, जन्मानि तवचार्जुन ।
तान्यहं वेदसर्वाणि नत्वं वेत्थपरंतप ॥

હે **અર્જુન!** મારા અને તારા બન્નેના ઘણાએ જન્મ થઇ ગયા, હું તે સઘળા જાણુંછું, અને હે શત્રુઓનો નાશ પમાડનાર, તું તારા જાણતો નથી.

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।
अभ्युत्थानम धर्मस्य तदात्मानं सृजाम्यहं ॥

હે **ભારત!** જ્યારે જ્યારે ધર્મ ઝાંખો પડી જાય છે, અને અધર્મનો વધારો થઇ જાય છે, ત્યારે ત્યારે હું પોતે અવતાર લઉંછું.

ओम् शांतिः शांतिः शांतिः





श्री रामायण रसबिंदु.

ॐ

श्री गणेशायनमः
श्री सरस्वत्यैनमः
श्री गुरुदेवायनमः

" હૃદયરમણ, ભવભ્રમણ વિદારણ, સીતા સતિપતિ રામ;
છે તેજોમય, અદ્ભુત ઉંચા, સદ્ગુણનું શુભ ધામ.
કેવળ એહ, અલૌકિક મૂર્તિ, ઈશ્વરનો અવતાર;
શું વિસ્મય કે વિશ્વજ વંદે, મોહિત વારંવાર.
શિક્ષારૂપ છે જીવીત જેનું, નહિ સમોવડ કાંય;
પ્રથમ સ્મરૂં ભાવેથી તેને, જેથી શુભ મમ થાય.

હૃદયવિનોદ ભાગ ૧ લો.

શ્રીકૃષ્ણદર્શનમાં શ્રીકૃષ્ણચંદ્રની અનેક લીલા અને તેમના ચરિત્રનો મર્મ શોધી કાઢવાનો અલ્પ પ્રયત્ન કરી ગયા છીએ. જેવું શ્રીકૃષ્ણ ભગવાનનું નામ આર્યભૂમીના એક છેડાથી તે બીજા છેડા સુધી વાતાવરણમાં ભક્તિરસના અનેક તરંગો ઉછાળી રહ્યું છે, અને જેનો મધુર ધ્વની દેશ દેશાંતર સુધી શ્રવણગોચર થઇ રહ્યો છે, તેવુંજ શ્રી રામચંદ્રજીનું નામ પણ ત્રિવિધિ તાપને સમાવનારૂં ભવસાગરથી પાર ઉતારનારૂં, સાચું કલ્યાણ કરનારૂં સર્વત્ર વ્યાપી રહેલું છે.

સંત, સાધુ, પુરૂષ, સ્ત્રી, જુવાન, અને વૃદ્ધ એમ અગણીત મનુષ્યોનાં હૃદયકમળમાં શ્રી રામચંદ્રજીની અલૌકિક અને તેજોમય મૂર્તિ ઝળકી રહેલી છે. પૃથ્વી ઉપર એક પળ પણ એવી નથી જતી કે જેમાં શ્રી રામ શબ્દનું ઉચ્ચારણ થએલું નહિ સંભળાય. આવી રીતે જેના મહિમાનો પાર નથી, જેના મહિમાનો અખંડ પ્રવાહ

વેગથી જતો, અધિકારી જનોને પાવન કરે છે. તે **શ્રી રામચંદ્રજીની** કથાનું અમૃત પાન કરવા માટે આપણે જો કંઈ પણ પ્રયત્ન કરીશું, તો આપણે એક ખરે ખરૂં પુણ્યનું કામ કીધું એમ ગણાશે.

શ્રી રામચંદ્રજી કયાં અને એક અલ્પ જીવ કયાં? કયાં અપાર સાગર અને કયાં એક પાણીનું ટીપું? **શ્રી રામચંદ્રજી, શ્રી કૃષ્ણ** પરમાત્માની પેઠે ઇશ્વરનો અવતાર હતા, અને તેથી તેમનો મહિમા અને તેમની શકિત અનંત હતાં એમાં તો શંકાજ શું હોય? શુક, સનકાદીક અને એવા મ્હોટા તપસ્વીઓ જેનાં, અદ્દભુત અને મન વાણી બુદ્ધિવડે સહેલથી પામી ન શકાય એવાં, દિવ્ય સ્વરૂપની ઝાંખી કરવાને અહર્નિશ વલખાં મારે છે, ને તલ્પી રહેલા છે, તેમનું ચરિત્ર સમજાવાની શકિત એક અલ્પ જીવમાં કયાંથી હોય? તે કહેવાની જરૂરજ નથી. જો સમજવાની શકિત નથી તો પછી બીજાઓને કહી બતાવવાની શકિતનું તો પૂછવુંજ શું? તે છતાં " યદ્દવા તદ્દવા કરી લવારો, મનમાં કંઇ મલકાઉં " કેમકે " નામ સ્મરંતા એનું નિત્યે પાપ સકળ ટળી જાય "

" રટણ તમારૂં કરવા કાજે, વાર્તા તમ વિસ્તારૂં "

એ બધા વાકયોના ઉપદેશ પ્રમાણે.—

શ્રી રામચંજીનું માત્ર સ્મરણ થાય તો, તે લાભ પણ જેવો તેવો નથી, એજ કારણથી આ વિષય આરંભેલો છે.

શ્રીમદ્દ રામચંદ્રજીનાં ચરિત્રનું વર્ણન શ્રીમદ્દ રામાયણમાં વિસ્તારથી કરેલું છે. બીજા પુરાણોમાં પણ વર્ણન છે પરંતુ **રામકથામૃત** નો અપૂર્વનિધિ તો **શ્રી રામાયણજ** છે. **રામાયણના** કર્તા આદી કવિ **શ્રી વાલ્મિકજી** છે તેને માટે કહ્યું છે કે.

" વાલ્મિક ને વ્યાસ વિપૂલશિર્ષા, જેની કવિંદ્રો કરતાજ ઇર્ષા.
છે જ્ઞાન રત્નાકર ઉપમાએ, છે પૂજ્ય જે સુમનને સદાએ.
ઇદુરવિ ધર્મ પ્રકાશકોએ, છે દુષ્ટતા તિમિરનાશ કો એ.

શ્રી વાલ્મિકજી અને **શ્રી વ્યાસજી** જેવા સમર્થ ઋષિ-કવિ જેવા પૃથ્વીના પૃષ્ઠ ઉપર કોઇ પણ આજપર્યંત **થયેલા નથી, અને કોઇ થશે** કે નહિ એ **પણ** શક ભરેલું છે.

રામાયણ, મહાભારત તથા પુરાણના કર્તા, સાધારણ મનુષ્ય ન્હોતા, તેઓની શક્તિ આપણી બુદ્ધિથી પાર છે. તેઓના ગ્રંથ જ્ઞાનના મહાન ભંડાર છે. જેમ ચંદ્ર અને **સૂર્ય** અંધારાનો નાશ કરે છે, તેમ આ બે ઋષિઓ અધર્મરૂપી અંધારાનો નાશ કર્તા છે, **ધર્મ** અને **નીતિ**ના પ્રવર્તક છે. એમના ગ્રંથ રત્નના અખૂટ ભંડાર છે. અને તે ભંડાર પણ એવા કે જેની જે કંઇ ઇચ્છા થાય તે એ ભંડારમાંથી મળે છે. આવા સમર્થ ઋષિઓનાં રચેલાં પુસ્તકોનું જેટલું મનન થાય તેટલું થોડુંજ છે. માત્ર ચર્મચક્ષુથી દ્રષ્ટિ કરવાની નથી પણ અંતરમાં ઉતરીને જો અંતરદ્રષ્ટિથી ઝાંખી થશે, તોજ તેનાં અમુલ્ય રત્નનો પ્રકાશ પ્રકટ થશે. માત્ર બહારના દેખાવથી જે સંતોષ પામશે તે ખરૂં તત્વ પામશે નહિ. અને તે પામ્યાવિના બહારના રૂપથી ગમે તેવા વિચાર બાંધશે તો તે માત્ર પોતાનું અજ્ઞાનજ દર્શાવશે. **રામાયણ** વિશે એમ કહેવાય છે કે તેના વિવિધ અર્થ કરવાને માટે સાત કુંચીઓ છે. દરેક કુંચી ફેરવતાં જુદા જુદા સાત અર્થ જણાઇ આવે છે. આ સાતે કુંચી પોતાની પાસે ધરાવનાર કોઈકજ હશે. મહાન્ ગુરૂવિના એ જ્ઞાન પ્રાપ્ત થતું નથી. આપણામાં પરાપૂર્વથી ચાલતી આવેલી ગુરૂપરંપરા હવે જોવામાં આવતી નથી. તેનો લોપ થયો છે તેથીજ અધર્મની વૃદ્ધિ થયેલી છે. છતાં અમૃતના ઘડા આપણા સમીપમાંજ છે, તો તેમાંથી જે કાંઇ સ્વાદ લેવાય તે વિષેષ લાભરૂપ છે, એમ સમજી આપણે યથાશક્તિ તેના રહસ્યમાં ડુબકી મારીશું તો તે ખોટું કહેવાશે નહિ.

જે ગ્રંથમાં **શ્રી વાલ્મિકજીએ શ્રી વિષ્ણુ ભગવાન**નાં સાતમા અવતારનું કથન કરેલું છે, તેનું નામ તેમણે પોતે **રામાયણ** રાખેલું છે. **રામાયણ** શબ્દનો શું અર્થ થાય છે, તે પ્રથમ આપણે જોઇશું. **રામ** શબ્દનો અર્થ વિસ્તારથી આગળ બતાવવામાં આવશે. તે પ્રમાણે ઇશ્વર, જીવ, ચેતન છે. તેમા **અયન** શબ્દ જોડેલો છે. **અયન** અય ઉપરથી થએલો છે, અને **અય** એટલે જવું,—અયન એટલે માર્ગ પંથ, વર્ત્મ, ને તેમજ વળી સ્થાન પણ થાય છે. જેમકે **નારાયણ**માં **નાર** એટલે જળ છે. તેથી જળ જેનું સ્થાન છે તે **નારાયણ**. હવે **રામ** અને **અયન** એ બન્ને શબ્દનો અર્થ ઇશ્વર અથવા જીવનો માર્ગ એમ સમજાય છે. ગ્રંથનું આ નામ આપવામાં કંઇ પણ મર્મ રહેલો હશે, એમ આપણે માનવું જોઇએ.

હવે એ મર્મ શું છે. તે શોધી કહાડવાનો વિચાર કરવાની જરૂર છે. શ્રી રામાયણની કથા એટલી પાવન કરનારીછે કે, જો કોઇ માણસ ખરાભાવથી અને એક ચિત્તે તે સાંભળે તો, તે પોતાનો મનુષ્યજન્મ સફળ કરીને જન્મમરણથી મુકત થાય છે, એમ હજારો વર્ષથી કહેવાતું અને મનાતું આવેલું છે, અને તેટલા માટેજ ઠેર ઠેર રામાયણની કથા બેઠેલી આપણે જોઇએ છીએ. એ કથા સાંભળવા માટે લોકોનાં ટોળે ટોળાં ભેગાં થાય છે, અને કથાભટને પોતાની યથાશકિત દક્ષિણા પણ આપે છે! આવી રીતે હજારો વર્ષથી થતું આવ્યું છે. તે ઉપરથી રામાયણનો આપણે જે અર્થ સૂચવીને તેમાં મર્મ રહેલો છે એમ જે કહ્યું તેને સબળ ટેકો મળે છે. શ્રી રામચંદ્રજી ઇશ્વરનો અવતાર હતા. અને તેમણે પૃથ્વી ઉપર જુદાં જુદાં સ્થળોને પોતાના પાદારવિંદથી પવિત્ર કીધાં હતાં અને અધર્મનો સર્વથા નાશ કીધો હતો, આ વાત પ્રસિદ્ધ છે. તેમનું મુળસ્થાન શ્રી અયોદ્ધા નગરી છતાં ત્યાંથી અન્ય સ્થાનમાં તેમણે પ્રયાણ કીધું હતું, તે કેવી રીતે? એ દર્શાવનારો જે ગ્રંથ તે રામાયણ એમ અર્થ નિકળી આવે છે. ઇશ્વરની લીલા અનેક શિક્ષણ આપનારી હોય છે. સૃષ્ટિની ઉત્પતિ, સ્થતિ અને પ્રલય એ ઈશ્વરની લીલા છે. તેમજ જીવના સંબંધમાં. ઇશ્વર પુરૂષ છે, પ્રકૃતિથી પર છે. પુરૂષ અને પ્રકૃતિ અથવા જડ અને ચેતન એ બે વિના વિશ્વનો પ્રાદુર્ભાવ થતો નથી. એ ચૈતન્ય માત્ર જ્યારે હોય છે ત્યારે જગત્ કે વિશ્વ કે બીજું કંઈ પણ હોતું નથી. ચૈતન્ય અરૂપ છે, અને જડ રૂપ ધારી છે. રૂપ ધારણ થયા સીવાય કશાનો પણ પ્રાદુર્ભાવ થતો નથી, એટલે કોઇ પણ શકિત રૂપવાન થાય છે, ત્યારેજ વ્યકિતરૂપે પ્રગટ થાય છે. જડ અથવા પ્રકૃતિ નાના પ્રકારનાં રૂપ ધારણ કરે છે, અને તેમાં ચૈતન્ય પ્રતિબિંબ પડે છે. પ્રકૃતિ જડ છે અને તેને શકિત આપનાર પુરૂષ છે. એ પુરૂષ તે પણ ઈશ્વરનુંજ સ્વરૂપ છે. આકાશ, વાયુ, તેજ, પાણી, અને પૃથ્વી એ પ્રકૃતિના વિકાર છે. આવી રીતે જુદાં જુદાં રૂપથી પ્રકૃતિનું દર્શન થાય છે. ચૈતન્યની આસપાસ પ્રકૃતિ વિંટળાઇ વળેલી રહે છે, એટલે પ્રકૃતિ પોતે ચૈતન્યની ઉપાધિ રૂપ છે. પ્રથમ આકાશ લઇએ. તો એ આકાશથી વાયુ થયો, વાયુથી અગ્નિ, અગ્નિથી પાણી, અને પાણીથી પૃથ્વી. દ્રષ્ટાંત લેતાં વાયુમાં

ચૈતન્ય અને તેને વળગેલી ઉપાધિ છે. એ ઉપાધિ સહિત ચૈતન્ય તે વાયુ છે. આકાશરૂપી ઉપાધિ વાયુ ઉપાધિ કરતાં સૂક્ષ્મ–બારીક છે. હવે ઉપાધિસહિત ચૈતન્યનું જે રૂપ વાયુ તે વાયુએ હું બીજે રૂપે દેખાઉં એવી ઇચ્છા કીધી, અને તેથી અગ્નિ અથવા તેજ થયું. છાંદોગ્ય ઉપનિષદ્‌માં કહ્યું છે કે **तद्‍ैक्षत बहुस्यांप्रजायेयेति तत्तेजो सृजत** તેજ અથવા અગ્નિની તેજ પ્રમાણે ઇચ્છા થતાં જળ થયું. જળની પાછી એવીજ ઇચ્છા થતાં પૃથ્વી થઇ, **ता आप ऐक्षन्त बहुस्यामः प्रजायेयमहि इतिता अन्नम सृजन्तं** છાં. ઉ. અન્ન શબ્દ પૃથ્વી વાચક છે. કેમકે અન્ન પૃથ્વીનો વિકાર છે. આ પ્રમાણે મહા ભુતોની ઉત્પતિ જોતાં જણાય છે કે ચૈતન્ય પ્રથમ ઘણુંજ સુક્ષ્મ–બારીક આવરણ ઉપાધિ ધારણ કરે છે, અને પછી ધીરે ધીરે આવરણ અથવા ઉપાધિની સ્થિતિ બદલાતાં વધારે ઘટ્ટ થતી જાય છે, એક કેવળ ચૈતન્ય રૂપરંગ વિનાનું અને બીજી પ્રકૃતિ. ચૈતન્ય નિરંતર એક રસ છે અને પ્રકૃતિ અતિ સુક્ષ્મ તેમજ અતિ ઘટ્ટ છે. ત્યારે ઘટ્ટમાં ઘટ્ટ જે પ્રકૃતિનું સ્વરૂપ તેમાં ચૈતન્યનો પ્રકાશ છેવટ આવી પડે છે. સઘળો પ્રપંચ બહારથી પ્રત્યક્ષ થાય છે. અને લય પણ તેમાંજ થાય છે. **विपर्ययेण तु क्रमोत उपपद्यतेच** વેદાંત સૂત્ર. પૃથ્વી જળમાં. જળ અગ્નિ અથવા તેજમાં એ પ્રમાણે ઉત્પત્તિથી ઉલટો ક્રમ લયનો છે. સારાંશ કે ઉત્પત્તિમાં સૂક્ષ્મથી પુરણ ઘટ્ટ સુધીનાં જે આવરણ ચૈતન્યે ધારણ કીધેલાં હોય છે, તે આવરણો એક પછી એક પુરણ ઘટ્ટથી અત્યંત સુક્ષ્મ સુધીના સઘળાં છોડી દેવાય છે. એજ પ્રમાણે જીવને આપણે ચેતન ધારી લઇએ, તો તે પ્રથમ સુક્ષ્મમાં સુક્ષ્મ પ્રકૃતિનાં આવરણ ધારણ કરે છે, એટલે પ્રકૃતિમાં ઉંચામાં ઉંચી ટોચે પ્રથમ આવીને ધીરે ધીરે નીચે ઉતરે છે, અને છેવટે અત્યંત ઘટ્ટ ઉપાધિવાળો તે થઇ જાય છે. એ સ્થિતમાં પ્રકૃતિનું બળ વિશેષ છે, કેમકે જીવ જેમ જેમ નીચે ઉતરે છે તેમ તેમ તેનો પ્રકાશ ઓછો થતો જાય છે. અને પ્રકૃતિનું રૂપ વધારે પ્રકટ થતું જાય છે, ચૈતન્યનો આ **તિરોભાવ** થયો છે. તેનો **પ્રાદુર્ભાવ** તે એક પછી એક ઉપાધિ અથવા આવરણનો ત્યાગ છે, અને ત્યાગ થતાં પ્રકૃતિનું ઘટ્ટ રૂપ કમી થતું જઇ ચૈતન્યનો પ્રકાશ વિશેશ ઝળકાટ મારે છે. ત્યારે એક નીચે ઉતરવું છે, અને એક એક ઉપર ચડવું છે. એક ઇંડાકાર આપણે આકૃત્તિ ધારીએ તો તેમાં શિર એટલે મથાળેથી ઉતરતો

ઉતરતો જીવ નીચે આવે છે, અને પછી છેક નીચેથી ઉપર ચડવા માંડે છે અને અંતે તે જ્યાંથી નિકળ્યો હતો ત્યાંજ આવીને ઉભો રહે છે. ચૈતન્યનું આ જે પરિક્રમણ તેજ લક્ષ ચોર્યાસીમાં ભટકવાનું છે. જુદી જુદી સ્થિતિમાં થઈને અંતે મોક્ષ પામવો તે પણ એવુંજ પરિક્રમણ છે. ખરેખરી જાત્રા તે એજ છે. જુદે જુદે સ્થળે મુકામ કરતાં જીવ ઉત્સાહમાં ને ઉત્સાહમાં સાક્ષાત પરમાત્માના ધામમાં જઇ પહોંચે છે, અને સાચું સુખ, સાચો આનંદ, અને સાચી શાંતિ તો તે ત્યાંજ પામે છે. આ પ્રયાણમાં ક્રિયા ક્રિયા માર્ગે જવાનું છે તે જાણવું આવશ્યક છે, અને તે શ્રી વાલ્મિકજીએ પોતાના ગ્રંથમાં બતાવેલું છે. અયન એટલે માર્ગ, પંથ ઇત્યાદિ અર્થ સાધક છે. રામ એટલે જીવ, ઇશ્વર–ચૈતન્યનો જે માર્ગ તે માર્ગ દર્શાવનાર ગ્રંથ માટે તેનું નામ રામાયણ છે, એમ સિદ્ધ થાય છે. શ્રી રામચંદ્રજીનું મુળ સ્થાન અયોધ્યા છે. તેઓ વનવાસ કરતાં લંકા સુધી જઈ પહોંચે છે. આર્ય ભુમીનો નકશો જોતાં અયોધ્યા ઉત્તરમાં અને લંકા દક્ષિણમાં આવેલાં જણાય છે, એટલે એક ઉંચે અને બીજું નીચે છે. ઉપરથી ઉતરતાં નીચે જવું તે અયોધ્યાથી લંકા જવાનું છે, અને લંકાથી પછી પાછા અયોધ્યા પહોંચવું તે ઉંચે ચડવાનું છે. અયોધ્યામાં જઇને શ્રી રામચંદ્રજીને શું થાય છે, તે પણ જુઓ. પ્રથમ તેમના પિતા દશરથ રાજા તેમને દેશવટો આપે છે અને તેથી તેઓ પોતાના પિતાથી વિખુટા પડે છે, જુદી જુદી ભુમીમાંથી તેઓ પસાર થાય છે, અને છેવટ પાછા અયોધ્યા નગરી જઇને પોતાના પિતાની ગાદી ઉપર બિરાજમાન થઇને વિશ્વમાં જય જયકાર વર્તાવી મુકે છે.

સંસ્કૃત ભાષામાં ઘણે મોટે ભાગે પુસ્તકોની રચના કવિતામાંજ થયેલી છે. કોઇ કાવ્ય કઈ પંક્તિનું છે, તે નિશ્ચય કરવા માટે પ્રસિદ્ધ નિયમો છે. અમુક જનો વખાણ કરે તેથી કંઇ તે ગ્રંથ સારો ગણાય નહીં. હાલના સમયમાં આપણે જોઇએ છિયે કે, અમુક વર્ગના લેખકો પોતાના કલ્પેલા નિયમોને અનુસરીને વર્તનારાઓનેજ વિદ્વાન માને છે! અને બીજાઓની ગણુતી પણ કરતા નથી! આ પ્રમાણે માત્ર સ્વેચ્છાને આધીન રહીને કોઇ પણ ગ્રંથની તુલના કરવાની રૂઢી પૂર્વે ન્હોતી.

સંસ્કૃત પંડિતોએ જેજે નિયમો બતાવ્યા છે અને પાળ્યા છે, તે વિષે અહીં વિવેચન કરવાનો પ્રસંગ નથી. ગ્રંથની વર્ગણી, ઉત્તમ, મધ્યમ અને અધમ અથવા કનિષ્ઠ એમ ત્રણ પંક્તિની હતી. વાચ્યાર્થ કરતાં વ્યંગ્યાર્થ જેમાં સારો અને વિશેષ હોય તે ગ્રંથ પ્રથમ પંક્તિમાં મુકાતો. વ્યંગ્યાર્થ જ્યારે વાચ્યાર્થથી બળમાં કમી હોય ત્યારે બીજા વર્ગમાં એ ગ્રંથની ગણુતી થતી અને જ્યારે વ્યંગ્યાર્થ સમૂળો હોયજ નહીં ત્યારે ગ્રંથની ગણુના ત્રીજી પંક્તિમાં થતિ હતી. યથાર્થ એટલે ધ્વનિથી મન ઉપર જે છાપ પડે છે અને અસર થાય છે, તેવી જાતની છાપ અને અસર શબ્દરચનાથી થાય ને દેખાઇતો અર્થ કંઇ હોય પણુ તેમાં મર્મ જુદોજ રહેલો હોય, અને તે મર્મ સમજનારનાં અંતરને ભેદીને છાપ પાડે ત્યારેજ વ્યંગ્યાર્થ કાવ્ય છે, એમ સામાન્ય રીતે વિદ્વાનોનો મત છે. રામાનુજે તો વિશેષ કરીને એ પ્રમાણેજ માનતા આવેલા છે. દ્રષ્ટાંત તરીકે ગુરૂનું વર્ણુન પક્ષીરૂપે કરવામાં આવે તો એમ સમજવું જોઇએ કે, જેમ પક્ષીને બે પાંખ છે તેમજ ગુરૂને પણુ બે પાંખ જ્ઞાન અને કર્મની છે અને એ બે પાંખો વડેજ ઉંચે ગતિ થઇ શકે છે. પક્ષીનું સ્થાન–તેનો સાધારણુ નિવાસ–શાખામાં એટલે વૃક્ષની ડાળમાં છે, તેમ ગુરૂનો નિવાસ વેદની શાખામાં છે. જીવનું અજ્ઞાન મટાડીને તેને ઉંચે ગતિ કરવાને સમર્થ કરે તેજ ગુરૂ. લંકામાં જ્યારે સીતાજીની પાસે હનુમાનજી ગયા હતા તે વખતનું વર્ણુન સુંદરકાંડમાં આવીજ રીતે કરેલું નજરે પડે છે.

રામાયણુ શ્રી રામચંદ્રજીની કથાનું વર્ણુન કરે છે અને તે છતાં ઐતિહાસિક ગ્રંથ કહેવાય છે, તેનું શું કારણુ? શ્રી રામચંદ્રજીને રાવણુ સાથે યુદ્ધ થયું એટલુંજ પ્રકરણુ ઇતિહાસને માટે બસ નથી; ત્યારે ઇતિહાસ તે કયાં છુપાયલો છે અને કોનો છે? કયાં છુપાયલો છે? એ પ્રશ્નનો ઉત્તર મેળવવાને માટે આપણે પ્રસંગ મળશે ત્યારે પ્રયત્ન કરીશું, પણુ હમણા કોનો ઈતિહાસ છે, તે ટુંકામાં બતાવીશું. વળી રામાયણુ શબ્દ ઉપર કેટલુંક વિવેચન કરવાનું છે. મનુષ્યના વંશની પહેલાં દેવ, કિંપુરૂષ, અને દાનવ એટલે દૈત્યના જે મોટા વંશ થયા હતા તેનું વર્ણુન એ ગ્રંથમાં કરેલું છે. ભારતવર્ષ તે હમણાં તો આપણે જેને હિંદુસ્તાન કહીએ છીએ તે સાધારણુ રીતે છે તે વાત ખરી છે, પણુ પૂર્વકાળની ભૂગોળ કેવળ જુદા પ્રકારની હતી. તેનું વર્ણુન પણુ માર્મિક

હતું, કેમકે તેમાં એક કરતાં વધારે અર્થ સમાયલા હતા. જુદી જુદી મનુષ્ય જાતિઓ થતી ગઇ તેને માટે રહેવાને જુદી જુદી ભૂમિયો હતી. આ વાત ખાસ લક્ષમાં રાખવાની છે કે પ્રલય બે પ્રકારે થાય છે, એક અગ્નિથી અને એક જળથી અને તે અનુક્રમે થયાં કરે છે. પૃથ્વિના પૃષ્ટ ઉપર ખંડોની આકૃતિ બદલાઇ જાય છે, અને આકૃતી બદલાતાં નામ પણ નવાં થાય છે, ત્યારે પ્રત્યેક મનુષ્ય જાતિને માટે જે સામાન્ય રીતે ભૂમિકા હતી તેને ઘણી વેળાએ ભરતખંડ કહીને ઓળખાવતા હતા. દરેક રાજાને સાત સાત છોકરા થયેલા એ વાત પણ વિચાર કરવા જેવી છે. સાત નદી, સાત પર્વત, સાત સમુદ્ર ઇત્યાદિ જયાં ત્યાં, સાતનીજ સંખ્યા જોવામાં આવે છે. હાલમાં જે મનુષ્યજાતિ પૃથ્વી ઉપર વસેછે, તે ઘણેભાગે પાંચમી જાતિ છે, તેની પહેલાં જે ચાર મનુષ્ય જાતિઓ થઇ ગઇ, તેને માટે લિંગપુરાણમાં કેટલુંક કથન છે. જૂઓ પૂર્વાર્ધ્ધ અ ૧૧-૧૨-૧૩-૧૪-૧૫ માં **સદ્યોજાત, વામદેવ, તત્પુરૂષ, અઘોર અને ઇશાન** કેવી રીતે પ્રગટ થયા તે દર્શાવેલું છે. પંચબ્રહ્મરૂપે આ પંચ મૂર્તિનું દર્શન પાંચ કલ્પમાં થાયછે. એ પ્રત્યેક પાંચ પ્રત્યેક કલ્પના પ્રતિનિધિરૂપછે. એ પાંચે કલ્પમાં મનુષ્ય જાતિના વર્ણ=રંગ એક સરખા નહોતા, પાંચના પાંચ જૂદા વર્ણ હતા; શ્વેત, રકત, પીત, કૃષ્ણ અને વિશ્વરૂપ. પાંચમી મનુષ્ય જાતિ, આર્ય પ્રજા જેને આપણે કહીએ છીએ, તે મિશ્રિત વર્ણની છે અને તેથી તેને વિશ્વરૂપ કહેલી છે. એની પહેલાની ચોથી મનુષ્યજાતિ જેને પશ્ચિમભણીના વિદ્વાનો **આટલાન્ટીયનને** નામે ઓળખે છે, તે પાછલા સમયમાં ઘણીજ પાપીષ્ટ થઇ ગઇ હતી અને તેથી એક રાત્રિમાં જળ-પ્રલયથી તેનો નાશ થયો હતો. તે ચોથી જાતિ કૃષ્ણવર્ણની હતી. એમ જે કહેલું છે તે યોગ્યજ છે. તે રાક્ષસવર્ગનો પ્રતિનિધિ રાવણ હતો. ત્યારે ચોથી અને પાંચમી મનુષ્યજાતિનો ઈતિહાસ જે શોધશે તેને **શ્રી રામાયણમાંથી** તે નિશ્ચય મળી આવશે. જે પ્રમાણે ચેતન ઉપરથી ઉતરતાં ઉતરતાં છેક નીચે ગાઢ પ્રકૃતિના આવરણમાં પડી ગુંચવાઇ જવાય છે અને પછી તેમાંથી ધીરે ધીરે મુકત થતાં ઉપર જવાનો માર્ગ પકડાય છે, તેમજ મનુષ્ય જાતિનો માર્ગ પણ પ્રથમ નીચે ઉતરી પછી ઉપર ચડવાનો છે. એ નિયમને અનુસરીનેજ આ પાંચમી મનુષ્યજાતિ થયેલી છે અને તેથી પણ સિધ્ધ થાયછે કે, અયન એટલે માર્ગ દર્શાવનારો જે ગ્રંથ તે આ રામાયણ છે.

ઉપર મનુષ્યની ચાર જાતિઓ થઇ ગઇ અને પાંચમી જાતિ હમણાં ચાલેછે એમ આપણે કહી ગયા છીયે, તેમજ કહી ગયા છીયે કે પ્રત્યેક જાતિના પ્રતિનિધિને સાત પુત્ર થયા હતા. એ પુત્રની સંતતિનું વર્ણન પણ કરેલું છે. એનો અર્થ એ કરવાનો છે કે પ્રત્યેક મનુષ્યજાતિમાં સાત સાત શાખાઓ હોયછે, અને પ્રત્યેક શાખામાં પણ વિભાગ છે, એ શાખા અને તેના વિભાગોના પ્રતિનિધિ જુદા જુદા છે. અમુક રાજાનું રાજય આટલા હજાર વર્ષ ચાલ્યું અને બીજાનું આટલા હજાર વર્ષ એમ લખેલું છે અને તેને માત્ર ઉપર ઉપરનો અથ કરનારા અસંભવિત ગણીને હસી કહાડે છે. પુરાણના કર્તાઓ જબરાં ગપ્પાં મારી ગયા છે એમ કહીને તેઓ ફુલાય છે, અને સંતોષ માનેછે. એક શાખાના પ્રતિનિધિ રાજાની જીંદગી આટલા હજાર વર્ષની થઇ હતી, એમ વાંચીને આખી શાખાનો સમય જો સમજવામાં આવે તો માની લીધેલું અસંભવિતપણું ઝાકળના પાણીની પેઠે પીગળીને સહજમાં ઉડી જાયછે. એક રાજાના ખરા છોકરાઓ અને તેની સંતતિનું કવચિતજ વિસ્તારથી વર્ણન આવે છે. તેમાંના કોઇનાં કૃત્યો પરાક્રમવાળાં અને પ્રસિદ્ધિ પામેલાં હોય તોજ તેને વર્ણવેલાં જણાય છે.

અત્યાર પછી મનુષ્યની બે બીજી જાતિઓ થઇને સંખ્યા સંપૂર્ણ સાત થઈ રહેશે આવી રીતે શ્રીમદ્‌રામાયણ, મહાભારત અને પુરાણો સાધારણવર્ગના માત્ર ઉપર ઉપરનું રૂપ જોનારાને અને તેવીજ રીતે સુજ્ઞ, તત્વ શોધનાર, અંતરમાં દૃષ્ટિ કરી ખરૂં રહસ્ય નિરખનારાને બંનેને માટે જ્ઞાન આપવાને સમર્થ છે. એમાં ઠેર ઠેર ધર્મના ઉપદેશ આવે છે, તેનું પણ કારણ એજ છે કે કર્તાનો ઉદ્દેશ માત્ર ધર્મ માર્ગ દર્શાવવાનો છે. આપણે જેમ જેમ વધારે વિચાર કરીએ છીએ, તેમ તેમ આપણી દ્રષ્ટિની મર્યાદા વિશાળ થતી જાય છે અને ધીરે ધીરે આપણી આંખોને આશ્ચર્યતા છાઇ વળેછે. તેમના બળવાન્ વિચારોની જ્ઞાનજયોતિમાં આપણો આત્મા એક રસ થઇ જાય છે અને પરમ પૂજય, મહાતેજસ્વી, દિવ્યસ્વરૂપ શ્રી વાલ્મિકજીની અદ્દભુત, આશ્ચર્ય પમાડનારી, તાપને હરનારી, શાંતિ કરનારી, પરમ આનંદમયી, કલ્યાણ કરનારી મૂર્તિ પ્રકટ થઇ ઉભી રહે છે, । ધર્મ માર્ગે દોરવીને જીવને પોતાના પરમ સ્વધામને પહોંચાડનાર હે ઋષિવર ! હું ફરી ફરીને તમારાં પાદારવિંદનું વંદન કરૂં છું, તમારી કૃપાદ્રષ્ટિ માગું છું. તમારૂં સ્મરણ સદાય અચળ રહો, તમારી કૃપાથી અમે અમારૂં સાચું કર્તવ્ય સમજીને, આ જીવનને સાર્થક કરીએ એજ વર આપવાની આપને પુનઃ પુનઃ પ્રાર્થના કરૂં છું. અસ્તુ.

बिंदु २ जुं.

શ્રી વાલ્મિકજીએ પોતાના ગ્રંથનું નામ શા માટે રામાયણ રાખ્યું છે, તે આપણે આગળ જોઇ ગયા છીએ. મનુષ્ય જાતિની ઉન્નતિ કેવી રીતે થાય છે તે એ ગ્રંથમાં સ્પષ્ટ દર્શાવેલું છે. એક પ્રજાની ઉન્નતિ તે માંહેલા પ્રત્યેક મનુષ્યની ઉન્નતિ ઉપર આધાર રાખે છે. ધ્યાન અને ધર્મના બે મોટા માર્ગ છે તેમાં શ્રી રામાયણ ધર્મનો માર્ગ દર્શાવનારો મહાન ગ્રંથ છે. પ્રત્યેક જીવે પોતાનું કૃર્તવ્ય શું છે તે સમજીને તે પ્રમાણે પોતાનું આચરણ રાખવું જોઇએ. પોતાના કર્તવ્યનું ખરૂં સ્વરૂપ સમજીને તે કર્તવ્ય જે કર્યો જાય છે તે ફળની આકાંક્ષા રાખતો નથી. કર્મનાં ફળની આશા રાખવી નહિ અને કૃર્ત્તવ્ય જાણીનેજ કર્મ કરવું એથીજ કલ્યાણ થાય છે અને કર્મથી મુકત થવાનું પણ એજ છે. કર્મથી મુકત થવું એટલે શું ? શું કોઇ પણ જીવ કર્મથી રહિત થઇ શકવાનો છે? આ સકળ સંસાર, આ આખી સૃષ્ટિ કર્મનુંજ પરિણામ છે. કર્મથી તે પ્રગટ પડે છે, કર્મથી પોષાય છે અને કર્મથીજ લય થાય છે. એ સૃષ્ટિમાં જે જીવ રહેલો છે તે સૃષ્ટિના શરીરમાં એક અવયવ અથવા પરમાણુ રૂપ છે તો તે કર્મથી રહિત કેમ હોઇ શકે. જ્યાં જોઇશું ત્યાં કર્મની ગર્જના ગાજી રહેલી છે. માણુસની દેહ પણ કર્મથી બંધાઇ છે અને કર્મથી પોષાય છે, તેને રોમેરોમ અને છિદ્રે છિદ્ર કર્મની વાસના ભરાયલી છે. અને તેનું જીવન પણ કર્મજ છે. આળસમાં પડી રહેવું તે પણ કર્મ છે. જીવ નિદ્રાવશ થાય છે ત્યારે શું પ્રાણની ગતિ બંધ થાય છે? જ્યાં લગી આંખ છે ત્યાં લગી આંખનું જોવાનું કામ ચાલુંજ રહે છે. કાન છે તે સાંભળશે, નાક છે તે ગંધ ગ્રહણ કરશે ઇત્યાદિ ઇત્યાદિ. આવી રીતે વિચાર કરતાં કર્મથી વેગળા તો જીવથી જવાતુંજ નથી. ત્યારે કર્મથી મુકત થવું તે શું ? કર્મથી મુકત થવું એટલે કર્મનાં બંધનથી છુટવું. એ કેવી રીતે છુટાય તે **શ્રી કૃષ્ણ ભગવાને અર્જુનને** શ્રી ભગવદ્ગીતામાં સારી પેઠે સમજાવ્યું છે. કર્મનું બંધન તેનાં ફળની આશામાં રહેલું છે. જ્યાં ફળની આશા રાખ્યા વિના પોતાનું કર્તવ્ય સમજીને જે માણુસ કર્મ કરે છે તે તે કર્મનાં પરિણામમાં આશકત નથી. પરિણામ ગમે તે આવો

તેની તેને દરકાર નથી. કામ થાઓ કે નહિ થાઓ તેથી તેને હર્ષ શોક નથી. આવી રીતે જે કર્મ થાય છે તે ઈશ્વર નિમિત્ત છે અને તેથી તેની વાસના રહેતી નથી, અને વાસના જતી રહી કે બંધન નાશ પામ્યું. ત્યારે **રામાયણ** ધર્મનો એટલે પોતાના કર્તવ્યનો માર્ગ બતાવે છે. પૂર્વે ક્ષત્રીઓ ઘણાં સમર્થ થઈ ગયા હતા. તેઓ રાજ્ય-કર્ત્તા હતા, અને તેઓનો ધર્મ પ્રજાનું સંરક્ષણ કરવાનો હતો. આ ધર્મ જ્યારે તેઓ ભુલી ગયા અને ઉલટું વર્તન કરવા લાગ્યા, ત્યારે **શ્રી પરશુરામનો** અવતાર થયો અને તેમણે નક્ષત્રીય પૃથ્વી કરી. આ સંહારમાં ઘણાં ક્ષત્રીઓ બચી ગયા હતા. **પરશુરામજીએ** ક્ષત્રીઓનું રાજ્ય છીનવી લીધું હતું પણ પોતે બ્રાહ્મણ તેથી રાજ્ય કરવાનો ધર્મ પોતાનો નથી એમ સમજીને પાછું આપી દીધું હતું. ક્ષત્રીઓને આવી રીતે શિખામણ મલ્યા છતાં પણ તેઓ સુધર્યા નહિ ત્યારે **શ્રી રામચંદ્રજીનો** અવતાર થયો. રાજા તરીકે, પુત્ર તરીકે, પતિ તરીકે, પિતા તરીકે, ભાઇ તરીકે, અને ટુંકામાં સર્વની સાથના સંબંધમાં કેવી રીતે કર્તવ્ય કરવું, તે તેમણે પોતાના ચરિત્રથી દર્શાવી આપ્યું છે. આ ચરિત્રનું વર્ણન **રામાયણમાં** કરેલું છે.

શ્રી રામચંદ્રજીનું ચરિત્ર જે એ ગ્રંથનો વિષય છે તેનું અવલોકન કરતાં પહેલાં એ ગ્રંથના કર્તા કોણ છે તે જાણવું અગત્યનું છે. **શ્રી વાલ્મિક ઋષિ** એ ગ્રંથના કર્તા છે, એમ આપણે ઉપર કહી ગયા છીએ તે આદિ કવિ કહેવાય છે. તેમનાં પિતાનું નામ **પ્રચેતા** હતું. **પ્રચેતાનું** બીજું નામ **વરૂણ** પણ છે. **પ્રચેતાની** કથા વિષ્ણું પુરાણના ૧૪–૧૫ અધ્યાયમાં આપેલી છે. તે પણ નવીન શિક્ષણદાયી છે. પ્રાચીન બર્હિ-ભગવાન જે મોટા પ્રજાપતિ ગણાય છે તેને **સમુદ્ર કુમારી** નામે સુવર્ણાથી દશ પુત્રો થયા હતા, તે દશ પુત્રો **પ્રચેતાના** નામથી પ્રસિદ્ધ છે. **પ્રચેતાઓએ** દશહજાર વર્ષ સુધી સમુદ્રના જળમાં રહી તપ કીધું હતું. તેમના પિતા મોટા રાજ્યાધિપ હતા પણ પાછલી વયમાં રાજ્યને છોડી તપ કરવાને તે ગયા તે સમયે તેમના પુત્ર સમુદ્રમાં રહી તપ કરતા હતા. તેઓનું ઘણા કાળ પર્યંત તપ કરવામાં રોકાણ થવાથી પરિણામ એ આવ્યું કે રાજ્યમાં અવ્યવસ્થા થઈ, પૃથ્વીને ઘણી ઝાડીએ ઘેરી લીધી. સમુદ્રમાંથી બહાર નીકળતાં તેઓ આ સર્વ જોઈ ક્રોધે ભરાયા અને મુખ દ્વારાએ અગ્નિ કહાડી ઝાડોને બાળી

નાખવા લાગ્યા. ઝાડોના સ્વામી **ચંદ્રે** તેઓને આવીને શાંત પાડયા અને વૃક્ષોની કન્યા **વાર્ક્ષ્યી** અથવા **મારિષાને** તેઓને આપી. **પ્રચેતા** તે આર્ય પ્રજાના મહાન ઋષિઓ હતા. જળમાં તેઓ રહેલા હતા, એમ કહેલું છે તેમાં પણ મર્મ રહેલો છે. જળજ્ઞાન પ્રજ્ઞાદર્શક છે અને તેટલાજ માટે જળમાં જેનો નિવાસ છે એવા ચૈતન્ય સ્વરૂપને **શ્રીનારાયણ** કહેવામાં આવે છે. વાયુ પુરાણમાં નરનું શરીર જળ છે એમ કહેલું છે. વૃક્ષ અને ઝાડી આસુરી વૃત્તિના જીવને સૂચવે છે. ઉર્ધ્વ મન અને અધોઃ મન મનુષ્ય માત્રમાં કામ કરી રહેલાં છે. અધો મનને જે જીવો આધિન થઈને ચાલે છે તેઓ રાક્ષસ ગણાય છે. અધો મનનો અધિપતિ ચંદ્ર છે અને તેથી આ કથામાં **ચંદ્ર** વચ્ચે પડે છે. આવી રીતે આસુરી વૃત્તિના લોકો અને દૈવી વૃતિના લોકોની વચ્ચે આ વિરોધ ચાલ્યો હતો તેનો ઇતિહાસ વિષ્ણુ પુરાણમાં મામિંક રીતે સમજાવેલો છે. આધ્યાત્મિક **અર્થ** પણ એમાં રહેલો છે. ઉર્ધ્વ મનની સાથે જયારે અધો મન જોડાય ત્યારેજ જીવની વૃદ્ધિ થાય છે. પણ આ બધા વિષયો ઉપર અંહિં વિવેચન કરવાનું નથી. આ ઉપરથી એટલું તો માલુમ પડીજ આવે છે કે આપણા પુરાણોમાં અનેક રત્ન ગુપ્ત રહેલાં છે અને તેને શોધી કહાડવાં એ આપણું એક મોટું કર્તવ્ય છે. વૃક્ષોની કન્યા **મારિષાની** કથા પાંચમી જાતિની પૂર્વે થઇ ગએલી મનુષ્ય જાતિઓની સ્થિતિ દર્શાવનારી છે. **સ્વેદજ** અથવા **પરસેવાથી** જીવ–મનુષ્યની કેવી રીતે ઉત્પત્તિ થતી હતી તેનું વર્ણન એમાં કરેલું છે, અગર જો એ કથાઓ અતિ મોહ અને વિસ્મયકારી છે તોપણ આ સ્થળે તેનું વિવેચન કરવાની લાલચમાં લપટાઇ આપણે વિષયની બહાર જવાનું નથી.

આવા ઉચાં કુળમાં જન્મેલા છતાં વાલ્મિકજી નઠારી સંગતના પરિણામે પોતાનો સ્વર્ધ વિસરી કુટીલ કર્મ કરવા લાગ્યા. એક સમયે **નારદમુની** વનમાંથી જતા હતા તેમને લુટી લેવાનો તેમણે પ્રયત્ન કીધો પણ નારદમુનિ જેવા કેમ લુંટાય? સંતના સમાગમનું કેટલું બળ છે અને તેથી કેટલો લાભ છે તે એ પ્રસંગે જણાઇ આવે છે. નારદજીએ **વાલ્મિકજીને** ઉપદેશ કીધો, અને ઘોર કર્મથી મુકત થવાનો માર્ગ બતાવ્યો. **રામ** નામનો જપ કરવાને નારદજીએ કહ્યું પણ પારધીનો ધંધો લેઇ બેઠેલાને તે અનુકૂળ કયાં પડે? તેનું ચિત્ત તો '**મરા**' શબ્દ-

માંજ લાગેલું હતું. એ મરા શબ્દને ઉલટાવી નાંખતા **રામ** શબ્દ થઈ રહે છે. **મરા મરા** કહેતાં **રામ રામ** ઉચ્ચારણ નિકળે છે, અને એ પ્રમાણેજ કરતાં વાલ્મીકજીનું કલ્યાણ થઈ ગયું. **રામ** ધૂન લગી ગોપાળ ધૂન લગી. બીજું કાંઇજ સુઝે નહિ. આવી રીતે જ્યારે **વાલ્મીકજી** શુદ્ધ અને નિષ્પાપ થયા, ત્યારેજ તેઓ **રામાયણ** જેવા મહાન ગ્રંથને રચવાનું સામર્થ્ય પામ્યા. વાલ્મીકજી કયારે થઇ ગયા એ વિષે પશ્ચીમના વિદ્વાનોમાં મતભેદ છે, અને તેમના વિચારને અનુસરી હાલની કેળવણી પામેલાઓ અનેક કલ્પનાઓ કરે છે. ઋષિજી ગમે ત્યારે થઇ ગયા પરંતુ આપણે તેના સમય સાથે કામ નથી, પણ તેમણે રચેલા અમૂલ્ય રત્નના ભડારરૂપ ગ્રંથ સાથે કામ છે. માટે આપણે હવે તેનું અવલોકન કરીશું. એ ગ્રંથના સાત વિભાગ છે, અને પ્રત્યેકને કાંડ એ નામ આપેલું છે. જેમ મહાભારતમાં અઢારની સંખ્યાં જ્યાં ત્યાં જોવામાં આવે છે, તેમ અહિં સાતની સખ્યાં દ્રષ્ટિએ પડે છે; એટલે એ ગ્રંથમાં સાત કાંડ છે. સાત નદિ, સાત **સમુદ્ર**, સાત **પ્રાણ**, સાત **ઇંદ્રિયો**, સાત ભુમિકાઓ, સાત **સ્વર**, સાત **ચક્ર** ઇત્યાદિ સાતનો મહિમાં જેવો તેવો નથી.

આપણે ઉપર કહી ગયા છીએ કે **શ્રી રામાયણ**માં **શ્રી રામચંદ્ર**જીની કથાનું વર્ણન છે. **શ્રી રામચંદ્ર** કયાં થયા, એમના માતા પિતા કોણ, એમના ભાઇ કોણ, એ આપણે પ્રથમ જાણવું જોઇએ. આપણી આ અતિ પવિત્ર આર્ય ભૂમીમાં વિશ્વ વિખ્યાત સૂર્ય વંશમાં **દિલીપ** નામે મહા **સમર્થ** અને પરાક્રમી રાજા થઇ ગયા છે. તેના વંશમાં **દશરથ** નામે સૂર્ય વંશને દિપાવનાર ધર્મ પરાયણ અને પ્રતાપવાન પુરૂષ જન્મ પામ્યા હતા. તેમના રાજયનું મુખ્ય સ્થાન **અયોધ્યા** હતું. તમનાં રાજયમાં સર્વ પ્રજા પોતપોતાના ધર્મ સારી રીતે પાળતી, અને સુખમાં કાળ નિર્ગમન કરતી હતી. રાજા **દશરથ**ને **કૌસલ્યા સુમિત્રા** અને **કૈકેયી** નામે ત્રણ રાણીઓ હતી. એ ત્રણે રાણીઓમાંથી પ્રથમ કોઇનેજ પુત્રની સંતતિ નહોતી. પાછળથી **પ્રસિદ્ધ કુળગુરૂ વશિષ્ટજી**ની આજ્ઞાથી **દશરથજી**એ પુત્રેષ્ટિ યજ્ઞ કીધો. તેને માટે **વિભાંડક મુની**ના પુત્ર તપોધન શૃંગ મુનીને અયોધ્યામાં મહાન પ્રયત્ને તડી લાવવામાં આવ્યા હતા. એને મહાન પુરૂષના આશિર્વાદથી રાજાને ચાર પુત્ર થયા. **કૌસલ્યાથી રામ, સુમિત્રાથી લક્ષ્મણ અને કૈકેયીથી ભરત અને શત્રુઘ્ન.**

હવે પ્રથમ **અયોધ્યાનગરી** વિષે આપણે વિચાર કરીશું. નગરનું નામ અયોધ્યા શા માટે રાખેલું છે.? એ શબ્દ યુદ્ધ ઉપરથી થયેલો છે જેની સામે યુધ્ધ વ્યર્થ છે, યુદ્ધમાં જેનો નાશ નથી એ અર્થ વાચક એ શબ્દ છે. રામાયણમાં પણ એક સ્થળે કહ્યું છે કે **अद्या योद्धा महाबाहो, अयोध्या प्रतिभातिनः** **અયોધ્યા** શબ્દ **દેહ**, આવરણ, ઉપાધી સૂચવે છે. દેહ એટલે શરીર. આ સૃષ્ટિમાં જુદી જુદી સાત ભૂમિકાઓ છે જેને સાત લોક પણ કહે છે. ને તે ભુઃ ભુવર, સ્વર, મહર, જન, તપ, અને સત્ય લોકના નામથી ઓળખાય છે. પ્રત્યેક લોકમાં પછી પેટા ભુમીકા પણ છે. શુધ્ધ કેવળ અમિશ્રિત, ચૈતન્ય, તે એ સર્વથી પર છે. જીવ કામ લોકમાં જાય, પિતૃ લોકમાં, સ્વર્ગ લોકમાં જાય પણ ત્યાં પ્રકૃતિ તેને વળગેલી છે. અમુક આવરણથી તે વીંટળાયલો છે. મહર લોકમાં શબ્દ ઉપાધિમાં તે વીંટલાયલો છે. ઉંચામાં ઉંચા લોકમાં તેની સ્થિતિ થાય તે સ્થળે પણ અતિ સુક્ષ્મ નહિ જણાય તેવું, તેજનું આવરણ તેની આસપાસ પ્રકાશે છે. જયાં વ્યક્તિ છે ત્યાં ઉપાધિ અથવા આવરણ હોયજ. જેને આપણે અરૂપ સમજીએ છીએ તેને આપણે જેવું રૂપ જાણીએ છીએ તેવું રૂપ નથી પરંતુ જ્યાં સર્વત્ર વ્યાપકતા નથી, જયાં સ્થિતિ સ્થાપકપણું છે, ત્યાં અત્યંત વિસ્તારવાળું પણ રૂપ તો હોવુંજ જોઇએ. અવકાશની જયાં સીમા છે પછી તે નાની કે મોટી ત્યાં રૂપનું ભાન રહે છે. એ રૂપ એ દેહ પ્રકૃતિ છે. કૃતિનું મૂળ સ્વરૂપ આપણી કલ્પનામાં સહજ આવી શકે તેમ નથી, અને આપણે જે જોઇએ છીએ તે તેની અત્યંત ઘટમાં ઘટ સ્થિતિ જોઇએ છીએ. વળી વસિષ્ટ સંહિતામાંનો બીજક કબીરદાસમાં શ્લોક આપ્યો છે કેઃ—

अयोध्या नगरी नित्या, सच्चिदानंद रूपिणी ।
यद्द्ग्रांशेन गो लोक : वैकुंटस्था : प्रतिष्ठिता ॥

આવી જે અયોધ્યા નગરી સચ્ચિદાનંદ રૂપિણી તેમાં શ્રી-**દશરથ** રાજા પોતાની સત્તા ચલાવી રહ્યા હતા. દશે દિશામાં જેની ગતિ છે તે અથવા દશ ઇંદ્રિયો જેને વશ વર્તે છે તે, અથવા નવ દ્વાર પ્રકટ કહ્યાં છે અને એક ગુપ્ત છે એમ દશ દ્વારની પુરીનો જે ધણી તે દશરથ. દશરથશબ્દ "ઇશ્વર" 'પરમાત્મા તેમજ 'આત્મા'ને સૂચવે છે. તે સચ્ચિદાનંદ ગવાય છે,

અને તેથીજ તેનો જેમાં પ્રકાશ ઝળકી રહ્યો છે તેને સચ્ચિદાનંદ રૂપીણી **અયોધ્યા નગરી** કહેલી છે. **દશરથ** રાજા **કશ્યપનો** અવતાર હતા. તૈતીર્ય અરણ્યકમાં (૧-૨૩-૧) કહ્યું છે કે પ્રજાપતિના શરીરથી **વૈખાનસ, વાલિખલ્ય,** આદિ ઋષિઓ પ્રકટ થયા. પ્રજાપતિના શરીરના રસ પ્રવાહુથી જળ ઉપર સંચાર કરતો કુર્મ થયો. હજાર મસ્તક, હજાર નેત્ર ઇત્યાદિકવાળો પુરૂષ થયો, એનું નામ કુર્મ શા માટે રાખ્યું છે તેને માટે સત્પથ બ્રાહ્મણમાં (૭-૫-૧-૫) કહે છે કે એ રૂપ ધારણ કરીને પ્રજાપતિએ સંતતિ સરજી. તે સંતતિ કરી (**अकरोत**) તેથી તેને કુર્મ કહે છે. કુર્મનો અર્થ **કશ્યપ** થાય છે અને તેથી પ્રાણી માત્રની ઉત્પત્તિ કશ્યપથી થએલી છે એમ કહેવાય છે. **દશરથ** શબ્દમાં રહેલો મર્મ આથી પણ પ્રસિદ્ધ થાય છે. **કશ્યપ** શબ્દ લોમ વિલોમની રીતે 'પશ્યક' શબ્દ દ્રષ્ટિગોચર થાય છે. પષ્યક ' એટલે દ્રષ્ટા. સર્વનો દ્રષ્ટા છે અંતર્યામી છે. માત્ર દ્રષ્ટારૂપેજ જે રહેલો છે અને જે અકર્તા નિરંજન નિર્લેપ છે તે **કશ્યપ.** આવી રીતે **દશરથને** માટે ઉપર જે અનુમાન કરવામાં આવ્યું છે તેને સારો રીતે ટેકો મળે છે. શ્રીરામાયણના બાળકાંડના છઠ્ઠા સર્ગના છેવટના ભાગમાં અયોધ્યાપુરી વિષે લખતાં **વાલ્મીક**જી આ મર્મ સમજે તેને સમજાવે છે. ત્યાં લખ્યું છે કે સત્ય નામે પુરી અત્યંત પ્રકાશે છે, જે પ્રત્યે શત્રુઓએ યુદ્ધ કરવું અશકય છે, તે સત્ય જેનું નામ છે એવી દ્રઢ તોરણવાળી, દઢ ભોગોવાળી, વિચિત્ર ગ્રહોએ કરી શોભતી, કલ્યાણરૂપ અયોધ્યાપુરીનું **દશરથ** પાલન કર્તા હતા. **દશરથ** રાજાનું મૂળ સ્થાન તે હતું. એ **સત્ય** નામની નગરીમાં સત્તા ધારી સચ્ચિદાનંદ સ્વરુપ હતું. **શ્રીરામચંદ્રજી** જે અવતારી પુરૂષ હતા તેના પિતા થવાને યોગ્ય બીજો કોણ હોઇ શકે ?

દશરથ રાજાનું આ પ્રમાણે ખરૂં સ્વરૂપ સમજાય છે. પ્રથમ ગોળ અને તેમાંથી ત્રિકોણ જે ત્રિકોણમાંથી સર્વ સૃષ્ટિની વસ્તી છે. એ ત્રિકોણ તેજ **સત્ ચિત્** અને **આનંદ** **सत्+चित्+आनंद** નું એકત્ર સ્વરૂપ તે **सच्चिदानंद**. એને જેમ ત્રણ શકિત છે, તેમ **દશરથ** રાજાને ત્રણ સ્ત્રી હતી. **પ્રથમ કૌશલ્યા.** કૌશલ્ય એટલે **કલ્યાણ. કૌશલ્યા-કલ્યાણ** કરવા વાળી ધર્મિષ્ટ, ઉદાર વૃત્તિની, **કોમળ** હૃદય ઇત્યાદિક ઉંચા સદ્ગુણો વાળી હતી. બીજી રાણી **સુમિત્રા. સુમિત્રા** એટલે **જીવની** મિત્ર છે તે શાણી, ચતુર, નીતિજ્ઞ, શાંતિ જેને પ્રિય છે અને કલહથી કંટાળે છે તે.

ત્રીજી રાણી **કૈકેયી** એ શબ્દ કે ધાતુ ઉપરથી થયેલો છે. કે એટલે નાદ કરવો, શબ્દ કરવો, એ સ્રીના ગુણો જોતાં ઉગ્ર, દુષ્ટ, નીચ વૃત્તિની અને કલેશ આપનારી છે. એ ત્રણે સ્રીઓ જ્ઞાનશકિત, ઈચ્છાશકિત ક્રિયાશકિત, તેમજ સત્વગુણ, રજોગુણ, અને તમોગુણ દર્શક છે. ત્રિકોણમાંથીજ શુદ્ધ સંપૂર્ણ ને પવિત્ર ચોખુણ પ્રકટ થાય છે, એ અવશ્ય ધ્યાનમાં રાખવાનું છે. આ નિયમને અનુસરીને **દશરથ** રાજાને ત્રણ રાણીથી ચાર પુત્ર થાય છે. **કૌશલ્યાથી રામ, સુમિત્રાથી લક્ષ્મણ અને શત્રુઘ્ન,** અને **કૈકેયીથી ભરત.** હવે આ ચાર ભાઈઓ વિશે આપણે કાંઈક વિચાર કરીશું. **શ્રીરામચંદ્રજીને** વિશે વિસ્તારથી કહેતાં પહેલાં એમના ત્રણ ભાઈઓ કોણ છે અને શું સુચવે છે તે જોઇ લેવું વધારે અનુકૂળ પડશે.

લક્ષ્મણ સાક્ષાત શેષ નાગનો અવતાર હતા. તેઓ મહા **વિષ્ણુની** સમીપમાંજ સદાય હોય છે. તે નિડર, પ્રકાશમાન, જાગૃત છતાં વિષ્ણુ ભગવાનની સેવામાં તત્પર રહે છે. રાજ યોગિઓની કુંડળીની શકિત તે એજ છે. શેષ નાગને અનંત પણ કહે છે; અગાધ જળમાં શેષના ઉપર શયન કર્તા **નારાયણ**, અથવા **મહાવિષ્ણુ** આદિમૂર્તિ છે. **શેષનાગ** અને જળ એક બીજાની સાથે વળગેલાં છે અને તેને છુટા પાડી શકાતા નથી. શેષનો અને અનંતનો મર્મ શું છે? **શેષ** એટલે બાકી રહેછે તે. અવકાશ સીમા–પાર રહિત છે. તેને આદિ નથી, અંત નથી, મધ્ય નથી. એ અવકાશમાં અનંત બ્રહ્માંડો, અનંત સૃષ્ટિઓ ઝળકી રહેલી તે. પ્રથમ સર્ગ છે અને પછી પ્રલય છે. બધાં બ્રહ્માંડોનો પ્રલય એકી વેળાએ થતો નથી. ત્યારે જ્યાં પ્રલય થયો છે ત્યાં પ્રલય થયલી સૃષ્ટિની જગા ખાલી દેખાય છે. બીજે બધે જ્યાં જોઇશું ત્યાં સૃષ્ટિથી ભરપુર છે. જયાં ખાલી જગા દેખાય છે તે **શેષ—બાકી** છે. તે ખાલી–શેષ કહેલા અવકાશમાં પુનરપી સૃષ્ટિ રચવાનો વિચાર કરનાર **શ્રી મહાવિષ્ણુ** પોઢેલા છે, ઈચ્છારૂપી **લક્ષ્મિજી** સમીપમાં છે. એ **લક્ષ્મિજીનું** સામીપ્ય ઈચ્છા દર્શક છે. તે ઈચ્છા જયારે નિશ્ચય થાયછે ત્યારે સૃષ્ટિની વ્યકિત થવા માંડે છે. **મહાવિષ્ણુ ક્ષીરસાગરમાં** શયન કરેછે. ક્ષીર સંપૂર્ણ ઉજવળતા એટલે શુધ્ધતા દર્શાવેછે. ભવ સાગરનું ભાન એ ક્ષીર સાગર કરાવે છે. **ભવન** એટલે થવું એ ઉપરથી **ભવ સાગર** નામ પડેલું છે. જેમાં આવિર્ભાવ અને તિરોભાવ, જન્મ અને મરણના મોજાંઓ ઊછળી રહ્યાં છે તે જુઓ (શ્રી ગાર્ગાયન ઋષિનો

પ્રણવ વાદ). **અનંત** એટલે જેનો અંત નથી તે કાળદર્શક પણ છે. એ નાગને સાત ફેણુ છે, જે સપ્તક વર્ગ, સાત સ્વર, સાત તત્વ, સાત રંગ ઇત્યાદિકને માટે છે, એ સાતમાંથી અનેક થાય છે અને તે અનેક અર્થને માટે સાતને બદલે હજાર ફેણુ પણ કહેવામાં આવેછે. નાગ અને સર્પના બીજા અર્થ પણ ઘણા છે જેનો અહીં વિસ્તાર કરવાની ઝાઝી જરૂર નથી. જ્યારે રજોગુણ પ્રવર્તમાન થાય છે ત્યારે કર્મ થવા માંડેછે, અને એ કર્મ થવાને સમયે કાળ અને અવકાશ સંકોચિત પણાને પ્રાપ્ત થાય છે જેને આદિ નથી, મધ્ય નથી અને અંત નથી, તેમાંથી થોડો ભાગ, કર્મને અનુકુળ જુદો પડે છે, અને એ જુદા પડેલા ભાગને ખંડ કહેછે.

શત્રુઘ્ન એટલે શત્રુઓનો નાશ કરનાર—અજ્ઞાન અને તેના પરિણામરૂપે જીવના જે શત્રુઓ છે તેઓ તેના કલ્યાણમાં મોટા વિઘ્ન કરનારા છે. **ચેત** અને **અચેતની** બરાબર ઓળખ થાય ત્યારેજ સત્ અને અસત્‌ની ખરી સમજ આવે છે. દાણાને છાલાંથી જુદો પાડવો જોઇએ. આ શકિત આપનાર તે વિવેક છે, તેમજ બળિષ્ટ ઇચ્છા શકિત વિના કોઇપણ કાર્યની સિદ્ધિ થતી નથી. માટે **વિવેક** અને **ઇચ્છા શકિત** બન્નેને દર્શાવનાર **શત્રુઘ્ન** છે. આમાં પણ કર્મનો દેશ રહેલો છે, અને કર્મ **રજોગુણ** વડે છે અને તેટલા માટેજ **સુમિત્રાથી શત્રુઘ્નનો** જન્મ કહેલો છે. **સુમિત્રા** નામ શુભ વાચક છે અને તેથી **શત્રુઘ્નની** કૃતિ ઊંચા પ્રકારની હોવીજ જોઇએ.

ભરત—એ શબ્દ ભૃ ધાતુ ઉપરથી થયલો છે જેનો અર્થ ધારણ કરવું થાય છે. ભરત મન દર્શક છે. અગર જો કૈકેયીથી તેનો જન્મ થયો છે તો પણ રામની પ્રતિ તેની ભકિત અપાર છે, **રામનો** દાસાનુદાસ, **રામને** સંપૂર્ણ આધિન, **રામની** સેવામાં સદાય તત્પર છે. **રામચંદ્રજીની** તે જાણે છાયા મૂર્તિ હોય એમ જણાય છે. ગોચર સૃષ્ટિમાં **ભરત રામચંદ્રજીની** છાયા માત્ર છે અને **રામની** ઇચ્છાને આધિન રહીને તે કામ કરેછે. સ્થૂળ પ્રાણરૂપ પણ **ભરત** છે એમ કહીએ તો તે અયોગ્ય નથી. **ભરત** શબ્દ અગ્નિ વાચક છે તેમજ પ્રાણવાચક છે, સત્પથ બ્રાહ્મણમાં કહ્યું છે કે

एष प्राणो भूत्वा प्रजा बिभर्ति तस्मादेष भरत

માટેજ પ્રજા પતિને **ભરત** કહે છે. પ્રજાપતિ સૃષ્ટિ ઉત્પન્ન કરે છે અને મન પણ અનેક રચના રચે છે. પ્રજાપતિ જેમ ઇશ્વરને આધિન રહી

કામ કરે છે તેમજ **ભરતજી શ્રી** રામચંદ્રજીની ઇચ્છાને અનુસરે છે. **ભક્તિ** વિના આ પ્રમાણે થઈ શકતું નથી અને તેથી કેટલાકના **અભિપ્રાયમાં ભરત** ભક્તિ રૂપ છે.

શ્રી રામચંદ્રજીના ત્રણ ભાઇઓની દિવ્ય મૂર્તિની ઝાંખી આ પ્રમાણે કીધા પછી **શ્રી રામચંદ્રજી**ના સ્વરૂપનું અવલોકન કરવાને આપણે પ્રયત્ન કરીશું. **રામ** એટલે શું? **रमंते लोका अस्मिन् इतिरामः ॥** શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં કહ્યું છે તે પ્રમાણે જેને વિશે સર્વ લોક ક્રીડા કરી રહેલા છે, જે સર્વ વ્યાપક છે, સર્વના અંતરને વિશે જે રહેલા છે એવા સાક્ષાત **આત્મારૂપી** જે **પરમાત્મા** તે. **રામપૂર્વ** તાપનીય-ઉપનિષદમાં રાક્ષસો જેનાથી મરણને પામે છે તે **રામ. राक्षसा येन मरणं यान्ति**) એ પ્રમાણે કહ્યું છે. એના ઉપર **શ્રી નારાયણ ભટ્ટની** કરેલી **દીપિકા** નામની ટીકામાં સમજ આપી છે કે (**राक्षस-मरण-शब्दयो राद्या क्षर शेष इत्याह**, રાક્ષસના મર્દન કરતા, એ બે શબ્દમાં પહેલાનો પ્રથમ અક્ષર "રા" છે અને બીજાનો "મ" છે, માટે એ બન્નેનો પ્રથમ શબ્દ લેતાં **રામ** શબ્દ થાય છે. ઘણા અર્થ વાચક એક કરતાં વધારે શબ્દ હોય અને તે સર્વનો અર્થ એકજ શબ્દમાં સમાવવો હોય તો પ્રત્યેકનો પ્રથમ અક્ષર લઇ નવો એમ બનાવવો એવો નિયમ છે, એ નિયમને અનુસરીને "**રામ**" શબ્દનો અર્થ રાક્ષસોને મર્દન કરનારા જે તે. રાક્ષસોમાં **રાવણાદિક**નો પણ સમાસ થાય છે તેમજ દુર્ગુણો-આસુરી સંપત્તિનો પણ સમાસ થાય છે. "**રા**" નો બીજો અર્થ રાજે છે, શોભે છે એવો થાય છે, અને મ નો અર્થ ચંદ્રમા થાય છે. ચંદ્રમાના જેવા જે શોભે છે, પોતે પ્રકાશે છે, અને બીજાને પ્રકાશીતં કરે છે, અંધારાનો જે નાશ કરે છે એટલે અજ્ઞાનને જે હરે છે, શીતળ છે એટલે ત્રણ પ્રકારના તાપોને મટાડીને શાંતિ આપનારા છે, અને અમૃત પાનારા છે એટલે જન્મ મરણનો ત્રાસ ટાળી મુક્તિ દાતા છે તે **રામ. રામ** શબ્દમાં ઘણા મર્મ રહેલા છે. તે **ર+આ+ મ** નો બનેલો છે. એમાં **ર વિષ્ણુ વાચક** છે **આ બ્રહ્મા વાચક** છે અને **મ મહેશ્વર** દર્શક છે એટલે ઉત્પત્તિ, સ્થિતિ અને સંહારની ત્રણ મહાન્ શક્તિનું જે એક સ્વરૂપ, જેમાંથી એ ત્રણ શક્તિના અધિષ્ઠાતા દેવતા પ્રગટ થયા છે તે સ્વરૂપ-સાક્ષાત **પરમાત્મા** પોતે છે. **રામ** પૂર્વતાપનીયઉપનિષદમાંનો **૧૬** મો મંત્ર નીચે પ્રમાણે છે.

तथैव राम बीजस्थं जगदेत च्चराचरम्
रेफारूढा मूर्त्तयः स्युः शक्तयास्तिस्त्र एव चेति ॥

એ ઉપર ટીકાકાર એમ લખે છે કે

रेफोपरिस्थाः 'रः' कृष्णः 'आ' ब्रह्मा 'म' महेश्वरः तिस्त्रो मूर्त्तयः, तिस्त्र शक्तयः उतपत्ति–स्थिति–संहार शक्तयः ॥

દશરથજીના પુત્રોનાં નામ તેના કુળગુરૂ વસિષ્ટજીએ શા ઉપરથી પાડયાં તે અધ્યાત્મ રામાયણના ત્રીજા સર્ગમાં બતાવેલું છે, તે એવી રીતે કે અજ્ઞાનનો નાશ થતાં યોગી લોક વિદ્યાના બળથી જેને વિશે રમણ કર્યા કરે છે, અથવા પોતાના રૂપની સુંદરતાથી જે પોતાના ભકતોને આનંદિત કરે છે, તેનું નામ **રામ.** પ્રજાનું ભરણ પોષણ કરનાર તે **ભરત, લક્ષણ સંપન્ન** તે **લક્ષ્મણ,** અને શત્રુનો વિનાશ કરવામાં સામર્થ્યવાન તે **શત્રુઘ્ન.**

રામ પૂર્વતાપનીયઉપનિષદ અને બીજક કબીરદાસના અભ્યાસીઓ સારી રીતે જાણે છે કે **ર** કાર ઇશ્વર વાચક છે અને **મ**કાર જીવ વાચક છે. **રામ** શબ્દમાં **ર** અને **મ** આવે છે એટલુંજ નહિ પણ તે બેની વચ્ચે **આ** આવે છે. **આ** સ્વર છે અને બીજા બે વ્યંજન છે. **આ** આચાર્ય દર્શક છે. ત્યારે **રામ** શબ્દમાં **જીવ, શિવ** અને **આચાર્ય** ત્રણે સમાયલા છે. **આચાર્ય** મધ્યમાં છે તેથી જીવ અને શિવને એક કર્તા તે **આચાર્ય** છે એમ સ્પષ્ટ સમજાય છે. **तत्त्वमसि** એ મહા વાકય છે. તેનો અર્થ **तत्** એટલે તે, **त्वं** એટલે **તું** અને **असि** એટલે છે, **તે તું** છે. આ મહા વાકય મહાન્ બોધરૂપ છે, પરંતુ **રામ** નામ તેનાથી વિશેષ બોધ રૂપ છે. **તે તું** છે એટલોજ બોધ મળતો નથી. જીવને **શિવ** એક છે એ બોધ સિવાએ વિશેષ બોધ એ છે કે **જીવ** અને **શિવ** એક રૂપ ક્યારે થાયછે કે જ્યારે **આચાર્ય** બેનું સંધાન કરેછે ત્યારે, જીવને ગુરૂ ઉપદેશ આપે અને તેનું અજ્ઞાન મટાડે ત્યારેજ પ્રથમ જે ભેદ દેખાતો હતો તે મટી જાયછે.

રામ શબ્દજ સબળ મંત્ર છે. **सोहं** મંત્ર તે એજ છે. **सोहं** શબ્દને ઉલટ વાંચતાં **हंसः** વંચાય છે. હંસ તે કોણ ? માનસ્ સરોવરને

વિશે જે રમણ કરેછે તે. માણુસના હૃદયને, અથવા કહો મનને, માન સરોવર કહેવામાં આવે છે, તેને વિશે રમણ કરવાવાળો—અંતર્યામિ તે હંસ. હંસને માટે પરાપૂર્વથી કહેવાતું આવ્યું છે કે તે મોતીનો ચારો ચરે છે, આથી ઊંચ કુલ- અંશપણું સમજવાનું છે. **सोहं** એટલે **अहं-सः** હું તે. હું એટલે જીવ તેજ શિવ છું. આજ અભેદ ઉપદેશક રામ શબ્દ છે એમ આપણે ઉપર કહી ગયા છીએ.

શબ્દ બ્રહ્મ જેથી સકય સૃષ્ટિનો પ્રાદુર્ભાવ ગણાય છે તે પ્રણવ છે. પ્રણવ તે ઓંકાર ॐ છે, એ જગત પ્રસિધ્ધ વાત છે. જેમ ઓંકાર પ્રણુવ ગણાય છે તેમજ "રામ" શબ્દ પણ પ્રણુવ ગણાય છે. ઓંકારમાં જે જે મર્મ રહેલા છે તે તે સઘળા મર્મ "રામ" માં દ્રષ્ટિ ગોચર થાય છે સદાશિવ સંહિતામાં એને માટે નીચેના શ્લોકો છે.

रकारेण तु विज्ञेय : श्रीराम पुषोत्तम : ॥ अकारणे तथा ज्ञेयो भरतो विश्व पालक : ॥ व्यंजनेन मकारेण । लक्ष्मणोत्र निगद्यते ॥ ह्रस्वाकारेणनिगम : शत्रुघ्न : समुदाहृत : ॥ मकारार्थो द्विधाज्ञेय : सानु नासिक भेदता : ॥ प्रोच्यते तेन हंसावै जीवा चैतन्य विग्रहा ॥ संसार सागरो त्तीर्णा पुनरवृत्ति वर्जिता : ॥

રામ અને તેમના ભાઇઓ ઓંકારાત્મક છે એમ શુકલ યજુ-વેદના તારસાર ઉપનીષદથી પણ માલમ પડે છે. તે ઉપનીષદ પ્રમાણે **अ** થી બ્રહ્માને જાંબવાન, **उ** થી ઉપદ્રે નામે હરી, **म** થી શિવ સ્વરૂપ હનુમાન, બિંદુ સ્વરૂપ શત્રુઘ્ન, નાદ સ્વરૂપ ભરત, કળા સ્વરૂપ લક્ષ્મણ અને સર્વથી પર પરમાત્મા શ્રી રામચંદ્રજી છે.

રામોત્તર તાપનીયઉપનીષદ પ્રમાણે અકારાક્ષરથી જાગૃતના અભિમાની લક્ષ્મણ, ઉકારથી સ્વપ્નાભિમાની શત્રુઘ્ન, અને મકારથી સુષુપ્તિના અભિમાની ભરત, છે, અને તેનાથી પર શ્રી રામચંદ્ર છે, એટલે વિશ્વ, તૈજસ, અને પ્રાજ્ઞ એટલે બ્રહ્મા, વિષ્ણુને રૂદ્ર રૂપ ત્રણ ભાઇઓ છે અને તેથી પર જે પરમાત્મા તે શ્રી રામચંદ્રજી છે.

આ પ્રમાણે રામ નામનો મહીમા અનંત છે: કહ્યું છે કે

"રામ નામનો મહિમા મોટો, મરમ મહંતો કો જાણે
સાર સારનો સમજી અંતર, નાદ નિરંતર એ માણે;

પુજ્ય પુરણ મુરતી શિખવે એ, વિમળ વાણી ને મન કર્મ
શમ, દમ, દિનતા, સત્ય, વિનયને, ગુરૂ જન ભક્તિ નિજ ધર્મ."

આવી અલૌકિક, કલ્યાણકારી પરમ પુજ્ય, લાવણ્યમય, જ્યોતિરૂપ મૂર્તિ **શ્રી રામચંદ્રજીના** પાદારવિંદમાં પુનઃ પુનઃ સાષ્ટાંગ પ્રણામ કરી એજ પ્રાર્થના કરૂં છું કે હે કરૂણાનિધિ, આપની અનુપમ મૂર્તિ મારા અંતઃકરણમાં નિરંતર કોતરાઇ રહો, આ રસના રામ નામના ઉચ્ચારણમાં નિરંતર રમણ કરો, અને આપના ચર્ણાવિંદની તન મન અને ધનથી સંપૂર્ણ ભક્તિભાવે સેવામાં સદાય તત્પર રહું એવી બુદ્ધિ આપો. અસ્તુ.

बिंदु २ जुं.

શ્રી મદ્દભાગવતમાં શ્રી કૃષ્ણચંદ્રની અનેક બાળલીલાનું વિસ્તારથી જેવું વર્ણન કરેલું છે તેવું શ્રી રામચંદ્રજીના બાળ ચરિત્રનું વર્ણન વાલ્મીકી રામાયણમાંથી આપણને મલતું નથી. શ્રી રામાયણ મહાભારત ગ્રંથ છે અને તેમાંના નાના મોટા સર્વ પ્રસંગોનું અવલોકન કરવું એ ઘણું કઠીન કામ છે અને તેને માટે અવકાશ પણ ઘણો જોઇએ માટે આપણે તો માત્ર મોટા અગત્યનાજ પ્રસંગ લઈશું અને તે સઘળાની સંકળના એવી રીતે કરવામાં આવી છે કે સર્વમાં ગુપ્ત રહસ્ય રહેલું છે એમ માલુમ પડશે. ત્યારે સહજ સમજાઈ જશે કે ગ્રંથ કર્તાએ આખા ગ્રંથ માટે અમુક ગુપ્ત હેતુ પ્રથમથી નિશ્ચય કરી રાખેલો હોવો જોઈયે. ધર્મસિંહ ચાંપસી તથા હીરાચંદ ચાંપસી બુદ્ધદેવે પ્રસિદ્ધ કરેલ શ્રી ઉપદેશ ગ્રંથાવળીના પંદરમાં અંકમાં શ્રી રામાયણના સાત કાંડ સાધના અવસ્થાથી માંડીને સિદ્ધાવસ્થાની પ્રાપ્તિપર્યંત શુભેચ્છા, વિચારણા આદિ સાત જ્ઞાનની ભૂમિકાનું સ્વરૂપ બતાવેલું છે એમ લખેલું છે.

પરમાત્મા શ્રી રામચંદ્રજીએ દશરથ રાજાને ત્યાં અવતાર લીધો છે એમ જાણીને એક દિવસે વિશ્વામિત્ર રૂષિ અયોધ્યા નગરીમાં દશરથ રાજાને ત્યાં પધાર્યા. દશરથ રાજાએ વિધિસર તેમનું પૂજન કરી વિનયપૂર્વક હાથ જોડીને આગમનનું કારણ પુછયું. આગળ ચાલતાં પહેલાં આ સ્થળે ધ્યાનમાં રાખવાનું છે કે દશરથ રાજાના કુળ ગુરૂ તે સમયે વસિષ્ટજી હતા. તેઓ પણ મહા સમર્થ રૂષિ હતા. એ રૂષિઓ બ્રહ્માના માનસ પુત્ર કહેવાય છે. નવ પ્રજાપતિ માંહેલા તે એક છે. રૂષિઓ તે કોણ? તેઓ શ્વાસ, વાયુ અથવા પ્રાણ રૂપ છે. આ સૃષ્ટિની પૂર્વે તેઓ હતા. સૃષ્ટિ કરવાને માટે તેઓએ તપ અને પરિશ્રમ કીધો માટે તેઓને રૂષિ કહે છે એમ સત્પથ બ્રાહ્મણ ઉપરથી જણાય છે. અરિષન ઉપરથી રૂષિ એમ ત્યાં કહેલું છે (સત્ય. બ્રા. ૬. ૧. ૧. ૧). લિંગ પુરાણમાં દક્ષ આદિ રૂષિયોની ક્યાંથી ઉત્પત્તિ થઇ તે લખતાં વસિષ્ટજી સમાન વાયુથી થયા છે, એમ કહેલું છે. વસિષ્ટ રૂષિ પ્રાણદર્શક છે એટલું ધ્યાનમાં

રાખીશું તો બસ છે. પ્રાણને સૂર્ય સાથેનો નિકટનો સંબંધ છે, એ જગત પ્રસીદ્ધ છે. **દશરથ રાજા** સૂર્યવંશી હતા અને તેથી તેમના કુળ ગોર **વસિષ્ટજી** હતા. આ કેવું સ્વભાવિક છે! અને તેમાં પણ મર્મ રહેલો છે. આ સંબંધ અકસ્માત નથી પણ હેતુમય છે. ખરા બ્રાહ્મણની સર્વોત્તમ મૂર્તિ તે **વસિષ્ટજી** છે. **વિશ્વામિત્રજીને** માટે અહિં એટલુંજ કહેવું બસ છે કે તેમના નામના અર્થ પ્રમાણે તે જીવ માત્રનું કલ્યાણ કરવાવાળી એક મહાન્ શકિત છે. એ **વિશ્વામિત્રજી દશરથ રાજાને** કહે છે કે અમે રૂષિઓ યજ્ઞ આરંભ કરીએ છૈયે ત્યારે **મારીચ** આદિ રાક્ષસો આવીને અનેક વિધ્ન કરી યજ્ઞમાં ભંગાણ પાડે છે અને યજ્ઞ સમાપ્ત થઈ શકતા નથી, માટે તમારા પુત્ર **શ્રી રામચંદ્રજીને** તેડી જવાને હું આવ્યો છું. માટે તેને મારી સાથે મોકલો. આ સાંભળી **દશરથરાજા** છેક ગભરાઇ જાય છે, **શ્રીરામચંદ્રજી** તો પ્રાણથી પણ અધિક છે અને હજી તેમની વય પણ નાની છે, તેમને મોકલતાં જીવ કેમ ચાલે? **દશરથજી** તો ના પાડવાની તૈયારીમાં હતા. પણ તેમના ગુરૂ **વસિષ્ટજી** તેમને કહે છે કે પ્રથમ જે માગે તે આપવાનું **વિશ્વામિત્રજીને** વચન આપેલું છે અને હવે સત્યથી ચુકવું તે ઉચિત નથી, તેમજ **વિશ્વામીત્ર** મહાસમર્થ છે અને સર્વ પ્રકારે બાળકની સંભાળ લઇ શકે તેવા છે. બહુ સમજાવ્યાથી **દશરથરાજા શ્રી રામચંદ્રજી** તથા **લક્ષ્મણજીને** જવાની આજ્ઞા આપે છે.

આપણે આ પ્રસંગે લક્ષમાં રાખવાનું અવશ્ય છે કે **વિશ્વામિત્રની** સાથે જતાં પહેલાં **શ્રી રામચંદ્રજીએ** ઉપવીત ધારણ કરેલું, અને બ્રહ્મચર્ય પાળ્યું હતું અને **વસિષ્ઠજીની** પાસે વેદાધ્યન પણ થઈ ગયું હતું. બારમે વરશે તીર્થ યાત્રા પણ તેમણે કરી હતી. આટલું થયા પછી **લક્ષ્મણજી** સહિત તેઓ **વિશ્વામિત્ર** રૂષિજી, જેનો જન્મ ક્ષત્રી રૂપે હતો અને જે પાછળથી બ્રહ્મરૂષિની પદ્વિને પ્રાપ્ત કરે છે એટલે રજોગુણ અને પછી સાત્વિક ગુણ, પ્રથમ જ્ઞાનની પ્રાપ્તિ અને પછી પરંપદના અધિકારી થયલા હતા, તેમની સાથે પોતાના પિતાનું સ્થાન પિતાની આજ્ઞાથી છોડીને જાય છે. **શ્રીમદ્ રામાયણના** બાળ કાંડના ૨૧ માં સર્ગમાં **વિશ્વામિત્રને** માટે એમ કહેલું છે કે જ્યારે પૂર્વે તે રાજ કરતા હતા ત્યારે તેમને બે સ્ત્રીઓ હતી તેમના નામ **જયા**

અને **સુપ્રભા** હતાં-તે બન્ને **દક્ષની** પુત્રીઓ હતી. **જયાને,** નહિ છેદાય તેવાં અને જેનાં રૂપ કોઇની દૃષ્ટિએ નહિં પડે તેવાં પાંચશો શસ્ત્ર તથા અસ્ત્રરૂપ પુત્રો જન્મ્યા હતા. **સુપ્રભાને** સંહાર નામના શસ્ત્ર તથા અસ્ત્રો પુત્રો થયા હતા. **મહાદેવજીએ વિશ્વામિત્રજીને** કૃશાશ્વના પરમ ધર્મિષ્ટ અસ્ત્રો આપ્યા હતા. આ પ્રત્યેક નામ અર્થવાચક છે અને તે સર્વે અર્થ **અધ્યાત્મિક** છે. **જયાનો** અર્થ ખુલ્લો છે. **સુપ્રભામાં** સુ એટલે સારૂં અને પ્રભા એટલે કાંતિ, તેજ, એ અર્થ રહેલો છે, કૃશાશ્વમાં કૃશ અને અશ્વ બે શબ્દ આવેલા છે. કૃશ એટલે સૂક્ષ્મ, નાજુક, બારીક છે, અને અશ્વ એ પ્રાણવાચક ગણાય છે.

વિશ્વામિત્ર રામચંદ્રજીને લઇને નિકળે છે તે સમયે પુષ્પની મોટી વૃષ્ટિ થાય છે અને **દુંદુભી તથા શંખના** નાદ થઈ રહે છે. આ હર્ષ-સૂચક છે. એ સુકન પણ અતિ શુભ છે અને ધારેલું કાર્ય સફળ થશે એમ દર્શાવે છે. અયોધ્યાથી જતાં **પ્રથમ** સરયૂ નદીનો દક્ષિણ કીનારો આવ્યો ત્યાં **વિશ્વામિત્રજી** કહે છે કે હે **રામભદ્ર,** અહિં શુદ્ધ આચમન કરો, અને **બળા** અને **અતિબળા** નામની બે વિદ્યાના મંત્ર હું આપું તે ગ્રહણ કરો, એથી શ્રમ નહિં લાગશે, જવરની પીડા નહિં નડે અને રૂપ પણ બદલાશે નહિં. એથી ક્ષુધા તથા તૃષા પણ ઉત્પન્ન **થશે** નહિં. આ સિવાય એ બે વિદ્યાનો બીજો મહિમા પણ બતાવે છે. પર્વત, અરણ્ય, અને ત્રણે લોકમાં સુખેથી ગતિ કરવાની શક્તિ આપનારી એ વિદ્યા હતી. બીજે દિવશે આગળ પ્રયાણ કરતાં સરયૂની સાથે ગંગા નદિનો શુભ સંગમ દૃષ્ટિએ પડયો. ત્યાં નિકટમાં એક મહા પવિત્ર અને તેજસ્વિ આશ્રમ હતો જયાં આત્મસ્વરૂપને જાણનારા અનેક રૂષિઓ હજારો વર્ષથી ઉત્કૃષ્ઠ તપ કરતા હતા. આ સ્થળે પૂર્વે મહાદેવે કામદેવને ભસ્મ કરી નાખ્યો હતો. કામદેવના અંગ આ પ્રદેશમાં પડયાં તેથી તે પ્રદેશનું નામ અંગદેશ થયું. **રૂદ્ર** અહિં તપશ્ચર્યા કરતા હોવાથી એ આશ્રમ રૂદ્રાશ્રમ નામથી વિખ્યાત છે. ત્યાં નિવાસતા મહાત્મા મુનિઓએ શ્રેષ્ટ નાવ લાવીને **વિશ્વામિત્રને** કહ્યું કે તમે આ નાવ લ્યો અને **રામ** તથા **લક્ષ્મણ** સહીત સુખેથી માર્ગે જાઓ. આ નાવમાં બેશી "સમુદ્રમાં ભળતિ" એવી **સરયુ** નદી જે તેઓ ઓળંગી જાય છે.

હવે સરયૂ નદિ જે કહી તે વિશે આપણે કંઇક વિચાર કરીશું. રામાયણના ૨૪ માં સર્ગમાં **રામચંદ્રજીના** પ્રશ્નનો ઉત્તર આપતાં **વિશ્વામિત્રજી** કહે છે કે "પૂર્વે કૈલાસ પર્વતને વિશે બ્રહ્માએ પોતાના **મનથી** ઉત્પન્ન કરવાથી માન સરોવર કહેવાય છે, જેના પ્રવાહને અયોધ્યા સાંભળે છે, અને જેનાથી વિંટલાયલી છે તે બ્રહ્માના માનસસરોવરના પ્રવાહથી જુદી પડેલી આ નદી **સરયૂ** એમ કહેવાય છે તેની સાથે અહિં ગંગા ભળે છે". સરયુ શબ્દ સૃ એટલે વહેવું, પ્રવાહ થવો, એ ધાતુ ઉપરથી થયો છે અંગ અને અનંગ એ બે દેશને તે જુદા પાડે છે. રૂપ અને અરૂપ બેની વચ્ચે જે હદ છે તે એ છે. માનસસરોવરથી નિકળીને અયોધ્યા પુરીને તે વીંટલાયલી છે એમ વર્ણન છે તે યોગ્ય છે. હરી વંશમાં એક સ્થળે કહ્યું છે કે **મહેશ્વરે** શબ્દ કીધો તેથી નદી થઇ. સૃષ્ટિ રચનામાં નદીઓ નાડી રૂપ છે. માણસના દેહમાં નાડીઓ છે તે નદી રૂપ છે. પ્રલય એક પ્રકારનો નથી પણ અનેક પ્રકારનો હોય છે કેટલીક વાર ત્રણ લોકનો નાશ થાય છે અને પછી ફરીથી તેની ઉત્પત્તિ થાય છે. કોઇ વાર પ્રલય થાય છે, ત્યારે નાશ થયેલા સર્વ લોકની ઉત્પતિ થાયછે. આ સૃષ્ટિ સર્ગના કાર્યમાં **બ્રહ્માજીની** પાસે ઘણા અધિકારીઓ હોય છે તેઓને રૂષિઓ કહે છે. એ રૂષિયો તેટલાજ માટે પ્રજાપતિ ગણાય છે. ફરીથી સૃષ્ટિનો આરંભ થાય છે ત્યારે જુદી જુદી ભૂમીકાઓ બંધાય છે અને તે બધી ભૂમિકાઓ ઉપર ચૈતન્ય અરૂપ છતાં રૂપ ધારીને આવે છે. આપણામાં શબ્દ બ્રહ્મ પ્રસિદ્ધ છે. શબ્દથીજ ચિત્ર અથવા રૂપ બને છે અને શબ્દથીજ રંગ—વર્ણ પ્રગટ પડે છે. સ્વર અને નાદથી આ પ્રમાણે રૂપની વ્યકિત છે. જ્યારે એક વિના બીજું કંઇ નહતું ત્યારે રાત્રી નહતી, દીવસ નહતો, અજવાળું નહતું, અંધારૂં નહતું માત્ર **शिव एव केवलः** કલ્યાણ રૂપ શિવ તત્વ–પ્રકાશ હતો. તેને રૂપ નહતું, રંગ નહતો. જ્યારે સૃષ્ટિનો આરંભ થાય ત્યારે રૂપની રચના અને વ્યકિત થવી જોઇએ તેટલા માટે પ્રથમ સ્વર અને નાદ થાય છે. એ નાદ દર્શક **સરયૂ** છે. પ્રથમ અતિ સૂક્ષ્મ–આપણી બુદ્ધિ સહેલથી નહિ ગ્રહણ કરી શકે એવી વ્યકિત નિકળી આવે છે. ઉપર આપણે કહી ગયા છીએ કે નદી તેજ નાડી અને નાડી તેજ નદી સમજવાની છે. આપણા શરિરમાં મુખ્ય ત્રણ નાડીઓ. **સુષુમ્ણા,** ગંગા અને **જમના છે. સુષુમ્ણા,** ગંગા અને **જમાનાની** મધ્યમાં છે. એજ પ્રમાણે વિશ્વમાં પણ મુખ્ય ત્રણ નાડીઓ છે. જેવું બ્રહ્માંડે તેવું પિંડાંડે અને પિંડાંડે તેવું બ્રહ્માંડે. એ

નિયમ નિરંતર લક્ષમાં રાખવાનો છે. પ્રથમ **સુષુમ્ણા** નાડી પછી ગંગા અને પછી જમના એ પ્રમાણે ક્રમ, મારી સમજ પ્રમાણે જણાય છે. આટલું ધ્યાનમાં રાખીને આપણને જોતાં માલમ પડે છે કે **દશરથરાજાના** પુત્ર **શ્રી રામચંદ્રજી** પોતાના પિતાના ધામથી નિકળતાં પ્રથમ **સરયૂ** નદિને કીનારે આવે છે. ત્યાં પણ કયાં મુકામ કરે છે? દક્ષિણ કીનારે. આ પણ ઘણું સૂચક છે. **દશરથરાજા** અને **શ્રી રામચંદ્રજીની** વચ્ચે **સરયૂનો** અંતર આવ્યો. **પરમાત્મા** તે **આત્મા** રૂપે અહિં દર્શન આપે છે. એ **આત્માનું** રૂપ કદી બદલાતું નથી, તેને ભુખ તરસ, ચિંતા, ઇત્યાદિક કંઇ નથી, તેનો પરાભવ કદી થતો નથી, અને તેની શકિત પાર વિનાની સદાય રહેલી છે તેનું બળ અનંત છે. પિતા અને પુત્રની શકિતમાં કંઈ ભેદ નથી. **સરયૂની** પાસે પ્રથમ આશ્રમ જે આવે છે તે **રૂદ્રાશ્રમ** છે. પુરાણોના અભ્યાસીઓને સારી પેઠે વિદિત છે કે નિષ્કળ અને નિર્ગુણ એવું લિંગ પ્રથમ છે. વિકારાભાસ ને પ્રાપ્ત થયલું એ બ્રહ્મ સ્વરૂપ છે. તેજ **રૂદ્ર** રૂપ છે. મહા શિવપુરાણમાં જ્ઞાનસંહિતાના ૪ અધ્યાયમાં **બ્રહ્મા** અને **વિષ્ણુને મહાદેવજી** કહેછે કે "હે મહાબળો મારી ઇચ્છારૂપ પ્રકૃતિથી તમે ઉત્પન્ન થયા છો કેમકે મારૂં રૂપ નિર્ગુણ છે તો પણ ત્રણ પ્રકારે કરી સગુણ કર્યું. આ લોકના પિતામહ **બ્રહ્મા** મારા દક્ષિણ પાર્શ્વ વિશે, વિષ્ણુ મારા વામ પાર્શ્વ વિશે અને બીજા અંતર્યામી હૃદય વિશે છે++ તે આ લોક વિશે **રૂદ્ર** નામે કહેવાશે, ને તે મારો અંશ હોવાથી તેનું સામાર્થ્ય પણ ન્યુન થશે નહીં, કેમકે જે, તે રૂપ તેજ હું, તેમાં કઇ ભેદ નથી. પાંચમા અધ્યાયમાં **વિષ્ણુને** સર્વના પ્રાણરૂપ કહ્યા છે. લિંગપુરાણના પૂર્વાર્ધના ૨૦ મા અધ્યાયમાં વિષ્ણુ પોતાને "**પ્રધાન, અવ્યય, અવ્યકત, પ્રકૃતિ**" એ રીતે ઓળખાવે છે. અધ્યાય ૩૮ માં પણ વિષ્ણુજી **બ્રહ્માજી** પ્રત્યે કહેછે કે "મને રૂષિ લોક **પ્રધાન, પ્રકૃતિ** અને **વ્યકત** કહે છે. માટે રૂદ્ર કેવળ ચૈતન્ય છે અને વિષ્ણુમાં કંઇક માયાનું આવરણ રહેલું છે. એજ કારણથી વિષ્ણુલોકની ઉપર રૂદ્રલોક રહેલો છે. **રૂદ્રલોકમાંથી** ઉતરીને **વિષ્ણુલોકમાં** આવવાનું છે. **રૂદ્રલોકમાં** કામ બીલકુલ નથી. કામ ઇચ્છા વાચક છે. **શ્રી રામચંદ્રજીનું** બીજું એક નામ **રઘુનાથ** છે, જેનો અર્થ બીજક **કબીરદાસજીમાં** એવી રીતે બતાવેલો છે કે **रंघते लोकालोकांतर गच्छति रघवो जीवतेषां नाथ.** આ ઉપરથી પણ સહજ સમજાય છે કે એક લોકથી બીજા લોકમાં જીવની ગતિ થાય છે. સૂર્યનું કીર્ણ ઉપરથી ઉતરી પૃથ્વી ઉપર

આવે તો તેને મધ્યમાં આવેલી સર્વ ભૂમિકાઓ એક પછી એક ઓલંઘવી પડે છે તેમ કીધા વિના તે કુદકો મારી પૃથ્વી ઉપર એકદમ આવી શકે નહિં. જુદાં જુદાં આવરણ ધારણ કરવાને જુદી જુદી ભૂમિકાઓમાંથી પસાર થવાની જરૂર છે. **આત્મા** અથવા સાધારણ રીતે કહીએ તો **જીવ** એકદમ પૃથ્વી ઉપર પડતો નથી પણ ધીરેધીરે પગથીએ પગથીએ ઉતરતો અહીં આવે છે. એટલાજ માટે રામાયણના ૨૪ માં અધ્યાયમાં સરયૂ સંબંધી બોલતાં" સમુદ્રમાં ભળતી એવી તે **સરયૂ** નદી કહેલું છે. **શ્રી વારાહપુરાણના** ૬૬ મા અધ્યાયમાં કહ્યું છે કે જે પુરૂષ એક હોઈને સાત પ્રકારે થાય છે તેને સમુદ્ર કહેવો જોઇયે. આ ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે **જીવ** સહિત **દેહ** તેજ એ સમુદ્ર છે સમુદ્રમાં જઇને ભળે છે એટલે રૂપ ધારી **દેહ** જે રચાય છે અને જેમાં છ તત્વ રહેલાં છે તે દેહમાં પ્રવેશ કરે છે. **પરમાત્માના** એક **પરમાણુંરૂપ આત્માને** લેતાં તે પરમાણું **આત્મા રૂપ–શિવ રૂદ્ર રૂપ–છે.** એ પરમાણું સૂક્ષ્મ પ્રકૃતિનું અથવા જેને બુદ્ધિ કહીએ તેનું આવરણ ધારણ કરે છે અને તેમ કરવા સારૂ પ્રકૃતિ અથવા બુદ્ધિના પરમાણુંઓ ગ્રહણ કરી લે છે. **વિષ્ણુ** એ બુદ્ધિવાચક છે. હવે આપણે જોવું જોઇયે કે **શ્રી રામચંદ્રજી** હવે ક્યાં પધારે છે અને જ્યાં તે પધારે છે ત્યાં તે આપણા આ અનુમાનને સહાયક છે એટલે પુષ્ટિ આપે છે કે નહિં. **સરયૂને** પાર ઉતરી જતાં દક્ષિણ કિનારે મોટા વિસ્તારવાળા **મળદ** અને **કરૂષ** દેશો આવે છે, કે જ્યાં દારૂણ વન છે. આ સ્થળે **તાડકી** નામની યાક્ષણી અગસ્તિના શાપથી રાક્ષસી થયલી ત્રાસ વર્તાવી રહેલી છે. તેને **મારીચ** નામનો દુષ્ટ પુત્ર થયલો છે. **મળદ**નો અર્થ મેલ થાય છે અને **કરૂષ**નો અર્થ પાપ થાય છે. આ ઉપરથી સમજાય છે કે હવે જે **દેશો**નો અહિંથી આરંભ થાય છે તે દેશોમાં **મળ** તથા **પાપ** રહેલાં છે. જ્યાં એકલું ચૈતન્ય હોય ત્યાં **મળ** અને **પાપ** હોતાં નથી. એ બે પ્રકૃતિને વળગેલાં છે, અને તેથી પ્રકૃતિનો જ્યાં નિવાસ હોય ત્યાં તે રહેલાં છે.

તાટકા રાક્ષસીનું બીજું નામ **તાડકા** પણ હતું. જે ધાતુ ઉપરથી એ શબ્દ બનેલો છે તેનો અર્થ શિક્ષા આપવી થાય છે. એ સ્ત્રી મહા બળવાન અને ઇચ્છારૂપ ધારણ કરવાની શક્તિ રાખતી હતી. **વાલ્મિકી રામાયણમાં** તેને માયા રૂપ, **સાયંકાળની**

સંધ્યા સમયે વૃદ્ધિ પામનારી, ક્ષણમાં અનેક રૂપ ધારણ કરનારી, અને ક્ષણમાં અંતર્ધ્યાન થનારી કહેલી છે. આ સઘળાનો વિચાર કરતાં સ્થૂલ કામનાઓ–ઈચ્છાઓમાં ઘસડી જનારી આ સ્ત્રી હતી. આ વૃત્તિ તેજ માયાની વૃત્તિ અને માયા છે. કોઈપણ કામના ક્ષણમાં થાય છે અને ક્ષણમાં સમાઈ જાયછે. એ પ્રથમ યક્ષણી હતી અને પાછળથી રાક્ષસી થયેલીછે. સાયંકાળે તેનું બળ વધે છે એટલે અજ્ઞાનરૂપી અંધારામાં કામનાનું જોર વધારે પીડે છે. પોતાનું અસલ સ્વરૂપ કંઇ, તે સ્વરૂપને છુપાવીને બીજા ધારેલાં સ્વરૂપને ખરૂં સ્વરૂપ મનાવનારી અને તે મનાવે છે તે માયાની સહાયતાથી—આવી જે તાટકા તેનો શ્રી રામચંદ્રજી નાશ કરે છે. સત્ અને અસત્ શું તે પારખી કહાડવું અને અસત્નો સંહાર કરવો તેને વિવેક કહે છે. શ્રી રામચંદ્રજીને વિશે વિવેક અને વૈરાગ આ સ્થળે પ્રકાશી રહ્યા હતા એવો મર્મ છે. વિશ્વામિત્રજી શ્રી રામચંદ્રજીનાં પરાક્રમથી પ્રસન્ન થઇ તેમને અસ્ત્રાવિદ્યા શિખવે છે. આ પ્રમાણે એક મોટું કાર્ય કરીને બન્ને બાંધવોને સાથે લઇને વિશ્વામિત્રજી આગળ જાય છે. માર્ગ કાપતાં સિધ્ધાશ્રમ આવીને ઉભું રહે છે. પૂર્વે વામનનો અવતાર લેનાર મહાત્મા વિષ્ણુ તપ કરવા સારૂ દીર્ઘ કાળ પર્યંત આ સ્થળે રહ્યા હતા, અને અહિંજ તે પરમ સિદ્ધિને પામ્યા હતા. માટે આ આશ્રમ સિદ્ધાશ્રમ નામથી પ્રસિદ્ધ છે. ત્યાં મોટા મોટા મુનીઓનો નિવાસ હતો અને ત્યાંજ વિશ્વામિત્રે યજ્ઞ કરવાની દીક્ષા લીધી હતી. જ્યારે યથા વિધિ યજ્ઞ થઇ રહ્યા હતા અને મંત્રોના ઉચ્ચારણ થતાં હતાં ત્યારે તેમાં વિઘ્ન કરવાને માટે મારીચ અને સુબાહુ રાક્ષસો ત્યાં આવી ચડે છે. અત્યંત પ્રકાશમાન માનવ નામનું અસ્ત્રસાધીને મારીચને શ્રી રામચંદ્રજી દુર સમુદ્રમાં ફેંકી દેછે. એ અસ્ત્ર નેશીતેશુથી પણ ઓળખાય છે. તે મોહ પમાડી દુર લઇ જાય છે પણ પ્રાણ રહિત કરતું નથી. ત્યાર પછી આગ્નેયા સ્ત્રથી સુબાહુને પણ પૃથ્વી પર પાડવામાં આવ્યો. યજ્ઞનો આરંભ મધ્ય રાત્રિએ થાય છે, એમાં પણ મર્મ રહેલો છે, પરંતુ એવી પ્રત્યેક પેટા વાતનો વિસ્તાર કરવો આપણને અનુકુળ નથી. મારીચ સ્વાર્થ રૂપ છે અને સુબાહુ અજ્ઞાન રૂપ છે. એ બન્ને ભાઇઓ થતા હતા, અને મારીચને વિશે સીતાહરણને પ્રસંગે આપણે કંઈક કહેવું પડશે. સુબાહુને જ્ઞાનરૂપી અગ્નિથી બાળી નાખીને ભસ્મ કરવામાં આવ્યો છે અને સ્વાર્થનો અહિં

પ્રવેશ નથી. આ ઉંચી ભૂમિકા પામવાવાળાને આ બે દોષ નહિં હોવા જોઇએ. આ બુદ્ધિનો પ્રદેશ છે અને તેથી એ બે દોષો ત્યાં રહી શકતા નથી. આની રીતે રૂદ્રાશ્રમ પછી વિષ્ણુજીનો આશ્રમ આવવો જોઇએ તે **સિદ્ધાશ્રમ** આવ્યોજ છે. આપણે જોઇશું તો સર્વ ભૂમિકાના ચાર વર્ગ પડે છે, **આત્મિક, બુદ્ધિક, માનસિક** અને **સ્થૂળ** અથવા **કાયિક**, અથવા **સ્થૂળ માનસિક**, કારણ અને તેથી પર માણસના શરીર મધ્યે અને તેમજ બ્રહ્માંડમાં પણ આજ પ્રમાણે રચના ઘડાયલી છે. ત્યારે આપણે **આત્મિક** અને **બુદ્ધિક** અથવા કારણ અને તેથી એટલે **રૂદ્રાશ્રમ** અને **સિધ્ધાશ્રમ** સુધી આવી પહોંચ્યા છીએ. હવે **માનસિક** ભૂમિકા ક્રમ પ્રમાણે આવવી જોઇએ તે આવે છે કે કેમ તે તપાસી શું.

સિધ્ધાશ્રમથી નિકળીને **જાન્હવીના** ઉત્તર કિનારા તરફ જઇ આશ્રમ કરતાં પાસે ફળ તથા પુષ્પથી શોભિત **શોણ** નદીના કિનારાવાળો દેશ દ્રષ્ટિએ પડે છે. **શોણ** શબ્દ **રૂધિર વાચક** છે. માણસના **સ્થૂળ** શરીરમાં અનેક રગો અને નસોમાં લોહીનો પ્રવાહ હંમેશા ચાલ્યાં કરે છે તે કહેવાની જરૂર નથી. **શોણને** કિનારે જે દેશ પાસે દેખાતો હતો તેનું નામ **વસુમતિ** છે. વસુ એટલે ધન, રત્ન, ઈત્યાદિ. **વસુને** જે ધારણ કરે તે **વસુધા**, તેમજ **વસુવાળી** જે તે **વસુમતિ**. **વસુમતિ** અને **વસુધા** બન્નેનો અર્થ પૃથ્વિ થાય છે, અને પૃથ્વિ એ **સ્થૂળ** દેહ વાચક છે. એ નગરી પાસે દેખાતી હતી. **માનસિક** દેહ અથવા ભૂમિકાની જોડેજ સ્થૂળ દેહ અથવા ભૂમિકા રહેલી છે. **ઈંદ્રની** નગરી **વસુ** નામથી ઓળખાય છે એમ આપ્ટેનો સંસ્કૃત અંગ્રેજી કોષ બતલાવે છે. આ સ્થળે આવતાં **શ્રી રામચંદ્રજી ગૌતમ** રૂષિની પત્નિ જે **અહલ્યા** પોતાના સ્વામિનો શાપ થવાથી શૈલ્યા થઇને પડી રહી હતી તેનો ઉદ્ધાર કરી, પાદસ્પર્શે–ઉધ્ધાર કરી, તેને પોતાનું પૂર્વરૂપ પ્રાપ્ત કરાવે છે. **ઇંદ્રે** એ પતિવ્રતા **અહલ્યાનું** પતિવ્રત ભંગ કીધું હતું અને તે પણ શાપિત થયો હતો અને તેજ કારણથી તેને સર્વાંગે નેત્રનાં ચિન્હ પ્રગટ થયાં હતાં. ઉપર કહી ગયા છીએ તે શ્રી ઉપદેશ ગ્રંથાવળીમાં "સામાન્ય વૈરાગ રૂપ **ગૌતમની** વિષય કામનાવાળી પ્રજ્ઞારૂપ **અહલ્યા** જડતારૂપ પાષાણ ભવને પામી હતી કહિ છે." **વાલ્મીકી રામાયણના**

ઉત્તર કાંડના ૩૦ મા સર્ગમાં અહલ્યા અને ઇંદ્રની કથાનો થોડો સાર આપેલો છે તે પ્રમાણે અહલ્યાને બ્રહ્માએ ઉત્પન્ન કરી હતી. "પ્રજામાંથી તેને સર્વોપરી દર્શાવવા માટે પ્રજામાં જે સારૂં અંગ હતું તે ગ્રહણ કરીને તેને ઘડી હતી ને તે કંઇ પણ ખોડ ખાપણ વગરની, સૌંદર્યની શિરોમણી અને ગુણની ચુડામણી જેવી હતી." હલ એટલે વિરૂપતા અને તેથી ઉત્પન્ન થતું નિંદા પણું, તેથી રહિત તે અહલ્યા. રૂદ્ર, વિષ્ણુ અને બ્રહ્મા તેજ આત્મા, બુદ્ધિ, અને મન રૂપે પ્રગટ છે. ત્યારે અહલ્યાની કથા માનસિક પ્રદેશને લગતી છે એમ તો જણાય છે. બુદ્ધિમાં આત્માનું પ્રતિબિંબ પ્રકાશે છે, અને એ પ્રતિબિંબ સહિત બુદ્ધીનું પાછુ પ્રતિબિંબ જેમાં પડે છે તે મન છે. મન બે પ્રકારનું છે, ઉર્ધ્વ અને અધો. ઉર્ધ્વ મનના ત્રિકોણનું શીરો બિંધુ ઉંચે બુદ્ધિ ભણી છે અને અધો મનના ત્રિકોણનું શિરો બિંદુ નીચે સ્થૂળ દેહ ભણી છે. ખરી રીતે જોઇયે તો ઉપલો ઉંચા શિરો બિંદુવાળો જે ત્રિકોણ તેજ ખરૂં મન છે. નીચલો ત્રિકોણ તો માત્ર તેનું પ્રતિબિંબ છે. ગૌતમ તે ઉપલા ત્રિકોણ સાથે સંબંધ ધરાવેછે. તે બુદ્ધિના એક અંશ રૂપ છે. એમ તેના નામ ઉપરથીજ સમજાય છે. ઇંદ્રિઓ જેને ઘસડી જવાને સમર્થ નથી તે ગૌતમ છે તેની સ્ત્રી અહલ્યા તેની શકિત અથવા વૃત્તિ છે અને જેથી તેને ગૌતમી કહેલી છે ॥ **गौतमी तामसी रात्री** ॥ (જુઓ અભિધાન સંગ્રહ). જ્યાં સુધી બુદ્ધિની શક્તિ નીચે મનમાં ઉતરીને તેને યોગ્ય ગતી આપે નહીં ત્યાં સુધી મનથી પોતાનું કર્તવ્ય યોગ્ય રીતે થઇ શકતું નથી; માટેજ તેને નીચે પડવાની જરૂર છે. આ મોટું કામ ઇંદ્ર કરે છે ને તેને ઘસડીને નીચે ઉતારે છે. એ ગૌતમીનું પતિવૃત છળભેદથી ભંગ કરનાર ઇંદ્રિ છે. નાના પ્રકારની ઇચ્છાઓનો અધિપતિ તે ઇંદ્ર છે. કઇંક પુરાણોમાં આ છળભેદ અને કુકર્મ કરવામાં ચંદ્રની સહાય હતી એમ કથન કરેલું છે. ચંદ્ર પણ મનકામના સાથે સંબંધ ધરાવે છે શ્રી રામચંદ્રજીનો અવતાર આર્ય પ્રજામાં થયો હતો અને તે પહેલાં તે પ્રજા સત્તા અને અસ્તિત્વ ધરાવતી હતી તેમાં અધો મનનું બળ અતિશય વધી ગયું હતું, અને તેથી તેનો સંહાર–મોટે ભાગે જળ પ્રલયથી થયો હતો. આ ઇતિહાસમાં પણ ઉર્ધ્વ મન પ્રવૃતિ રહિત પડી રહ્યું હતું એમ દર્શાવે છે. ઉર્ધ્વ મનને ગતિ મળ્યા વિના ઉન્નતિ ક્રમમાં વૃદ્ધિ થતી નથી માટે તેને ગતી આપવાની જરૂર હતી. ઇશ્વર રૂપ શ્રી રામચંદ્રજી

તેને પોતાના ચરણુથી સ્પર્શ કરી સજીવન કરે છે. એ **અહલ્યાને** સંપુર્ણ સૌંદર્યનું સ્વરૂપ ગણીએ તો તે યોગ્ય છે કેમકે તે બુદ્ધિની એક શકિત રૂપ છે. **ઉર્ધ્વ મનની** વૃત્તિ કલ્યાણકારી છે અને અત્યંત આનંદ દાતા છે; એટલાજ માટે **અહલ્યાના** પુત્રનું નામ **સતાનંદ** રૂષિ જોવામાં આવે છે. મન એજ **પ્રજાપતિ** રૂપે છે, એજ સર્વનું કર્તા છે. માનસિક દેહની રચના થયા પછી કેટલોક સમય જતાં સ્થૂળ સૃષ્ટિની રચના રચાય છે. આ સમય કેટલો થાય છે તે તો બરાબર રીતે કોઇક કહી શકતા હશે પણ એ નિયમ સૂચવવાને માટેજ **અહલ્યા** શલ્યારૂપ જડ સાઠ હજાર વર્ષ સુધી રહી હતી એમ કહેવામાં આવેલું છે. આ **અહલ્યાને** જડપણાથી મુકત કરીને તેના પૂર્વ સ્વરૂપને પહોંચાડી છે તેજ પ્રમાણે કૃપાળુ અને ભકત વત્સલ **શ્રી રામચંદ્રજીને** આપણે કરગરીને વિનવીશું કે હે પ્રભુ, અમારૂં જડપણું મટાડી, અમારા ઉર્ધ્વ મનને પ્રકાશીત કરી તમારી આદ્યમૂર્તિનું દર્શન કરવાને અમને શકિતમાન અને ભાગ્યશાળી કરો. અસ્તુ.

बिंदु ४ थुं.

આ પ્રમાણે પ્રયાણ કરતાં **શ્રી રામચંદ્રજી વિશ્વામિત્રની** સાથે **જનકરાજાની મિથીલા** નગરીમાં આવે છે જ્યાં તે સમયે **જનકરાજા** ની પુત્રી **સીતાજી**ના સ્વયંવરનો શુભ પ્રસંગ હતો. હવે **જનક** કોણ અને તેની પુરી **મિથીલા** તે શું? **मिथ्यतेडत्र रिपवःक्षीत:** અને અભિધાન સંગ્રહમાં પુરવર્ગમાં ૧૯૫ માં શ્લોકમાં લખ્યું છે કે **विदेहा मिथिले समे**. શાંતિ પર્વના મોક્ષધર્મના ૫ અધ્યાયમાં આરંભમાંજ લખ્યું છે કે **રાજા જનકે** એક પુરાતન ઇતિહાસનું દ્રષ્ટાંત આપતાં કહ્યું છે કે " જેમ મારા કોશમાં (ભંડારમાં) અનંત વિત્ત નાખી મુકેલું છે તેમ પંચકોશમાં ગુઢ થયલો **આત્મા** એજ મારૂં સ્વરૂપ છે. એ વિના બીજું સર્વ દોરડીમાં જેમ સર્પની કલ્પના થાય છે તેમ મારે વિશે (આત્મામાં) કલ્પિત છે, માટે વસ્તુતઃ મારૂં કંઇ નથી અને તેથી મિથીલા નગરી બળે છે તો તેમાં મારૂં કંઇ બળતું નથી, કેમકે ઝાંઝવાના પાણીની નદી વડે ખાર ભૂમિમાં જેમ ભિનાશ ઉપજતી નથી, તેમ અધ્યસ્ત (મિથિલા)ના દોષ વડે અધિષ્ટાન (આત્મા) દુષિત થતું નથી." **મહાભારત**ના કર્તા અવતારી પુરૂષ **શ્રી વેદ વ્યાસજી**ના આ શબ્દો સર્વ **મર્મ** પ્રગટ પાડે છે. જનક શબ્દનો અર્થ પિતા–ઉત્પતિ કરનાર–પેદા કરનાર થાય છે એપણ સ્મર્ણમાં રાખવાની જરૂર છે. એ જનક રાજાની પુત્રી **સીતાજી** છે એ **સીતાજી**ની ઉત્પત્તિ માનુષી દેહમાંથી થઇ નોતી પણ તેઓ યજ્ઞમાંથી પ્રગટ થયાં હતાં. ત્રીકાંડ કોષમાં એમ લખ્યું છે કે **मैथिली जानकी सीता वैदेही भुमिजा च सा**. આમાં પ્રત્યેક શબ્દનો અર્થ મર્મ દર્શક છે. મિથિલા અને જનક શબ્દ માટે ઉપર જે કહ્યું તે ફરીથી અહિં ધ્યાનમાં રાખવાનું છે. **સીતાજી**નો વર્ણ સુવર્ણ સરખો હતો અને **શ્રી રામચંદ્રજી**ની સામે જોતાં વીજળીની શકિત જેવાં દેખાતાં હતાં. (જુઓ અધ્યાત્મ રામાયણ સર્ગ ૧૩). રામ પૂર્વ તાપનીયઉપનીષદના "**सीता रामौ तन्मयावत्र पूज्यौ** વાકય ઉપર ટીકાકાર લખે છે કે " **प्रकृति पुरुषमयौ अत्र वीजेन पूज्यौ**. રામોત્તર તાપનીય ઉપનીષદના ત્રીજા ખંડના ચોથા શ્લોકનો પ્રથમઅર્ધ નીચે પ્રમાણે છે.

सा सिता भवति ज्ञेया मूलप्रकृति संज्ञिता ॥

એજ પ્રમાણે **સીતાજી** પોતાનું વચન છે. "અને મને સૃષ્ટિ કરવાવાળી પાલન કરવાવાળી, અને સંહાર કરવાવાળી મૂળ પ્રકૃતિ જાણો." (અધ્યાત્મ રામાયણ સર્ગ ૧) એજ ગ્રંથના ત્રીજા સર્ગમાં **શ્રી નારાયણ ભગવાન** દેવતાઓ પ્રત્યે કહે છે કે આ યોગ માયા **સીતાજી મિથિલા** દેશમાં રાજા **જનકને** ઘેર ઉત્પન્ન **થશે. શ્રી નારદજીનું** પણ એજ પ્રમાણેનું વચન અયોધ્યા કાંડના પ્રથમ સર્ગમાં અધ્યાત્મ રામાયણમાં જણાય છે. તે એ છે "સમસ્ત સંસારનું આદિ કારણ, આ માયા આપની (**શ્રી રામચંદ્રજીની**) ઘરવાળી છે. એ માયા રૂપ પ્રકૃતિની સાથ આપનો સંગ થયેલો છે. **વાલ્મીકી** રામાયણ પણ એજ શિક્ષણ આપે છે. "ઇશ્વિરે માયા રૂપે નિર્માણ કરેલી, સર્વ લક્ષણ યુકત અને સ્ત્રી માત્રમાં ઉત્તમ એવી **સીતા**" (બાળકાંડ સર્ગ ૧). **अनन्याहि मया सीता भास्करस्य प्रभा यथा** એવું **શ્રી રામચંદ્રજીનું** વચન છે એમ બીજક **કબીરદાસજીથી** માલમ પડે છે. વળી **સીતાજી**, પરા આદ્યા શકિત, બ્રહ્મ સ્વરૂપા, માયા **સમજો.** (એજન આદી મંગળ) આવા અર્થ વાચક પ્રમાણો જો ખોળીશું, તો ઘણાજ મળી આવશે. આપણને સમજાવવાને માટે આપણા **રૃષિ, મુનીંઓ,** અને **મહાત્માઓએ** તો જ્યાં ત્યાં પ્રકાશ નાખ્યો છે, પણ તે પ્રકાશ ઉપર આપણી દૃષ્ટી જો નહિ પડે તો તેમાં આપણી પોતાની ખામી છે. **સીતાજીની** ઉત્પતી વિશે હવે સહજ વીચાર કરવાની જરૂર છે. **જનક રાજા વીશ્વામીત્રની** આગળ **સીતાજીનું** વર્ણન કરે છે કે "યજ્ઞ ભૂમિ શુદ્ધ કરવાને સારૂ એક સમયે હું હળ જોડી ખેડતો હતો એટલામાં હળના અગ્રભાગથી એક શુભ લક્ષણ વાળી કન્યા ઉત્પન્ન થઈ તેનું નામ **સીતા** છે." (અધ્યાત્મ રામા. બાળ. કાં. સર્ગ. ૬) એમજ **વાલ્મીકી રામાયણ** "હવે **હે વીશ્વામીત્ર** અગ્ની ચયનને માટે હળે કરી પૃથ્વીને ખેડતા એવા મારા હળ પદ્ધતીથી ઉત્પન્ન થયલી તથા ભૂતમાંથી નીકળેલી **સીતા** નામની કન્યા, યજ્ઞ સ્થાનરૂપ ક્ષેત્રની શુદ્ધી કરતાં એવા મુને પ્રાપ્ત થઈ, જે હમણા વદ્ધી પામી છે (વાલ્મી રા. બા. કા. સર્ગ ૬૬) આનો પ્રત્યેક શબ્દ મનન કરવા જેવો છે. **જનક** રાજાનું કયું રૂપ છે તે ધ્યાનમાં રાખતાં તે ઉત્પતિ કરતા હોઇ શકે નહીં. જેને જેને ઉત્પત્તિ છે તેને તેને સર્વેને ભૂમિ સાથે એટલે પ્રકૃતિ

સાથે સંબંધ છે. પ્રકૃતિ જુદાં જુદાં સ્વરૂપ ધારણુ કરે છે, તેનું શ્રેષ્ટ તેજોમય રૂપ દર્શન આપે છે અને તેમજ અધમમાં અધમ રૂપ પણુ દૃષ્ટિએ પડે છે. છેક સ્થૂલ પ્રકૃતિનું સ્વરૂપ નબળું હોય છે. આપણે **અહલ્યાની** કથામાં હળ એટલે કુરૂપતા કહી ગયા છૈયે. હળનું એટલે સ્થૂળ ભૂમિકાનું ઘર્ષણુ થવાથી **સીતાજી** પ્રાપ્ત થયાં છે. પણ તેમાં તે અગ્રીણી છે એટલે સ્થૂલરૂપ ધારણુ કરવાવાળામાં તે શ્રેષ્ટ છે. **સ્થૂલ**, સૂક્ષ્મ-લિંગદેહ અને **કારણુ દેહ**, એમ ત્રણ ઉપાધિથી સંયુકત થઈને **શ્રી રામચંદ્રજી** જીવ સંજ્ઞા ધારણુ કરે છે એમ અધ્યાત્મ રામાયણુના અયોધ્યા કાંડના ૧ સર્ગમાં ખુલ્લું છે. **શ્રી રામચંદ્રજી** જેવા જીવ રૂપ થયા તેવાજ જીવ રૂપ થયા વિના **સીતાજીનો** તેમની સાથે સંબંધ થાય નહીં. **પુરૂષ** અને **પ્રકૃતિ** બન્નેનું દર્શન આ પ્રમાણે સ્થૂળ ભૂમિ ઉપર થાય છે. આપણે પ્રથમ બિંદુમાં દર્શાવી ગયા છૈયે કે **ચૈતન્યનો** અંશ પ્રકૃતિમાં ઉતરવા માટે છે અને પ્રકૃતિ ઘટ થતાં થતાં અતિશય ઘટ થઇ રહે છે અને એ ઘટતાં થતાં સંપૂર્ણ આવિર્ભાવ તેનો થઈ રહે છે અને તેમાં પેલો ચૈતન્યનો અંશ ઢંકાઈ જાય છે. પ્રકૃતિની આ સ્થિતિ સુધરવી જોઈયે અને તેનું મૂળ સ્વરૂપ પાછું થવું જોઇયે; એટલે હવે પ્રકૃતિનો ઉધ્ધાર થવાની જરૂર છે. જેમ જેમ તેનું રૂપ પલટાઇ સૂક્ષ્મ થશે તેમ તેમ ચૈતન્યના અંશનો પ્રકાશ વિશેષ થતો જશે. "**સીતાનો** ઉધ્ધાર કરવાને નિમિત્તે દુષ્ટ રાક્ષસના વંશનો નાશ કરીશ" એવી **શ્રી રામચંદ્રજીની** પ્રતિજ્ઞા હતી (જુઓ અ. રા. અયો. કાં. સર્ગ ૨). આસુરી વૃત્તિઓ જયારે મટે ત્યારેજ દેહની શુધ્ધી થાય છે અને દૈવી ગુણોથી તેની વૃધ્ધિ થાય છે. **આત્મા** એકજ છે, તેમ પ્રકૃતિ પણુ એકજ છે. **अयमात्मा ब्रह्म** એ માંડુકય ઉપનીષદ્‌નું મહા વાકયછે. **આત્મા** સર્વથી પર છે, કેવળ શુદ્ધ, અમિશ્રીત, નિરાકાર, લેપનરહિત, અનાદિ-અનંત ઇત્યાદી. જયારે તે ઉપાધિ સહિત અને અવકાશમાં સંકોચિત પણાને પ્રાપ્ત થાય છે, ત્યારે તે **પરમાત્મા, સુત્રાત્મા, પ્રત્યગાત્મા, જીવાત્મા** એમ જુદાં જુદાં નામથી પ્રખ્યાત થાય છે; એટલે જુદી જુદી ઉપાધિ અને જુદાં જુદાં કાર્ય પરત્વે નામ જુદાં પડે છે, તેમજ માયા અથવા પ્રકૃતિને માટે સમજવાનું છે. તત્વ તો એકજ છે પણુ રૂપ જુદાં છે, જેમ ખાંડની અનેક વસ્તુઓ હોય છે પણુ રૂપ

પ્રમાણે નામ જુદાં જુદાં પડે છે. જીવ તે શુદ્ધ અમિશ્રિત **આત્મા** નથી એમ હંમેશ લક્ષમાં રાખવાનું છે એમ કહેવાની જરૂર રહેતી નથી આત્માની સાથે બુદ્ધિ અને મનના બિજ મિશ્રિત હોય ત્યારે જીવ સંજ્ઞા થાય છે. સૃષ્ટિના નિયમો અને કાર્ય વ્યવહારના સંબંધમાં **આત્મા સૂત્રાત્મા** છે, સર્વ કાર્ય વ્યવહારમાં તે વ્યાપક હોવાથી **પ્રત્યગાત્મા** છે, અને તે કાર્ય વ્યવહારનો અનુભવ થતાં તે **જીવાત્મા** છે. આ પ્રમાણે રૂષિ **ગાર્ગાયન** પોતાના પ્રણવવાદ નામના ગ્રંથમાં દર્શાવે છે; અથવા બીજી રીતે કહેતાં અનેક એ તત્‌માં (એટલે પ્રકૃતિમાં) એક **આત્મા** અનેક દેખાય છે ત્યારે તે **જીવાત્મા** છે. **દૈવી** અને **મૂળ** પ્રકૃતિ આત્માના સંબંધે રહેલી છે. હું અને આ; એ બેનું મિશ્રણ જીવાત્મા છે. **ઈશ્વર** જે **સૂત્રાત્મા** છે તેનું પ્રતિબિંબ તે **જીવાત્મા** છે. આવી રીતે જ્યારે **આત્મા જીવાત્મા** રૂપે વ્યકિત પામે છે ત્યારે એ **જીવાત્મા** પોતાને અનુકુળ પ્રકૃતિ સાથે જોડાય છે.

ઉપર વર્ણન કરેલું ઊંચા પ્રકારનું શિક્ષણ આપનારો **શ્રી રામચંદ્રજીના સીતાજી** સાથે થયલાં લગ્નની કથાનો પ્રસંગ છે. **જનક** રાજાએ એવો નિશ્ચય કીધો હતો કે મારી પાસે જે શીવ ધનુષ્ય છે તેને ગ્રહણ કરી સજ્જ કરે તેને હું કન્યા આપીશ. ઘણા ઘણા રાજાઓએ મહાન પ્રયત્ન કીધું પણ તેમાંથી કોઇ પણ એ ધનુષને ગ્રહણ કરવાને કે તેમાં કેટલું વજન છે એમ જાણવા સારૂ ચલાયમાન કરવાને સમર્થ થયો નહીં. જ્યારે **શ્રી રામચંદ્રજીને** લઇને **વિશ્વામિત્રજી જનક રાજા** પાસે ગયા ત્યારે **જનકરાજાએ** વિશ્વામિત્રજીને કહ્યું કે હું એ ધનુ'ય આ **રામ** અને લક્ષ્મણને દેખાડીશ, અને ધનુષ્યને જો **રામ** આરોપણ કરશે તો મારી **અયોનીજા** પુત્રી **સીતા** દાશરથિને આપીશ. તે ધનુષ્યને લાવવા માટે **જનક** રાજાની આજ્ઞા થતાં તેના સેવકો દોડયા. ધનુષ્ય આઠ ચક્રવાળી લોહની પેટીમાં હતું, પાંચ હજાર રૂષ્ટ પુષ્ટ પુરૂષો તેનેઉપાડનારા હતા. એ ધનુષ્યનું નામ "**આજગવ**" હતું. ત્રિપુરાસુર સાથેના યુદ્ધમાં શિવજીએ એજ ધનુષ્ય મુકયું હતું. એના બીજાં નામ **અજકવ** અને **અજગવ** પણ છે. **અજકવ**નો અર્થ આપ્ટેના કોશમાં શિવનું ધનુષ્ય આપીને લખ્યું છે કે **शिवो हि अनेनैव धनुषा त्रिपुरा सुरस्य वधेन अंज विष्णु कं ब्रह्माणंच अवात् प्रीणया मास इति तस्य धनुषो ऽज-**

कवत्वं, अजकौ वातीति. (તારાનાથ વાચસ્પત્યં). અજનો અર્થ ફેંકવું પણ થાય છે. ગવ એ ગૌ ઉપરથી થયો છે. ગોનો અર્થ સરસ્વતિ. સર એટલે બાણ, જ્યોતિનું કીર્ણ ઇત્યાદિ થાય છે. એ ધનુષને લોહની પેટીમાં રાખેલું છે અને તે પેટી આઠ ચક્રવાળી હતી. લોહની પેટી કહીને સ્થૂળ દેહને સૂચવે છે. ત્રિપુરાસુરના વધમાં ત્રણ નગર ત્રણ ધાતુના કહ્યાં છે, અને તેમાં એક લોહનું હતું. આ ત્રણ નગરી તે સ્થૂળ, લિંગ અને કારણ દેહ છે, માટે આ પેટી સ્થૂળ દેહ દર્શક છે. આઠ ચક્રવાળી કહેતાં આઠ પૈડાંવાળી છે. તે આઠ પૈડાં તે કયાં? **૧ પાંચ કર્મેંદ્રી, ૨ પાંચ જ્ઞાનેદ્રી, ૩ મન, ૪ પાંચ પ્રાણ, ૫ પાંચ** ભૂત, ૬ કામ, ૭ કર્મ, અને ૮ અવિદ્યા. આપણી દેહને પુર્યષ્ટક એટલાજ માટે કહે છે. પુર્યષ્ટક માટે લલિતા સહસ્ર નામ જુઓ. પ્રકૃતિ પણ આઠ છે, પાંચ તત્વ, છઠો અહંકાર, મહત્ સાત, અને અવ્યક્ત આઠ. તેમજ અષ્ટવસુ એટલે ધાતુવાળી. આ બધું શું બતાવી આપે છે? જે ધનુષ્યને માટે **જનકરાજાની** પ્રતિજ્ઞા હતી તે ધનુષ ઑંકાર અથવા પ્રણવ છે. એ પ્રણવનું યોગ્ય રીતે ઉચ્ચારણ થાય ત્યારેજ પ્રકૃતિ પોતાને આધિન થાય છે. **શ્રી રામચંદ્રજી** એક છેડો નીચે દબાવે છે અને કાન લગી ખેંચે છે. તેમણે મધ્ય ભાગમાંથીજ તેને ગ્રહણ કીધું હતું અને તેની પ્રત્યંચા ચડાવીને તેને ખેંચીને મધ્ય ભાગમાંથીજ ભાંગી નાંખ્યું. તે વેળા વીજળી પડયાજેવો મોટો શબ્દ થયો અને ભૂમી કંપ થયો. આથી પ્રણવનુંજ ઉચ્ચારણ હતું એમ સિદ્ધ થાય છે. **શ્રી રામચંદ્રજીનાં** આ મહા પરાક્રમથી વિસ્મિત થઇ, મોહ અને હર્ષ પામી **સીતાજી** તેમના કંઠમાં સુવર્ણની વરમાળાનુ આરોપણ કરે છે અને હર્ષના નાદ અને જય જયકાર સર્વ દીશામાં ગાજી રહે છે. પછી **જનક રાજા** અયોધ્યા પુરીથી **દશરથ રાજાને** બોલાવે છે, અને પછી **શ્રી રામચંદ્રજીના** લગ્ન વીધિ પૂર્વક થાય છે. ત્યાર પછી **જનક રાજા** સર્વને વીદાયગીરી આપી વળાવવા જાય છે. **દશરથ રાજા, શ્રી રામચંદ્રજી, સીતા** તથા પોતાના બીજા પુત્ર તથા રસાલા સાથે જતા હતા તેવામાં માર્ગમાં **શ્રી પરશુરામજી** સામા આવીને મળે છે. હૈહય નામે ક્ષત્રીઓનો સંહાર કર્તા જે **પરશુરામ** તે આજ હતા. જાતે બ્રાહ્મણ છતાં તેમણે ક્ષત્રી પરાક્રમ કરીને મોટી કીર્ત સંપાદન કરેલી હતી. તેમના નામથી ક્ષત્રી માત્ર ભય પામતા હતા. એ **પરશુરામજી દશરથ રાજાની**

સામેજ આવીને ઉભા રહે છે, અને **શ્રી રામચંદ્રજી** પાસે દ્વંદ યુદ્ધની માગણી કરે છે. **દશરથ રાજા** કરગરીને બહુ સમજાવે છે છતાં **પરશુરામ** જરા ડગતા નથી. **જનક** રાજા પાસે જે ધનુષ્ય હતું તે **શૈવ** ધનુષ હતું અને **પરશુરામ** પાસે જે હતું તે **વૈષ્ણવ** ધનુષ હતું. એક શિવનું અને એક વિષ્ણુનું, આ બેમાંથી કોનુ બળ વિશેષ તે જાણવાને બ્રહ્માએ શિવ તથા વિષ્ણુને વિરોધ કરાવ્યો ને મોટું યુદ્ધ થયું. **વાલ્મીકજી** કહે છે કે "ત્યારે તે યુદ્ધમાં વિષ્ણુએ હુંકાર શબ્દે કરી ભયંકર પરાક્રમવાળાં શૈવ ધનુષ્યને શિથિલ કર્યું તથા ત્રિલોચનને પણ સ્તંભિત કર્યા." (બાળ કાંડ સર્ગ ૭૫.) **અધ્યાત્મ રામાયણના** ૭ માં સર્ગમાં **પરશુરામજીને** કોટી સૂર્ય સમાન કાંતિવાળા અને નીલ વર્ણના વર્ણવેલા છે. આ વર્ણ પાલન કર્તા **શ્રી વિષ્ણુ ભગવાનનો** છે. તે સમયના દુષ્ટ ક્ષત્રીઓએ અધર્મ પ્રવર્તાવી પ્રજાઓને અતિ ત્રાસ આપ્યો હતો અને બ્રાહ્મણોનો સંહાર કરવા માંડયો હતો. આ કારણથી પ્રજાનું રક્ષણ કરવા **પરશુરામજીએ** શસ્ત્ર ધારણ કીધાં હતાં. એમનું ધનુષ **વૈશ્નવી** હતું. તે ધનુષ **શૈવ** ધનુષને માત્ર શિથિલ કરી શકયું હતું. જ્યાં રક્ષણ કરવાનો સમય છે ત્યાં **વૈશ્નવી** શકિત સબળ છે અને સંહાર શકિત ત્યાં કામ લાગતી નથી. એ ધનુષમાં હુંકાર શબ્દ સમાયલો હતો. બ્રાહ્મણમાં હુંકાર હોતો નથી કેમ કે **બ્રહ્મને** જાણે તે બ્રાહ્મણ. "ક્ષત્રી ધર્મે કરી ધનુષ્યને ત્યાગ કરવા ઇચ્છું છું. બ્રાહ્મણ ધર્મથી ત્યાગ કરવા ઇચ્છતો નથી." એવા **પરશુ-રામજીનાં** વચનમાં સત્ય નિયમ રહેલો છે. બ્રાહ્મણમાં હુંકાર છેજ નહિં. તેનો ત્યાગ થઇ ગયો ત્યારેજ બ્રાહ્મણ સંજ્ઞા પ્રાપ્ત થઈ. **પરશુરામે** પોતાનું આપેલું ધનુષ **રામચંદ્રજી** લઇને તેમને કહે છે કે આ ધનુષ પણ કદી વ્યર્થ જતું નથી. માટે તમે કહો કે એ બાણ હું કેની સામું મુકું? "ગતિના સાધન તમારા પગ તથા આકાશ ગમનાદિ તમારી શકિત" સામુ કે તપશ્ચર્યાના બળથી પ્રાપ્ત થનાર ઉત્તમ લોકને તેના સાધન રૂપ તમારા ધર્મની સામું. (બાળ કાંડ સર્ગ ૭૬) **અધ્યાત્મ રામાયણ** વધારે સ્પષ્ટ છે. તેમાં છે કે "તમે તપ કરીને પરલોકમાં જવાની જે ગતિ પ્રાપ્ત કરી છે તેને કે આ લોકમાં તીર્થાદિકમાં જવાની તમારી ગતિ છે તેને રોકું. (બાળ કાંડ સર્ગ ૭). પછી **શ્રી રામચંદ્રજીએ** જેવું **વૈશ્નવ** ધનુષ ધારણ કીધું કે "**પરશુરામ**-માંના **વૈશ્નવ** તેજે **રામચંદ્રમાં** પ્રવેશ કર્યો" અને **પરશુરામજી** જંડી

ભુત અને વીર્ય રહિત ટગર મગર જોવા લાગ્યા. થોડી વારે **પરશુરામજી** સમજી ગયા ને તેથી તેમણે **શ્રી રામચંદ્રજીની** પ્રાર્થના કરવા માંડી. તેમાં તેઓ કહે છે, મારામાં રહેલા **ભગવદંશે** મારાથી અધિક ભગવદંશવાળા તમારામાં પ્રવેશ કર્યો + + હું જીવન મુકત થઈને ઉત્તમ **મહેંદ્ર પર્વત** પ્રત્યે જઈશ." **શ્રી રામચંદ્રજીએ** ધારેલું બાણ છુટતાંજ **પરશુરામે** પોતે તપે કરેલી મેળવેલા ઉત્તમ લોક નાશ પામ્યા અને પોતાને તે લોકની પ્રાપ્તિ થાય નહિ એમ થયું." (વા. રા. બાળ કાંડ સર્ગ ૭૬). **અધ્યાત્મ રામાયણના** બાળ કાંડના ૭ મા સર્ગમાં **પરશુરામજી** પ્રાર્થના કરતાં કહે છે કે " સ્વર્ગાદિ લોકોને જીતવાની ઇચ્છાથી મેં જે પુણ્ય કર્મનાં અનુષ્ઠાન કીધાં છે, તે હે દેવ, હે **રામચંદ્ર**, તમારાં બાણથી સમસ્ત કર્મ નાશ થઇ જાય છે, કેમકે જો કર્મ જાળ જશે તોજ મારી મુકિત થશે. **વૈશ્નવી** દિક્ષામાં હુંકાર રહે છે અને તે હુંકાર રહે ત્યાં સુધી **વિશ્નુલોકથી** પાર જવાતું નથી. તે **વિષ્નુલોક** પણ પ્રલયને આધિન છે. એ હું પણું જ્યારે સમુળું નષ્ટ થાય ત્યારેજ શુદ્ધ મુકિત છે. આ ઉત્તમ શિક્ષણ **પરશુરામજીની** આ કથામાં સમાયલું છે.

સીતાજીના સ્વામિ થવાને માટે શૈવ ધનુષ્યની આવશ્યકતા હતી, પણ તે હેતુ પાર પડયા પછી શું કરવાનું છે ? **શ્રી રામચંદ્રજીએ** પૃથ્વી ઉપર શું શું કાર્ય કરવાનાં છે? ધર્મનો લોપ થવા માંડયો હતો, ઘણે ભાગે થયો હતો, અને તેથી સમસ્ત પ્રજાનું હિત કરવાને માટે તેમણે પોતાના પાદાર્વિંદથી પૃથ્વીને પવિત્ર કરી હતી. **શ્રી મદ્દભગવદ્ ગીતાના** ૪ અધ્યાયમાં **શ્રી કૃષ્ણભગવાન અર્જુનને** કહે છે તેમ,

> " **यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत**
> **अभ्युतत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहं**
> **परित्राणाय साधुनां विनाशाय च दुष्कृताम्**
> **धर्म संस्थापनार्थाय, संभवामि युगे युगे** "

માટેજ **વૈશ્નવી ધનુષ પરશુરામજી** પાસેથી **શ્રી રામચંદ્રજીને** મળે છે.

શ્રી રામચંદ્રજીના વિજયથી સર્વ મંડળમાં અંત્યત હર્ષ પ્રસરી રહ્યો અને દશરથરાજા સર્વને લઇને સુખરૂપ પોતાની અયોધ્યા નગરીમ પાછા પધાર્યા.

જે પ્રમાણે પરશુરામજીને કર્મ બંધનમાંથી કેવળ મુકત કરી જીવન મુકત કરવાની કરૂણાનિધિ શ્રી રામચંદ્રજીએ કૃપા કરી, તેવીજ કૃપા તે ભકતવત્સલ આપણા ઉપર કરી કર્મ બંધનમાંથી મુકત થવાના માર્ગે આપણને વાળો એજ તેમની પ્રતિ આપણે પ્રાર્થના કરીશું.

बिंदु ५ मुं.

દશરથ રાજા સર્વ પરિવાર સહિત **અયોધ્યા નગરીમાં** પાછા પધાર્યા, અને **શ્રીરામચંદ્રજી** પોતાની પ્રીયા **સીતાજી** સાથે આનંદમાં કાળ નિર્ગમન કરવા લાગ્યા. **ભરત અને શત્રુઘ્ન** પોતાના મામાને ત્યાં ગયા. અહીંથીજ **અયોધ્યા** કાંડનો પ્રારંભ થાય છે. એના આરંભમાંજ શત્રુઘ્નનો અર્થ " કામ તથા ક્રોધાદિને હણનાર " કરેલો છે. સર્વ ગુણ સંપન્ન **શ્રી રામચંદ્રજીએ** સર્વ પ્રજાની દિવસે દિવસે વિશેષને વિશેષ પ્રીતી મેળવી. તેમના પિતા તેમના શ્રેષ્ટ ગુણથી પરંસંતોષ પામી વિચારવા લાગ્યા કે મારી વૃદ્ધાવસ્થા થયલી છે અને તેથી રાજની ધુંસરીનો ભાર મારા ખંભા ઉપરથી ઓછો થાય તો સારૂં અને તેમ કરવાને **શ્રી રામચદ્રજીને** યુવરાજ પદ આપવું યોગ્ય છે. તે સમયે " **દશરથ રાજાએ** આકાશમાં ગ્રહુનક્ષત્રાદિનું વિકૃતપણું, અંતરિક્ષમાં મહાવાત તથા દિગદાહ અને પૃથિવ ઉપર ભૂકંપાદિ " ઉત્પાત થતા જોયા, અને મંત્રીઓની સલાહ લીધી. આ પ્રમાણે ઉત્પાતો થયા તે ધ્યાનમાં રાખવાનું છે. સૃષ્ટિમાં જ્યારે જ્યારે નવિન ફેરફારો થાય છે ત્યારે તે થવાજ જોઇયે. સ્વસ્થતાનો ભંગ નહિં થાય ત્યાં સુધી બીજું ઉત્પન્ન થઇ શકતું નથી. યુવરાજ પદનો અભિષેક કરવાની સર્વ સામગરી તૈયાર થઇ ગઇ. પ્રજા સમસ્ત આ સમાચાર પ્રસિદ્ધ થતાં આનંદ પામી, પણ દૈવની ગતિ ગહન છે. **દશરથ રાજાની કૈકેયી** રાણીની પાસે **મંથરા** નામે એક દાસી હતી, તેણે **કૈકેયીની** પાસે જઇને કલેશ પ્રગટાવવા પ્રયત્ન કીધું. ત્યાં સુધી **કૈકેયીને શ્રી રામચંદ્રજીના** ઉપર સારો ભાવ હતો અને તેણે **મંથરાને** ઉત્તર આપ્યો કે **રામને** યુવરાજ પદ આપવાનો નિશ્ચય થયલો સાંભળી હું અતિ પ્રસન્ન થઇ છું. પ્રકૃતિનું જે સ્વરૂપ **કૈકેયી** હતી તેને આ વચન ઘટિત હતું. શ્રમનો કંટાળો—આળસ, એ ગુણ પ્રથમ દર્શક છે. પણ **મંથરા** મુગી બેસી રહે તેવી નોતી. તેણે રાણીને અનેક યુકિતથી ભંભેરી મુકી અને તેનું પરિણામ એ આવ્યું કે **દશરથ રાજા** જ્યારે રણવાસમાં પધાર્યા ત્યારે પોતાની સ્ત્રી કૈકયીને ક્રોધાવેશમાં જોઇ. કારણ પુછતાં પરસ્પર ભાષણ ચાલ્યું. આગળ એક સમય ઉપર **શ્રી દશરથ રાજાએ કૈકેયીને** વચન આપ્યું હતું કે તું જે માગીશ તે આપીશ, તે વચન સત્ય કરાવવાને માટે સ્ત્રી ચરિત્ર

પ્રગટયું. રાજા લાચાર થઈ ગયો, તેની છાતીમાં વજ્ર જેવો પ્રહાર પડયો, અને તે મૂર્છા ખાઇને પડયો, શું કરે? પછી તે સહજ જાગૃત થતાં **કૈકેયી રામચંદ્રજીને** બોલાવી મંગાવે છે અને કહે છે કે આ તમારા પિતાની આજ્ઞા થઇ છે કે તમારે ચૌદ વરસ સુધી વનમાં જવું અને યુવરાજ પદનો અભિષેક મારા પુત્ર **ભરતને** કરવો. આ અણધાર્યો ગોળો, ગેબી ગોળો આવી પડયો પણ **શ્રી રામચંદ્રજી** ને જરા પણ ક્ષોભ થયો નહિં અને પોતાના પિતાની આજ્ઞાને પાળવાને માટે પ્રસન્ન ચિતથી હા પાડી. પ્રજામાં હોહાકાર થઇ ગયો, રાજય મહેલમાં સર્વ દિગ્મૂઢ થઇ ગયાં, જયાં ત્યાં સગાં સ્નેહીઓ કલ્પાંત કરવા લાગ્યાં, પણ સઘળાને સમજાવીને પ્રયાણને માટે **શ્રી રામચંદ્રજી** તૈયાર થયા. **સીતાજી** અને **લક્ષ્મણજીએ** તેમની સાથે જવાનું નકકી કર્યું. લક્ષ્મણજીની માતા **સુમિત્રાએ** પ્રસન્ન ચિત્તથી જવાની આજ્ઞા આપી એટલુંજ નહિં પણ પોતાના જેષ્ટ બંધુ **શ્રી રામચંદ્રજીની** તથા તેમનાં પત્નિ **સીતાજીની** શુદ્ધ ભાવથી સેવા કરવાનું તારૂં કર્તવ્ય છે એમ પોતાના પૂત્રને સારી પેઠે સમજાવ્યું. આ પ્રમાણે એ ત્રણે જણો અયોધ્યા નગરી છોડીને જાય છે, પ્રજા તેમની પાછળ પાછળ નિશ્વાસ નાખતી હીંડે છે, અને **શ્રી રામચંદ્રજીને** મુકીને અયોધ્યા પાછા જવાનું માનતી નથી. **તમસા** નદીનો કીનારો આવતાં ત્યાં મુકામ કરી **શ્રી રામચંદ્રજી** સર્વ નિદ્રાવશ હતા તે સમયનો લાભ લઇ નદી ઓળંગી **સીતાજી** તથા **લક્ષ્મણજી** સહિત આગળ ચાલી જાય છે.

હવે **મંથરાનાં** પરાક્રમનું આ સઘળું પરિણામ હતું. તેનો મર્મ શું છે તે જાણવું જોઇયે, મંથરા શબ્દ **મંથ** ધાતુ ઉપરથી થયલો છે ને તેનો અર્થ **વલોવવું, ક્ષોભ** કરવો એવો થાય છે. જે જડરૂપ હોય છે તેનામાં ચંચળતા આવે નહિ ત્યાં સુધી કંઇ પણ કામ થઇ શકતું નથી. અગ્રેસર, **પુરોગામી, મંદગામી,** ના અર્થમાં **મંથર** શબ્દ વપરાય છે.

पुरोगाग्रेसरप्रष्ठाग्रतः सरपुरःसराः
पुरोगमः पुरोगामी मंदगामी तु मंथरः

(અમર કોષ).

કૈકેયીને ગતિ મળવાની જરૂર હતી. જડતા હોય તો શિઘ્ર ગતિ હોતી નથી, તે જગાએ હંમેશ મંદ ગતિ હોય છે, મંદ છે તો પણ

ગતિ છે. મન્મથ એટલે મનને મંથન કરી નાખે તે એટલે કામદેવ એ મન્મથ શબ્દમાં પણ મથ ધાતુ એવોજ અર્થ દર્શાવે છે.

અયોધ્યા કાંડના પ્રથમ સર્ગમાંજ એમ કહ્યું છે કે સર્વ લોકના નાથ ઈશ્વર સરખા રામ આપણા નાથ-રાજા-થાય એમ પૃથ્વી અને તે ઉપર રહેનારી પ્રજાને ઇચ્છા થઇ-પૃથ્વી સ્થૂળભૂમિ અને તેમજ સ્થૂળ દેહ વાચક છે. કૈકેયી શ્રી રામચંદ્રજીને વનમાં જવાનું કહે છે તે વેળા શ્રી રામચંદ્રજી ઉત્તર વાળે છે કે "મુને પુજ્ય પિતાએ તો કહ્યું નથી, પણ તમારા કહેવાથીજ ચૌદ વર્ષ પર્યંત વનમાં જઇ વશીશ++ મારામાંના મુખ્ય ગુણ" પિતાની સ્ત્રીઓની આજ્ઞા પાલન કરવાદિ "ને તમે અવશ્ય જાણતા નથી." (સર્ગ ૧૯ મો) આટલુંજ નહીં પણ એ સર્ગના આરંભમાં "હું તમારૂં પ્રિય કેમ ન કરૂં ?" એ વચન શ્રીરામચદ્રજીનાં મુખમાં શ્રી વાલ્મીકજીએ મુકેલું છે. સ્થૂળભૂમિ-સ્થૂળદેહ-નું પ્રીય કરવું-કલ્યાણ કરવું-એ પણ મોટું કામ કરવાનું હતું. વળી ૩૪ માં સર્ગમાં દશરથજી શ્રી રામચંદ્રજીને આશીશ દેછે કે "તુંને પરલોકના હીત માટે, આ લોકમાં અભ્યુદય માટે તથા વનથી પાછા આવવા માટે પુણ્યની પ્રાપ્તિ થાઓ." આ લોકમાં અભ્યુદય માટે એ શબ્દો મનન કરવા જેવા છે. "ભૂત પ્રાણીનો પણ તદ્રુપ ઉત્તમ છે" એવા શ્રી રામચંદ્રજીને કહેલા છે. (જુઓ અ. ૪૪.) "સર્વ ભૂત પ્રાણીના ગતિ રૂપ" પણ કહેલા છે (જુઓ સર્ગ ૨૦). એના આગલા અધ્યાયમાં લખ્યું છે કે "એવી રીતે કૈકેયીએ રામને વાકય કહ્યાં તે સાંભળી અહો કષ્ટ ! ધિક ! એમ કહી મોટો નિશ્વાસ મુકીને શોકે કરી પરિપૂર્ણ દશરથ રાજા, મૂર્ચ્છિત થઇ સુવર્ણથી શોભાયમાન તે શ્રેષ્ઠ પર્યંક ઉપર પડી ગયા." આ પ્રમાણે જે થાય છે તે ઉપલી ભૂમિકામાં થાય છે એમ આથી ખુલ્લું જણાઇ જાય છે. પૃથ્વી ઉપર જે જે બનાવો બને છે તે માત્ર ઉપલી ભૂમિકામાં બનતા બનાવોના પ્રતિબિંબ રૂપ છે. ખરૂં રૂપ ઉપર છે, પૃથ્વી ઉપર તો માત્ર છાયા છે. ત્યાં જે નથી તે અહીં હોઈ શકેજ નહિં.

ઉપલી ભૂમિકાનાં આવરણો પૃથ્વીનાં આવરણો કરતાં જુદાંજ હોય છે, તે આવરણો અથવા ઉપાધિથી પૃથ્વી ઉપર પ્રગટ થઇ શકાતું નથી. પૃથ્વી ઉપર પ્રગટ પડવાને માટે ઉપલી ભૂમિકાથી

આવનારે નવાં આવરણ ધારણ કરવાં જોઈએ એટલાજ માટે **શ્રી રામચંદ્રજી** પોતાના રાજ્યાભૂષણોને બદલે બીજાં અનુકુળ વસ્ત્ર ધારણ કરે છે. તેમને તેમજ **સીતાજીને** એ વસ્ત્રા આપનાર કોણ છે? બીજું કોઈજ નહિં પણ **કૈકેયી** જેના ગુણ આપણે ઉપર જોઈ ગયા છૈયે.

આવી રીતે જીવ રૂપ **શ્રી રામચંદ્રજી** (જુઓ અધ્યાત્મ રામા. અયો. કાંડ સર્ગ ૧) પોતાની શક્તિ **સીતાજી** સહિત વનપ્રદેશમાં જાય છે. સમસ્ત સૃષ્ટિનો જે **જીવ** રૂપ દિવ્ય અંશ છે તેને માટે પણ એજ પ્રમાણે સમજવાનું છે. પુરૂષ સૂક્તમાં પ્રથમ મંત્રમાં સહસ્ત્ર મસ્તકવાળો પુરૂષ કહ્યા છે તે કોણ? સર્વ પ્રાણીઓનું સમષ્ટિ રૂપ જે બ્રહ્માંડ તે બ્રહ્માંડ રૂપ દેહ યુક્ત વિરાટ **છે.** ચૈતન્ય બે પ્રકારનું છે, **વ્યષ્ટિ** અને **સમષ્ટિ. સમષ્ટિ** ચૈતન્યનો અંશ માત્ર **વ્યષ્ટિ** ચૈતન્ય છે, **વિધાતૃપુરૂષ** જે વૈરાટ તે **સમષ્ટિ** ચૈતન્ય છે. જીવ ગણ વ્યષ્ટિ ચૈતન્ય છે. વિરાટ **આત્મા** સાધારણ જીવની પેઠે માયાને આધિન નહિં થતાં તેને અતિ ક્રમણ કરે છે અને પોતાને આધિન કરે છે અને તેથી તે **મહેશ્વર** કહેવાય છે. **સગુણ બ્રહ્મ** અને **નિર્ગુણ બ્રહ્મ** એમ બે પ્રકારે **બ્રહ્મનું** દર્શન થાય છે. એને ચાર પાદ છે, તેમાં એક પાદમાં **સગુણ બ્રહ્મ** અર્થાત જગત અવસ્થાને પ્રાપ્ત થાય તે **બ્રહ્મા** અથવા **વૈરાટ પુરૂષ**, બાકીના ત્રણ પાદ તે **નિર્ગુણ બ્રહ્મ. નિર્ગુણ બ્રહ્મ** પણ **કૂટસ્થ** અને **કારણ** શરીરી એમ બે પ્રકારે દર્શન આપે છે, અથવા પોતે રેહેછે. જે **કારણ** શરીરી છે તેને આદિ પુરૂષ, અથવા આદિ **નારાયણ** જે **એકાર્ણવ** જળમાં શયન કરે છે તે નામથી ગવાય છે. સૃષ્ટિ પણ બે પ્રકારની છે એક **બ્રહ્માની** અને એક **બ્રહ્મની.** બ્રહ્માની સૃષ્ટિ પહેલાં એકાર્ણવ જળમાં બીજરૂપે સઘળું જગત સ્થિત છે અને **પ્રકૃતિ** તે વેળા વ્યક્ત રહે છે. **પ્રકૃતિ** જ્યારે અવ્યક્ત ભાવને પામે છે ત્યારેજ મહા **પ્રલય** કહેવાય છે. પહેલો પ્રલય ખંડ પ્રલય છે (જુઓ શ્રી પુરૂષ સૂક્તનું ભાષ્ય).

એટલાજ માટે સૃષ્ટિના સંબંધમાં અને પૃથ્વી ઉપરના મનુષ્યના સંબંધમાં શ્રી રામચંદ્રજીનાં ચરિત્ર એક સરખી રીતે શિક્ષણ આપે છે. બ્રહ્માંડે અને પિંડાંડે એકજ નિયમ વર્ત્તે છે. આત્માની સાથે બુધ્ધિ અને મનના અંશ આવી મળે ત્યારેજ જીવ સંજ્ઞા

થાય છે. એ જીવ ધીરે ધીરે નીચે ઉતરી, અથવા ઉપાધિમાં પડી, અથવા આવરણુ ધારણુ કરી, પૃથ્વી ઉપર દેહધારી રૂપે પ્રગટ પડે છે. આ પ્રમાણે જીવરૂપ **શ્રી રામચંદ્રજી** પોતાની શકિત **સીતાસહિત** આગળ ચાલી **તમસા** નદીને કીનારો ઓળંગી પાર જાય છે. આવી રીતે **કોશળ** દેશની ભૂમિનું અતિક્રમણુ થાય છે. એ નદી બે દેશને જુદા પાડે છે. **તમસા**નાં કીનારો ગાયોનાં ટોળાંએ વ્યાપ્ત હતો. **તમસા** શબ્દ **અંધકાર**, **અજ્ઞાનવાચક** છે, અને ગાય ઇંદ્રિઓ વાચક છે. સ્થૂળ ઉપાધિમાં પડતાં જીવ ઘોગરદમ અંધારાથી ઘેરાઇ જાય છે. જ્યાં પ્રકાશ નથી ત્યાં જ્ઞાન ક્યાંથી હોય, અને તેથી મનુષ્ય માત્રની પ્રથમ અવસ્થા અજ્ઞાનની હોય છે. એ અજ્ઞાનને મીટાડી સર્વ ભ્રમણાથી મુક્ત થવાનું પ્રયત્ન કરવું એજ જીવનું કર્ત્તવ્ય છે.

શ્રી રામચંદ્રજીને તેમના પિતાએ દેશ પાર શા માટે કીધા ? પ્રથમ તો **દશરથ રાજા** પોતાના એ પુત્રને પોતાનું પદ આપવા આતુર હતા પણુ પાછળથી એક સ્ત્રીની પ્રેરણાને આધિન થઇ તેને વનવાસ મોકલવાના નિશ્ચય પર આવ્યા. આનું શું કારણુ ? જીવ એ **પરમાત્માના** અંશ રૂપ છે. એ અંશ **પરમાત્માની** પદ્દીને યોગ્ય ક્યારે થાય ? **પરમાત્મા** જેમ પોતાની સત્તા સર્વ ભૂમિકા ઉપર ચલાવી રહેલા છે તેમ તે અંશ એ સર્વ ભૂમિકાને જીતીને પોતાને વશ કરે ત્યારે તે **પરમાત્માના** અધિકારને પાત્ર ગણાય. એમ નહિં થાય ત્યાં સુધી એ મહાન્ પદને સ્પર્શ કરવાને પણુ તે યોગ્ય ગણાય નહિં. સર્વ ભૂમિકાનો અનુભવ મેળવવો, સઘળીને પોતાના પાદારવિંદથી પવિત્ર કરવી, સર્વને જીતીને ત્યાં પોતાની સત્તા બેસાડવી, અને પિતાના જેવા થવું એ મહાન કાર્ય કરવાનું છે એટલાજ માટે **અયોધ્યા** નગરીમાંથી **શ્રી રામચંદ્રજીને** પ્રયાણુ કરવાની આવશ્યકતા હતી.

દેશવટાની અવધી ચૌદ વર્ષની હતી. ચૌદ વર્ષ તે ચૌદ મનુ દર્શક છે એમ મારી અલ્પ બુદ્ધિને લાગે છે, એથી વિશેષ અર્થવાળો જો કંઇ મર્મ રહ્યો હશે તો તે હું જાણુવાને શક્તિમાન નથી. આ અવધી સૃષ્ટિના આરંભથી તે પ્રલય સુધીનો સમય છે, અને આપણે જે વિચારો ઉપર દર્શાવ્યા છે તેને એ સમય ઘટિત છે.

પછી કોશળ દેશનું ઉલ્લંઘન કરીને શ્રી રામચંદ્રજી "અગસ્તિયે" સેવેલી દિશાની સામે ચાલ્યા" અને દંડકારણ્યની રાજધાની શૃંગવેર-

પુરમાં આવીને નિષાદ–ભીલના રાજા ગુહને મળ્યા. **અગસ્તિની સેવેલી** દિશા તે દક્ષિણ દિશા છે, અને તેથી **શ્રી રામચંદ્રજીનું** પ્રયાણ ઉપરથી નીચે થતું સમજાય છે. દંડકારણ્ય દંડની–શિક્ષાની ભૂમીનો પ્રદેશ. કર્મનાં ફળ દર્શક આ ભૂમી છે. માણુસ પોતે જે જે કર્મ કરે છે તે તે કર્મનાં ફળ તેને ભોગવવાં પડે છે. તે ફળ ભોગવવાની જે જગા—ભૂમી–દેહ—શરીર—તે એ છે, એટલે આત્મા, **બુધ્ધિ અને મન**—ત્રીકોણ રૂપ જીવ પૃથ્વી ઉપર આવે છે, અથવા દેહધારી થાય છે અને દેહને વિશે પ્રવેશ કરે છે. અહીં પ્રવાસી જીવોનો વેશ બદલાય છે, અને તેજ પ્રમાણે **શ્રી રામચંદ્રજી** પોતાનો વેશ બદલે છે. એ દેશની રાજધાની **શૃંગવેરપુર** છે. આ નામ પણ અર્થ વાચક છે.

सुषर्वी कारवी पृथ्वी पृथुः कालोप कुंचिका
आर्द्रकं शृंगवेरं स्यादथ छत्रा वितुन्न कम् ॥

અમરકોષ

આપ્ટે સંસ્કૃત અંગ્રેજી કોષમાં શૃંગનો અર્થ **શીખર** અને વેરનો અર્થ **શરીર** આપેલો છે.

આ સ્થળે **ગંગા** નદીના કીનારા આગળ ત્યાંના **રાજા ગુહનો** સમાગમ થાય છે. તે **શ્રી રામચંદ્રજીનો** સારી રીતે સત્કાર કરેછે ને કહેછે કે હે **રામ** તમને જેવી **અયોધ્યા** છે તેવુંજ આ મારૂં પુર છે. **અયોધ્યા** કાંડના પર-માસર્ગમાં ગંગાજીને માટે લખતાં **વાલ્મિકજી** કહે છે,"સમુદ્રમાં ભેળનારી, ઉતાવળી, વેગવાળી, આ **જાન્હવી** ગંગા++ સમુદ્રની **સ્રી બ્રહ્મ લોક** પ્રત્યે રહેલી અને આ લોકને વિશે દેખાય છે તે." સમુદ્ર દેહ દર્શક છે એમ ઉપર કહેવામાં આવેલું છે. ગુહની સહાયતાથી નાવમાં બેશીને ગંગા નદીને પાર **શ્રી રામચંદ્રજી** ઊતરે છે. **ગુહને** માટે અમર કોષના પ્રથમ કાંડનો ૪૨ મા શ્લોક છે કે

पार्वती नंदनः स्कंदः सेनानी रग्निभूर्गुहः

વરાહ પુરાણમાં દેવતાઓના શરીર સંબંધે માંહો માંહે ક્લેશ થયો છે, તે કથાના વર્ણનમાં **માતૃગણને કામ** ગણેલો છે અને **સ્કંદને અહંકાર** કહેલો છે. " સહુ તત્વથી પર પુરૂષ છે; સૃષ્ટિની સંજ્ઞા વ્યકત છે અને પુરૂષ અવ્યકત છે. એ બેની વચ્ચે **મહતત્વ** છે. એ **મહતત્વનું** ઉપાધ ભેદ વડે બીજું નામ **અહંકાર** છે. **અવ્યકત** સંજ્ઞા ઊમાની છે

જેને પ્રકૃતિ કહે છે. અહંકાર તે કાર્તિકેય છે. એની માતાતુલ્ય પાર્વતિ, કૃતિકાઓ, અને માતૃગણ છે અને અગ્નિ પિતા તુલ્ય છે" (જુઓ વારાહ પુરાણ અધ્યાય ૨૫). આ ઉપરથી સહજ સમજાય છે કે ગુહ તે અહંકારનું સ્વરૂપ છે. એજ અહંકાર જીવને સ્થૂળ દેહમાં દોરવી લઇ જનારો છે માટેજ આહીં શ્રી રામચંદ્રજીને નાવ આપી ગંગા નદીને પાર મોકલનાર ગુહ છે.

ત્યાંથી ચાલતાં ગંગા અને યમુનાના સંગમ પાસે ભરદ્વાજ રૂષિના આશ્રમ આગળ શ્રી રામચંદ્રજી સીતાજી તથા લક્ષ્મણ સહિત આવી પહોંચે છે. તેઓને ત્યાં રાખવાને માટે રૂષિ ઘણો આગ્રહ કરે છે, પણ શ્રી રામચંદ્રજી તેમને સમજાવીને પુછે છે કે મને એકાંત આશ્રમ સ્થાન એવું બતાવો કે જ્યાં સીતાજી વિહાર કરી હર્ષ પામે. રૂષિ તેમને ત્યાંથી થોડેક દશ ગાઉ દુર ચિત્રકુટ પર્વત રહેલો છે તે બતાવે છે ને કહે છે "હે રામ મનુષ્ય ચિત્રકુટ પર્વતના શિખરને જોય કે તત્કાળ પોતાનાં કલ્યાણ કરવાની મનને વિશે ઇચ્છા કરે પણ મોહને વિશે કદી મન કરે નહી—સેંકડો રૂષિઓ સેંકડો વર્ષ પર્યંત તપ રૂપ ક્રીડા કરીને, સ્વર્ગ પ્રત્યે ગયા છે. (અયોધ્યા કાંડ સર્ગ ૪૪) અયોધ્યા કાંડના ૯૧ માં સર્ગમાં ભરદ્વાજે ભરતનું કરેલું આતિથ્ય વર્ણવેલું છે તે ઘણુંજ મનન કરવા જેવું છે. સર્વ દેવતાઓને રૂષિ બોલાવે છે. તહીંથી ભરતજી ચિત્રકુટ પર્વત ભણી જાય છે. શ્રી રામચંદ્રજી સીતાજીને કહે છે. "આ ચિત્રકુટ પર્વત પૃથ્વીને ભેદીને નીકળ્યો છે એમ દેખાય છે" (સર્ગ ૯૪ મો) પૃથ્વીને ભેદીને નીકળ્યો છે એ શબ્દ વ્યર્થ નથી, ભરદ્વાજના આશ્રમની સમીપ ચૈત્રવન છે અને તે ગાંધર્વનું સ્થાન છે એ પણ ભુલવું નહીં જોઇએ.

આ સઘળા વિચારો ધ્યાનમાં લેતાં ભૂવરલોકનું કંઇક ભાન થયા વિના રહેતું નથી. દંડકારણ્યનો અર્થ આપણે ઉપર જોઇ ગયા, દંડ અથવા શિક્ષા જ્યાં થાય છે તે યમરાજાનો એક પ્રાંત છે. જીવ સ્થૂળ દેહ છોડે છે પછી યાતના દેહ ધારણ કરી પોતાની નઠારી વાસનાનાં સર્વ પરિણામને આધિન થાય છે. અંગ્રેજીમાં જેને astral ભુમિ કહે છે તે ભુમિકાના નીચલા ભાગમાં જીવનો આ સમયે નિવાસ છે. જે જે સહન કરવાની આવશ્યકતા છે તે સર્વ સહન કરી

નબળી વાસનાથી જ્યારે જીવ મુક્ત થાય છે ત્યારે એ ભુમિ ઓળંગી તે ઉપર જાય છે. નીચેથી ઉપર જનારાને આ ભૂમિ જેમ પસાર કરવી પડે છે તેમજ ઉપરથી ઉતરી **સ્થૂળ ભૂમિકા** ઉપર આવનારને પણ તે પસાર કરવી પડે છે. **પ્રેત લોકનો** ઉપરનો ભાગ ઘણો સુખ આપનારો છે, એટલે **ભુવર લોક** મોટો વિશાળ દેશ છે અને એમાં જુદે જુદે સ્થળે જુદા જુદા અનેક પ્રકારના રંગ રહેલા છે. આ પ્રદેશ દર્શક માણસના શરીરમાં બે ભ્રૂ મધ્યેનું એક ચક્ર જેને **આજ્ઞા ચક્ર** કહે છે તે છે. કેટલાક યોગિઓ એમ માને છે કે મનનું સ્થાન **આજ્ઞા ચક્ર** છે. એ **આજ્ઞા ચક્ર**માં સ્થિત થતાં **ભુવર** પ્રદેશ દૃષ્ટિ ગોચર થાય છે. એ ચક્ર વિશે કહ્યું છે કે

आज्ञा चक्रे भृगुटिस्थाने द्वीदलांते
हंक्षंबीजं ज्ञानसमुद्रं गुरु मूर्ति

એ ચક્ર બે દળનું છે, એક દળમાં હં બીજા ક્ષર છે ને બીજામાં ક્ષં છે. **ભરદ્વાજ** નામના રૂષિના આશ્રમનું કથન થઇ ચુકયું. **ભરદ્વાજ** શબ્દ બે પાંખના પક્ષીનો ધ્વની કરે છે, અને તેથી આપણા અનુમાનને પુષ્ટિ મળે છે. **ગંગા યમુનાના** સંગમવાળો પ્રયાગ દેશ પણ અહીંજ નિકટમાં આવેલો છે. **ચિત્રકૂટ** પર્વત પણ એજ દેશમાં છે. **ચિત્ર** એટલે **સ્વચ્છ, પ્રકાશમાન,** રંગ બેરંગી. અને કૂટ એટલે ભ્રમણા અથવા માયા-વાળું, મિથ્યા. જે ભૂમિકાનો આપણે વિચાર કરીએ છીએ અને તે એવીજ છે એમ કહેવાની જરૂર નથી. **પૃથ્વી** એટલે સ્થૂળની પાર જેનું શીખર ગયલું છે એવો આ **ચિત્રકૂટ** પર્વત છે. એ પર્વતની ગુફામાં થોડો સમય નિવાસ કરીને શ્રી **રામચંદ્રજી અત્રી** રૂષિના આશ્રમ ભણી જાય છે.

અત્યંત લલચાવનારી અને મોહ ઉપજાવનારી પણ અગણ વિઘ્નથી ભરપુર એવી ભૂમિને **શ્રી રામચંદ્રજી** સહજ અને સુખેથી ઓળંગી જાય છે. એવા પ્રતાપી **શ્રી રામચંદ્રજી** એ ભૂમિકાના મોહથી અને વિઘ્નથી આપણું રક્ષણ કરી સહજમાં અને સુખેથી તે પસાર કરાવે એજ આપણે તેમની પ્રાર્થના કરીશું અને તે ભક્ત-વત્સલ કરૂણા નિધિ એ કૃપા કરશે. અસ્તુ !

बिंदु ६ ठुं.

આગળ ચાલતાં શ્રીરામચંદ્રજી અત્રીજીના મનુષ્ય શુન્ય અને શ્રેષ્ટ આશ્રમમાં આવે છે. તેમની સ્ત્રી ધર્મ પત્નિ અનુસૂયા પતિવૃતાઓમાં પ્રસિદ્ધ છે. વ્રહદારણ્ય ઉપનીષદ પ્રમાણે આ આશ્રમ ઉત્તરમાં આવેલો છે. એજ ઉપનિષદના બીજા અધ્યાયમાં બ્રાહ્મણ ૩, મંત્ર ૩–૪ પ્રમાણે અત્રિ જિવ્હા દર્શક છે. જીભનો ગુણ સ્વાદ લેવાનો છે, અને તેથી અદ્ એટલે ખાવું એ ધાતુ ઉપરથી અત્રિ શબ્દ થયલો છે. વળી અત્રિ શબ્દ અ અને ત્રિ બે અક્ષરનો બનેલો છે. અ એટલે નહિ ત્રિ એટલે ત્રણ. આત્મા, બુદ્ધિ, અને મન એ ત્રણની ત્રિપુટી તે જીવ છે. એ ત્રણ છે પરંતુ એ ત્રણ જુદા નથી અને એ ત્રણનું એક સ્વરૂપ તે જીવ છે, માટે જીવ એકજ રૂપ છે એમ એ અત્રિ શબ્દ સૂચવે છે. અત્રિજી અને અનસૂયાના આખ્યાનમાં પણ બ્રહ્મા, વિષ્ણુ, અને રૂદ્ર એ ત્રણેના અંશથી એકજ મૂર્તિ પ્રગટ થાય છે એમ વર્ણન કરવામાં આવેલું છે. આત્મા કેવળ શુદ્ધ, નિરંજન નિર્લેપ ઈત્યાદિ છે. કર્મના ફળનું તેને ભોકતાપણું હોઇ શકતું નથી. જયારે જીવ સ્વરૂપની વ્યક્તિ થાય છે ત્યારેજ કર્મ અને તેનાં ફળનો વિચાર સામે આવીને ખડો થઇ જાય છે અને તેટલાજ માટે રસ લેવો, સ્વાદ લેવો એ અર્થ વાચક ધાતુ ઉપરથી અત્રિ શબ્દ રચાયલો છે. મરીચી, અત્રિ, આદિ સાત ચિત્ર શિખંડી કહેવાય છે અને એ સાત મહદ્, અંહકાર, આદિ સાત પ્રકૃતિઓના સ્વરૂપ છે. સ્વયંભુ બ્રહ્મા એ આઠમી પ્રકૃતિ છે. એ આઠ પ્રકૃતિ સર્વ લોકને ધારણ કરી રહેલી છે (જુઓ શાંતિ પર્વ મોક્ષ ધર્મ ઊત્તરાર્ધ, અધ્યાય ૧૫૯) એ સાત પ્રવૃર્તિ વાળા છે અને તેઓને પ્રજાપતિ કહેલા છે. અત્રિ રૂષી વૃદ્ધ, અંગે કરચલી વળેલી એવા છે અને અનસૂયા સૌંદર્યની મૂર્તિ છે. એ બન્ને શ્રી રામચંદ્રજીનો યથાયોગ્ય સત્કાર કરે છે, અને પછી સીતાજીના વસ્ત્ર બદલાવી નવાં તેમને ધારણ કરાવે છે. આ પ્રમાણે થાય છે તે પણ ઘટિત છે. મુનીની આજ્ઞાથી તેમના શિષ્યો–કુમારો શ્રી રામચંદ્રજીને વળાવવા જાય છે અને નદીને પાર ઉતારી પાછા વળે છે. અહિં પણ પાછી નદી ઓળંગવી પડે છે એ ધ્યાનમાં રાખવાનું છે. હવે શ્રી રામચંદ્રજી પોતાના ભાઈ

લક્ષ્મણજીને કહે છે કે "જેમ **માયા** જીવાત્મા અને **પરમાત્માની** મધ્યે રહે છે તેમ **સીતાને** આપણ બન્નેની મધ્યમાં ચલાવો." આ પ્રમાણે કહીને દક્ષિણ દેશ પ્રત્યે જવા તેઓ તત્પર થયા. ધીરે ધીરે ચાલતાં તેઓએ એક ગાઢા વનમાં પ્રવેશ કીધો. તે વન પ્રદેશમાં મહાપવિત્ર તપસ્વિઓના આશ્રમનાં તેઓને દર્શન થયાં. એ આશ્રમમાં વેદના ઘોષની ગર્જના થઇ રહી હતી. કોઇ **વૈશ્વ** દેવ કરતા હતાં, કોઇ બળિદાન આપતા હતા, કોઇ પૂજન કરી રહ્યા હતા, એમ અનેક પ્રકારની **અધ્યાત્મિક વૃત્તિઓ** તહીં ઝળકી રહી હતી. આ જગા પવિત્ર **તાપસ** મંડળનું સ્થાન હતું. આ સર્વ રૂષિઓ એક સરખા નોતા. જ્ઞાનની સપ્ત ભુમિકાને અનુસરીને તેઓના પણ સાત વર્ગ પાડવામાં આવેલાં છે. **વિષ્ણુ** પુરાણ, **મત્સ્ય** પુરાણ, વાયુ પુરાણ આદિ ગ્રંથોમાં એની સારી સમજ આપવામાં આવી છે. આ સાતના નામ **બ્રહ્મર્ષિ**, **દેવર્ષિ**, **મહર્ષિ**, **પરમર્ષિ**, કાંડર્ષિ, શ્રુતર્ષિ, અને **રાજર્ષિ**. આ બધાની વ્યાખ્યા કરવાનું અહિં પ્રયોજન નથી. રામાયણ બાળકાંડના ૨૫ માં સર્ગમાં **વિશ્વામિત્રજી** દેવતાઓને કહે છે કે "જો તમારાથી મને બ્રાહ્મણપણાની, તેમજ દીર્ઘાયુની પ્રાપ્તિ થઇ તો તે ઉપરાંત **બ્રહ્મજ્ઞાનનું** સાધન **ઓંકાર**, યજ્ઞનું સાધન **વષટ્કાર** તથા યજ્ઞના અંગ ઉપાંગાદિ પ્રતિપાદક વેદ, એ વસ્તુઓ જેમ **વસિષ્ટાદિ** બ્રહ્મર્ષિ યોને સહજ પ્રાપ્ત છે તેમ મને પણ પ્રાપ્ત થાઓ." બ્રહ્મર્ષિ કોને કહેવા તે અહિં સમજાવ્યું છે. **રાજર્ષિ** યો મનુષ્યની અધ્યાત્મિક ઉન્નતિ અને તેઓને શાંતિ કરવાના કાર્યમાં જેઓ પ્રયત્ન કરી રહેલા છે તેઓ છે. આ મહા મંડળ અતિ સમર્થ છે. તેઓનો આશ્રમ–તેઓનું સ્થાન પણ જેવું તેવું નથી. હીમગીરીમાં મહાત્માઓ અને રૂષિઓનો નિવાસ છે એમ ચાલી આવેલી દંત કથાને આથી કેટલીક પુષ્ટિ મળે છે તે વાંચક વર્ગ વિચારી લેશે. આ આશ્રમમાં એક દીવસ રહી બીજે દીવશે મૂનીઓની આજ્ઞા લઇ **શ્રી રામચંદ્રજી લક્ષ્મણ** તથા **સીતા** સહિત આગળ ચાલ્યા. તેઓનો માગ દંડકાવનમાં થઇને હતો. એ વન પ્રદેશના મધ્ય ભાગમાં જ્યાં **મૃગ**, સિંહ, રીંછ આદિ પ્રાણીઓનો નિવાસ હતો ત્યાં એક **વિરાધ** નામનો રાક્ષસ તેઓને મળ્યો. તે રાક્ષસે **સીતાજીનું** હરણ કર્યું, અને **સીતાજીને** લઇને તેણે ચાલવા માંડયું. **પરાક્રમી રઘુવીર** આગળ એ રાક્ષસ ગમે તેવો બળવાન હતો તોપણ તેનું શું ગજું. તેનું સર્વ બળ વ્યર્થ ગયું અને તે મૃત્યુ

પામ્યો. એ વિરાધ તે શું અથવા કોણ? વિરાધ ક્લેશ વાચક શબ્દ છે. તે ઈંદ્રધ્વજ નામે ધનુષને હાથમાં લઈને બન્ને બાંધવોની સામું ધસ્યો હતો. ઈંદ્ર તે ઇંદ્રિઓનો સ્વામિ, મન છે. શ્રી રામચંદ્રજીએ તેને "સુવર્ણથી શણગારેલા મયુરપિચ્છની પુંખોવાળાં સાત બાણ" ઉપરાઉપરી માર્યાં હતાં. શ્રી રામચંદ્રજી પાછળથી પોતાના ભાઈ લક્ષ્મણને કહે છે કે આ રાક્ષસ શસ્ત્રથી મરવો અશક્ય છે, માટે એક મોટો ઉંડો ખાડો ખોદો કે તેમાં એને ડાટી દેવાય. આ બધાંનો સારાંશ શું છે? મનને અનેક પ્રકારના ઉપાધિઓ થાય છે. મન બે પ્રકારનું છે. ઉર્ધ્વ અને અધો. ઉપાધિઓનો સંબંધ અધો મન સાથે છે. એ મન શસ્ત્રથી હણી શકાય તેવું નથી. એને તો દાબી દેવાનું છે, અને એમ કરવા માટે મોટું પ્રયત્ન થવું જોઇયે. એ રાક્ષસ કુબેરનો સેવક હતો અને રંભા નામની અપ્સરામાં આસક્ત થવાથી શાપને પ્રાપ્ત થયો હતો. રંભાનો સંબંધ પણ એજ મર્મ દર્શાવનારો છે. તેને શાપ થયો તે સમયે કહેવામાં આવ્યું હતું કે જ્યારે તું ભક્તિ સંપન્ન થઈશ ત્યારે તું મુક્તિ પામશે. આ પણ કેવું ઘટિત છે. તે રાક્ષસનું બળ કોના ઉપર ચાલે છે? પુરૂષ ઉપર નહિ પણ પ્રકૃતિ ઉપર. ઉપાધિ પ્રકૃતિ અથવા દેહ સાથે સંબંધ ધરાવે છે અને ચૈતન્ય પુરૂષની સામુ તેનું બળ મિથ્યા છે. આ રાક્ષસનો જે સ્થળે પરાજ્ય થયો તે સ્થળે શરભંગજીનો આશ્રમ હતો. રાક્ષસનું મર્ણ થયું તેજ સમયે તે આશ્રમ આગળ સાક્ષાત ઈંદ્રિનું પોતાનું દર્શન પાંથી જનોને થાય છે. શ્રી રામચંદ્રજી એ આશ્રમ પ્રત્યે પધારે છે. શરભંગજી કાળના કાળથી આ વનમાં તપશ્ચર્યા કરી રહ્યા હતા. એ તપશ્ચર્યા વડે બ્રહ્મલોકને તેણે જીત્યા હતો. મતલબકે ત્યાં અનંત કાળ સુધી નિવાસ કરવાનો અધિકાર તેને પ્રાપ્ત થયો હતો. પોતાનાં સર્વ પુણ્ય અને સત્કર્મ શ્રી રામચંદ્રજીના ચર્ણાવિંદ આગળ અર્પણ કરે છે અને પોતાના હોમના અગ્નિને પ્રજ્વલિત કરી મહાજ્વળા મધ્યે પ્રવેશ કરી પોતાની તે દેહને ભસ્મ કરી નાખીને અને દિવ્ય કુમાર રૂપે પ્રગટ થઈને શ્રીરામચંદ્રજીના પદ્માબ્જે હાથ જોડી નમન કરે છે. આમાં પણ ગૂઢ અર્થ સમાયલો છે. અગસ્ત્ય રૂષિને વિશે આપણે જ્યારે કથન કરીશું ત્યારે એ અર્થનો વિસ્તાર કરવામાં આવશે. શરભંગ રૂષિના

સમાચાર સાંભળીને બીજા અનેક રૂષિઓ શ્રી રામચંદ્રજીનાં દર્શન કરવા આવે છે. એ મુનિ સમુહમાં **વૈખાનસ** (પ્રજાપતિના નખથી ઉત્પન્ન થયલા) **વાલખિલ્ય** (પ્રજાપતીના વાળ–ની માળાથી થયલા) **સંપ્રક્ષાલી** (પાદપ્રક્ષાલનથી થયલા) **મરીચીપા** (ચંદ્ર સૂર્યના કીર્ણે જેમનું જીવન હોય છે તે) ઇત્યાદિક હતા. આ સર્વનાં નામ અર્થ પ્રકાશક છે.

ઇંદ્ર મન છે એ વાત પ્રસિદ્ધ છે. તેનાં દર્શન થાય છે એમ **કરીને વાલ્મીકજી** મનશ્ચક્ર અથવા **વિશુદ્ધી** ચક્રનો ઉપદેશ કરે છે.

कंटस्थाने चक्र विशुध्धे कमलांते चंद्राकारे षोडस पत्रे स्वरवर्ण मायाधीशं ते जो रूपं भगवंतं दत्तात्रेयं श्रीगुरू पद्मप्रणतोस्मि.

મોટો ગર્ત એટલે ખાડો કરીને રાક્ષસને દાટવાનું **શ્રી રામચંદ્રજી**એ **કહ્યું તેને** માટે એટલુંજ કહેવું બસ છે કે **પતંજલી** ભગવાન કંઠસ્થાને રહેલાં ચક્રને કંઠકુપ નામથી ઓળખાવે છે.

પછી **અગસ્ત્ય મુનિ**નો એક શિષ્ય નામે **સુતીક્ષ્ણ શ્રી રામચંદ્રજી, સીતાજી** અને **લક્ષ્મણજી**ને પોતાના ગુરૂને આશ્રમે તેડી જાય છે. **અગસ્ત્યજી**ને **કુંભ** સંભવ અને **મૈત્રાવરૂણી** પણ કહે છે. **અગસ્ત્ય** શબ્દ અગ=**પર્વત** અને સ્ત્ય=અટકાવવું એ ઉપરથી થયો છે. **કુંભ સંભવ** એટલે કુંભ=ઘડામાંથી જે થયો છે તે. **મિત્ર** અને **વરૂણ**નો જે **પુત્ર** તે **મૈત્રાવરૂણ**. અગસ્ત્યના આશ્રમનું ઓજ મોટા વિસ્તારમાં હતું. એ આશ્રમનો મહીમા જેવો તેવો નહોતો. **અસત્ય** ને **છળભેદ** કંઈપણ દુષ્ટ વિકાર ત્યાં ઠરી શકતા નહોતા અને સર્વ દેવતાઓ વારંવાર ત્યાં પધારતા હતા. **બ્રહ્માંડ પુરાણ** ઉપરથી જણાય છે કે વિષ્ણુએ મંત્ર શાસ્ત્ર પ્રથમ અગસ્ત્યને શિખવ્યું હતું. મંત્ર શાસ્ત્રમાં કુંડલિનીને જાગૃત કરવાની વિદ્યા છે. એ વિદ્યામાં એ રૂષિ પ્રવિણ હતા. **શ્રી લલિતા સહસ્ત્ર**નામના ભાષ્યકાર કહે છે કે **કુંભ સંભવ**નો અર્થ એવો થાય છે કે જેની સ્થીતિ **કુંભકમાંજ** છે અને ઇડા પીંગળામાં નથી. **રેચક** અને **પૂરક** કઠીન નથી; પણ **કુંભકનીજ** અગત્યતા છે. **મૈત્રાવરૂણીમાં મિત્ર અને વરૂણ, પીંગળા** અને ઇડાના **અર્થ** વાચક **છે. મિત્ર એટલે સૂર્ય**, અને **વરૂણ** એટલે **જળ. અગનો અર્થ** જેવો **પર્વત** થાય છે તેવોજ **વૃક્ષ** થાય છે. **વૃક્ષ** તે **સુષુમ્ણા** નાડી છે. **કુંડળિનીને**


જાગૃત કરીને સુષુમ્ણા નાડીનો માર્ગ સિદ્ધ કરી સહસ્રાર ચક્ર સુધી પહોંચી જવાની શક્તિવાળા એ ૠષિ હતા. તેમની સ્ત્રી લોપામુદ્રા હતી. શ્રી વિદ્યામાં **લોપામુદ્રા** એક મહા મંત્ર છે, એ મંત્ર તે શક્તિ છે એ મંત્રની શક્તિએ એ ૠષિ પરં+સ્થીતિને પ્રાપ્ત કરી શક્યા હતા.

અગસ્ત્ય અને **વસિષ્ઠ** બન્ને **મિત્ર** અને **વરૂણ**નાં સ્વરૂપ છે. **બ્રહ્મા**ના સાત પુત્રમાં એક વસિષ્ટજી છે અને તેમનો સંબંધ સ્થૂળ સૃષ્ટિ–સ્થૂળ સર્ગ સાથે છે. અગસ્ત્યના સંબંધમાં ઉપર જે કહેવામાં આવ્યું છે તેથી એટલું સમજાય છે કે સ્થૂલનું બળ ઓછું થતાં ચૈતન્યનું બળ પ્રકાશવાનો સમય આવે છે ત્યારે અધ્યાત્મિક ઉન્નતિ કરાવનાર **અગસ્ત્ય** છે. **શ્રી રામચંદ્રજી**ને આદિત્ય હૃદય શીખવનાર એજ છે અને એ આદિત્ય હૃદય મંત્ર સમુહ છે જેનો ઉપદેશ અનેકતાનું મૂળ એક છે તે છે. ચૈતન્ય રૂપ જે સૂર્ય તેજ સર્વનું કારણ છે, અને તેનુંજ ધ્યાન સર્વ ધ્યાનમાં શ્રેષ્ઠ છે.

મકર અને **કુંભ** એ બે રાશિઓ છે. મકર રાશીનો સંબંધ કુમાર તથા નિર્માણ કાર્ય સાથે રહેલો છે. જડ અને ચેતન બેની વચ્ચે જે કાર્યનો પ્રવાહ ચાલી રહ્યો છે તે બાર પ્રકારે દર્શન આપે છે. તૂલા રાશી જડ તથા ચૈતન્યની સમાન અવસ્થા બતલાવે છે. તૂલા રાશીથી ચડતાં મકર ચોથી રાશી છે, એટલે જડતા. ચેતનની સમાન અવસ્થા ટળી ચેતનનો પ્રકાશ વિશેષ થતાં જીવ ચાર પંક્તિ ઊંચે ચડે છે ત્યાંથી એક ભૂમિકા ઊંચી **કુંભ** છે. **કુંભ** એ પાત્ર દર્શક છે. પાત્ર શું છે ? અવકાશનું સંકોચન; સીમા અથવા હદ બંધાય છે. વ્યકત થવાની ઇચ્છાથી અનંત, આદિ અંત વિનાના, અવકાશ રૂપી જળ અથવા સમુદ્રમાં ઈશ્વર સીમા બાંધી લે છે. આ બાંધેલી સીમા સૃષ્ટિ માટે ગર્ભ રૂપ છે એટકે તે **હિરણ્ય ગર્ભ** છે. આવી **શ્રેષ્ટ** ઊંચ સ્થીતિ વાચક **કુંભ** છે, અને તેથી **અગસ્ત્ય ૠષિ** જે **કુંભ સંભવ** કહેવાય છે તે કેવા સમર્થ મહાત્મા હશે તે પ્રિય વાંચનાર, તમે પોતેજ વિચાર કરી લેશો. ઉપર કહેલી શ્રી ઉપદેશ ગ્રંથાવલીમાં **શ્રી અગસ્ત્યજી**ને બ્રહ્મનિષ્ટા રૂપ કહેલા છે. એ સ્વરૂપને આપણે ઉપર જે જે કથન કરી ગયા તે સર્વ અનુસરતું છે.

અગસ્ત્ય ૠષિની આજ્ઞા લઇને **શ્રી રામચંદ્રજી** પંચવટીમાં આવે છે. આશ્રમમાંથી વિદાયગીરી થતાં પહેલાં **શ્રી રામચંદ્રજી**ને ૠષિની

તરફથી શસ્ત્રોની ભેટ થાય છે. આગળ જતાં જીવે જે કામ કરવાનું છે તેમાં રિપુઓના પરાજય માટે શસ્ત્રોની આવશ્યકતા છે. દંડકારણ્ય જે શિક્ષાનો પ્રાંત છે તે પંચવટી લગી આવી રહેલો છે. **વિશુદ્ધિચક્ર** અને કંઠકૂપ જે ઉપર કહ્યાં તે એટલામાંજ આવી રહે છે. પંચવટીનો અર્થ પાંચ વડ જે સ્થળે છે તે. માર્ગમાં **શ્રી રામચંદ્રજીને જટાયુનો** સમાગમ થાય છે. જટાયુનો અર્થ **દીર્ઘ–લાંબુ–જીવન** છે તે. તેને **દશરથ રાજાનો** સખા કહેલો છે. તેનો પિતા **અરૂણ** અને માતા **સ્યેની** છે. **અરૂણ સૂર્ય**નો સારથી બની તેનો રથ હાંકે છે. અરૂણોદય થતાં દિવસનો આરંભ છે. **સ્યે** ધાતુનો અર્થ **જવું**, ગતિ કરવી થાયછે માટે **જટાયુ** કાળ દર્શક છે. સાઠ હજાર વર્ષનું કાળ ચક્ર હોય છે. એ કાળ દર્શાવનાર, એ કાળનું સ્વરૂપ તે **જટાયુ** છે. તેને **ગૃદ્ધપક્ષી** રૂપે વર્ણવેલો છે. તેનો મોટો ભાઇ **સંપાતિ** નામે છે. એ **જટાયુ શ્રી રામચંદ્રજીની** સેવામાં રહી **શ્રી સીતાજીનું** રક્ષણ કરવાનું કામ માથે રાખે છે. આ પ્રમાણે પંચ વટીમાં **શ્રી રામચંદ્રજી** પોતાનાં પત્ની **સીતાજી** તથા ભાઇ લક્ષ્મણજી સાથે નિવાસ કરે છે. પાંચ વૃક્ષવાળું આ સ્થાન હતું. એ પાંચ વૃક્ષ ૧ **અસ્વત્થ**, ૨ **બીલ્વ**, ૩ **વટ**, ૪ **ધાત્રી**, અને ૫ **અશોક** છે. પંચવટી નો બીજો અર્થ **પંચ** એટલે **પાંચ** અને **વટી** એટલે **રજ્જુ**, દોરી, ગુણ થાય છે. આપણી આર્ય પ્રજા પાંચમી મનુષ્ય જાતી છે અને તેથી આપણામાં પાંચની સંખ્યા પ્રધાનપદ ધરાવે છે. **પંચપ્રાણ, પંચવાયુ, પંચઇંદ્રી, પંચતત્વ, પંચવિષય**, ઇત્યાદિ–જે સ્થળે પાંચનું પ્રબળ છે, જે સ્થળે પાંચ પ્રકારના બંધન છે, તે સ્થળ **પંચવટી** છે. શ્રી ઉપદેશ ગ્રંથાવળીમાં **શમ, દમ, તિતિક્ષા, ઉપરામ** અને **સમાધાન**–એ પાંચ સાધન રૂપ પંચવટીને ગણી છે. જેવો ષટ્ કોણ મર્મનો ભરેલો છે તેવોજ પંચ કોણ છે. **પંચ કોણ** આકૃતિનો છે અને તે પુરૂષ દર્શક છે. જીવ આ સ્વરૂપે થઇને રહે છે અને તે દર્શાવવાને **વાલ્મીકજીએ પંચવટીમાં શ્રી રામચંદ્રજીનો** નિવાસ કથેલો છે એમ અનુમાન કરીશું તો તે ખોટું નથી.



એક સમયે **પંચવટીમાં** ગોદાવરી નદીના કીનારા આગળ **શ્રી રામચંદ્રજીનાં** પાદાર્વિંદનાં દિવ્ય ચિન્હો પૃથ્વી ઉપર નિહાળી ત્યાં જનસ્થાનમાં વસનારી **શૂર્પણખા** નામે રાક્ષસી તેમને શોધતી તેમના

આશ્રમ સમીપ આવી પહોંચી. તેને જોઇને બન્ને બાંધવો અને **સીતાજી** આશ્ચર્ય પામ્યાં. તેણીએ આવીને શ્રી **રામચંદ્રજીને** કહ્યું કે હું તમોને જોઈને ઘણી આસકત થઇ છું, માટે તમે મારૂં પાણી ગ્રહણ કરો અને મારી સાથે આગમન કરીને મનવાંછિત રમણ કરો. **શ્રી રામચંદ્રજી શ્રી લક્ષ્મણજી** પાસે તેને મોકલે છે અને **શ્રી લક્ષ્મણજી** તે સ્ત્રી જાત તેથી તેની હત્યા નહિ કરતાં તેનાં નાક કાન કાપી નાખે છે. રાક્ષસી રૂદન અને ત્રાહી ત્રાહી કરતી ત્યાંથી નાશી જાય છે. એ રાક્ષક્ષી કોણ છે? એના નામનો પ્રથમ શબ્દ શું છે? તેને માટે કહ્યું છે કે **हिंसा शूश्च निगद्यते.** તે ઈચ્છામાં આવે તેવું સુંદર રૂપ ધારણ કરવાવાળી હતી. **અધ્યાત્મ રામાયણમાં** તેને "**ભુવન મોહીની**" અને "**કામ રૂપીણી**" વર્ણવેલી છે. તે **કુંભ કર્ણની** બેન થતી હતી. તમસ્‌ની બે શકિત છે, તેમાં એક વિક્ષેપ શકિત છે. વિક્ષેપ શકિતની ચંચળતા લોક પ્રસિદ્ધ છે અને આ રાક્ષસી વનમાં ભટકયાંજ કરતી હતી. અધોમન કેવું ચંચળ છે, રાત અને દીવશ કેવું ભ્રમણ કર્યાં કરે છે, તે કોઈને અજાણ્યું નથી. તે એક વસ્તુની ઇચ્છા કરે છે, વળી બીજીની, વળી ત્રીજીની, એમ પારજ નથી. તેને વિશ્રાંતિ છેજ નહિં. અધોમનની કામનાઓનું બળ જયાં સુધી શિથિલ થાય નહિં ત્યાં સુધી **અધ્યાત્મ** માર્ગમાં આગળ વધાતું નથી. એ વિક્ષેપ શકિતની પણ આવશ્યકતા છે. તે મહતત્ત્વાદિ બ્રહ્માત્મક સૂક્ષ્મ અને સ્થૂળના ભેદથી વિશ્વને પ્રકાશ કરે છે. અનેક પ્રકારની કામના એનેજ વડે છે. **શ્રી લક્ષ્મણજી** એનાં નાક કાન કાપી વિરૂપી બનાવી દે છે, કે જેથી તેનો સર્વ મોહ ટળી જાય, અને તેનાં ભયાનક સ્વરૂપથી જીવ ત્રાસ પામી દુર નાસે. એ કામના રાક્ષસીના મોહમાં જે ફસે છે તેને અંતે હાનિ થયા વિના રહેતીજ નથી, એટલે તે **હિંસા** કરનારી છે. એ રાક્ષસી, તેજ વનમાં રહેનારા, **ખર, દૂષણ** અને **ત્રિશીરા** નામના રાક્ષસો પાસે દોડી જાય છે, તેઓની સમક્ષ અત્યંત કલ્પાંત કરી મુકે છે, અને તેઓને ઉશ્કેરીને વેર લેવાને માટે **શ્રી રામચંદ્રજીની** સામે મોકલે છે. **ખર** એટલે ગધેડો. ગધેડો મૂર્ખાઇ, અજ્ઞાનતા વાચક છે, અને અજ્ઞાનતા તેજ અધર્મ છે. એક વિદ્વાનના મત પ્રમાણે **ખર** તે લોભનું સ્વરૂપ છે. **દૂષણનો** અર્થ દોષ, અથવા મનની નબળાઇ છે, અને **ત્રીશીરાનો** અર્થ ત્રણ શીર માથાં જેને છે તે. એ ત્રણ તે **અદેખાઇ, સ્વાર્થની વૃદ્ધિ,** અને

બીજાઓનો દ્વેષ છે. આ ત્રણે રાક્ષસો પોતાનાં સૈન્ય સાથે **શ્રી રામચંદ્ર-જીની** સામે લડવા આવે છે, **અને શ્રી રામચંદ્રજીનાં** વીર્ય અને પરાક્રમનું તેમને ભાન નહોતું. રણસંગ્રામમાં સર્વ સૈન્યનો નાશ થાય છે અને એ ત્રણે પોતે પણ પડે છે. દેવતાઓ જયજયકાર કરે છે, અને પુષ્પની વૃષ્ટિ થાય છે. આ સમાચાર સાંભળી **શૂર્પણખા** લંકામાં **રાવણની** પાસે દોડી જાય છે. આવી રીતે રાક્ષસ કુળના સંહારનું બીજ **શૂર્પણખા** રોપે છે.

ખર, દૂષણ અને ત્રીશીરા જેવા સમર્થ રાક્ષસોને લીલા માત્રથી હણનાર, પૂર્ણ **પુરૂષોત્તમ** સ્વરૂપ **શ્રી રામચંદ્રજી** આપણા અંતરમાં છુપો નિવાસ કરી બેઠેલા અને આપણા હિતને મહાન હાનિ કરનાર દુર્ગુણરૂપી રાક્ષસોનો પરાજય કરી સમુળો નાશ કરવાની શકિત આપણને કૃપા કરીને આપે એજ તેમની પ્રત્યે આપણે પ્રાર્થના કરીશું. અસ્તુ—

बिंदु ७ मुं.

પોતાના માણસોનો આપ્રમાણે નાશ થયલો સાંભળીને શૂર્પણખા લંકામાં રાવણ પાસે દોડી ગઇ, રાવણને, પોતાના ઉપર પડેલી વિપત્તિ નિવેદન કરતાં તેણીએ **સીતાજીનાં** સૌંદર્યની યુકિતથી એવી તો પ્રસંશા કરી કે **રાવણ** માત્ર ક્રોધે ભરાયો એટલુંજ નહિ પણ મોહને વશ બની રહ્યો. તે તરત ઉઠયો અને **સીતાજીનું હરણ** કરવાને માટે **મારીચની** પાસે જઇ તેની સહાયની તે માગણી કરે છે. **મારીચે વિશ્વામિત્રજીના** યજ્ઞને સમયે અને ત્યારપછી પણ **શ્રી રામચંદ્રજીનાં** બાણનો સ્વાદ ચાખેલો હતો, અને તેથી તેણે **રાવણને** અનેક બોધ યુક્ત વચનથી ઘણો સમજાવ્યો અને છેવટે ખુલ્લી રીતે કહ્યું કે આવું કૃત્ય કરીને સર્વના સંહારનો સમય તું આણશે. પણ દુષ્ટમતિ **રાવણને** તેની શીખામણ રૂચી નહિં અને તેણે ઉલટી ધમકી આપી કે મારા કહેવા પ્રમાણે જો તું નહિ કરશે તો હું તારા પ્રાણનો અંત આણીશ. **મારીચે** ગભરાઈને વિચાર કીધો કે એને હાથે મરવું તેનાં કરતાં **શ્રી રામચંદ્રજીને** હાથે મરવું એ વધારે સારૂં છે. **રાવણની** સાથે તે **શ્રી રામચંદ્રજીના** આશ્રમ ભણી ગયો અને અંત્યત સુંદર, મોહકારી, **સુર્વણમય મૃગનું** અનુપમ રૂપ તેણે ધારણ કીધું, અને શું કરવું તે **રાવણે** તેને સારી પેઠે સમજાવ્યું. **મારીચ** એ સ્વાર્થનું સ્વરૂપ છે. દરેક જીવને સ્વાર્થ અતિપ્રિય છે. સ્વાર્થ આગળ માણસને કંઇજ સુઝતું નથી. સ્વાર્થના જેવું સુદંર અને લાભકારી કંઇજ તેને દેખાતું નથી. સ્વાર્થનો મોહ જેવો તેવો નથી. આ મૃગને જોઇને **શ્રી રામચંદ્રજી, લક્ષ્મણજી** અને **સીતાજી** બહુજ આશ્ચર્ય પામે છે. **લક્ષ્મણજી** પોતાના જેષ્ટ ભ્રાતાને કહે છે કે હું ધારૂં છું કે આ માયાવી મૃગ છે અને તે **મારીચ** હોવો જોઇયે. **રામચંદ્રજીના** માનવામાં આ નહિં આવ્યું અને **સીતાજી** તો તેનાથી એટલાં મોહિત થઇ ગયાં કે ખરેખરી સ્ત્રી હઠ કરીને તેને પકડી લાવવાને માટે પોતાના પ્રિયપતિને મોકલ્યા. **શ્રી રામચંદ્રજી** મૃગની પાછળ બહુ દુર જાય છે ને મૃગને મારે છે. મરતાં મરતાં **રાવણના** સૂચવેલા સંકેત પ્રમાણે "હા લક્ષ્મણ, હા **સીતા**" એમ તે પોકાર કરે છે. આ શબ્દ દુરથી આવતો સાંભળીને **સીતાજી** અતિ દુરાગ્રહ કરી **શ્રી લક્ષ્મણજીને શ્રી રામચંદ્રજીનું**

સંરક્ષણ કરવાને મોકલે છે. આ તકનો લાભ લઇ રાવણ ત્રિદંડી સંન્યાસી થઈને ભિક્ષાને બહાને આવીને સીતાજીનું હરણ કરી જાય છે. માર્ગમાં જટાયુ રાવણની સામે થાય છે પણ તેને મરવા તુલ્ય કરીને રાવણ આગળ ચાલ્યો જાય છે.

મારીચથી શ્રી રામચંદ્રજી મોહ પામ્યા, ભોળવાયા ને તેની પાછળ લાગ્યા તેનું પરિણામ એ આવ્યું કે તેઓ સીતાજીને ખોઇ બેઠા. રચાયલું છળ-કપટ તેઓ પારખી શકયા નહિ. આ ઉપરથી સારી પેઠે સમજાવાનું છે કે જીજ્ઞાસુની ઉન્નતિ ક્રમમાં ગમે તેટલી વૃદ્ધિ થઇ હોય તો પણ લેશમાત્ર પણ સ્વાર્થિ અંશ તેનામાં રહેલો છે તો તે સત્ય અને અસત્યને ઓળખી શકતો નથી-સત્ અને અસત્ પારખવાની શકિત તેની જતી રહે છે. તેને પસ્તાવો કરવાનો સમય આવે છે અને પોતાની ખામી તેને સમજાય છે.

રાવણ અહંકારનું સ્વરૂપ છે, એની વિસ્તારથી સમજ હવે પછી આપવામાં આવશે. સીતાજી પ્રકૃતિનું રૂપ છે. તે દૈવી છે, બુદ્ધિ પણ તેજ છે. તેને વશ કરવાનું કામ સહેલું નથી. એ પ્રાપ્ત કયારે થાય છે કે જયારે ખરો સંન્યાસ ધારણ કરવામાં આવે છે ત્યારે. રાવણ પોતાના હંમેશનાં રૂપથી ગમે તેટલાં પ્રયત્ન કરે તો તે સર્વ વ્યર્થ જાય એમ તે પોતેજ સમજતો હતો, અને તેથી તેણે ત્રિદંડી સંન્યાસીનો વેશ લીધો. સન્યાસ અંતરનો છે, ભગવાં કપડાં પહેરવાં અને દંડકમંડળ લેવાં એ બહારનો વેશ છે, માત્ર બહારનો વેશ કંઇજ કામનો નથી. એવા ઢોંગથી મેળવવાની વસ્તુ પ્રાપ્ત થતી નથી. એ પ્રાપ્ત કરવાની શકિત માત્ર અધિકારીઓ માટેજ છે. તેટલા માટે અધિકારનો ઢોંગ ધારણ કરી રાવણ છળથી સીતાજીનું હરણ કરવા ઇચ્છે છે. સીતાજી પોતાની સઘળી હકીકત તેને કહે છે તેમાં વનમાં પ્રયાણ કરતી વેળાએ શ્રી રામચંદ્રજીનું વય ૨૫ વર્ષનું અને પોતાનું ૧૮ વર્ષનું બતાવે છે. પચીશનો અર્થ એવો છે કે ચોવીશ તત્વથી પર જે છે તે. અઢાર વર્ષ કહીને એવો મમ સૂચવે છે કે અઢાર તત્વનું મૂળ જે પ્રકૃતિ તે હું છું. તે અઢાર તત્વ, પાંચ મહાભૂત, પાંચ તન્માત્રા, પાંચ જ્ઞાનેંદ્રિ, અને મન, બુદ્ધિ અને અહંકાર છે. પરમ પ્રકૃતિ પણ અઢાર છે, તેનાં નામ

૧. પ્રીતિ, ૨. પ્રકાશપણું, ૩. વૃદ્ધિ, ૪. લઘુતા, ૫. સુખ, ૬. અદીનતા, ૭. અસંરંભ, ૮. સંતોષ, ૯. શ્રદ્ધાળુપણું, ૧૦ ક્ષમા, ૧૧. ધૃતિ, ૧૨. અહિંસા, ૧૩. શૌચ, ૧૪. અક્રોધ, ૧૫. સરળતા ૧૬. સમતા ૧૭ સત્ય અને ૧૮. અનસૂયા છે (જુઓ મહાભારત શાંતિ પર્વ, મોક્ષ ધર્મ ઉત્તરાર્દ્ધ, અધ્યાય ૧૨૩). લઈ જતી વખતે રાવણ પોતાનો ડાબો હાથ જાનકીજીના ચોટલાની નીચે અને જમણો હાથ સાથળ નીચે રાખે છે એમ કહેવામાં કંઈક યોગના જેવી પ્રક્રિયા રહેલી છે. એ ક્રીયાથી બુદ્ધિને નીચે ઉતારવાનું કાર્ય થાય છે.

જ્યારે બુદ્ધિ સંન્યાસી એટલે અધિકારીનેજ પ્રાપ્ત થાય છે ત્યારે તેને રાવણ કેમ લઇ જવાને સમર્થ થયો એ પ્રશ્ન ઉઠે છે. એને માટે અધ્યાત્મ રામાયણમાંથી સારો ખુલાસો મળે છે. પોતાને જે ખરૂં કામ કરવાનું હતું. તે કરવાનો સમય નિકટ આવ્યો એમ જાણીને શ્રી રામચંદ્રજીના આજ્ઞાથી સીતાજી પોતાનું ખરૂં સ્વરૂપ પૃથ્વિમાં સમાવી દે છે અને બહાર દેખાઇતી માત્ર પોતાની છાયાજ રાખે છે, એટલે રાવણ છળ કરવા આવ્યો હતો પણ તે પોતેજ છળાઇ ગયો છે. ખરી વસ્તુ તેને મળી નહિ, પણ માત્ર ખરી વસ્તુની છાયાજ તે પ્રાપ્ત કરી શકયો. વાલ્મીકી રામાયણના ટીકાકારનું વિવેચન એવું છે કે “ સીતાએ લક્ષ્મણને ઉત્તર આપતાં જણાવ્યું કે હું અગ્નિ પ્રવેશ કરીશ; પરંતુ પર પુરૂષનો સ્પર્શ કદી કરીશ નહિ.” અગ્નિ પ્રવેશ શબ્દથી એવું સૂચન કર્યું કે હું પોતે રાવણને ઘેર જઇશ નહિં, પરંતુ આ સ્વરૂપે અગ્નિમાં પ્રવેશ કરી માયા સ્વરૂપે તેના હાથમાં જઈશ.” આ મર્મને કૂર્મ પુરાણ પણ પુષ્ટિ આપે છે. સીતાજીના મૂળ સ્વરૂપનો જો રાવણને સ્પર્શ થયો હોત તો રાવણ તર્ત ભસ્મ થઇ જાત, કેમકે જ્ઞાનાગ્નિ પણ સીતાજીજ છે માયા પણ તે પોતેજ છે, એ માયાએ જો મારીચની મતિ નહિં ફેરવી હોત તો માયામૃગ પ્રગટતેજ નહિં અને રાવણનો દુષ્ટ હેતુ પાર પડતે નહિં, અને જો તેમ નહિં થતે તો રાક્ષસ કુળનો સંહાર, જેને માટે શ્રી રામનો અવતાર હતો, તે પણ રહી જતે.

જટાયુને માટે આપણે કેટલુંક ઉપર કહી ગયા છીયે. જટાયુએ સીતા હરણની ખબર શ્રી રામચંદ્રજીને આપી અને પછી પોતાનો

પ્રાણ ત્યાગ કીધો. તેણે પ્રાણ ત્યાગ કીધો તે જોઇને **શ્રી રામચંદ્રજી** પોતાના ભાઇ **લક્ષ્મણજીને** કહે છે "ઘણાક વર્ષોનો **વૃદ્ધ ગૃધ્રરાજ** આજે મરણ પામી સુતો માટે આ ચાલતો કાળ ઘણોજ દુરતીક્રમ અને દુઃખ પ્રદ છે એમ હું ધારૂં છું" વળી "જટાયુ મહા સાધુ, ધર્માચારી, શૂરવીર અને શરણે રહેવા યોગ્ય હતો." અધ્યાત્મ રામાયણ, આ. કાં. સર્ગમાં **શ્રી રામચંદ્રજી જટાયુને** કહે છે કે "મારા કાર્ય માટે તું પ્રાણ છોડે છે, માટે તું અમારો કુટુંબી છે, તું મારૂં સ્વરૂપ ધારણ કરી મારા લોકમાં જા." આ ઉપરથી પણ અનુમાન એજ થાય છે કે જટાયુ સાઠવર્ષનું એક કાળચક્ર હતું. તેનો મોટો ભાઇ **સંપાતિ** નામે હતો, જેને માટે વિચાર કરવાનો પ્રસંગ આગળ આવશે.

જટાયુની ક્રીયા કરીને **સીતાજીની** શોધ માટે બન્ને ભાઇઓએ ત્યાંથી પ્રાયણ કીધું. માર્ગમાં તેઓને **કબંધ** મળે છે. તેને માથું તથા ગળું નહોતાં. તેને એકજ નેત્ર દેખાતું હતું. તેનું મોંઢું પેટમાં પેશી ગયેલું હતું. એ રાક્ષસ પૂર્વે અતિ સ્વરૂપવાન ગાંધર્વ હતો પણ તેને **સ્થૂળશિરા** નામના રૂષિનો શાપ થયો હતો. ઇંદ્રની સાથે પણ તેણે યુદ્ધ કર્યું હતું. ઇંદ્રને પણ તેણે બહુ પજવ્યો હતો, અને ઘણે અંશે તેનો પરાભવ કીધો હતો, અંતે ઇંદ્ર વજ્રના પ્રહારથી હાલની સ્થીતિને તે પામ્યો હતો અને અત્યંત કાલાવાલાથી પોતાનો જીવ બચાવી શકયો હતો. એ કબંધને વિષય સુખની ઈચ્છા, લાલસા, કામાસક્તિ માનીશું તો તે અઘટિત નથી. ઇંદ્ર મન રૂપ છે. મન બે પ્રકારનું ઉર્ધ્વ અને અધો છે. અધો મન નીચી વૃત્તિઓને આધિન થાય છે, ઉર્ધ્વ મનની સામુ તેનું બળ ચાલતું નથી. ઉર્ધ્વ મનથી તે હંમેશ પરાજય પામે છે. કબંધને એક રીતે વાંચતાં બંધક શબ્દ નિકળે છે. બંધકનો અર્થ જે બંધન કરે છે તે, એવો થાય છે. "**હતચિત્ત**" નો તે આહાર કરે છે. તેને જીતવાને માટે "પરાક્રમી રામે પોતાના મનવડે બુદ્ધિને સ્થીર કરીને ધૈર્ય ધારણ કીધું." રાક્ષસનો પરાજય કરવાનો આ ઉપાય તેનું સ્વરૂપ બતાવી આપે છે. જે રૂષિને તે ત્રાસ આપતો હતો અને જેનાથી તે શાપિત થયો હતો તેનું નામ **સ્થૂળશિરા** હતું. એ વાત ધ્યાંનમાં રાખવાની છે. સ્થૂળ બહાર દેખાતી દેહને સૂચવે છે. એ રાક્ષસને એકજ નેત્ર છે,

એટલે કામાસકત માણુસ પોતાની કામનાનેજ જોઇ રહે છે અને બીજું કંઇ તેને દેખાતું નથી.

ત્યાંથી આગળ ચાલતાં બન્ને બંધુઓ **પંપાના** પશ્ચિમ તટ ઉપર આવી પહોંચ્યા કે જ્યાં **શબરીનો**–અર્થાત **મતંગ** ૠષિનો આશ્રમ હતો. અહીં પહેલાં ઘણાં ૠષિઓનો–જેઓને ધર્મજ્ઞઃ–ધર્મના જાણનાર ૠષિઓ કહેલા છે, તેઓનો નિવાસ હતો અને તેઓની શુશ્રુષા **શબરી** કરતી હતી. તેઓએ એ નિવાસ છોડી ચિત્રકુટ પર્વત પ્રત્યે વિદાયગીરી લીધી હતી. તેઓએ **શબરીને** આશીશ દીધી હતી કે **શ્રી રામચંદ્રજીનાં** દર્શન કરી શ્રેષ્ઠ લોક પ્રત્યે તું જશે. **શ્રી રામચંદ્રજીને શબરી** જગા બતલાવતાં કહે છે કે " તે નિયમિત અંતઃકરણવાળા મારા ગુરૂઓ ગાયત્રી મંત્ર વડે પૂજન કરી, જેની અંદર મંત્રવડે નિરંતર હોમ કરતા હતા તે આ પ્રેત્યક સ્થળી નામની પવિત્ર યજ્ઞ વેદી છે તેને વિશે મારા અતિ પુજ્ય મહર્ષિઓએ વૃદ્ધાવસ્થાને લીધે કંપતા હાથે કરી નિત્ય દેવતાઓને પુષ્પાંજલીઓ કરેલી છે + + વળી આ સ્થળે સમુદ્રે આવી નિવાસ કર્યો છે તે જુઓ." **મતંગ** ૠષિનો આશ્રમ અહીં કહેલો છે. **મતંગ** એટલે **હાથી.** ડુંગર–પર્વતમાં વસનારી, જંગલી સ્ત્રીને **શબરી** કહે છે. ઉપર કહેલા બધા ૠષિઓ કર્મ કાંડી હતા એમ તર્ત સમજાઇ જાય છે. સત્પથ બ્રાહ્મણમાં ૠષિઓને પ્રાણ ગણેલા છે. **મત્સ્યાવતાર** ઉપર ટીકા કરતાં નીળકંઠ પણ સપ્ત પ્રાણ તેજ સપ્ત ૠષિઓ છે એમ કહે છે. સમુદ્ર છે એમ કહેલું છે તે ઉપરથી માણુસની દેહની સૂચના મળે છે. વારાહ પુરાણ આદિ ગ્રંથો જોતાં દેહને સમુદ્ર રૂપ ગણેલી છે. મતંગ–હાથી, મસ્તિ, દર્શક છે અને તેથી પણ આ અનુમાનને પુષ્ટિ મળે છે. શ્રદ્ધા અને ભક્તિથી ઉંચા લોકની પ્રાપ્તિ થાય છે. મુકિતને માટે જ્ઞાનની આવશ્કતા છે. ૠષિઓનો નિરંતર હોમ થયાં કરવાનું કહ્યું તે પ્રાણોને લેતાં યોગ્ય છે અને યજ્ઞ વેદીનું નામ પ્રત્યક સ્થળી પણ જોઇએ તેવુંજ છે. શબરીને ભક્તિનું સ્વરૂપ સામાન્ય વર્ગ માને છે તે ખોટું નથી. કિરાટ એટલે ભીલ જાતની તે છતાં ભકિત–દૃઢભકિતથી **શ્રી રામચંદ્રજીની** કૃપાને પાત્ર થાય છે. ભકિતનો અધિકાર માત્ર મરદનેજ નથી પણ સ્ત્રીઓને પણ છે એમ આથી શિખામણ મળે છે. શ્રીમદ્ ભગવદ્ ગીતામાં **શ્રી કૃષ્ણભગવાને** એજ પ્રમાણે **અર્જુનને** ઉપદેશ આપેલો છે કે

ચાંડાળ હોય કે ગમે તે જાતી હોય, સ્ત્રી હોય કે પુરૂષ હોય, પણ તે જો અનન્ય ભક્તિથી મને ભજે છે તો તે મારા પાદારવિંદને પામે છે. **શ્રી રામચંદ્રજીના પ્રસાદથી,** તેમના ચર્ણાવિંદમાં સંપૂર્ણ ભક્તિથી લીન થઇ ગયેલી **શબરી** અગ્નિમાં પ્રવેશ કરી દિવ્ય દેહ ધારણ કરી તેમાંથી ફરીથી પ્રગટ થઇ, અને પ્રભુને નમન કરી બ્રહ્મલોક પ્રત્યે ચાલી ગઇ.

શબરીની પેઠે આપણા રૂદયમાં શ્યામ સુંદરવર્ણ **શ્રી રામચંદ્રજીની** કલ્યાણકારી મૂર્તિ ઊંડી કોતરાઇ રહે અને તેમના પદસરોજમાંજ ધ્યાન સદા અચળ રહી પરં આનંદ પામે એવી શ્રેષ્ઠ ભક્તિ એ પુર્ણ **પુરૂષોત્તમ ભગવાન** આપણને આપવાની કૃપા કરે એજ શુદ્ધ અંતઃકરણથી આપણે માગીને કૃતાર્થ થાશું. અસ્તુ.

बिंदु ८ मुं.

અહિંથી હવે રામાયણના કિષ્કંધાકાંડનો આરંભ થાય છે.

પંપા નદીના બન્ને કીનારા ઉપર વિચિત્ર વનો આવી રહેલાં છે! "વિચિત્ર મત્સ્યોથી સમાકુળ થયલી પદ્મિનિઓ વાળી પંપા નદીને જોઇને" **શ્રી રામચંદ્રજીની** ઇંદ્રિઓ વિકળ થઇ જાય છે, અને સાધારણ મનુષ્યની પેઠે **સીતાજીનું** સ્મરણ કરી કરીને તેઓ ખેદ કરે છે. પંપા શબ્દમાં પા ધાતુ છે અને તેનો અર્થ પાન કરવું, પીવું થાય છે. પંપા શબ્દને ઉલટો વાંચીએ તો પાપં વંચાય છે. આ ઉપરથી શું આપણે એમ સમજાવું કે મનની અનેક વૃત્તિઓનું આ ધામ છે? મત્સ્ય પણ મનવાચક છે. આ વૃત્તિઓનું જ્યારે બળ વધારે હોય છે ત્યારે હર્ષશોકાદિ દ્વંદ્વોનો અનુભવ થાય છે. દ્વંદ્વો અથવા દ્વૈતને માનવું-સ્વિકારવું એજ પાપ છે. માણસ જે જે વિચાર કરે છે, જે જે કામ કરે છે, તે તે સર્વનાં ફળ તેને ભોગવવાનાં છે. પંપાનું જળ વૈદુર્ય મણી જેવું છે પણ તે અનેક પત્ર પુષ્પોથી ઢંકાયલું છે અને સર્પો અને શ્વાપદો નિરંતર તેનું સેવન કરે છે. ત્યાં આગળ કિન્નર અને કિન્નરીઓ આનંદથી વિહાર કરે છે. સુગ્રીવ સાથે **શ્રી રામચંદ્રજીનો** સમાગમ આ પ્રદેશમાં થાય છે.

સુગ્રીવને તેના ભાઇ **વાલીએ કિષ્કંધાપુરીમાંથી** કહાડી મુકયો હતો અને **વાલીની સ્ત્રીને** પોતે કબજે કરી બેઠો હતો. **હનુમાનજી સુગ્રીવના** પક્ષે રહ્યા હતા. **શ્રી રામચંદ્રજી** તથા **લક્ષ્મણજીને** દુરથી જોઇને **સુગ્રીવને** શંકા થઇ કે રખેને તેઓ **વાલીએ** મોકલેલા દૂતો હોય. તેથી **હનુમાનજી** પોતાનું રૂપ પલટીને **શ્રી રામચંદ્રજીને** મળે છે અને તેમને **સુગ્રીવની** પાસે તેડી જઇને બન્નેને મૈત્રીકરાવે છે. **સુગ્રીવ** પોતાની સર્વ હકીકત **શ્રી રામચંદ્રજીને** કહે છે. તે તથા **વાલી** બે ભાઇ થતા હતા. **વાલી** જેષ્ઠ હોવાથી રાજ્યાસન ઉપર તેને બેસાડવામાં આવ્યો હતો. એ **વાલીને દુંદુભિ** રાક્ષસના પુત્ર **માયાવી** સાથે સ્ત્રી નિમિત્તે વેર બંધાયું હતું. એક દિવશે રાત્રીને સમયે તે **માયાવીએ** નગરમાં આવી મોટી ગર્જના કરી. તેની સામુ લડવાને **વાલી** નીકળ્યો. **વાલીને** બધાએ બહુ વાર્યો પણ તેણે માન્યું નહી અને **માયાવીની** પાછળ દોડયો. **માયાવી**

નાઠો ને પોતાની ગુફામાં ભરાઇ ગયો, **વાલીએ** તેની પીઠજ પકડી. **વાલીને** સહાય કરવા માટે **સુગ્રીવ** પણ દોડયો હતો. રાક્ષસ ગુફામાં પેશી ગયો ત્યારે **વાલી સુગ્રીવને** ગુફાના દ્વાર આગળ ચોકી માટે ઉભો રાખી પોતે અંદર ગયો. **સુગ્રીવે** ઘણા કાળ સુધી **વાલીની** વાટ જોઇ પણ **વાલી** પાછો આવ્યો નહિં અને ગુફામાંથી ફીણ સહિત રૂધિરનો પ્રવાહ નીકળતો તેણે જોયો. આ ઉપરથી **વાલી** માર્યો ગયો એમ ધારી તે પોતાની નગરીમાં ગયો અને સહુએ મળીને તેને રાજ્યાભિષેક કીધો. થોડી મુદત પછી **વાલી** તો આવ્યો. તેણે આવીને **સુગ્રીવને** નગરમાંથી કહાડી મુકયો અને તેની સ્ત્રી પણ છીનવી લીધી. આવી રીતે **સુગ્રીવ** અને **શ્રી રામચંદ્રજી** બન્ને પોતાની સ્ત્રીઓને ખોઇ બેઠા હતા. તેમણે અન્યો અન્ય સહાય કરવાની પ્રતિજ્ઞા લીધી, અને **શ્રી રામચંદ્રજીએ** તે પ્રતિજ્ઞાને પાળીને **વાલીની** સાથે યુદ્ધ કરી તેને પાડયો. અને **સુગ્રીવને** રાજ્યાસન પર બેસાડયો.

કિષ્કિંધાપુરી હૃદય પ્રદેશ અથવા **અનાહત ચક્રનું** ભાન કરાવે છે. એમાં મણી તુલ્ય છીદ્ર છે. વૈદુર્યમણીની શોભા પણ ત્યાં જોવામાં આવે છે. એ નગરીના નામમાં ઇન્ધ શબ્દનો ધ્વનિ રહેલો છે. બૃહદારણ્ય. ઉપ-નીષદમાં જોવામાં આવે છે કે ઈંદ્રનું ખરૂં નામ ઇન્ધ છે. એ શબ્દ ચંદ્ર વાચક પણ છે. **વાલીને** ઇંદ્રનો પુત્ર કહેલો છે અને **સુગ્રીવ સૂર્યનો** પુત્ર હતો. નાના પ્રકારના ભાવોનું બળ જ્યારે વિશેષ હોય છે ત્યારે હૃદયમાં તેની સત્તા ગાજી રહે છે. જ્યારે એ ભાવો શાંત થાય છે ત્યારે **સુગ્રીવની** સત્તાનો આરંભ થાય છે. માણસની વૃત્તિઓ ઊંચી થાય, અને **કર્મ, યજ્ઞ, પૂજન, દેવતા,** ઉપર શ્રદ્ધા રહે તોપણ શ્રીમદ ભગવદ્ ગીતામાં કરેલા ઉપદેશ પ્રમાણે એ સર્વ કર્મનાં ફળદાયક-સ્વર્ગે લઇ જનારાં છે. માત્ર કર્મકાંડથી કંઇ વળતું નથી. બહારની ક્રિયાઓ પોતાનું સ્વરૂપ ઓળખાવવાને સમર્થ નથી. જ્ઞાનનો ઉદય થઇ પ્રકાશ પડવો જોઇએ. અજ્ઞાન રૂપી અંધારાનો નાશ કર્તા માત્ર **સૂર્ય નારાયણ ભગવાન** છે:—માટે **સૂર્યનો** પુત્ર **સુગ્રીવ** આપણને અહીં દર્શન દે છે. **વાલીને માયાવિ** સાથે યુદ્ધ થયું. **માયાવી** શબ્દનો અર્થ સ્પષ્ટ છે. દઢ ભક્તિ અથવા શ્રદ્ધાની આગળ તેનુ બહુ ચાલતું નથી. તે નાશી જાય છે પણ ભક્તિ તેની પાછળ દોડે છે. આ ભક્તિ તે પરા ભક્તિ નથી પણ, ઉપર કહેલી યજ્ઞાદિક કર્મની ભક્તિ છે. એ દૈત્ય ગુફામાં

ભરાઇ જાય છે અને ત્યાં વાલી તેને શોધે છે પણ અંધારામાં તેનો પતો લાગતો નથી અને તેટલા માટે વાલીને પાછો ફરતાં વિલંબ લાગે છે. સુગ્રીવ ગુફાના દ્વાર સાચવે છે. આવી શ્રદ્ધા અને ભક્તિ જીવને દોરવીને જ્ઞાન સમિપ લઇ જાય છે. જીવ જો માયામાં લપટાઇ પડયો, માયાને તે જીતી શકયો નહિં તો તે ગુંગળાઇને મરે છે. તે જો માયાને જીતીને બહાર પડે છે તો, જ્ઞાનની સત્તા પરિબળ થાય છે. સુગ્રીવની સ્રીનું નામ રૂમા હતું. રૂનો અર્થ શબ્દ કરવો થાય છે, અને મા લક્ષ્મિ વાચક છે. એમાંથી ઉમા શબ્દનો ધ્વનિ નીકળે છે અને ઉમા તે ઓમ્ જે આત્માનું સ્વરૂપ છે તેની શકિત છે. અ, ઉ, ને મ્ એ ત્રણ અક્ષર ઊમા મધ્યે આવેલા છે, એમાં આદિ જે આ છે તેને અંતે એટલે મકારની પછી લઇ જતાં ઉમા પ્રગટ થાય છે. વાલીની સ્રીનું નામ તારા છે. તારા એટલે તારનારી એ પણ અર્થ વાચક છે વાલી જ્યારે પડે છે ત્યારે તેને જ્ઞાન આવે છે. શ્રી રામચંદ્રજીને તે હવે ઓળખે છે અને તેમની સ્તુતિ કરવા મંડી જાય છે, પોતાના ભાઇ સુગ્રીવને પણ સ્નેહથી જુએ છે, અને પોતાના પુત્ર અંગદને તેને સોંપે છે એટલુંજ નહિ પણ આગ્રહ પૂર્વક વિનંતી કરે છે કે હે વાલી, હે મારા પ્રિયભ્રાત આ મારો પુત્ર અંગદ નાની વયનો છે અને રાજ્ય ગાદી ઉપર બેસવાને હજી લાયક નથી માટે તું પોતેજ ગાદી ઉપર બેસજે અને એ છોકરાનું સંપૂર્ણ સંરક્ષણ કરજે. વાલીને રીંછપતિ પણ કહેલો છે અને તેમ કહેવામાં પણ કંઇક હેતુ છે એમ કલ્પના થાય છે. રીંછ શબ્દ બ્રહ્મા સાથે સંબંધ રાખે છે. ઉત્તર કાંડમાં વાલી અને સુગ્રીવની ઉત્પતી વર્ણવેલી છે તે મનન કરવા જેવી છે. તેઓના પિતાનું નામ ઋક્ષરજસ હતુ. બ્રહ્માજી યોગાભ્યાસ કરતા હતા તેવામાં તેમના નેત્રમાંથી અશ્રુ બિંદુ પડયું. તે બિંદુ પૃથ્વી ઉપર પડયું તેમાંથી એક વાનર પ્રગટ થયો, તે વાનર આ ઋક્ષરજસ હતો. " સાતે દ્વીપમાં જ્યાં વાનરોનો વાસ છે તે સર્વ વાનરોમાં આ ઋક્ષરજસ રાજા " બન્યો. સાત દ્વીપ એટલે સાત ચક્ર. એ સર્વ ચક્રમાં મુખ્ય અનાહત ચક્ર છે, કેમકે હૃદયમાંજ પ્રથમ પોતાની ઓળખ કરવાની છે. ઋક્ષનો અર્થ નક્ષત્ર પણ થાય છે. બ્રહ્માથી ઉતરી આવતાં નક્ષત્રોમાં થઇને પૃથ્વી ઉપર ઉતરવાનું છે એ ધ્યાનમાં રાખવું જોઇએ. જે

પ્રમાણે માણુસના શરીરના સંબંધમાં મસ્તકેથી ઉતરતાં નીચે પગ સુધી જવાનું છે તેજ પ્રમાણે **બ્રહ્મલોકથી** પૃથ્વી સુધીના માર્ગ માટે સમજવાનું છે.

પછી **સુગ્રીવ** પોતાના વાનરોને **સીતાજીની** શોધને માટે ચારેદિશાએ મોકલે છે તેમાં દક્ષિણ પ્રદેશમાં જેઓ ગયા તેઓમાંના મુખ્યના નામ **અગ્નીપુત્ર નીલ**, **વાયુ પુત્ર હનુમાન**, **બ્રહ્મા પુત્ર** મહાબળવાન **જાબુંવાન**, **સુહોત્ર** હતાં. તેમની સાથે **તારા** તથા **વાલીનો** પુત્ર **અંગદ** પણ હતા. **હનુમાનને** વાયુ પુત્ર કહી પ્રાણ વાયુ તેજ **હનુમાન** એમ સૂચવેલું છે. તેમજ બીજાના સંબંધમાં તેઓનાં ખરાં સ્વરૂપ શું છે તે સમજી લેવાનાં છે. એ શોધમાં જુદાં જુદાં સ્થળે રવડતાં કપી મંડળ એક ગંભીર બખોલ આગળ આવી પહોચે છે, જે **ઋક્ષબિલ** નામથી ઓળખાય છે. તે અતિ દુર્ગમ હતું. આ પ્રદેશનું વર્ણન વાંચીને વિચાર કરવા જેવું છે. કેટલાક ભાગમાં ગાઢું અંધારૂં હતું, અને કેટલાક ભાગમાં પ્રકાશનો પાર નહોતો. સુવર્ણ, રૂપું, અનેક પ્રકારના રત્નની શોભા કહીં કહીં દૃશ્યમાન થતી હતી. અંગદ અને બીજાઓને પોતાની સાથે દોરીને **હનુમાનજી** અંધારામાં બેધડક પ્રવેશ કરી આગળ ધસ્યા જાય છે. માર્ગમાં વાનરો તૃષાથી બહુ પીડાય છે, અને જળ, જળ પોકાર કરી મુકે છે. અંતે **સ્વયંપ્રભા** નામની બ્રહ્મચારિણીનો સમાગમ તેઓને સાંપડે છે. **સ્વંયંપ્રભાનો** અર્થ પોતાની મેળેજ પ્રકાશે છે તે. તે **મેરૂ સાવર્ણિની** દુહિતા થતી હતી. **મેરૂ** દંડ જે કહેવાય છે તે માણુસના બરડાઉપર મસ્તકથી તે ગુદા સુધી પહોંચેલી એક ધોરી નાડી છે. આ વન પ્રદેશનું વર્ણન કરતાં કહ્યું છે કે દાનવોના **વિશ્વકર્માએ** તે રચેલું છે અને તે **દાનવનું** નામ **મય** છે. એ **મયદાનવે** બ્રહ્મ દેવ પાસે ઉગ્રતપ કરી વરદાન પ્રાપ્ત કીધું હતું. એક પ્રસંગે તે ઇંદ્રની **હેમા** નામે અપ્સરા ઉપર અત્યંત આસકત થઇ ગયો. આ ઉપરથી ઇંદ્રને ક્રોધ થયો અને તેણે પોતાના વજ્રના પ્રહારથી તેનો નાશ કીધો. **ઇંદ્રે એ વન** પાછળથી હેમાને ભેટ કીધું. **હેમાનો** અર્થ સુવર્ણ–સોનું થાય છે. એ વનની રક્ષા કરવા માટે **સ્વંયપ્રભા** પોતાની સખીની પ્રાર્થનાથી અહિં રહેલી હતી. **સ્વયંપ્રભા મોટી** તાપસી હતી. આ ગુફા અથવા બીલનું નામ **ઋક્ષ** બીલ છે. **ઋક્ષ** એટલે રીંછ. રીંછનો રાજા **જાંબવાન** હતો અને તે **જાંબવાન**

બ્રહ્માનો અંશ છે. હૃદય આગળ આવેલાં **અનાહુત ચક્ર** વિશે આપણે ઉપર કહી ગયા છીએ. એ ચક્રની નીચે **મણીપુર, સ્વાદ્ધિષ્ઠાન** અને **આધાર ચક્ર** આવે છે. **સ્વાધિષ્ઠાન** ચક્રના પ્રદેશમાં સર્પાકાર સાડા ત્રણ ગુંછલીવાળી કુંડળિનીનાં દર્શના થાય છે. એ **કુંડળિની** શકતિને જાગૃત કરવા યોગિઓ પ્રયત્ન કરે છે. એ જ્યારે જાગૃત થાય અને સીધી થઇ ઊંચે ચડે ત્યારેજ કલ્યાણનો સમય આવે છે. **આધાર** પદ્મની પાસે સુષુમ્ણા નાડી છે કે જે છેક **બ્રહ્મરંધ્ર** સુધી પહોંચેલી છે. **વિષ્ણુ**ની આરાધના કરવાનું આ સ્થાન છે એમ **અધ્યાત્મરામયણ**થી સમજાય છે. **વિશ્વકર્મા** રૂપે મયે અહીની રચના કરેલી છે. માણસના શરીરમાં મસ્તકમાં ઉપલા લોક, મધ્યભાગમાં પૃથ્વિ લોક, અને તેથી નીચેના ભાગમાં પાતાળ લોક છે એમ આપણા ગ્રંથોમાં સ્પષ્ટ બતાવ્યું છે. સ્થૂળની રચના કરવા વાળો **મય** છે અને તેટલાજ માટે તેને **વિશ્વકર્મા** કહેલો છે. **હનુમાનજી** જે પ્રાણ દર્શક છે તે નાભી મડંળમાં ઉતરે છે. યોગિઓ પોતાના પ્રાણને નીચે ઉતારી કુંડળીનીને જાગૃત કરે છે અને તે જાગૃત થતાં હિસ હિંસ જેવો શબ્દ થતાં જીવ સુષુમ્ણા નાડી મધ્યે થઇ બ્રહ્મ રંધ્ર ચડી જાય છે. એ ગુફાના મુખ આગળ હંસ પક્ષી બહાર નીકલી આવતો જણાય છે એમ **અધ્યાત્મ રામાયણ**ના **કિષ્કિંધા** કાંડના છઠા સર્ગથી માલમ પડે છે. **હંસ** તે **સોહં** મંત્ર છે, જે યોગિયોનો ઇષ્ટ છે. **હનુમાનજીને સ્વયંપ્રભા** કહે છે કે આ બખોલમાંથી બહાર નીકળવું ઘણું કઠીન છે. એ તાપસી બધા કપીઓની આંખ મીચાવી દે છે અને તેમ થતાં તેઓ તરત બહાર આવી ઉભા રહે છે. આ સઘળું વર્ણન કેટલું બધું યોગ્ય છે તે, હે સુજ્ઞ વાંચનાર, અહિં કહેવાની જરૂર જથી. જે પ્રમાણે પ્રાણની સહાયતાથી ઉંચે ચડવાનું છે તેજ પ્રમાણે પ્રથમ નીચે ઉતારવાનું છે, અને તેથી નિચે ઉતરવાનો માર્ગ **શ્રી વાલ્મિકજી** સમશ્યાથી સમજાવે છે.

ત્યાર પછી કપીવરોને **સંપાતીનો** સમાગમ થાય છે. એ **જટાયુનો** જેષ્ટ ભ્રાતા પક્ષી છે. **સંપાતી** જે ધાતુ ઉપરથી થયલો છે તેનો અર્થ ઉડવું, જવું, ઉતરવું, થાય છે. **સીતાજીના** સમાચાર તેનાથી કપીવરોને મળે છે. **સંપાતી** પોતાનો ઇતિહાસ આપતાં કહે છે કે, **વૃત્રાસુરનો** વધ થયો ત્યારે ઇંદ્ર બળવાન છે એમ

જાણી તેને જીતવાને હું તથા મારો નાનો ભાઈ **જટાયુ** તેની સામે ગયા હતા, અને તેનો પરાજય અમે કીધો હતો, સ્વર્ગથી પાછા વળતાં **જટાયુ સૂર્યના** તેજથી અતિ ખેદ પામવા લાગ્યો તેને મેં મારી પાંખથી ઢાંકી લીધો અને તેની રક્ષા કરી, પણ હું પોતે આંધળો થયો, હું ઘણોજ વૃદ્ધ અને શકિત હીણ થયો છું; વરૂણના લોકને, દેવતા તથા અસુરોનાં થયલાં યુદ્ધોને, અને વિષ્ણુના ત્રીવિક્રમ જગતને એટલે પૃથ્વિ ઉપર વસનારા લોકને, અને અમૃત મથનાદિક કાર્યોને હું જાણું છું. આ ઉપરથી સહેલથી અનુમાન થઇ શકે છે કે **સંપાતી** કોઇ મોટા કાળ ચક્રનું રૂપ છે. ગ્રીકલોકો **ફીનીક્સ** નામનું એક પક્ષી વારંવાર જન્મે છે, બળી ભસ્મ થાય છે, અને પુનઃ પુનઃ જન્મે છે એમ માનતા હતા. એ પક્ષી આસરે ૬૦૦ વર્ષનું કાળ ચક્રરૂપ હતું એમ નિઃસંશય ઠરી ચુકેલું છે. ઇરાનમાં તેહમુરથ નામનો ત્રીજો રાજા થઇ ગયો તેનું વાહન **સીમુર્ગ** પક્ષી હતું. તે ઘણું **વૃદ્ધ થયલું** હતું. સાત હજારનાં વર્ષનું એક કાળચક્ર ગણાય છે, તેવાં બાર કાળચક્ર થયલાં અને ગયલાં તેણે જોયાં હતાં. ગુપ્ત વિદ્યાની રીતે ગણતરી કરતાં એના ૮૪૦૦૦૦ વર્ષ થાય છે. મનુષ્ય જાતી થતાં પહેલાં જે જળ પ્રલય થયો હતો તે વેળાએ એ **સીમુર્ગ** પક્ષીનો જન્મ થયલો કહેવાય છે. ગરૂડ વિષ્ણુનું વાહન છે અને **સૂર્યનારાયણ** અને **સૂર્યચક્રનું** સ્વરૂપ છે. ગરૂડ મહા કલ્પ દર્શક છે. **સંપાતી** પણ પક્ષી છે અને તે અમુક વર્ષનું કાળચક્ર હોવાનો મોટો સંભવ છે. અમૃત મંથન ત્રીવિક્રમનો સમય તેણે જોયલો છે. તેને દિવ્યજ્ઞાન છે અને તેનું કારણ તે એવું બતાવે છે કે “ મારો જન્મ દિવ્ય યોનિમાં છે, અને તેથી મારી ગતિ સર્વ પ્રાણીઓ કરતાં શ્રેષ્ટ છે.” એ **સંપાતિની** પાંખ જતી રહી હતી. તે **નિશાકર** નામે રૂષિના આશિર્વાદથી ફરી પ્રાપ્ત થઇ હતી. રૂષિએ તેને કહ્યું હતું કે “ **તું ચિંતા કરીશ નહિં, ,તને પક્ષ તથા પ્રપક્ષની પુનઃ પ્રાપ્તિ થશે.** ” પક્ષ અને પ્રપક્ષ કાળ ચક્ર ને કાળ ચક્રમાં પેટા કાળ ચક્ર દર્શાવે છે. **નિશાકર** એટલે રાત્રીના અધિપતી ચંદ્રમા છે. દીવસ અને રાત્રી તે સર્ગ અને પ્રલય રૂપ છે. અમુક પ્રલય પછીનો સમય દર્શાવનારૂં **સંપાતિ** પક્ષી હોવું જોઇયે. તે પોતે **અંગદને** જણાવે છે કે **નિશાકરના સમાગમને** “ આજે આઠ હજાર અને એક સોથી પણ વધારે વર્ષ વહી ગયાં છે. ” આઠ હજારને એકસોથી વધારે વર્ષ કહ્યાં તે દિવ્ય હોવાં જોઇયે. મનુષ્ય વર્ષ પ્રમાણે ગણના કરતાં

૨૯,૧૬,૦૦૦ વર્ષ આવે છે. પ્રથમ કૃતયુગનાં વર્ષ ૧૭,૨૮,૦૦૦ ગણાય છે. ત્રેતાની ગણત્રી ૧૨,૯૬,૦૦૦ ની છે. એ બેનો સરવાળો કરતાં ૩૦,૨૪,૦૦૦ વર્ષ આવે છે. એ સંખ્યા ઉપર કહેલી ૨૯,૧૬,૦૦૦ થી વધારે છે માટે તે એમાંથી બાદ કરતાં, ૧૦,૮૦,૦૦ વર્ષ રહે છે, એટલે ત્રેતા યુગને પુરો થવા માટે એટલાં વર્ષ હજી વીતવાનાં હતાં. એમાંથી **શ્રીરામચંદ્રજીના** પોતાના રાજ્યનાં ઘણા વર્ષ બાદ થઈ જશે અને તેમ થતાં દ્વાપરનો સમય બહુ વેગળો નહોતો એમ જણાયા વિના રહેશે નહિં.

સીતાજીને રાવણે લંકામાં લઈ જઇને રાખ્યાં છે એવી ખબર આપીને **સંપાતિ** ત્યાંથી વિદાય થયો. આ ઉપરથી **અંગદે** વાનરોની સભા મેળવી અને સર્વને પોત પોતાનામાં કેટલું બળ છે તે જણાવવા કહ્યું. કેમકે સો યોજનનો મોટો સમુદ્ર ઓળંગ્યા વિના લંકા નગરીમાં જવું અશક્ય હતું. એ સમુદ્રની પાર જવાની કોઈની હિમ્મત ચાલી નહિં, ત્યારે વાલી પુત્ર અંગદ બોલે છે કે "હે કપીવરો, હું એ મોટા સો યોજનના સમુદ્રને ઉલ્લંઘીને પેલે પાર જઇ શકું એમ છું, પણ ત્યાંથી પાછા આવવાની મારામાં શકિત છે કે નહિં, તેનો મને નિશ્ચય નથી." અંગદ તે શું-કોણ? એના પિતા તથા કાકા **વાલી** તથા **સુગ્રીવનું** વર્ણન ઉપર થઇ ગયું છે. **સ્નાન, સંધ્યા, યજ્ઞ,** આદિક જે જે કર્મ કરવાનાં કહેલાં છે તે સર્વ કર્મથી અંતઃકરણની શુદ્ધિ થાય છે. કર્મથી મુકિત નથી. અંગદ **વાલીનો** પુત્ર છે માટે તેને અંતઃકરણની શુદ્ધિ **પવિત્રતા, પુણ્યતા, સાધુતા,** લઇશું તો તેણે જે વાકય વાનરો સમિપ કહ્યું હતું તેનો મર્મ તરત સમજાઈ જશે. સમુદ્રને ઓળંગીને લંકામાં તે જઇ શકે પણ લંકામાં ગયા પછી પોતાના ખરાં સ્વરૂપથી પાછાં અવાય કે કેમ તે નીશ્ચય નહિ. નઠારી સોબતમાં અને નઠારાં સ્થળે સારૂં જઇને પડે તો તે ત્યાં શુદ્ધ-પોતાના સ્વરૂપથી કાયમ રહેશે એ કહી શકાય નહિં. અંગદ શબ્દનો અર્થ ભૂષણ વાચક છે એટલે જે શોભા આપે છે તે, બીજાઓને આનંદ આપે, બીજાને શોભાવે તે પણ **અંગદ** છે. પવિત્રતા, શુદ્ધિ, **પુણ્યતાથી** એ સઘળું થાય છે. ઋક્ષબિલ જેનું વિવેચન આગળ થઇ ગયું છે તેમાં મરણ પર્યંત એક આસને બેસવાનો નિશ્ચય કરવાને તત્પર થયો હતો તે એજ અંગદ છે. તે સ્થળે આ ગુણની સ્થિતિ મરણ પર્યંત અચળ રહે એમાં જરા પણ સંશય જેવું નથી. અંગદનાં

વચન સાંભળી ડાહ્યા વાનરો તેને સમુદ્ર પાર જવાની સલાહ આપતા નથી અને અંતે હનુમાનજી જે મૌન્ય ધારણ કરીને બેઠા હતા, તેમને તેઓ બતાવી કહે છે કે, આ કઠિન કામ સિદ્ધ કરવાને આ વાયુ પુત્ર સર્વ રીતે શકિતમાન છે. **હનુમાનજીને** તે ઉપરથી લંકામાં જઇ **સીતાજીની** શોધ કરી લાવવા માટે વિનંતિ કરવામાં આવે છે અને તેઓ અત્યંત હર્ષ પામતાં આ મહાભારત કામ પાર પાડી શિઘ્રે પાછા વળવાનું બીડું ઝડપી લે છે. **શ્રી રામચંદ્રજીની** લાવણ્યમય મૂર્તી જેના રૂદય કમળમાંજ માત્ર નહિં પણ સર્વાંગે રોમેરોમ અને છિદ્રે છિદ્ર નિરંતર ઝળકી રહેલી છે એવા **શ્રી હનુમાનજી** મહેંદ્ર પર્વત ઉપર ચડી જાય છે, અને **શ્રી રામચંદ્રજીનું** સ્મરણ કરીને સોયોજનના મહા-ભંયકર સમુદ્રને સહજમાં ઓળંગી જાય છે. જેની સંપુર્ણ અને નિર્મળ ભકિતના પ્રભાવથી અને જેનું નામ માત્ર સ્મર્ણ કરવાથી **અંજની નંદન** આ મહાપરાક્રમ કરવાને શકિતમાન નીવડયા તે **શ્રી** રઘુકુળ તિલક **શ્રી રામચંદ્રજી** આપણને એજ પ્રમાણે શુધ્ધ ભકિતથી અને તેમના અંખડીત નામ સ્મરણથી આ અતિ દારૂણ, ભયથી ભરેલા, સંસાર સમુદ્રને તરી જવાને શકિત આપે એજ પ્રાર્થના તેમની આપણે કરીશું—અસ્તુ.

बिंदु ९ मुं.

સમુદ્ર ઓળંગી લંકામાં જઇને સીતાજીની ભાળ મેળવવાનું મહાન્ કાર્ય કરવા માટે હનુમાનજી તત્પર હતા. હનુમાનજીને વાયુના પુત્ર કહેલા છે. આખા વિશ્વનું જીવન જે મહા પ્રાણ છે તે પ્રાણનું એક રૂપ પ્રાણ વાયુ છે. હનુમાનજીને વિશે ભિન્ન ભિન્ન કથાઓ છે, અને પ્રથમ દર્શને તે એક બીજાથી વિરોધી લાગે પણ વિરોધી બીલકુલ નથી. પરંતુ એક મૂળ કારણ કાર્ય રૂપે થતાં અને તે કાર્ય પાછું કારણરૂપ અને કારણનું કાર્યરૂપ થતાં શું શું ફેરફાર થાય છે તે સમજવાની જરૂર છે. અનેક ફેરફારો થતાં છેલ્લી અવસ્થા ગમે તેવી પ્રગટે પરંતુ પ્રથમ જે મૂળ હતું તે મૂળ સાથેનો તેનો સંબંધ તુટતોજ નથી અને તે મૂળનુંજ તે એક રૂપ છે. હનુમાનજીના સ્વરૂપને સારી પેઠે ઓળખવા માટે સઘળી કથાઓનું રહસ્ય એકઠું કરવું જોઇએ. અહિં એટલુંજ કહેવું બસ છે કે હનુમાનજી જે મહા પ્રાણ વાયુમાં અનંત બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થીતિ, ને લય રહેલાં છે તેનું એક સ્વરૂપ છે, અને તેથીજ તેમને વાયુપુત્ર કહેવામાં આવે છે. માણસના શરીરમાં તેના જીવનનો જે આધાર છે તે પ્રાણ વાયુ સર્વાંગે વ્યાપ્ત છે. જ્યાંથી તેનું તેજ ઘટે છે ત્યાં અંગ મરણતોલ થઇ જાય છે. અંગદને ભય રહે છે કે લંકામાં ગયા પછી મારાથી ફરીને સમુદ્ર ઓળંગી અવાશે કે નહિં. મલિનતાના સંગથી વસ્તુપોતે મલિન થાય છે અને સ્વરૂપ ખોય છે, મલિનતા વળગ્યાથી ભારની વૃદ્ધિ થાય છે અને તેમ થતાં શકિત અને ગતિ ઘટે છે. પૃથ્વી આદિ પાંચ તત્વ છે. પૃથ્વી તત્વ જડ અને ભારે છે. જળ તત્વની ગતિ નીચે છે. તેજ તત્વની ગતિ ઉંચી છે, પણ વાયુ તત્વની ગતિ સર્વત્ર છે. સારી માઠી સર્વ વસ્તુનો તે સ્પર્શ કરે છે પણ તે સ્પર્શથી તેને લેપન નથી, અને તેની ગતિ અને શકિતમાં હાની થતી નથી. માટે હનુમાનજી લંકા પુરી જ્યાં આસુરી ભાવનો નિવાસ હતો ત્યાં જાય તો તેમને તેમ કરવાથી કંઇ ભવિષ્યમાં અડચણ પડે તેમ નહોતું. હનુમાનજી મહેંદ્ર પર્વત આગળ આવે છે અને તેની ગુફામાં વસનારાં સર્વે પ્રાણીઓને ખળભળાવી મુકે છે. મહેંદ્ર પર્વતનું નામ છે,

તેમજ ઇંદ્રનું પણ છે. માર્ગમાં આવતાં સર્વ વિઘ્નને દુર કરીને **હનુમાનજી** સમુદ્રની પાર જઇ લંકા નગરીમાં આવી પહોંચે છે. **રામાયણમાં** આ સંબંધમાં જે વર્ણન કરવામાં આવેલું છે તેનો ઉંડો વિચાર કરતાં જણાય છે કે શરીરના નીચલા ભાગમાં એટલે વચલા ધડના નીચેના ભાગમાં આવેલાં ચક્રોનું શિક્ષણ તેમાં સમાયલું છે. લંકામાં પ્રવેશ કરવા જતાંજ લંકાની અધિષ્ટાતા દેવી જેનું નામ **લંકાદેવી** છે તે **હનુમાનજીને** અટકાવે છે. **શ્રી રામચંદ્રજીનું** નિવાસ સ્થળ **અયોધ્યા** નગરી છે અને લંકાનગરીનો અધિપતિ **રાવણ** છે. પ્રથમ દર્શાવ્યું છે તેમ એક ઉત્તરમાં- ઊંચે છે, અને બીજી દક્ષિણમાં નીચે છે એટલે ઉર્ધ્વભૂમિ અને અધોભૂમિ. બીજી રીતે સહેલથી સમજવા માટે **ઉર્ધ્વમન** અને **અધોમન** અથવા ઉર્ધ્વવૃત્તિ અને અધોવૃત્તિ કહીશું તો ચાલશે. **લંકા** શબ્દ જે ધાતુ ઉપરથી થયલો છે તેનો અર્થ મેળવવું, પ્રાપ્ત કરવું (સુખ મેળવવું) થાય છે. માત્ર સ્થૂળ શરીરને જોઇ રહી તેને મનાતાં સુખ પ્રાપ્ત કરવાવાળી અજ્ઞાનની એ ભૂમિકા છે. એને **રત્નપુરી** એટલે વસુમતિ-**પૃથ્વી** પણ કહેલી છે. સ્થૂળદેહ પૃથ્વી રૂપ છે. લંકાનો એક અર્થ વૈશ્યા, ગણિકા, ભોગ્યા થાય છે. હે પ્રિય વાંચનાર, જોઇ લ્યો કે આ અર્થ કેટલો મર્મ દર્શક છે. વળી લંકા શબ્દને ઉલટો વાંચતા કાળ શબ્દ થઇ રહે છે. આ સ્થૂળ શરીરના સર્વ સુખ નાશવંત છે, અને તેથી તેમાં જે રમણ કરે છે તે ફરી ફરીને કાળને ભક્ષ રૂપ બને છે. સ્થૂળ ભૂમિ જડતાને આધિન છે. સ્થૂળ દેહમાં પ્રાણ પ્રવાહ નહિ હોય તો કંઇ પણ ક્રીયા થઇ શકે નહિં. ડાકીની, શાકિની, આદિ જે કેટલીક દેવીઓ છે તેમાંની એક લંકા હશે એમ અનુમાન થાય છે. એ **લંકાદેવીનો** પરાજય થતાં તે બળવાન **વાયુ પુત્રને** કહે છે કે " મને બ્રહ્માએ વરદાન આપ્યું હતું કે જ્યારે કોઇ વાનર, તને પોતાના પરાક્રમથી વશ કરી જીતે ત્યારે તું જાણ જે કે હવે રાક્ષસોને માથે કંઇ ભય આવી પડેલું છે. " શરીરના નીચલાં ચક્રોમાં આવેલી આવી શકિતઓને કોણ જીતે ? જે યોગિઓ હોય તે જે યોગ સાધના કરે છે તે સામાન્ય રીતે નીચી વૃતિઓને વશ થતા નથી અને ઉલટા તેના ઉપર અંકુશ રાખે છે. એવો અંકુશ રાખવાથી રાક્ષસી વૃત્તિઓ ભયમાં આવી પડે છે કેમ કે તે યોગીનું પ્રયત્ન સફળ થાય તો એ રાક્ષસી વૃત્તિનો નાશ થયા વિના રહેજ નહિ.

લંકામાં પ્રવેશ કરીને વાયુપુત્રે **સીતાજીની** ઘણી શોધ કરી. **રાવણના** રણવાસમાં તેમજ બીજાં અનેક સ્થળે **સીતાજીનાં** દર્શન થયાં નહિં. "**સીતાજી**" અનેક મર્મ દર્શક છે એમ આ સ્થળે સ્મરણ કરાવવાની અગત્ય છે. નિરાશ નહિં થતાં કપિવર પુનઃ પ્રયત્ન કરે છે અને **અશોક** વાટીકામાં **સીતાજીની** તેને ઝાંખી થાય છે. શ્રી ઉપદેશ ગ્રંથાવલીમાં અશોકનો અર્થ અત્યંત શોક કરેલો જોવામાં આવે છે. એનો અર્થ કદાચ અત્યંત થતો હોય પણ સાધારણ નિયમને અનુંસરતા અ એટલે નહિં અર્થ થાય છે. અશોક એટલે શોકરહીત. એજ પુસ્તકમાં **સીતાને** સ્થીરમતિ દર્શાવેલી છે. આપણે **સીતાજીને** બુદ્ધિ જેનુ કામ નિશ્ચય કરવાનું છે તેનુ સ્વરૂપ છે એમ કહેલું છે. એ બુદ્ધિ પણ અહિં નથી કેમકે રાવણે જેનું હરણ કીધું હતું તેની તે માત્ર છાયા હતી. એ અશોક વનમાં એ બુદ્ધિ રહેલી હતી. અશોક વાટીકાનું જે વર્ણન આપેલું છે તે અતિ સુંદર અને મન મોહક છે. સ્થૂળ અથવા તામસિક જડભુમિમાં પણ જુઠાં સુખો અને વૈભવોનો વ્યવહાર જોવામાં આવે છે, એ વ્યવહારમાં બુધ્ધિ ગુંછવાઇ પડેલી છે ત્યાં **હનુમાનજી** આવી પહોંચે છે. સુંદર કાંડના ૧૮ માં સર્ગના આરંભમાંજ કહ્યું છે કે "રાત્રી તમામ વીતી ગઇ ત્યારે ષડંગ વેદ જાણનારા તથા યજ્ઞ કરાવનારા અને બ્રહ્માને જાણનારા રાક્ષસોએ કરેલો વેદનો ધ્વનિ સંભાળવવા લાગ્યો." **રાવણનેજ** જગાડવાને માટે આ સઘળું થતું હતું. જેઓ આ પ્રમાણે કરતા હતા તેઓ માત્ર બ્રહ્માનેજ જાણનારા હતા. સત્વગુણ ચૈતન્યને તેઓ જાણતા નહોતા. વેદાદિ વિષયોમાં ખરી પ્રવિણતા પ્રાપ્ત થઇ હોય તેનું ખરૂં રહસ્ય સમજાય પરંતુ માત્ર ઉપર ઉપરથી અને સ્વાર્થ બુદ્ધિથી જે અવલોકન કરે છે તે તો ગોથાં ખાય છે. એથી કરીને ખરી **સીતા** અથવા **સીતાજીની** ખરી છાયા પણ વશ થતી નથી. **રાવણ** વેદ, યજ્ઞ ઇત્યાદિથી વીંટલાયલો હતો, તેઓથી તે પ્રેરિત હતો—શેને માટે? પરમ વસ્તુની પ્રાપ્તિ કરવા માટે, પણ તે પ્રાપ્ત કરવાને એણે જે માર્ગ પકડયો હતો તે કેવળ ભુલ ભરેલો હતો. તે અશોક વાડીમાં જાય છે અને **સીતાજીને** બહુ સમજાવે છે, પણ સઘળું વ્યર્થ. આથી ક્રોધ યુકત થઇ રાક્ષસીઓને **સીતાજીને** અંત્યત ત્રાસ આપવાની આજ્ઞા આપી ત્યાંથી વિદાય થાય છે. આ રાક્ષસીઓના નામ આપેલાં છે અને તે અસુયાદિ દુર્ગુણો

છે. આ સઘળું છુપા રહેલા **હનુમાનજી**ની સમક્ષ બને છે. અહિં **હનુમાનજી સીતાજી**ની સાથે મળે છે અને **શ્રી રામચંદ્રજી**નો સંદેશો પહોંચાડે છે, એટલુંજ નહિં પણ તેમની મુદ્રિકા ખાતરી કરવાને માટે **સીતાજી**ને આપે છે. મુદ્રિકા તે ચિન્હ, નિશાણી છે. **હનુમાનજી**ના સમાગમથી **સીતાજી**ને ધૈર્યતા આવે છે. આ પ્રમાણે થાય એમાં કંઇજ આશ્ચર્ય જેવું નથી. **હનુમાનજી** અહિં ગુરૂ રૂપ થઇ રહે છે. શ્રીમદ્ મહાભારતના શાંતિ પર્વ મોક્ષ ધર્મ ઉત્તરાર્દ્ધમાં **નારાયણ** શબ્દનો અર્થ કહેતાં કહેલું છે કે **નારા** એટલે જળ અને નારા એટલે મનુષ્યનો પ્રાણ, જુઓ અધ્યાય ૧૬૫. જળને વિશે, પ્રાણને વિશે જે શયન કરે છે અથવા જે સંચાર કરે છે તે **નારાયણ**. ત્યારે પ્રાણ જે વાયુ રૂપે મનુષ્યના દેહમાં સંચાર કરે છે તેમાં જે ચૈતન્ય વિલસે છે તેજ **નારાયણ** છે. **હનુમાનજી**એ પ્રાણ રૂપ છે. પ્રાણ એજ પરમાત્માનું વાહન છે. યોગિઓ સારી પેઠે જાણે છે કે પ્રાણની વહન ક્રિયામાં અખંડિત નાદ ગાજી રહેલો છે, અને તેમાંથી **सोहं सोहं** ઉપદેશ સંભળાય છે. માટે પ્રાણ ઉપદેશ આપવા-વાળા ગુરૂ સમાન છે. ખરી વાત જો કહીએ તો ખરા ગુરૂ તો પ્રત્યેક માણસના અંતરમાં બીરાજે છે અને તેની જ્યારે કૃપા થાય છે ત્યારેજ કલ્યાણનો સમય આવે છે. આ પ્રાણમાં ઝળકી રહેલાં ચૈતન્યનો પ્રકાશ બુદ્ધિની સમીપ આવે છે ત્યારેજ બુદ્ધિ અતિ સબળ થાય છે અને સત્ અને અસત્નો નિશ્ચય કરવાને તે સમર્થ બને છે. એટલાજ માટે **સીતાજી** જે વાટીકામાં હતાં તેમાં તેમને આશ્રય આપનારાં એક વૃક્ષ શિવાયના બીજાં બધાં વૃક્ષોનો કપી-વર નાશ કરે છે. તામસિક સ્થૂળ ભાવમાં જે સુખ આપનારાં અને શોભાવાળાં જુઠાં રૂપો હતાં તે જતાં રહે છે. વૃક્ષોના નાશનો સમા-ચાર રાક્ષસીઓ **રાવણને** પહોંચાડે છે. આ વૃત્તાંત સાંભળીને **રાવણ** અત્યંત ક્રોધે ભરાઇ પાંચ સેનાપતિઓને કપીશ્વર સામે મોકલે છે. એ પાંચનો અર્થ પાંચ તન્માત્રા અથવા પાંચ ઇંદ્રિયો કયાં નહિં હોય? એ સર્વ માર્યા જાય છે, **રાવણ** બીજાઓને મોકલે છે તેઓની પણ એજ ગતિ થાય છે. **રાવણ**નો પ્રતાપી પુત્ર **અક્ષ** સામો જાય છે, એ પણ પાછો ફરતો નથી. **અક્ષ** શબ્દના ઘણા અર્થ થાય છે, **શંકટ, ગાડી, વાહન, આંધળો, મનુષ્ય, છળ, પાસા ઇત્યાદિક.** શ્રી ઉપદેશ ગ્રંથાવળીમાં મત્સર અર્થ લીધો છે. એક વિદ્વાન પંડીત તેને ક્રોધનું રૂપ સ્વિકારે છે. છેવટે **રાવણ**નો પ્રખ્યાત પુત્ર **ઇંદ્રજીત**

અથવા મેઘનાદ બ્રહ્માસ્ત્રનો ઉપયોગ કરી કપીવરને બાંધી લે છે. એટલામાં તો બીજા રાક્ષસો તેના ઉપર તુટી પડે છે અને દોરડાંઓનાં બંધનથી તેને જકડી લે છે પણ તેઓ જાણતા નહોતા કે એમ કરવાથી બ્રહ્માસ્ત્રનું બંધન તરત તુટી ગયું હતું. કહ્યું છે કે અન્ય બંધન બાંધતાં મંત્ર અસ્ત્રનો બંધ છુટી જાય છે એવો પરા પૂર્વથી ચાલતો આવેલો નિયમ છે. પ્રાણને મંત્રથી રોકી શકાય પણ જયાં બીજાં બહારનાં બંધન આણ્યા એટલે બહારના કંઇપણ ઉપચાર કીધા કે તરત મંત્રથી થયલું રોકાણ જતું રહે છે. બ્રહ્માએ હનુમાનને કહેલું હતું કે બ્રહ્માસ્ત્રનો પ્રયોગ તારા ઉપર અલ્પ કાળ ચાલશે. પ્રાણને રોકવો એ યોગનું એક સાધન છે. ભગવદ્ગીતાના છઠા અધ્યાયમાં યોગના સંબંધમાં શ્રી કૃષ્ણ ભગવાને કરેલો ઉપદેશ સાંભળી અર્જુન કહે છે,

चंचलं हि मनः कृष्ण प्रमाथि बलवत् दृढं
तस्या हं निग्रहं मन्ये, वायोरिव सुदुष्करं

મન જે અતિ ચંચળ છે તેને સ્થીર કરવું એ ખરેખર મહાભારત કામ છે. અર્જુન કહે છે તે ખરૂં છે કે પવનને કેદ કરવો એ સહેલું છે પણ મનને સ્થીર કરવું અશક્ય જેવું છે. શ્રી કૃષ્ણ ભગવાન તેને ઉત્તર આપે છે કે તું કહે છે તે ખરૂં છે પણ અભ્યાસ અને વૈરાગથી તે થાય છે. હટયોગ પ્રદીપિકામા કહ્યું છે કે **पवनो बध्यतेयेन मनस्तेनैव बध्यते** અને **पवनो लीयते तत्र, मनस्तत्र विलीयते** ॥ જેથી કરીને પ્રાણ રોકાય તેથીજ મન રોકાય છે અને પ્રાણ જયાં લીન થાય ત્યાંજ મન લીન થાય છે. પ્રાણને રોકવો એ શરીરની ક્રિયા છે માટે શરીર અમુક સ્થીતિમાંજ રહેવું જોઈએ, તેને જરા પણ ચંચળતા થાય છે તો પ્રાણ વશ થઇ શકતા નથી. તેમજ બહારના વિષયોથી જયાં સુધી ઈંદ્રિઓ જોડાયલી રહે છે એટલે વિષયોનું જયાં સુધી બંધન છે ત્યાં સુધી એકાગ્રતા આવતી નથી.

આ પ્રમાણે બંધાઇ ગયલા હનુમાનજીને રાવણની સમીપ લઇ જવામાં આવે છે. હનુમાનજી રાવણને શ્રીરામચંદ્રજીનો મહીમા કથન કરે છે અને જાનકીને આપી દેવા માટે ઘણું સમજાવે છે. વિભીષણ પણ એજ પ્રમાણે કરવાની સલાહ આપે છે. લંકાધિપતિને એ બીલકુલ રૂચતું નથી, અને હનુમાનજીના કડવા ઉપદેશથી ઉશ્કેરાઇ જઇને તેના પુછડાંને સળગાવી મુક્વાની રાક્ષસોને આજ્ઞા કરે છે. રાક્ષસો આજ્ઞા પ્રમાણે કરે છે.

હનુમાનજી પછી પ્રચંડ રૂપ ધારણ કરી છલંગો મારી ઠેર ઠેર કુદે છે અને લંકામાં ઠેર ઠેર આગ પ્રગટાવે છે. એમ કરતાં **જાનકી** પાસે જાય છે, અને તેમને પ્રણામ કરી તેમની આજ્ઞા લઈ વિદાય થાય છે.

જ્યાં સુધી **સીતાજી**નો પ્રવેશ લંકા**પુરી**માં થયો નહોતો ત્યાં સુધી તે નગરીમાં શાંતિઃ વર્તતી હતી. **સીતાજી** બુદ્ધિ રૂપ છે અને બુદ્ધિ હોય ત્યાં જ્ઞાન જોવામાં આવે છે. બુદ્ધિની છાયા હોય ત્યાં જ્ઞાનની છાયા હોય. આ જ્ઞાન, મુક્તિ આપવાવાળું જે ઊંચુ જ્ઞાન છે તે નહિં પરંતુ તે જ્ઞાન પ્રાપ્ત કરવામાં સાધનરૂપ છે. જ્યાં જ્ઞાનનો ઉદય થાય ત્યાં અંધારૂં ઘણી વાર ટકી શકતું નથી. લંકામાં **જાનકીજી**નો પ્રવેશ થતાં ધીરે ધીરે સઘળું ખળભળી ઉઠે છે, મોહ અને ભ્રમણાઓ ધ્રૂજવા લાગે છે, કેમકે વિનાશનો સમય નિકટ આવે છે. **હનુમાનજી** લંકામાં આવતાં જ્યાં ત્યાં આગ લાગે છે, અને નિવાસનાં સ્થાનો ભસ્મ થાય છે. **હનુમાનજી** વાયુ પુત્ર છે અને અગ્નિ વાયુનો મિત્ર છે, તો અગ્નિ **હનુમાનજી**ને તેમના કાર્યમાં સહાય આપે એમાં કશું આશ્ચર્ય પામવા જેવું નથી. યોગીઓ–યોગનો ખરો અભ્યાસ કરનાર–અને તેમાં મુખ્યત્વે કરીને હઠ યોગના અભ્યાસિઓ સારી પેઠે અનુભવથી જાણે છે કે યોગ ક્રિયાથી શરીરમાં અગ્નિ કેટલો પ્રદિપ્ત થાય છે. કેટલાકનો અગ્નિ તો એટલો વધી પડે છે કે તેમના મુખ ઉપર તેના ચિન્હ ખુલ્લાં દેખાઇ આવે છે, જાણે અત્યંત કેફ કીધી હોય તેમ નેત્ર લાલચોળ થઇ રહે છે.

હનુમાનજી લંકામાંથી પાછા ફરી **અંગદ આદિક વાનરોને** માર્ગમાંથી સાથે લઇ **શ્રી રામચંદ્રજી**નાં ચર્ણાવિંદમાં, જઇને, પોતાના મસ્તકથી પ્રણામ કરી, તેમને સર્વ વૃત્તાંત નિવેદન કરે છે. **શ્રી રામચંદ્રજી** અત્યંત હર્ષ પામી કપીવરને આલિંગન કરી હું પરમેશ્વર છું એમ સમજાવીને તેને ઊંચુ પદ આપે છે. **હનુમાનજી**ની પેઠે આપણે સર્વે શ્રી પરમેશ્વરના કાર્યમા પ્રવૃત થવાને ભાગ્યશાળી થઇયે અને તે કાર્ય સિદ્ધ કરીને તેમનાં ચર્ણાવિંદમાં સાષ્ટાંગ દંડવત પ્રણામ કરી, તેમનો પ્રસાદ મેળવિયે, એવો પ્રસંગ આપણને આપવાની કૃપા કરે એજ આપણે ખરાં અંતઃકરણથી માગીશું—અસ્તુ !

बिंदु १० मुं.

આપણે કહી ગયા કે હનુમાનજીએ લંકા દહન કરી સીતાજીની આજ્ઞા લઈ શ્રીરામચંદ્રજીની ભણી જવાની તૈયારી કરી. જ્ઞાનનો ઉદય થવાને માટે અધોમનનાં તમામ મળોનો નાશ થવો જોઈયે. જ્યાં સુધી તે શુદ્ધ અને નિર્મળ નહિ થાય ત્યાં સુધી તેમાં પ્રકાશ પડી શકતો નથી. ત્યારે જીવનો પ્રકાશ પડવા માટે–એટલે જ્યાં રાવણનો નિવાસ હતો તે લંકાપુરીમાં હનુમાનજીએ ઠેર ઠેર આગ લગાડી સર્વમળ દહન કરી નાખ્યો. એલંકાનગરી વિશ્વકર્માએ રાક્ષસોને માટે બનાવી હતી. તે ઇંદ્રની અમરાવતીની સ્પર્ધા કરે એવી હતી, તેમજ તે મધ્યેની રાવણની સભાનો કર્તા પણ તે હતો. વિશ્વકર્મા તે વિશ્વની રચના જે કરે છે તેજ છે. હવે રાવણને, તે કોણ અને તેના ભાઇઓ તે કોણ, તે આપણે તપાસીશું. પુળસ્ત્ય નામે મોટા પ્રતાપી બ્રહ્મરૂષિ કૃતયુગમાં થયા હતા. તેમને વિશ્રવા નામે પુત્ર હતો. એ વિશ્રવાનો વૈશ્રવણ એટલે કુબેર પુત્ર હતો. વૈશ્રવણ પોતાના પિતાને નિવાસ કરવાને સારૂં સ્થાન બતાવવાને પુછે છે, તેનો ઉત્તર આપતાં તેનો પિતા કહે છે કે રાક્ષસોના નિવાસ માટે વિશ્વકર્માએ પૂર્વે લંકાનગરી બાંધી છે પણ હવે તને ત્યાં કોઈ પ્રાણી પીડા કરે તેમ નથી, રાક્ષસો હમણા પાતાળમાં વસે છે તેથી તે નગરી શુન્ય પડેલી છે અને સ્વામિ વગરની છે. વૈશ્રવણ ત્યાં જઇ વસે છે અને અધિપતિ પણું ભોગવે છે. પૂર્વે જે રાક્ષસો અહિં વસેલા હતા તે સુકેશાદિ હતા. તેને ત્રણ પુત્ર માલ્યવાન, સુમાલી, અને માલી હતાં. માલી વિષ્ણુ સાથે યુદ્ધ કરતાં માર્યો ગયો હતો. આ યુદ્ધ હિરણ્યકશિપુના સમય પછી થયું હતું. પોતાની ચઢતી કરવાની ઇચ્છાથી પોતાની પુત્રી કૈકસી જેને સાથે લઇને એક સમય તે ઓચિંતો લંકા નગરીમાં આવ્યો હતો અને ત્યાંની સ્થિતી જોઈને આશ્ચર્ય પામ્યો હતો તેણે તેને વિશ્રવાની પાસે મોકળી હતી. એ કૈકસીને વિશ્રવાથી ત્રણ પુત્ર અને એક પુત્રી ઉત્પન્ન થયાં હતાં. એ ત્રણ પુત્ર તે રાવણ, કુંભકર્ણ, અને વિભિષણ, અને પુત્રી તે શૂર્પણખા એ ત્રણે ભાઇઓએ દશ હજાર વર્ષ સુધી તપ કીધો હતો. આ પ્રમાણે તપ સિદ્ધ કીધા પછી કુબેરની પાસેથી લંકાનગરી રાવણ લઇ

લે છે. આ સઘળી કથામાં મનુષ્યની ત્રીજી અને ચોથી જાતીનો ઇતિહાસ સમાયલો છે. પૃથ્વિ ઉપર જે મનુષ્ય જાતી હાલમાં વસેલી છે તે પાંચમી છે, તે પાંચમી મનુષ્ય જાતીના પ્રતિનિધિ શ્રી રામચંદ્રજી હતા. યુરોપ ખંડની પશ્ચિમે એટલાંટિક નામનો જે મહાસાગર છે તે જગાએ એક વિશાળ ખંડ હતો તે ખંડમાં આફ્રિકા અને એશિયા ખંડના અમુક ભાગ સમાયલા હતા. તે મોટા ખંડના નિવાસીઓ ચોથી મનુષ્ય જાતીના હતા અને તે ખંડનો જળ પ્રલયથી નાશ થતાં તેમાંથી જે બચી ગયા હતા તેઓ જુદે જુદે સ્થળે વિખરાઇ ગયા હતા, પરંતુ રામાયણમાં જે લંકાનગરીનું વર્ણન છે તેમાં ઘણા મોટા ભાગે આશ્રય લીધો હતો. રાવણ એ સમયના રાક્ષસોનો પ્રતિનિધિ હતો. રાવણ અને શ્રી રામચંદ્રજીની લડાઈની કથા ઐતિહાસિક મર્મથી ભરપુર છે, પણ તે સાથે હમણા આપણને બહુ કામ નથી.

આવી રીતે લંકા નગરીનો અધિપતિ રાવણ હતો. તેને દશાનન એટલે દશ માંથાવાળો પણ કહે છે. બીજાને જે રડાવે તે રાવણ એમ ધાતુ ઉપરથી અર્થ થાય છે. ગર્જના કરવી, શબ્દ કરવો, કોલાહલ કરવો, એ પણ ધાતુનો અર્થ થાય છે. દશરથ રાજાના નામમાં જેમ દશની સંજ્ઞા આવેલી છે તેમજ દશાનનમાં પણ છે. દશાનન એટલે દશ, આનન એટલે મુખ. દશ મુખ છે, જેને તે. રાવણને દશ માથાં હતાં એમ આ ઉપરથી લોકો લઈ દોડેલા છે, પરંતુ દશ શબ્દ દશ ઇંદ્રિઓ દર્શક છે. પાંચ જ્ઞાનેંદ્રિ અને પાંચ કર્મેંદ્રિ જેની બળવાન છે, જેને ઇંદ્રિઓનો સ્વાદ અતિ પ્રિય છે તે દશાનન અહંકારનો ભરેલો, અભિમાન અને હું હું કરનારો, તે રાવણ. એને અસત પ્રલાપ પણ કહે છે. અસત પ્રલાપ એટલે જે નથી અથવા જે જુઠું છે તેજ ઉચ્ચારનાર. રાવણ જ્યારે રણમાં પડયો ત્યારે મંદોદરીએ વિલાપ કરતાં જે કહેલું છે તે બહુજ અર્થ સૂચક છે. " દેવના શત્રુ" "સ્વજનપાલક" ધર્મને ભેદ કરનાર માયાવી, ત્રીલોકને આક્રમણ કરનાર અને કામરૂપી આપ મૃત્યુને વશ થયા છો. કપીરૂપી દેવતાઓની સહાયથી" વિષ્ણુએ તમારો નાશ કર્યો છે. જે ખૂબ ધ્યાનમાં રાખવાનું છે તે " કામરૂપી" છે. રાવણનો એક દૂત શ્રીરામચંદ્રજીની સૈન્યામાં જઇ આવીને રાવણને ઉપદેશ કરતાં

કહે છે "આ જડરૂપી દેહની તમે શાને માટે આટલી બધી પ્રીતિ કરોછે ** કોણ વિચારવાન પુરૂષ દેહમાં આત્મ બુદ્ધિ રાખીને ભોગમાં લલચાઇને તેના દાસ જેવા થઇ રહી, તેની સેવા કરશે (અધ્યાત્મ રામા યુધ્ધ કાંડ સર્ગ ૪), એજ ગ્રંથના આરણ્ય કાંડના ૫મા સર્ગમાં સુરા પાન કરવામાં આસકત અને સ્ત્રીઓને વશ, રાવણને કહેલો છે. આ બધાનો વિચાર કરતાં ખુલ્લી રીતે માલમ પડેછે કે કામરૂપ જે અહંકાર તેજ રાવણ છે.

રાવણનો ભાઈ કુંભકર્ણ ઘણો બળવાન હતો. રાવણની પેઠે તેને બ્રહ્માથી વરદાનની પ્રાપ્તિ થઇ હતી. તેણે કઠિન તપશ્ચર્યાથી બ્રહ્માજીને પ્રસન્ન કર્યા અને બ્રહ્માજીએ તેને વર માગવાનું કહ્યું. ઇંદ્રાસન માગવા જતાં પ્રમાદથી નિદ્રાસન તેણે માગી લીધું હતું. આનું પરિણામ એ આવ્યું કે તે છ માસ મુધી ઊંઘ્યા કરતો હતો અને પછી એક દિવસ તે જાગૃત થતો હતો ત્યારે તેને પુષ્કળ ભક્ષ જોઇતું હતું.

બીજો ભાઈ વિભિષણ સારી વૃત્તિવાળો હતો, તે શાંત, ભય રહિત, અને ઇશ્વર ભકત હતો. રાવણને વારંવાર સારી સલાહ આપનારો તેજ હતો.

આ ત્રણે ભાઇઓને બ્રહ્માજીથી પોતપોતાના ગુણ તથા વીર્યનું વરદાન મળેલું હતું, એ અગત્યનું છે.

ઉપર કહ્યું કે કામરૂપી અહંકારનું રૂપ રાવણ હતો.

અયોધ્યા અને લંકા ઉર્ધ્વ અને અધોમન રૂપ દશા ન દે છે, અને તેમાં અધોમનમાં નિવાસ કરનાર આ ત્રણ ભાઇ, રાવણ, કુંભકર્ણ અને વિભિષણ હતા. વધારે સહેલથી સમજવા માટે આપણે અહં ભાવ અથવા અહંકાર કામરૂપ થઇ લંકામાં–અધોમનમાં પ્રગટ પડયા હતો એમ લઇશું તો કંઇ અડચણ નથી. એ અહંકાર ત્રણ પ્રકારનો છે, રાજસિક, તામસિક, અને સાત્વિક. સર્વ વ્યવહારનો મુખ્ય આધાર રજોગુણ ઉપર છે, અને તેથી રજોગુણ દર્શાવનાર રાવણનું સ્વરૂપ છે. રજોગુણાત્મક મનને આત્માની પ્રાપ્તિ દુર્લભ છે. બુદ્ધિની સહાયતા વિના એ પરમ હેતુ પ્રાપ્ત થઇ શકતો નથી. બુદ્ધિ રૂપી સીતાને મેળવવા માટે રાવણ મહાન્ પ્રયત્ન કરે છે તેનું

કારણ એજ છે. બુદ્ધિની પ્રાપ્તિ માટે મરીચિકા એટલે માયાની સહાય લે છે. **સીતાજીની** ઈચ્છા વિરૂદ્ધ, અને બળાત્કારે, **રાવણ** પોતાની મન કામના સિદ્ધ કરવા જાય તો તેના કકડે કકડા થઇ જાય એવો તેને શાપ હતો. રજોગુણને યોગ્ય એ કેટલું છે તે કહેવાની જરૂર નથી. રજોગુણથી સર્વ કર્મની પ્રવૃત્તિ છે, પણ કર્મથી જ્ઞાનવિના સ્વરૂપની ઓળખ થતી નથી. રાવણ કર્મ કાંડમાં બહુ કુશળ હતો પણ તેટલું બસ નહોતું.

કુંભકર્ણ તામસિક ભાવ સૂચવે છે. તામસિક ગુણ જડતા અને આળસ, નિદ્રાનું કારણ છે, તેમજ જ્યારે તે જાગૃત થાય છે ત્યારે તે સંહાર પણ કરે છે એટલા માટેજ કુંભકર્ણને છ માસ સુધી નિદ્રામાં પડી રહેનારો અને જાગૃત થતાં ઘણું ભક્ષ માગનારો વર્ણવેલો છે. તામસિક ગુણમાં બે શકિત રહેલી છે એક **આવરણ શકિત** અને બીજી **વિક્ષેપ શકિત**, એક મધ્ય બિંદુ ભણી વળે છે અને બીજી પરિધ ભણી ધસે છે. આ બે શકિત દર્શક કુંભકર્ણ અને શૂર્પણખા છે. શૂર્પણખા વન પ્રદેશમાં ભ્રમણ કર્યા કરતી હતી તેનું કારણ એજ છે.

વિભિષણ સાત્વિક ગુણ દર્શક છે, તેની સર્વ વૃત્તિ પોકારીને આ કહી આપે છે. **રજોગુણ, તમોગુણ** અને **સત્વગુણ** એ ત્રણ **લંકા–અધો મનમાં** સાથે રહેલા છે. પ્રકૃતિમાં ત્રણે ગુણો રહેલા છે, અને તે એક બીજાથી છુટા થયલા નથી. એક ગુણનું પ્રબલ હોય ત્યારે બીજા બે ગુણો દબાયલા રહે છે. રજોગુણી **રાવણની** સત્તા ગાજી રહે છે ત્યાં સુધી તેના બે ભાઇઓનું ચાલતું નથી. જ્યાં સુધી **સત્વગુણ** જોડાયેલો રહે છે ત્યાં સુધી વિનાશનો બહુ ભય જણાતો નથી. **વિભિષણ** સ્વાર્થિ **રાવણથી** કેવળ છુટો પડી જાય છે ત્યારથીજ **લંકાને** માથે ભય અને વિનાશ ભમી રહે છે.

રામચંદ્રજીની પાસે **હનુમાનજી** એટલામાં જઇ પહોંચે છે, અને સવિસ્તર સમાચાર નિવેદન કરે છે. લંકાભણી જવાની સર્વ સામગ્રી થાય છે અને સર્વ ત્યાંથી ઉપડે છે અને સમુદ્ર કીનારે આવી પહોંચે છે. એ સ્થળે **શ્રી રામચંદ્રજી શિવજીનું** દેવાલય બાંધે છે. **શિવ** સંહાર શકિતવાળા છે, અને તેની સ્થાપના **લંકા**, તેના અધિપ, અને નિવાસી રાક્ષસોને વિનાશ સૂચવે છે. **શિવજીનું** બીજુ નામ **શંકર** છે. **શંકર**

એટલે શં-કલ્યાણ, અને કર-કરનાર છે. જીવનું કલ્યાણ કરવાવાળા દેવ પણ એજ છે. શિવના સંબંધમાં લોકોમાં ઘણીજ ગેરસમજુતી ચાલે છે. ઉપાધિઓમાં ગુંછવાઇ પડેલો જીવ ઉપાધિઓથી મુકત નહિં થાય ત્યાં સુધી તે પોતાનાં મુળ સ્વરૂપથી કદી પણ પ્રકાશશે નહિં. એ ઉપાધિઓ આવરણોનો નાશ થવો જોઇએ અને તે નાશ કરનાર **શ્રી શંકર** છે. પરમ ગુરૂ, ગુરૂના પણ ગુરૂ શિવજી કહેવાય છે તેનું કારણ એજ છે. આ ઉપાધિઓ અથવા આવરણો પોતાનું કાર્ય કરવા માટે શસ્ત્ર રૂપ મળેલાં છે. જ્યારે એક શસ્ત્ર નિરૂપયોગી બને ત્યારે તે બદલીને નવું વધારે સારૂં મેળવવું જરૂરનું છે. બાળકને લાકડાની તરવાર રમવા માટે આપવામાં આવે છે પણ બાળપણ ટળીને મોટપણ આવે છે ત્યારે એ તરવાર કશા કામની નથી અને તે વખતે લોઢાની તરવાર તેની પાસે રહેવી જોઇએ. તેમજ જીવના શસ્ત્રના સંબંધમાં છે. એ પ્રમાણે થતાં જીવ ઉન્નતિ માર્ગમાં આગળ વધ્યો જાય છે. આ પ્રમાણે વૃદ્ધિ કર્ત્તા **શ્રી શંકર** છે, અને તેથી રાવણ સાથે યુદ્ધનો આરંભ થતાં પહેલાં **શ્રી રામચંદ્રજીએ** શંકરની મૂર્તિ સ્થાપન કરી.

શ્રી રામચંદ્રજીનું સઘળું સૈન્ય સાગર તૃટ ઉપર આવીને પડયું. સાગર મહાન વિશાળ છે, અને તેને પેલે પાર લંકાપુરી આવેલી છે. એ સાગર કેવી રીતે ઓળંગવો એ વિચારમાં સહુ કોઇ પડી ગયા. એટલામાં રાવણે પોતાના ભાઇ વિભિષણને લંકાપુરીમાંથી કહાડી મુકયો, તે વિભિષણ આવીને **શ્રી રામચંદ્રજીનાં** ચરણ કમળમાં નમન કરે છે. વિભિષણનો પ્રેમ જે અત્યાર સુધી લંકામાં પોતાના ભાઇઓ પ્રતિ હતો તે પ્રેમ પલટાઇને પ્રભુ પ્રતિ ભક્તિરૂપ થાય છે. પ્રેમ એજ પરમેશ્વર છે, અને પરમેશ્વર તેજ પ્રેમ છે. સત્વગુણ-શુદ્ધ અને નિર્મળ-ભકિત મય થાય છે કે સત્વર તે પરમાત્માનોજ આશ્રય, પરમાત્માનુંજ શરણ શોધે છે, તેજ પ્રમાણે વિભિષણે કીધું અને રામચંદ્રજીએ તેની ભકિતને સ્વિકારી.

વિભિષણનું આગમન ખરે સમયે થયું. તેણે જોયું કે આ વિશાળ સાગરનું ઉલ્લંગ કીયે પ્રકારે કરવું તેનું ચિંતન સહુ કોઇ કરી રહ્યા છે. તે કહે છે કે "આ સાગર જે અમાપ છે તે પૂર્વે સગર રાજાના પુત્રોએ ખોદેલો છે. તેથી તે રામનું કાર્ય

કરવામાં નિઃશંક સહાય થશે." પછી નળ નામનો વાનર એ સાગર ઉપર સેતુ–પૂલ બાંધે છે, અને તે પૂલ ઉપર થઇને સર્વ સૈન્ય લંકાનગરીમાં જઇ ઘેરો ઘાલે છે. આ વાનર કોણ છે? વિશ્વકર્માનો પુત્ર, અને તેનામાં પોતાના પિતા વિશ્વકર્મા જેટલીજ શક્તિ છે. વિશ્વનો કર્તા–વિશ્વનો ઘડનારો–રચનારો તે વિશ્વકર્મા–તેના સમાન તેનો પુત્ર નળ અને તે નળ સેતુ બાંધે છે. આ સેતુ તે ઉર્ધ્વ મન અને અધો મનની વચ્ચે સંબંધ કર્તા પથ છે. સાત્વિક ગુણની સહાય વિના જીવ નબળી વૃત્તિઓનો પરાજય કરવાને શક્તિ માન થતો નથી અને તેથી રાક્ષસોની સાથે યુદ્ધ કરવાના કાર્યના આરંભમાં વિભિષણ શ્રી રામચંદ્રજીની પાસે આવે છે.

ખરી રીતે જોતાં મન તો એકજ છે પણ જ્યારે તેની દ્રષ્ટિ ઉંચે રહે છે, ત્યારે તે ઉંચે શિરો બિંદુવાળો ત્રિકોણ છે, અને તે સ્થિતિમાં તે ઉર્ધ્વ મન લેખાય છે. જ્યારે કામવૃત્તિ રૂપી જળમાં તેનું પ્રતિબિંબ પડે છે ત્યારે નીચે શિરો બિંદુવાળો ત્રિકોણ જણાય છે અને તેને અધોમન કહેવામાં આવે છે. કામનામાં પડેલો ત્રિકોણ ઉલટ ખાઇને ઉપલા ત્રિકોણમાં મળી જવો જોઈએ. આ બે ત્રિકોણની વચ્ચે જે અનુસંધાન છે તેજ લંકામાં જવાનો સેતુ નળ વાનર બાંધે છે. એ અનુસંધાનમાં ભંગાણ પડે તો પછી ઉંચે જવાનો માર્ગ રહેતોજ નથી, અને જીવની અવદશા થાય છે. યુદ્ધ કાંડના ૨૨ માં સર્ગમાં આ સેતુ જે નળે બાંધ્યો તેને માટે કહે છે કે " સાગર ઉપર નળે બાંધેલો આ સેતુ આકશનો સાક્ષાત સ્વાતી પથ હોય તેમ શોભતો હતો. સેતુ બંધાઇ રહ્યા ત્યારે દેવો, ગંધર્વો, સિધ્ધો અને મોટા મોટા રૂષિઓ આ અદ્ભુત કાર્ય જોવાને માટે અંતરિક્ષમાં આવીને ઉભા " મર્મ સમજાવવાને આથી વધારે શું કહેવું ?

સાગરને વિશે વિભિષણે કહ્યું કે પૂર્વે સગર રાજાએ તે ખોદેલો છે, અને તેના વંશના શ્રી રામચંદ્રજી છે. તેથી સાગર સહાય કરશે. એ સગર રાજાનું વૃત્તાંત રામાયણના બાળકાંડમાં ગંગા આખ્યાનમાં ૩૮ મા અને ત્યાર પછીના સર્ગમાં આપવામાં આવેલું છે. એ રાજાને કેશિની અને સુમતી નામની બે રાણીઓ હતી. ભૃગુરૂષિના આ-

શીર્વાદથી કેશિનીને વંશ વિસ્તાર કરનાર અસમંજ નામે પુત્ર થયો હતો. અને સુમતિને કાંતિમાન અને મોટા ઉત્સાહવાળા સાઠ હજાર પુત્રો થયા હતા. સગર રાજાએ યજ્ઞ આરંભ્યો હતો. તેના અશ્વનું હરણ થયું. તેની શોધમાં તેના સાઠ હજાર પુત્રોએ પૃથ્વી ખોદી કહાડી સમુદ્ર ઉત્પન્નકરેલો અને તેમ કરતાં કપીલમુનિના આશ્રમ આગળ જઇ પહોંચતા તેઓની અયોગ્ય વર્તણુકથી મુનિશ્રીના પ્રભાવથી તેઓ બળીને ભસ્મ થઇ ગયા હતા. આ કથામાં ઘણા મર્મ રહેલા છે. આપણી હાલની પૃથ્વી ઉપર વસતી પ્રજાનો મોટો ભાગ પાંચમી મનુષ્ય જાતિ છે, તે પહેલાં થઇ ગયલી પ્રજા ચોથી જાતિની હતી. એ ચોથી જાતિમાં કામના અથવા અધોમનની પ્રવૃત્તિ અતિ સબળ થયેલી હતી. સગર શબ્દમાં સ અને ગર બે વિભાગ છે. સ એટલે સહિત અને ગર એટલે વિષ, વિષવાળો જે તે સગર, કામના અથવા અધોમનનું પ્રબલ જેમાં થયું હતું તે સગર. અસમંજ પૂર્વજન્મથી મહાયોગી હતો અને તેથી સંસારના પ્રપંચમાંથી છુટી જવા તે ઇચ્છતો હતો. તેને તેના બાપે નગર ત્યાગ કરી જવાને આજ્ઞા કરી હતી, તેનો પુત્ર અંશુમાન હતો. જનમંડળની મધ્યે અધ્યાત્મ ઉન્નતિ દર્શક અસંમજ હતો, સમંજયા જનમંડળ વાચક છે. અને અ આગળ જોડેલો છે તેથી સામાન્ય લોકથી જુદો એવો અસમંજનો અર્થ થાય છે. તેના પુત્રનું નામ અંશુમન અથવા અંશૂમાન હતું જેનો અર્થ પ્રકાશનું કીર્ણ જેને વિશે છે તે એવો થાયછે. સાઠ હજાર પુત્રોની માનું નામ સુમતિ હતું. અધ્યાત્મ રામાયણમાં તેને મહામતિ કહે છે. કપીલ મુનિની દ્રષ્ટિ પડતાં તેઓ ભસ્મ થઇ જાય છે. એ કપીલજી સાક્ષાત પુરૂષોતમ ભગવાનનો અવતાર હતા. તેઓનો આશ્રમ હીમાલયમાં ગંગાદ્વાર અથવા હરદ્વાર આગળ હતો. કપીલ એ મહાન આત્મા રૂપ છે તેથીજ તેઓનો આશ્રમ હીમાલયમાં અને ગંગાજીના તટ ઉપર કહેલો છે, એટલુંજ નહિ પણ એ આશ્રમના સ્થળ ને હરદ્વાર–દ્વાર છે હરીનું–અથવા મુક્તિનું તે, કહેલું છે. મહામતીથી ઘણા વિચાર ઘણી કામનાઓ પ્રગટ થાય છે, એ અનુભવ સિધ્ધ સહુ કોઇને છે. કામનાથી વૃદ્ધિ થવાથી ઉર્ધ્વ મનની આસપાસ પાણી ફરી વળે છે, અને ઉર્ધ્વ મન અને અધો મન અથવા કામ મનસ્ જુદાં પડે છે, આ જુદાં પડવાનું કારણ અનેક વૃત્તિઓ અથવા વિકારો છે. આ વિકારોને ઊંચી પંકિતએ ચડેલો જીવ સહજમાં બાળીને ભસ્મ કરી નાખે છે.

નાનાપ્રકારની કામનાઓમાં ફસાઇ પડેલા જીવના કલ્યાણને અર્થે અધો મન અને ઉર્ધ્વમનની વચ્ચે વિશ્વકર્માએ શ્રી પરમાત્માની સેવાથી સબળ સેતુ બાંધેલો છે. સમુદ્રની પાર જવાને માટે એ સેતુ શ્રેષ્ટ સાધન છે

વિભિષણ પોતાનાં સર્વ સગાં અને સ્નેહીઓને તજીને શ્રી રામચંદ્રજીનાં ચર્ણ કમળનું શરણ લેછે. ત્યારેજ શ્રી રામચંદ્રજી તેની ભકિત સ્વીકારી અભય આપે છે. એજ પ્રમાણે આ સંસારનાં જુઠી માયા અને જુઠાં સગપણથી નહિ લોભાતાં, નીચી વૃતિઓનો ત્યાગકરી, શ્રીરામચંદ્રજીના ચરણ કમળનો આશ્રય લઇ નિર્ભય થવાની બુધ્ધી શ્રી રામચંદ્રજી આપણને આપે, કે જેથી આ જીવનનું કાર્ય સિદ્ધ કરવાને આપણે શકિતમાન થઇએ, એજ પ્રાર્થના શુધ્ધ મનથી આપણે કરીશું તો તે કૃપાળુ આપણી પ્રાર્થના નિશ્ચય સાંભળશે. અસ્તુ.

बिंदु ११ मुं.

હનુમાનજીનું કહેલું સાવસ્તાર વૃત્તાંત સાંભળીને લંકા ભણી કુચ કરવાની શ્રી રામચંદ્રજીએ આજ્ઞા આપી. તમામ વાનર સૈન્ય ઉત્સાહથી તૈયારી કરવા મંડી પડયું. થોડા સમયમાં વાનર મંડળ સહિત શ્રી રામચંદ્ર સમુદ્ર તટ ઉપર આવી પહોંચ્યા, સમુદ્ર ઉપર પુલ બંધાયો, અને તે ઉપર થઈ લંકામાં તેમણે પ્રવેશ કર્યો.

રાવણે પણ યુદ્ધની સામગ્રી તૈઆર કરવા માંડી. રાવણની માનો પિતા નામે માલ્યવાન જે મહા બુદ્ધિમાન અને નીતિશાસ્ત્ર જાણવાવાળો હતો, તેણે આવીને રાવણને ઘણી શીખામણ દીધી, અને સીતાજીને શ્રી રામચંદ્રજીને સ્વાધિન કરી તેમના ચર્ણ કમળનું શરણ લઇ પોતાનું કલ્યાણ કરવાનું કહ્યું. આ વાત રાવણને કેમ રૂચે? બીજાઓએ પણ એજ પ્રમાણે તેને કહેલું, પરંતુ મદોન્મત દશ ગ્રીવે કોઇનુંજ સાંભળ્યું નહીં. તેની સૈન્યમાં તેના પુત્ર ઇંદ્રજીત, અતિકાય, કુંભકરણનો પુત્ર કુંભ, ધુમ્રાક્ષ, ત્રિશિર, દેવોતક, નરાંતક, વજ્ર, દંષ્ટ્ર, મહોદર, અકંપન, ખર, આદિ, હતા. ઇંદ્રજીતનું બીજું નામ મેઘનાદ હતું. મેઘ એટલે વર્ષાદ, અને નાદ એટલે શબ્દ, મેઘની પેઠે ગર્જના કરવાવાળો જે તે મેઘનાદ. અહુંથી જેની ઉત્પત્તિ થાય છે. તે ગર્જના છે રાવણનો પુત્ર તે હું હું કરનારો, અતિ અભિમાન ધરનારોજ હોવો જોઇએ અને તેજ પ્રમાણે કવિએ વર્ણન કરેલું છે. અતિકાય એટલે જેનું મોટું શરીર છે તે. એ પણ મેઘનાદ જેવોજ અર્થ દર્શાવે છે. નિકુંભ–આળસ, જડતા વાચક છે, દેવાંતક દેવના શત્રુને અને નરાંતક માણુસના શત્રુને કહેવાય. દૈવિગુણના દ્વેષ કરનાર તે દેવાંતક. મનુષ્ય–સારા મનુષ્ય ગુણનો દ્વેષ કરનાર તે નરાંતક. એજ પ્રમાણે બીજા રાક્ષસોના નામના અર્થ આપણે શોધવાને પ્રયત્ન કરીશું તો આપણને જણાયા વિના રહેશેજ નહિં કે સર્વમાં અર્થનો મર્મ રહેલો છે. રાક્ષસોનાં વાહન જે જે કહેલાં છે, તે આપણા અનુમાનને ટેકો આપે છે. વાહનોમાં, ઉંટ, પાડા, ગધેડા, સિંહ, ચિતા વગેરે છે.

શ્રીરામચંદ્રજીની સૈન્યમાં જે વાનરો હતા તે સર્વ દેવતાઓના અંશ એટલે રૂપ હતાં એમ ઘણી જગ્યાએ કહેલું છે. (દ્રષ્ટાંત તરીકે

જુઓ, અધ્યાત્મ રામાયણ, યુદ્ધ કાંડ સર્ગ ૫). આસુરી વૃત્તિઓની વિરોધિ દૈવિવૃત્તિઓ હોય છે અને જે યુદ્ધ થાય છે તે એ બેની વચ્ચે થાય છે. સુવેલગીરી ઉપર **શ્રી રામચંદ્રજીએ** પોતાનો મુકામ રાખ્યો હતો એમ જે કહ્યું છે તે સુવેલગીરી શું દર્શાવે છે? **સુવેલ એટલે શાંતિ.** જુઓ આપ્તે નો સંસ્કૃત અંગ્રેજી કોષ. શ્રીમદ ભગવદ્‌ગીતાના આરંભમાં ધૃતરાષ્ટ કહે છે કે:—

धर्मक्षेत्रे कुरुक्षेत्रे समवेतायुयुत्सवः ।

मामकाःपांडवाश्चैव किमकुर्वत संजयः ॥

આખી ગીતાજીનું આ રહસ્ય છે. ધર્મક્ષેત્ર એટલે ધર્મભૂમિ, ધર્મ એટલે પોતાની ફરજ–કર્તવ્ય. કર્તવ્ય કરવાની જે ભૂમિ તે. કુરૂ શબ્દ કર્મ વાચક છે. દેહ કર્મ ભૂમિ છે. એ દેહરૂપી કર્મ ભૂમિમાં યુદ્ધ થાય છે. યુદ્ધ કરનાર કોણ? એક તરફ **પાંડવ** અને બીજી તરફ **કૌરવ**. **પાંડુ** એટલે શ્વેત સફેત–ઉજવળ. આથી દૈવી પ્રકૃતિ સમજવાની છે. કૌરવ કોણ? કૌરવ શબ્દ વાપર્યો નથી પણ તેને બદલે મામકા શબ્દ મુકેલો છે. મામકા શબ્દથી મારૂં મારૂં કરવાવાળાની સૂચના મળે છે, એટલે કેવળ સ્વાર્થને–પોતાનાજ હિતને જોવાવાળા તેઓ છે. વળી કર્મ ભૂમિ તે આપણી પૃથ્વી છે. સર્વ ભૂમિઓમાં પૃથ્વી જેવી કોઇ પણ ભૂમિ કર્મ કરવાની ભૂમિ નથી.

આ શ્લોકમાં ટુંકામાં જે કહેલું છે તે યુદ્ધનું વિસ્તારથી વર્ણન રામાયણમાં **શ્રીરામચંદ્રજી** અને **રાવણની** વચ્ચે થયેલા સંગ્રામમાં આપેલું છે.

સંગ્રામનો આરંભ થતાં પેહેલાં નીતિશાસ્ત્રનો એવો નિયમ છે કે વિષ્ટિથી સમાધાન કરવાને માટે પ્રયત્ન કરવું. આ નિયમને અનુસરીને **શ્રી રામચંદ્રજી અંગદને રાવણની** પાસે મોકલે છે. **અંગદ** મનની નિર્મળતા, સુદ્ધતા રૂપ છે. **રાવણનો** પોતાનો મળ પોતાના મનની મલિનતા મુકી દિયે તો સર્વ કાર્યની સિદ્ધિ સહજ થાય પણ તેમ કરવાને તે રાજી ન હોતો અને તેથી અંગદની વાતથી ક્રોધ પામી રાક્ષસો પાસે તેને પકડાવી લે છે એ સર્વ રાક્ષસોને લઇને અંગદ ઊંચે ઉડી જાય છે, પણ એ શુદ્ધતા, નિર્મળતાને મલિનતા સદા વળગી શકતી નથી અને તેથી તે રાક્ષસો અંગદથી

વિખુટા થઇ ધડો ધડ નીચે પડે છે અને અંગદ શ્રી રામચંદ્રજીની પાસે જઇ સર્વ વૃતાંત નિવેદન કરે છે.

યુદ્ધ વિના હવે બીજો ઉપાય રહયો નહિં, અને બન્ને સૈન્ય સામ સામા યુદ્ધમાં ઉતરે છે. રણ સંગ્રામમાં પ્રથમ કુંભકરણ પડે છે. પ્રકૃતિ ત્રણ ગુણવાળી છે. તમોગુણ, રજોગુણ અને સત્વગુણ. પ્રથમ તમો ગુણનું આધિક્ય હોય છે, અને તેથી બીજા બે ગુણ દબાયલા રહે છે. તમોગુણ જો મીટે તો રજો ગુણ આગળ પડે. એટલાજ માટે કુંભકરણ રણમાં પ્રથમ પડે છે.

પછી ઇંદ્રજીત રણમાં ધુમે છે. શ્રી રામ અને લક્ષ્મણને નાગ પાશ બાણ વડે તે બાંધે છે, અને તે બન્ને ભાઇઓને મૂર્છા વળે છે. સાધારણ જીવો આ અવસ્થાને સમજતા નથી પણ જ્ઞાનવાન સારી પેઠે સમજે છે કે એ અવસ્થા તે નાશ નથી, અને આત્મા રૂપ શ્રી રામચંદ્રજી વિનાશ રહિત છે. વિભિષણ આ પ્રમાણેનો બધાને બોધ આપી વાનર મંડળને શાંત રાખે છે. નાગના મર્મ ઘણા છે. વિદ્યાનું ઉંચું સ્વરૂપ નાગ શબ્દ દર્શાવે છે. નાગોની પાસે અમૃત રહે છે અને તેને માટે પુરાણોમાં અનેક કથાઓ વાંચવામાં આવે છે. ઉન્નતિક્રમમાં ઘણા ઉંચે ચડી ગયલા, મુક્ત દશાને પ્રાપ્ત થવાની તૈયારીમાં હોય એવા, મહાન રૂષિઓની પંકિતમાં બેસે એવા, જીવોને નાગ કહે છે. તેઓ અધ્યાત્મ વિદ્યાનું—યોગ વિદ્યાનું ઊંચું સ્વરૂપ છે એ દશામાં અહિં પૃથ્વિ ઉપરના સર્વ વ્યવહારનો સંબંધ બંધ પડી જાય છે, માટે નાગપાશ બંધનની કથા આ પ્રસંગે જોવામાં આવે છે. રાવણની આજ્ઞાથી સીતાજીને રણભૂમિમાં ત્રિજટાદિ રાક્ષસીઓ લાવે છે અને નાગપાશથી બંધાયલા શ્રી રામચંદ્રજી તથા લક્ષ્મણજીને બતાવે છે. એ આશ્ચર્ય જોઇને સીતાજી અતિ શોચ કરે છે પણ સરમા નામની શાણી રાક્ષસી તેમના મનનું સારી રીતે સમાધાન કરે છે. ત્યાર પછી ગરૂડજી રણભુમિમાં આવી બન્ને બંધાયલા ભાઇઓને ભેટે છે અને તેઓના બંધન તુટી જાય છે.

જટાયુ અને સંપાતિને વિશે આપણે ઉપર કથન કીધું છે કે તેઓ કાળચક્રનાં રૂપ છે. ગરૂડનું સ્વરૂપ પણ એવું છે. ગરૂડ વિષ્ણુજીનું વાહન છે. શ્રી કૃષ્ણ ભગવાન વિશ્નુજીનો પૂર્ણાવતાર

મનાય છે. તેથી તેમનું વાહન ગરૂડ છે. એમ કહેલું છે. સૂર્ય મંડળનું જે મહા ચક્ર તેને દર્શાવવાને ગરૂડ છે એટલે મહા કલ્પની તે મૂર્તિ છે. વિષ્ણુ ભગવાનની સાથેજ તે વ્યકત થાય છે અને અવ્યકત પણ તેમની સાથેજ થાય છે. વિષ્ણુ ભગવાન અને ગરૂડ સમકાલિન છે. ગરૂડના જન્મની કથામાં કથન કરેલું છે કે તેનું એવું તો અદ્દભુત તેજ હતું કે અગ્નિ હશે એમ સહુને ભુલાવો થાય. ગરૂડને ગગનેશ્વર પણ કહે છે. રામાયણમાં જટાયુ જે ૬૦,૦૦૦ વર્ષનું કાળચક્ર છે તેને ગરૂડનો પુત્ર કહેલો છે. એ ગરૂડ શ્રી રામચંદ્રજીની મૂર્છા ટાળી તેમને ભેટી જાગૃત કરે છે એમાં કેવો ઉંડો મર્મ રહેલો છે. તે હવે કહેવાની જરૂર રહેતી નથી. શ્રી રામચંદ્રજીના પ્રશ્નનો ગરૂડજી ઉત્તર વાળે છે કે "હે કાકુત્સ્થ, હું તમારો મિત્ર છું અને તમારો બ્હારનો પ્રાણ હોય તેવો છું, તમને સહાય કરવા હું અહિંઆ આવેલો છું."

કુંભકર્ણની પછી ઇંદ્રજીતનો વારો આવે છે. રણમાં ઉતરતાં પહેલાં નિકુંભિલા દેવીને પ્રસન્ન કરવા તે યજ્ઞ કરવા ગયો. નિકુંભિલા એક ગુફા છે અને તેમાં રહેલી દેવી ભદ્રકાળીની એક શકિત છે ત્યાં જો યજ્ઞ પરિપૂર્ણ થાય તો ઇંદ્રજીતનો કોઇ પણ પ્રકારે વધ થઇ શકે નહિ. વિભિષણ આ વાતથી અજાણ નહોતા અને તેના કહેવાથી હનુમાન આદિ વાનરો તે ગુફા શોધી કહાડી તેનો યજ્ઞ ભંગ કરે છે. યજ્ઞ ભંગ થતાં તે ક્રોધાવેશમાં લડાઇ ઉપર ચડે છે અને લડતાં પડે છે શરીરમાં અનેક નાડીઓ અને ચક્રો રહેલાં છે તેમાંનું આ ગુફા એક ચક્ર છે.

પોતાના અતિ પ્રિય પુત્ર મેઘનાદના મૃત્યુના સમાચારથી રાવણ અત્યંત ખેદ પામ્યો. તેને રોમેરોમ ક્રોધ વ્યાપી ગયો, તેણે જાણ્યું કે મારા ભાઈ વિભિષણે યજ્ઞ ભંગ કરાવ્યાથી આ પરિણામ આવ્યું છે. વિભિષણને મારવાને તેણે ઉગ્ર શસ્ત્ર મુકયું, પણ લક્ષ્મણજીએ મધ્યમાં આવી પોતાના ઉપર તે લઈ લીધું. લક્ષ્મણજીને તેનો પ્રહાર થતાં તે ધરણી ઢળી પડયા, ને વાનર સૈન્યમાં હાહાકાર મચી રહ્યો, રામચંદ્રજીના શોકનો પાર નહિં રહ્યો. શ્રી લક્ષ્મણજીને સજીવન કરવાને માટે મહોદય પર્વતના શિખર ઉપરથી સાંધા પાછા મેળવવામાં અને માણસને સજીવન કરવામાં સમર્થ વિશલ્યકરણી નામની

ઔષધી આણી લાવવાને માટે હનુમાનજીને મોકલવામાં આવે છે. પર્વતનું નામ **મહોદય** છે. **મહા** એટલે મોટો **ઉદય** છે જેનો તે **મહોદય. મહોદય** પરમ કલ્યાણ વાચક છે. વનસ્પતિનું નામ **વિશલ્યકરણી** છે. વિશલ્યા તેજ **સોમવલ્લિ** નામની જગત પ્રખ્યાત વનસ્પતિ છે. વિશલ્યાના ઘણા અર્થ થાય છે. અગ્નિશિખા તે પણ વિશલ્યા. દીવાની જ્યોત, અગ્નિની જ્યોત, એ અર્થ પણ સૂચવે છે. સોમવલ્લીનું પાન રૂષિઓ અને શુદ્ધ બ્રાહ્મણોજ કરવાને સમર્થ છે. એનો ગુણ જીવને નવો જન્મ આપવાનો છે. પોતાની સ્થૂળ દેહથી છુઠા થઇ જવાની શક્તિ એથી પ્રાપ્ત થાય છે. જ્યારે દિક્ષા મળે છે ત્યારે દિક્ષા લેનાર નવો જન્મ પામે છે, કેમકે તેનું સ્વરૂપ બદલાય છે. જ્ઞાન રૂપી વૃક્ષનું ફળ સોમ છે. ગુપ્ત વિદ્યા–યોગવિદ્યામાં પ્રવિણ પુરૂષોને આની સત્યતા અજાણી નથી. **હનુમાન** પ્રાણ રૂપ છે, અને તેથી હનુમાનદ્વારાએજ એ કામ થવું યોગ્ય છે. યુદ્ધકાંડના સર્ગ ૭૩ માં **રામ લક્ષ્મણ** અને ઘણા વાનરોને રણમાં મુર્છા પમાડી **મેઘનાદ** પાછો લંકામાં જાય છે તે પ્રસંગે **જાંબવાન હનુમાનજીને** ઔષધી લેવા મોકલે છે. તે વેળા તે ઔષધીઓના નામ, **સંજીવની, વિશલ્યકરણી, સુવર્ણકરણી** અને **સંધાની** બતાવેલાં છે. શ્રી ઉપદેશ-ગ્રંથાવળીમાં આ ચારેને માટે કહ્યું છે કે " ઉપરતિ રૂપ **વિશલ્યકરણી, શાંતિ**રૂપ **સંજીવની, દાંતિ**રૂપ **સંધાનકરણી** અને **તિતિક્ષા**રૂપ **સુવર્ણકરણી** હતી. ગમે તેમ હોય પણ આ ઔષધીમાં મોટો મર્મ સમાયલો છે એમાં લેશ માત્ર સંશય નથી. એ ઔષધી લેવાને માટે **હનુમાનજી** ગયા છે. એ સમાચાર શ્રવણ કરી **રાવણ** ચિંતાતુર થયો. તેને નિદ્રા આવી નહિં, અને એકલો ચાલીને રાત્રીને સમયે **કાળનેમી**ને ઘેર ગયો. અને તેને વિનવીને કહ્યું કે ગમે તે પ્રકારે તું **હનુમાનજીને** વિઘ્ન કર. **કાળનેમી શ્રી રામચંદ્રજી** સાક્ષાત ઇશ્વર છે માટે સઘળું તોફાન મુકી દઇને તેમનો આશ્રય કરવાનો બોધ આપે છે, **રાવણને** તે રૂચતું નથી. અંતે **કાળનેમી હનુમાનજીને** વિઘ્ન કરવા માટે જાય છે અને તેમ કરવાના પ્રયત્નમાં મૃત્યુ પામે છે. (જુઓ અધ્યાત્મ રામાયણ, યુદ્ધ કાંડ, સર્ગ કાંડ. ૭) **કાળનેમી** તે કાળચક્રનો અંશ છે. રથનું પૈડું ગોળ હોય છે અને તેનો આધાર આરાઓ ઉપર છે. પ્રત્યેક બે આરાની વચલો ભાગ એ આખાં પૈડાનો સ્પષ્ટ વિભાગ છે. આ અર્થ દર્શક **કાળનેમી** શબ્દ

છે. ખંડકાળની સહાય રાવણનું ધાર્યું કાર્ય સિદ્ધ કરવા માટે અસમર્થ છે, અને તે ખંડ કાળનો પણ અંત આવે છે. જે કાળના વિભાગથી રાવણ બળિષ્ટ થયો હતો તે હવે પુરો થયો. હનુમાનજી ઔષધી લાવે છે અને શ્રી લક્ષ્મણજી ઉઠીને બેઠા થાય છે અને વાનર મંડળમાં જયકાર વર્તિ રહે છે.

શ્રી રામચંદ્રજીનું તથા હનુમાનજીનું અલૌકિક પરાક્રમ જોઇને રાવણ વિસ્મય પામી ગભરાઇ જાય છે. હજારો રાક્ષસોનો સંહાર થઇ ગયો. અને લક્ષ્મણજી અને વાનરો સજીવન થઇ રણ સંગ્રામ માટે તૈયાર થયા. અધ્યાત્મ રામાયણ પ્રમાણે રાવણ શુક્રાચાર્યની શિક્ષા લઇ અનુષ્ઠાન માંડે છે. હોમ કરવાની જગા ઘણીજ ગુપ્ત, ઊંડી, અને કોઇથી પ્રવેશ થાય નહિં એવી હતી. વિભિષણની સ્રી સરમા જે સીતાજીને શાંતિ દાતા હતી તેની સહાયથી એ હોમમાં પણ વાનરો ભંગાણ પાડે છે. હવે રાવણને બુદ્ધિનો પ્રકાશ પડે છે, એમ મંદોદરીને કહેલાં તેના વચનો ઉપરથી જણાય છે. તેનું કહેવું એ છે કે હે પ્રિયા ? હું જાણું છું કે શ્રી રામચંદ્રજી સાક્ષાત વિષ્ણુનો અવતાર છે અને સીતા તે લક્ષ્મીજી પોતે છે. સીતાનું હરણ મેં જાણી બુઝીને કરેલું છે, અને તેમાં મારો હેતુ એટલોજ છે કે શ્રી રામચંદ્રજીને હાથે મૃત્યુ પ્રાપ્ત થતાં હું સદ્‌ગતિને પામું.

રામ અને રાવણનો યુદ્ધનો ખરો આરંભ હવે થયો. દેવતાઓ તે જોવાને અંતરિક્ષમાં આવીને થોભ્યા. અગસ્ત્ય મુની પણ ત્યાં આવ્યા અને રામને આદિત્ય હૃદયનો ઉપદેશ કીધો. અગસ્ત્યજીને વિશે આગળ કેટલુંક કથન થયેલું છે. અગસ્ત્યનો આશ્રમ દક્ષિણમાં છે. માણસના શરીરમાં સાત ચક્રો છે અને એ ચક્રોને પુરાણોમાં પર્વત રૂપ કલ્પેલા છે. એ સાતના નામ, મહેંદ્ર, મલય, સહ્ય, શુકિતમાન, ઋક્ષ. વિંધ્યા, અને પારીજાત છે. મહેંદ્ર અથવા મેરૂ છેક ઉપર મસ્તકમાં છે. વિંધ્યાચળ શરીરના મધ્ય ભાગમાં છે, એટલે શરીરનો નીચલો ભાગ તેનાથી જુદો પડે છે. વિંધ્ય એટલે ભેદવું એ ધાતુ ઉપરથી એ પર્વતનું નામ બનેલું છે. શરીરના મધ્ય ભાગમાં એક પડદો આવેલો છે અને તેમાં એક છિદ્ર છે કે જે છિદ્રમાં થઇને એક નાડી મસ્તકેથી નીચે ગુફા સુધી ગયેલી છે. શ્વાસ અને ઉશ્વાસની ક્રિયામાં આ પડદો અગત્યનો

છે. વિંધ્યાચળના સંબંધમાં અગસ્ત્યની કથા અર્થ રહિત નથી એમ સમજાય છે. દક્ષિણમાં કુંજર પર્વત ઉપર એ રૂષિનો આશ્રમ હતો. કુંજરનો અર્થ ગુફા છે. અહિં એ વિશે વિશેષ વિસ્તાર કરવાનો પ્રસંગ નથી.

રૂષિની શિક્ષા સ્વિકારીને શ્રી રામચંદ્રજી રણમાં ઉતરવાની તૈઆરી કરે છે. ઇંદ્રિ પોતાનો રથ માતલી નામના સારથી સાથે તેમને મોકલાવી આપે છે, અને તે રથમાં બેશીને રાવણ સાથે યુદ્ધ કરવા તેઓ જાય છે. યુદ્ધની વીગતમાં ઉતરવાની જરૂર નથી, પણ જે અસ્ત્રથી રાવણનો પરાજ્ય થયો તે મનન કરવા યોગ્ય છે. " પૂર્વે અમિત તેજવાળા બ્રહ્મા એ આ અસ્ત્રને ઉત્પન્ન કર્યું હતું અને ત્રિલોકયનો જય કરવા માટે ઇંદ્રને આપ્યું હતું. આ બાણના પીછામાં પવનનો વાસ હતો, ફળમાં અગ્નિ અને સૂર્યનો વાસ હતો અને મધ્ય ભાગ આકાશ મય હતો અને તેનું ગૌરવ મંદર અને મેરૂં જેવું હતું." શરીરનો નાડોની સૂચના કરવા સારૂ આથી વિશેષ શું જોઇયે છૈયે. એ શર શ્રી રામચંદ્રજી કયાં લક્ષીને મારે છે? જુઓ તે પણ લક્ષમાં રાખવા જેવું છે." તે શર રાવણની નાભી લક્ષી સચોટ છોડયું++ તે બાણ રાવણની નાભીમાં જઇને ચોંટયું++ રાવણની નાભિ હૃદય ભેદી નાખી અને રાવણની છાતીમાં વાગ્યા પછી—શત્રુના દેહનો અંત આણનાર તે અસ્ત્ર લોહીથી ખરડાઇ રાવણના પ્રાણ લઈ પૃથિવમાં પેશી ગયું, અને રૂધિરથી ભિનાયલો તે શર સફળ થઇ પુનઃ રામના ભાથામાં આવીને પેઠો."

આ પ્રમાણે મદોન્મત, દશાનન, લંકાપતિ રાવણ રણમાં પડયો કે તમામ રક્ષસો ભયથી ત્રાસ પામી નાશીને વિખરાઇ ગયા. શ્રી રામચંદ્રજીનો જય, એ પ્રમાણે સમસ્ત વિશ્વમાં ગર્જના થઇ રહી, ભૂત માત્ર આનંદ અને હર્ષમાં લીન થઇ રહ્યાં, દેવતાઓએ પુષ્પની વૃષ્ટિ કરી અને જહિં તહિં મંગળ ગીત ગવાઇ ઉત્સવ વર્તિ રહ્યો બોલો શ્રી રામચંદ્ર દેવકી જય. જય જય જય જય જય જય જય.

રાવણની દેહ રણમાં શ્રી રામચંદ્રજીને હાથે પડતાં રાવણના શરીરમાંથી સૂર્ય સમાન દેદીપ્યમાન એક તેજ નીકળીને શ્રી રામચંદ્રજીને નમન કરી શ્રી રામચંદ્રજીના રૂપમાં ભળી ગયું. ભાવે કે

અભાવે **સીતાપતિ શ્રી રામચંદ્રજીને** ભજીને નિરંતર જે તેમનું સ્મરણ કરે છે, જેને રોમે રોમે અને છિદ્રે છિદ્ર કલ્યાણ કારી **રામ મૂર્તિ** અહો-નિશ વસી રહે છે તે જીવને કૃપા નિધિ, પરમ પ્રેમ અને દયા **મૂર્તિ શ્રી રામચંદ્રજી,** સંસારથી ઉગારી, જન્મ મરણના સર્વ ત્રાસ ટાળીને સદ્ગતિને આપ્યા વિના રહેતા નથી. એવા પરમ કરૂણાળુ **શ્રી રામચંદ્રજીનો જય હો.**

ત્યાર પછી **શ્રી રામચંદ્રજી** સાત્વિક ભક્ત **વિભીષણનો** રાજ્યાભિષેક કરે છે.

વિભીષણની આજ્ઞા લઇ **હનુમાનજી** અશોક વાટીકામાંથી **સીતાજીને** લઈ આવ્યા. વિભિષણ પણ તેમની સાથે તેમની પાછળ ચાલતા આવ્યા. **શ્રી રામચંદ્રજીએ પ્રથમ સીતાજીને** સ્વિકાર કરવાની ના પાડી, અને સર્વ લોકની સમક્ષ–દેવતાઓ, પિતરો સર્વની સમક્ષ અગ્નિ પ્રદીપ્ત કરવામાં આવ્યો, તે અગ્નિમાં તેની પ્રદિક્ષણા કરી **સીતાજીએ** પ્રવેશ કર્યો. થોડી વાર પછી અગ્નિ દેવે પોતે પ્રત્યક્ષ થઇ **સીતાજીને શ્રી રામચંદ્રજીને** અર્પણ કર્યાં અને **શ્રી રામચંદ્રજીએ** અત્યંત હર્ષથી **સીતાજીનો** સ્વિકાર કીધો અને ફરીથી જયનાદથી ગગન ગાજી રહ્યું.

સીતાજીને ગ્રહણ કરવાની **શ્રી રામચંદ્રજીએ પ્રથમ** જયારે ના પાડી ત્યારે **સીતાજીએ** ઉત્તર વાળતાં કહ્યું છે " મારૂં વૈદેહિ એવું નામ છે તે કંઇ જનકનાથી નહિં, પરંતુ હું તેની યજ્ઞ ભૂમિમાંથી ઉત્પન્ન થઈ છું માટેજ પડેલું છે" (યુદ્ધકાંડ સર્ગ ૧૧૬). સ્વીકાર સમયે **રઘુવીર** પોતે સર્વને સંભળાવે છે કે " જનકરાયની કન્યા **સીતા,** અનન્ય હૃદયવાળી અને મારામાંજ અનુરકત છે ++ **સીતા** જે પોતાના તેજથીજ રક્ષિત થયલી છે તેનું રાવણથી ઉલ્લંઘન થાયજ નહિં, અને જેમ પ્રજવલીત અગ્નિની શીખાને સ્પર્શ થઇ શકતો નથી તેમ દુષ્ટ ધારણાવાળો રાવણ, મનસા પણ અપ્રાપ્ય **સીતાની** ઘર્ષણા કરી શકે તેમ નોતુંજ" (સર્ગ ૧૧૮ મો). અધ્યાત્મ રામાયણમાં આનો મર્મ પ્રગટ કરી દીધો છે. માયારૂપ–છાયારૂપ **સીતાનો** ત્યાગ કરવાનો નિશ્ચય કર્યો અને તેથી તે રૂપે અગ્નિમાં પ્રવેશ કર્યો, અને અગ્નિમાંથી ખરાં **સીતાજી** પુનઃપ્રગટ થયાં.

ખરાં સીતાજી સ્વિકાર થતાં શ્રી રામચંદ્રજીને પોતાના પિતા શ્રી દશરથજીનાં દર્શન થાય છે. જીવાત્માને પરમાત્માની ઓળખ થાય છે અને આનંદ વર્તે છે.

આ પ્રકારે લંકાનગરીમાં સત્વગુણની સત્તા સ્થાપન થઇ, તેજ સ્વરૂપ બુદ્ધિ જીવને પુનરપી પ્રાપ્ત થઇ અને પરમાત્મા અથવા આત્માનું દર્શન થયું. પૃથ્વી ઉપર આવીને જે કાંઈ કરવાનું હતું તે સઘળું જીવે સિદ્ધ કર્યું અને કંઈ પણ બાકી રહ્યું નહિં.

પછી સર્વ વાનર મંડળી સહિત. વિભીષણને સાથે લઈ શ્રી રામચંદ્રજી અને સીતાજી અયોધ્યા ભણી દૃષ્ટિ કરે છે. કુબેરના વિમાનમાં બેશી આકાશ માર્ગે મંગળ મૂર્તિ શ્રી રામચંદ્રજી સીતાજી સહવર્તમાન નંદી ગ્રામમાં ભરતજીને આવી મળે છે, અને છેવટે અયોધ્યા નગરીમાં જતાં વસિષ્ટજી તેઓનો રાજ્યાભિષેક કરે છે. સમસ્ત વિશ્વમાં હર્ષનાદ ગાજી રહે છે, દિવ્ય પુષ્પની વૃષ્ટિ થાય છે, અને ચારે દિશામાં શ્રી રામચંદ્ર દેવનો જય શ્રવણ થાય છે.

હૃદય કમળની કર્ણિકામાં સુવર્ણના સિંહાસનને શોભાવતા, કીરીટાદિ શ્રૃંગારથી અલંકૃત, મૃદુ, મનોહર, અને કોટી સૂર્યના તેજને ઝંખવી નાખે એવી સીતાપતિ શ્રી રામચંદ્રજીની મૂર્તિના ધ્યાનના પ્રવાહમાં લીન નિરંતર થઇ, તેમની કૃપાને પાત્ર થઇયે એવું અમારૂં સદ્દભાગ્ય થાઓ એજ પ્રાર્થના, શુદ્ધ અને સંપૂર્ણ ભક્તિ ભાવથી આપણે કરીશું. અસ્તુ.

રણસંગ્રામમાં સચોટશરના પ્રહારથી રાવણની દેહ રોળાઇ જતાં તેનો જીવ જુદો પડી શ્રી રામચંદ્રજીની સમીપમાં શિઘ્રે જઇને તેમના ચરણકમળમાં નમી પડયો. કૃપાળુ શ્રી રામચંદ્રજીએ તેને ઉઠાડયો, અને અત્યંત હર્ષથી ગદ્દગદ્દ કંઠે પ્રભુજીને તે સવિનય અને પૂરણ ભક્તિથી કહે છે:—

૫૬.

હાર્યા, હાર્યા પ્રભુજી, જીત્યો હું રાવણ રાય ॥ ટેક
વૈકુંઠથી મુને કીધો વિખુટો, પાડીઓ પૃથ્વી માંહ્ય ॥ હાર્યા
ચરણ કમળના, કીંકરથી એ, સહન વિયોગ ન થાય ॥ હાર્યા
ધર્મ વિરોધી, કર્મ કીધાંમે માનીએ શ્રેષ્ટ ઉપાય ॥ હાર્યા
માનવ દેહથી, ભુતળ ઉતર્યા, દિધાં દર્શન જગરાય ॥ હાર્યા
શિર દશ છેદી, મુજતન ભેદી, માર્યો મુનેરણ માંહ્ય ॥ હાર્યા
આસુરી દેહથી, મુકત થયો છું, જન્મ સફળ મુજ થાય ॥ હાર્યા
ઇચ્છા પુરીને, કીધો કૃતારથ, ફરીફરી લાગું પાય ॥ હાર્યા
શું લડવાનું મારૂં ગજું રે, કીડી કુંજરનો ન્યાય ॥ હાર્યા
ભકત વત્સલ, ભગવાન સદાછો, લીલા નહી સમજાય ॥ હાર્યા
તમ કરૂણા ને પ્રેમ, કૃપાનો, ગાઉં વિજય મહિમાય ॥ હાર્યા

માટે બોલો સહુ ભકત વાત્સલ્યનો. વિજય, વિજય, વિજય,
સીતાપતિ શ્રી રામચંદ્ર દેવનો વિજય, વિજય, વિજય.

शुभं भवतु, शुभं भवतु, शुभं भवतु,

अस्तु, अस्तु, अस्तु.

શ્રીગુરૂચરણે

કર્તા

જે૦ કૃષ્ણમૂર્તિ.

આવૃત્તિ ૨ જી.

આ એક લઘુ ગ્રંથ અતિ મનન કરવા યોગ્ય છે.

કિંમત ૬ આના.

શિક્ષણ એક સેવા

કર્તા

જે૦ કૃષ્ણમૂર્તિ.

આ લઘુગ્રંથમાં વર્તમાન વ્યવસ્થા સુધારવામાં આવશ્યક જણાતી શિક્ષણ સંબંધીની ઉચ્ચ ભાવનાઓ આગળ કરવામાં આવી છે. દરેક સ્કુલોના શિક્ષકોમાં આવા પુસ્તકનો ફેલાવો થવાની જરૂર છે.

કિંમત ૩ આના.

પ્રકાશક

મનમોહનદાસ દયાલદાસ સરાફ.

ઠે૦ મોરારજી ગોકલદાસ ન્યુ બીલ્ડીંગ, ગીરગામ મુંબઇ—નં૦ ૪.

સનાતન ધર્મ નીતિ શિક્ષણના પુસ્તકો.

	રૂ.	આ.	પા.
૧ શ્રી રામચંદ્ર	૦	૮	૦
૨ શ્રી મહાભારત	૦	૮	૦
૩ સનાતન ધર્મ ગ્રંથાવલી.	૦	૮	૦
૪ ,, ,, સંવાદ.	૦	૧	૦
૫ ,, ,, ના મૂળ સિદ્ધાંત.	૦	૧	૦
૬ શ્રીકૃષ્ણ ચરિત્ર.	૦	૨	૦

ધર્મ નિતિ શિક્ષણ ફંડ માટે પ્રગટ થયેલાં પુસ્તકો.

	રૂ.	આ.	પા.
*૧ ધર્મ નીતિ બોધની ભા. ૧ લો.	૦	૨	૦
*૨ ,, ,, ,, ૨ જો.	૦	૩	૦
*૩ ,, ,, ,, ૩ જો.	૦	૪	૦
૪ નીતિ રત્નમાલા.	૦	૨	૦
૫ બાલબોધ માલા.	૦	૦	૬
૬ બોધ વચન.	૦	૦	૬

પુસ્તકો મળવાના ઠેકાણા.

મુંબઈ—૧ શ્રી કૃષ્ણલૉજ થીઓસોફીકલ સોસાયટીના સેક્રેટરી ડા. કરસુખરામ વી. હોરા, એલ. એમ. એન્ડ એસ. સી. પી. ટેન્ક રોડ, ગીરગામ નં. ૪.

૨. બ્લાવાટસ્કી લોજ થી. સો. હોરનબી રોડ. નં. ૨૧ કોટ

સુરત—રા. રા. ભીમભાઇ લાલભાઈ.–વાડીફલીયા.

---

* આ પુસ્તકો નામદાર અંગ્રેજી તેમજ ગાયકવાડ સરકારના કેળવણી ખાતાઓએ ઇનામો માટે મંજુર કર્યાં છે.